કારકિર્દીના ઉંબરે 2023

સચોટ માહિતી અને સંપૂર્ણ માર્ગદર્શન

ધો.૧૨ પછી શું ?

01 PCM

Bachelor in Technology/Engineering | Bachelor of Science | National Defense Services | Pilot

02 PCB

MBBS | B. Pharmacy | Bioinformatics | Forensic Sciences

03 COMMERCE

B.Com | Bachelor of Management Studies
Chartered Accountancy | Cost and Management Accountant (CMA)

04 ARTS

Bachelor of Arts & Bachelor of Legislative Law (BA-LLB)
Bachelor of Journalism & Mass Communication (BJMC)
Bachelor of Fine Arts (BFA) | Fashion Designing

Career Path
www.careerpath.info

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

૦૨-૧૦-૧૮૬૯ • ૩૦-૦૧-૧૯૪૮

ખરો અભ્યાસ એ જ છે કે જેના વડે આપણે સત્યને ઓળખીએ.

- મહાત્મા ગાંધી

૧૪-૧૧-૧૮૮૯ • ૨૭-૦૫-૧૯૬૪

નવભારતનું નિર્માણ થાય માટે જ હું આગામી સૈકા માટે જરૂરી માનવ કૌશલ્ય ઊભું કરવા IIM/IIT/NID/AIIMS જેવી રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવી જરૂરી સમજું છું.

- જવાહરલાલ નહેરુ

૩૧-૧૦-૧૮૭૫ • ૧૫-૧૨-૧૯૫૦

સાચી કેળવણીથી સાદાઈ, સંસ્કારના સુંદર બીજ રોપાય છે અને વિકાસના અંકૂરો ફૂટે એવી દિશાઓ બતાવે છે.

- સરદાર વલ્લભભાઈ પટેલ

૧૪-૦૪-૧૮૯૧ • ૦૬-૧૨-૧૯૫૬

મારે એવા શિક્ષિતોની જરૂર છે જે શાસનના સૂત્રો સંભાળીને છેવાડે ઉભેલા ઉપેક્ષિત લોકોની દેખભાળ કરે.

- ડૉ. બાબાસાહેબ આંબેડકર

૧૧-૧૧-૧૮૮૮ • ૨૨-૦૨-૧૯૫૮

પંચવર્ષીય યોજનાનો ઉદ્દેશ માત્ર ઉત્પાદન અને કારખાનાની સ્થાપના જ નહીં પણ, દેશના નાગરિકો અને યુવા પેઢીને ઉત્તમ શિક્ષણ આપી સારા નાગરિક બનાવવા એટલું જ આવશ્યક છે.

- મૌલાના આઝાદ

૧૯-૧૧-૧૯૧૭ • ૩૧-૧૦-૧૯૮૪

પ્રશ્ન પૂછવાની શક્તિ એ માનવ વિકાસનું પ્રતીક છે.

- શ્રીમતી ઈંદિરા ગાંધી



૨૦-૦૮-૧૯૪૪ • ૨૧-૦૫-૧૯૯૧

ભારત એ પ્રાચીન છતાં યુવાનોનું પ્રભુત્વ ધરાવતો દેશ છે. મારા સ્વપ્નનું ભારત એવું હોય કે જે સ્વતંત્ર, આત્મનિર્ભર અને વિશ્વ ફલક પર માનવ સેવાના કાર્યમાં અગ્રેસર હોય.

- રાજીવ ગાંધી

કારકિર્દીના ઊંબરે

(ધોરણ-૧૨ પછી શું ?)

: સંપાદક :

ડૉ. મનીષ એમ. દોશી (એન્જિનિયર)

: પ્રકાશક :

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨/૧૩ ● ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

e-book : www.incgujarat.com

કારકિર્દીના ઊંબરે

(ધોરણ-૧૨ પછી શું ?)

અઢારમી આવૃત્તિ, ૨૦૨૩

પ્રકાશક :
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.
ફોન : ૨૬૫૭૮૨૧૨/૧૩, ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
E-book available at : www.incgujarat.com

સંપાદક :
ડૉ. મનીષ એમ. દોશી (એન્જિનિયર)
સિન્ડિકેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી (૨૦૦૬-૨૦૧૨)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
ફોન : ૯૪૨૬૦ ૦૧૫૯૯
E-mail : manishdos@gmail.com
E-book available at : www.careerpath.info

- **અમો આભારી છીએ શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા સાથીદારોના કે જેઓના સહયોગ વગર આ કામગીરી પૂર્ણ કરવી અઘરી સાબિત થાત.**
- **આ માહિતી પુસ્તિકામાં આપેલ માહિતી માટે અમો આભારી છીએ વિવિધ વર્તમાનપત્રોના કેરિયર કોર્નર્સ, વિવિધ કેરીયર બ્લોગ્સના.**

જગદીશ ઠાકોર

પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

પ્રિય વિદ્યાર્થી ભાઈ/બહેનો,

ઉજ્જવળ કારકિર્દી અને સફળ જીવન માટે ધોરણ-૧૦-૧૨ પછી અભ્યાસક્રમની પસંદગી અતિ મહત્ત્વની બની જાય છે. ગુજરાતના તમામ વિદ્યાર્થી મિત્રોને સાચા અને સરળ માર્ગદર્શન માટે કોંગ્રેસ પક્ષના સન્નિષ્ઠ આગેવાન તથા શિક્ષણવિદ્, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી (એન્જીનીયર) અને તેમના સહયોગી દ્વારા અઢારમા વર્ષે માર્ગદર્શક પુસ્તક ''કારકિર્દીના ઊંબરે'' પ્રસિદ્ધ કરવાનું ભગીરથ કામ કરવામાં આવ્યું છે તે પ્રશંસનીય છે. આ સુંદર માર્ગદર્શન પુસ્તક પ્રસિદ્ધ કરવા બદલ સૌને અભિનંદન પાઠવું છું.

ગ્રામ્ય વિસ્તારની ૬,૦૦૦ જેટલી શાળાઓ મર્જ/બંધ કરવાનો અવિચારી નિર્ણય ગુજરાતની ભાજપ સરકારે કરતા કન્યા શિક્ષણનું પ્રમાણ ચિંતાજનક રીતે ઘટી રહ્યું છે. ૨૦ વર્ષ પહેલા શિક્ષણમાં ઉદ્યોગ વિષય ભણાવાતો, ભાજપ સરકારે તો શિક્ષણને ઉદ્યોગ વેપાર બનાવી દીધો છે. ભાજપ સરકાર ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના લોકોના બાળકના ભવિષ્ય માટે ચિંતા કરવાની જગ્યાએ ખાનગી શાળા-કોલેજ સંચાલકોની વકીલાત કરી રહી છે. ખાનગી શાળા કોલેજોમાં ફી ઊંચી વસુલાઈ છે પણ કામ કરતા શિક્ષકો-અધ્યાપકો અને કર્મચારીઓને મોટાભાગની સંસ્થાઓમાં પૂરતો પગાર અપાતો નથી. રાજ્યની સરકારી-ગ્રાન્ટેડ શાળાઓમાં ૩૨,૦૦૦ જેટલી શિક્ષકોની ખાલી જગ્યા હોવા છતાં ભરતી કરવામાં આવતી નથી, જેની ગંભીર અસર ગુજરાતના શિક્ષણ પર પડી રહી છે. બીજી બાજુ ૪૭,૦૦૦થી વધુ યુવક-યુવતીઓ ભરતીની રાહ જોઈ રહ્યા છે ત્યારે શું આ રીતે ભણશે ગુજરાત ? શિક્ષક વિનાની શાળા, ગ્રામસેવક વિનાનું ગામ, ડોક્ટર વિનાનું દવાખાનું, શાળા વિનાનું ગામ, આ તે કેવું ગતિશીલ ગુજરાત ? 'વાંચે ગુજરાત'ની જાહેરાત કરતી ભાજપ સરકાર દ્વારા ૧૫ વર્ષથી શાળા-કોલેજ-જાહેર વાંચનાલયમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવતી નથી. 'રમશે ગુજરાત'ની વાતો કરતી ભાજપ સરકારમાં શારીરિક શિક્ષણના શિક્ષકો/અધ્યાપકોની ૧૫ વર્ષથી ભરતી કરવામાં આવી નથી ત્યારે શું આ રીતે રમશે ગુજરાત ? રાજ્યમાં સૌને શિક્ષણ વ્યાજબી ફીમાં મળે તે જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે. કમનસીબે, રાજ્યની ભાજપ સરકાર તેની પાયાની જવાબદારીમાંથી હાથ ખંખેરી રહી છે.

કારકિર્દી સંબંધિત વધુ માહિતી અને માર્ગદર્શન માટે આપ પ્રદેશ કાર્યાલય, શહેર-જિલ્લા કોંગ્રેસ કાર્યાલયનો સીધો સંપર્ક કરી શકો છો. 'કારકિર્દીના ઊંબરે' પુસ્તક અંગે વિદ્યાર્થી/વાલીઓના સૂચનોને આવકારું છું. સર્વે વિદ્યાર્થી ભાઈ/બહેનો ઉજ્જવળ કારકિર્દી દ્વારા ભવિષ્યમાં સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરો તેવી શુભકામનાઓ.

અમિત ચાવડા

નેતા, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષ

પ્રિય વિદ્યાર્થી ભાઈ/બહેનો,

જીવનમાં ઉત્તમ કારકિર્દી માટેના મહત્ત્વના ધોરણ-૧૦ અને ૧૨માં પરીક્ષામાં સફળતા મેળવનાર સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું.

ગુજરાતમાં તમામ સમાજના વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શિક્ષણ માળખાની સુવિધા સાથે ગુણવત્તાસભર શિક્ષણ મળે તે અતિ આવશ્યક છે. ગુજરાતના વાલી-વિદ્યાર્થીઓ અથાક મહેનત-પરિશ્રમ કરી સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે, ત્યારે રાજ્ય સરકારની જવાબદારી બને છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્રસ્થાને રાખીને કામગીરી કરે. રાજ્યની ૧૬ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની ૩૦૦ જગ્યા ખાલી છે અને વર્ગ-૩ અને વર્ગ-૪ની ૩૬૯ જેટલી જગ્યાઓ ખાલી છે. અધ્યાપકો, લેબ આસીસ્ટન્ટ સહિતની ખાલી જગ્યાઓને કારણે રાજ્યની જુદી-જુદી ઈજનેરી-ફાર્મસી તથા અન્ય ડીગ્રી અને ડીપ્લોમા કોલેજોમાં વિદ્યાર્થી ગુણવત્તાસભર શિક્ષણ ઉપર ગંભીર અસર પડી રહી છે, પરિણામે નામાંકિત કંપનીઓના કેમ્પસ ઈન્ટરવ્યુ, પ્લેસમેન્ટમાં ખૂબ જ ઓછી નોકરીઓ મેળવતા હોય છે, એ આપણા માટે ચિંતાનો વિષય છે. ભાજપ શાસનમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળા-કોલેજોના માળખા તોડીને ખાનગી શાળા-કોલેજોને આડેધડ મંજૂરી આપી શિક્ષણના વ્યાપારીકરણને મોટાપાયે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, પરિણામે અનેક બાળકો શિક્ષણના અધિકારથી વંચિત રહે છે, જે ચિંતાજનક બાબત છે.

ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સચોટ અને સરળ માર્ગદર્શન માટે 'કારકિર્દીના ઊંબરે' પુસ્તક દ્વારા વિદ્યાર્થી ભાઈ-બહેનોને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનો સતત અઢારમા વર્ષે આ સન્નિષ્ઠ પ્રયાસ છે. 'કારકિર્દીના ઊંબરે' પુસ્તક તૈયાર કરવામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી તથા સહયોગીઓએ ખુબ જ જહેમત ઉઠાવી છે, તે બદલ તેઓને હું કોંગ્રેસ પક્ષ વતી અભિનંદન પાઠવું છું.

કારકિર્દી સંબંધિત વધુ માહિતી અને માર્ગદર્શન માટે આપ પ્રદેશ કાર્યાલય, શહેર-જિલ્લા કોંગ્રેસ કાર્યાલયનો સીધો સંપર્ક કરી શકો છો. 'કારકિર્દીના ઊંબરે' પુસ્તક અંગે વિદ્યાર્થી/વાલીઓના સૂચનોને આવકારું છું. સર્વે વિદ્યાર્થી ભાઈ/બહેનો ઉજ્જવળ કારકિર્દી દ્વારા ભવિષ્યમાં સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરો તેવી શુભકામનાઓ.

-: અનુક્રમણિકા :-

૧.	કારકિર્દી કેવી રીતે નક્કી કરશો ?		૭
	●	Why Education is so much important in life ?	૧૩
૨.	ધો. ૧૨ કોમર્સ પછી શું ?		
	૨.૧	ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.)	૧૪
	૨.૨	કોસ્ટ એકાઉન્ટન્ટ : (CWA)	૧૪
	૨.૩	કંપની સેક્રેટરી (C.S.)	૧૫
	૨.૪	M.Sc. (CA & IT) & MBA (5 years)	૧૫
	૨.૫	કોર્પોરેટ ક્ષેત્રે કારકિર્દી (MBA)	૧૬
	૨.૬	બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.)	૧૭
	૨.૭	બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન (B.C.A.)	૧૭
	૨.૮	મલ્ટીમીડિયા ડેવલપમેન્ટ ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે આકર્ષક તકો	૧૭
	૨.૯	વીડિયો એડિટીંગનો અભ્યાસક્રમ	૧૮
	૨.૧૦	ગેમ ડિઝાઈનિંગમાં કેરિયર	૧૯
	૨.૧૧	કારકિર્દીની શરૂઆત અથવા તેને તેજ રફતાર માટે આઈ.ટી. સર્ટીફીકેશન	૧૯
	૨.૧૨	હોમ સાયન્સ તથા અન્ય અભ્યાસક્રમો	૨૦
	૨.૧૩	પ્રાથમિક શાળામાં શિક્ષક બનવું છે ?	૨૦
	૨.૧૪	ગ્રામ સમાજ શિક્ષણ	૨૦
	૨.૧૫	ગ્રામશિક્ષણ (BRS) (૩ વર્ષ)	૨૧
	૨.૧૬	સમાજસેવાનો અભ્યાસક્રમ (MSW)	૨૧
	૨.૧૭	ગુજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયનો સ્નાતક અભ્યાસક્રમ	૨૨
	૨.૧૮	અર્થશાસ્ત્રમાં આગવી કારકિર્દી	૨૨
	૨.૧૯	ધોરણ ૧૨ પછી જનરલ નર્સિંગનો કોર્સ	૨૩
	૨.૨૦	વોકેશનલ અભ્યાસક્રમ	૨૩
	૨.૨૧	શારીરિક તેમજ માનસિક ખોડખાંપણ ધરાવતાં બાળકોને તાલીમ આપતા શિક્ષકોના અભ્યાસક્રમો	૨૪
	૨.૨૨	વિકલાંગ શિક્ષણ	૨૪
	૨.૨૩	આઈ.ટી.આઈ.ના રોજગારલક્ષી અભ્યાસક્રમો	૨૭
	●	Short Overview of Courses After 12th	૨૮
	●	Best Courses After 12th - For Science, Comerce and Arts Students	૩૭
	●	B.Tech. - Stream-wise Courses after Class 12	૪૮
૩.	ધો-૧૨ સાયન્સ પછી શું ?		
	૩.૧	પ્રવેશફોર્મ ક્યાંથી મળે અને ક્યાં ભરવા ?	૫૫
	●	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ-એ) પછીના અભ્યાસક્રમો	૫૬
	●	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ-બી) પછીના અભ્યાસક્રમો	૫૭
	●	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ-બી) પછીના વિવિધ અભ્યાસક્રમો પછીની તકો	૫૮
	૩.૨	ધોરણ-૧૨ સાયન્સ પછી ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો	૫૯
	૩.૩	ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન એડમિશન (વર્ષ ૨૦૨૩) માટેની વિગતો	૬૩
	૩.૪	એન્જિનિયરીંગ શું છે ?	૬૬
	●	What is Engineering ?	૬૮
	●	Engineering : વિવિધતા અને ઊંડાણતા	૬૯

	●	Placement Scenario	૭૦
	●	Branch v/s College : કોને પ્રથમ પસંદગી આપવી ?	૭૧
	●	Branch Selection : FAQ	૮૦
	●	How to Select College ?	૮૨
	૩.૫	ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી (IIT)	૮૪
	૩.૬	પેટ્રો કેમિકલ એન્જિનિયરિંગમાં પ્રવેશ	૮૫
	૩.૭	એગ્રિકલ્ચર યુનિવર્સિટીના અભ્યાસક્રમો	૮૬
	●	GSAUCA : એગ્રીકલ્ચર એડમિશન (ગુજરાત)	૮૭
	૩.૮	અર્થ સાયન્સિસ	૮૯
	૩.૯	ફાર્મસીમાં એડ્મિશન	૯૦
	●	ફાર્મસી એડમિશન (ગુજરાત)	૯૧
	૩.૧૦	બાયોટેક્નોલોજીના કોર્સ	૯૩
	૩.૧૧	ફોરેસ્ટ્રી મેનેજમેન્ટનો કોર્સ કર્યા પછી વન અને પર્યાવરણ ક્ષેત્રે આકર્ષક કારકિર્દી	૯૪
	૩.૧૨	ધો-૧૨ (સાયન્સ)ના વિદ્યાર્થીઓ માટે હોર્ટિકલ્ચરની હરિયાળી કારકિર્દી	૯૫
૪.	મેડિકલ અને હેલ્થકેર સર્વિસ		
	૪.૧	ઓલ ઈન્ડીયા ક્વોટા અન્વયે MBBS/BDSમાં પ્રવેશ માટે NEET	૧૦૦
	૪.૨	ગુજરાતની મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, આયુર્વેદ કોલેજો (૨૦૨૨-૨૩)	૧૦૦
	૪.૩	ડોક્ટર બનવા માટેના વધુ વિકલ્પો	૧૦૩
	૪.૪	પબ્લિક હેલ્થ	૧૦૪
	●	મેડીકલ એડમિશન (ગુજરાત)	૧૦૫
	●	પેરામેડીકલ એડમિશન (ગુજરાત)	૧૦૭
	●	નેશનલ લેવલ મેડીકલ અને ડેન્ટલ એડમિશન	૧૦૮
	●	શિષ્યવૃત્તીઓ	૧૧૦
	●	સેવાકીય બોન્ડ (માત્ર MBBS માટે)	૧૧૧
	●	એજ્યુકેશન લોન	૧૧૧
૫.	પ્રિમિયર ઈન્સ્ટીટ્યુટ્સમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા		
	૫.૧	આર્કિટેક્ચર/ડિઝાઈન માટે CEPT	૧૧૨
	૫.૨	નેવલ આર્કિટેક્ચર	૧૧૩
	૫.૩	'મર્ચન્ટ નેવી'ની આકર્ષક કારકિર્દી	૧૧૪
	૫.૪	જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ : JEE	૧૧૫
	૫.૫	ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી, ગાંધીનગર	૧૧૬
	૫.૬	ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટી. ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT)	૧૧૭
	૫.૭	ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (IICT), અમદાવાદ યુનિ.	૧૧૮
	૫.૮	પ્લાસ્ટિકસ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી(સિપેટ)ના અભ્યાસક્રમો	૧૧૮
	૫.૯	કારકિર્દીનું ઝડપી વાહન ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ	૧૧૯
	૫.૧૦	ટ્રાન્સપોર્ટેશન અને ઓટોમોબાઇલ ડિઝાઇન	૧૨૦
	૫.૧૧	ફાયર ટેક્નોલોજી	૧૨૧
	૫.૧૨	વિદ્યાર્થીમાંથી ગણિતજ્ઞ બનાવતો અભ્યાસક્રમ	૧૨૨
	૫.૧૩	સમગ્ર એશિયાખંડની નં. ૧ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટની પ્રવેશ પરીક્ષા - I.I.T.-JEE (Adv.)	૧૨૨
	૫.૧૪	IISTમાં પ્રવેશ	૧૨૩
	૫.૧૫	વેલ્લોર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (VIT)	૧૨૪
	૫.૧૬	વિવિધ પ્રવેશ કસોટીની સંક્ષિપ્ત વિગતો	૧૨૫

૬.	રાષ્ટ્રીય સંસ્થામાં વિશિષ્ટ અભ્યાસક્રમ	
૬.૧	ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-5 વર્ષનો ઈન્ટિગ્રેટેડ LL.B. (Hons.) પ્રોગ્રામ	૧૨૬
૬.૨	કોમન લો એડમિશન ટેસ્ટ (કલેટ)	૧૨૬
૬.૩	કલેટ પરીક્ષા આયોજિત કરતી નેશનલ લો યુનિવર્સિટીઓ	૧૨૭
૬.૪	LL.B.ની સાથે અન્ય ડીગ્રી/ડિપ્લોમા કોર્સ	૧૨૮
૬.૫	પેટન્ટ લો	૧૨૯
૬.૬	પ્રિન્ટ મિડિયા અથવા ટેલિવિઝનના જર્નાલિસ્ટ બનવા માટે ઉપયોગી કોર્સ	૧૨૯
૬.૭	એવિએશન ઉદ્યોગમાં નોકરીની વિશાળ તકો	૧૩૦
૬.૮	એવિએશન મેનેજમેન્ટ	૧૩૦
૬.૯	ઝળહળતી કારકિર્દીનું આકર્ષક ક્ષેત્ર એડવર્ટાઇઝિંગ	૧૩૧
૬.૧૦	ફેશન તથા ડિઝાઈનિંગ ક્ષેત્ર	૧૩૧
૬.૧૧	હોસ્પિટાલિટી મેનેજમેન્ટ અને હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રે વિશાળ તકો	૧૩૩
૬.૧૨	વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન ક્ષેત્ર (CSIR)	૧૩૪
૭.	સંરક્ષણ ક્ષેત્રે આગવી કારકિર્દી	
૭.૧	ઈન્ડિયન આર્મી - 10 + 2 ટેક્નિકલ એન્ટ્રી સ્કીમ	૧૩૬
૭.૨	સંરક્ષણ ક્ષેત્રે એરમેનની કારકિર્દી	૧૩૬
૭.૩	નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં પ્રવેશ	૧૩૭
૭.૪	ઈન્ડિયન આર્મીમાં એન્જિનિયર	૧૩૭
૭.૫	ગર્લ્સ : આર્મી ઓફિસર તરીકે	૧૩૮
૭.૬	નેશનલ ડીફેન્સ એકેડમી NDAમાં પ્રવેશ	૧૩૯
૮.	ધો.૧૨ પછી નોકરી સંલગ્ન સ્પર્ધાત્મક પરીક્ષા	૧૪૦
૯.	UPSC પરીક્ષા દ્વારા IAS/IFS/IRS ઓફિસર બનવું છે ?	૧૪૩
૧૦.	ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના વિશિષ્ટ અભ્યાસક્રમો	૧૪૬
૧૧.	ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમો	૧૪૭
૧૨.	વિદેશમાં ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ	
૧૨.૧	વિઝા માટે કયા દસ્તાવેજો જોઇએ ?	૧૪૮
૧૨.૨	વિદેશ અભ્યાસ માટેની પ્રાથમિક લાયકાત	૧૪૮
૧૨.૩	વિદેશ અભ્યાસ અર્થે અગત્યના સરનામા અને વેબસાઇટો	૧૪૮
૧૩.	કોંગ્રેસ સરકારની ઉચ્ચતર અભ્યાસ માટે શૈક્ષણિક લોનની યોજના	૧૫૧
૧૪.	શિષ્યવૃત્તિ	૧૫૩
૧૫.	નોકરીઓમાં નવી પેઢી અને હોટસ્પોટ્સ	૧૬૦

પ્રવેશ કાર્યવાહી પારદર્શક, મેરીટ આધારે થાય તે દિશામાં સમયસર આયોજન, સંકલનની જવાબદારી રાજ્ય સરકારની છે. રાજ્ય સરકાર તેની જવાબદારીમાંથી છટકી શકે નહીં. છેલ્લાં ૧૨ વર્ષથી પ્રવેશકાર્યમાં દરેક વર્ષે વિલંબ થઈ રહ્યો છે. આ વર્ષે સમયસર પ્રવેશ કાર્યવાહી થાય તો ગુજરાતના હજારો વિદ્યાર્થી-વાલીઓને માનસિક તથા શારીરિક ત્રાસમાંથી મુક્તિ મળે, નાણાં તથા સમયનો વ્યય અટકે. રાજ્યમાં વિદ્યાર્થી-વાલીઓ પાસેથી વ્યાજબી ફોર્મ ફી લેવાય તે પણ અતિ આવશ્યક છે. વિદ્યાર્થી-વાલીઓની ફરિયાદ માટે સુપ્રિમ કોર્ટના આદેશ છતાં છેલ્લાં ૧૨ વર્ષથી અનેક ફરિયાદો હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા સ્ટુડન્ટ રીડ્રેસલ સેલની રચના કરવામાં આવી નથી અને સાચી ફરિયાદો હોવા છતાં વિદ્યાર્થી-વાલીઓને ન્યાય મળતો નથી.

ગુજરાતમાં ૨૦૦૯-૧૦થી ઈજનેરી, ફાર્મસી માટે પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા છતાં ગુજરાતના વિદ્યાર્થીઓ-વાલીઓનો સમય તથા નાણાંનો વ્યય અટક્યો નથી અને પ્રવેશમાં વિલંબ થઈ રહ્યો છે અને પ્રક્રિયા જટીલ બનતી જાય છે.

૧. કારકિર્દી કેવી રીતે નક્કી કરશો ?

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં લઈ માર્ગદર્શન માટે સતત અઢારમા વર્ષે કારકિર્દી માહિતી અને માર્ગદર્શન પુસ્તક વિના મૂલ્યે ઉપલબ્ધ કરવાનો આ નમ્ર પ્રયાસ છે. સ્પર્ધાત્મક સમયમાં ગુજરાતનો વિદ્યાર્થી તેના ઊજળા ભવિષ્યમાં સફળ થાય અને ગુજરાતનું તથા રાષ્ટ્રનું ગૌરવ વધારે તે આવકાર્ય છે.

-: સફળતાની ચાવી :-

"Winners don't do different thing, they do things differently."

અભ્યાસમાં બોર્ડની ધોરણ 12 એચ.એસ.સી.ની પરીક્ષામાં ઉચ્ચ સફળતાનો પ્રથમ પડકાર લેવો પડે છે. પછીથી આ ક્રમ અભ્યાસ અને કેરિયરમાં આવ્યા કરે છે. આ વિવિધ તબક્કામાં વિદ્યાર્થી, યુવાન, ઉમેદવારે સફળતા કેમ મેળવવી, કેવી વ્યૂહરચના કરવી, તેની રણનીતિ શું હોઈ શકે ? તેની સપ્તરંગી મેઘધનુષ્ય જેવી 7 કળ (Trick) પણ છે.

જ્ઞાન-અભ્યાસ (Knowledge)

એક ઉક્તિ છે, 'Knowledge is Power'. 21મી સદી એ 'નોલેજ સેન્ચ્યુરી' ગણાય છે. સાયન્ટિફિક કે પદ્ધતિસરનું જ્ઞાન સફળતાનો પાયો છે. ફક્ત ગદ્ધાવૈતરું કે કાળી મજૂરીથી પાસ થવાય છે, જ્વલંત સફળતા મળતી નથી. અભ્યાસ વૈજ્ઞાનિક ઢબનો કરવાનો છે, ગોખણપટ્ટી કરવાની નથી. પ્રશ્નો ભલે પુસ્તકના ગમે તે ખૂણેથી પુછાય, મૂંઝાવાનું નથી. બદલાતા પ્રવાહમાં પરિવર્તન લાવવું જ પડે છે. અભ્યાસનું યોગ્ય આયોજન અને અમલવારી કરવી પડે છે. ટાઈમ મૅનેજમેન્ટ રાખવું જરૂરી છે. એટલે તો આ ટેક્નિકને 'જ્ઞાન સંપાદન'ની કળા કહેવામાં આવે છે.

સ્વપ્નશીલતા (Vision-Dream)

જો ડ્રીમમાં Vision ન હોય તો તે 'ડ્રીમ' - નિરર્થક વ્યાયામ થઈ જાય છે. તેમાં કંઈક લક્ષ્ય-મિશન જરૂરી હોય છે. ધો. 10 કે અન્ય પરીક્ષામાં આટલા ટકા તો જરૂરથી લાવીશ જ. **૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા સ્વ. રાજીવ ગાંધી** હંમેશા એવું કહેતા કે, **"I am young, I too have a dream"**. સાચી દિશામાં સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી. એકલી માળા જપવાથી કંઈ ન થાય, દૃષ્ટિ અને પરિશ્રમ સાથે રાખવા. હકારાત્મક અભિગમ વિકસાવવો જોઈએ.

પ્રશિક્ષણ (Training)

જ્ઞાન તો પુસ્તક, વાર્તાલાપ, પરિસંવાદ, દશ્ય-શ્રાવ્ય માધ્યમો વગેરે થકી મળે છે. વ્યક્તિ કે વિદ્યાર્થી યોગ્ય પ્રશિક્ષણ, ટ્રેનિંગ, કોચિંગના અભાવે સફળતાની મંઝિલ સુધી પહોંચી શકતો નથી. પ્રૅક્ટિસ, એકસરસાઈઝ કરવી પડે છે. પુનરાવર્તન, રિવિઝન ઘણું જ જરૂરી હોય છે. ઉક્તિ છે "Practice makes a man perfect". પરીક્ષામાં વર્ગમાં શીખ્યા ઉપરાંતની કરેલી પ્રેક્ટિસ જ મદદરૂપ થાય છે. આ સદી માહિતીની સદી છે. હવે ફક્ત નોટબુક કે બ્લૅક બોર્ડ જ રહ્યાં નથી. કૉમ્પ્યૂટર, સીડી, લેપટોપ, મોબાઈલ, ઈન્ટરનેટનો શક્ય તે સગવડતા મુજબ કોચિંગ માટે ઉપયોગ કરવો જોઈએ, જેથી જ્ઞાનવૃદ્ધિ અદ્યતન બની શકે. વ્યક્તિના નિજી ક્ષેત્રની આધુનિક જાણકારી સેલ્ફ કોચિંગથી પણ મળે છે. ઘરનું વાતાવરણ કે હોમ એજ્યુકેશન પણ મદદ કરે છે.

શક્તિ (Power)

માણસ માત્રને વિવિધ પ્રકારની શક્તિ (Power, ઊર્જા) પ્રાપ્ય છે. વિદ્યાર્થી, યુવાનમાં તો તેનો અખૂટ ભંડાર ભરેલ છે. સફળતાની 'સીડી' ચડવા માટે સાદી બૅટરી કે સેલ ચાલે તેમ નથી. ડૉક્ટર, ઈજનેર, વહીવટકર્તા, પ્રાધ્યાપક કે કોઈ પણ ક્ષેત્રના નિષ્ણાત, સફળ ઉદ્યોગપતિને સામાન્ય (Ordinary) કરતાં કંઈક વિશેષ (Extra-ordinary) શક્તિનો ઉપયોગ કરવો પડે તે સ્વાભાવિક છે. આ વિશિષ્ટતાને આપણે એટેકિંગ, કિલિંગ, ઈન્સ્ટન્ટ પાવર કહીએ છીએ. આ શક્તિ વિલ પાવર, મજબૂત મનોબળને કારણે ડેવલપ થાય છે. આ એક એવું ઈંધણ છે કે જે વ્યક્તિને સતત ધ્યેય તરફ દોડાવે છે. સ્વપ્નાં સાકાર કરવાની ઈચ્છા જેટલી પ્રબળ હશે તેટલી સફળતા વધુ મળશે.

આત્મવિશ્વાસ (Confidence)

કહેવાય છે કે અડધો જંગ કે અડધી સફળતા તો માત્ર વિશ્વાસથી જ જીતી શકાય છે. વ્યક્તિએ પોતાની જાત ઉપર વિશ્વાસ રાખવો તે સફળતાનું અગત્યનું અંગ છે. યુવાન જો પોતાનામાં, પોતાની તૈયારીમાં, પોતાની આવડતમાં, પોતાના પ્રેઝન્ટેશનમાં

યોગ્ય કે પાવરફુલ વિશ્વાસ ન રાખે તો સફળતા દૂર ભાગે છે. 'You create your confidence'. બોર્ડમાં રેન્ક મેળવનાર, ઈન્ટરવ્યૂમાં પસંદ થનાર કે રમતગમતમાં શિલ્ડ લેનારને પોતાની ઉચ્ચતમ સિદ્ધિ માટે દૃઢ વિશ્વાસ હોય જ છે. 'હમ હોંગે કામયાબ' વિજેતાઓનું મુખ્ય ગાન હોય છે. આત્મવિશ્વાસ એ બીજ - 'seed' છે, પાયો છે. આત્મવિશ્વાસ સફળતા માટે બધા જ ગુણોને ભેગા કરવાની શક્તિ ધરાવે છે. આવડત, બુદ્ધિક્ષમતા શ્રેષ્ઠ હોવા છતાં ઘણા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં કે યુવાનો ઈન્ટરવ્યૂમાં નિષ્ફળ નીવડે છે.

એકાગ્રતા (Concentration)

અદ્વિતીય સફળતાની ચાવી તન્મયતામાં પડી છે. 'Concentrate your mind and physics' તન અને મનને એકાગ્ર કરવાની કળા શીખવી પડે. સફળતા માટે એકરસતા ડેવલપ કરવી જોઈએ. બોર્ડની પરીક્ષા હોય, જોબ ઈન્ટરવ્યૂ હોય તેના માટે લક્ષ્યમય એકાગ્રતા હોય તો સફળતા અવશ્ય મળે છે. થઈ પડશે, બધું ચાલશે, પહોંચી વળીશું, તો સફળતાની સીડી કોઈક અન્ય ચડી જશે. ગળાકાપ સ્પર્ધાના આ સમયમાં બીજા કરતાં આગળ નીકળવા મન અને તનની એકાગ્રતા રાખવી જોઈએ. 'સ્ટેમિના' જાળવવો પડે છે. ઢીલા ન થઈ શકાય.

સમર્પિતતા (Dedication)

કોઈ સફળ ડૉક્ટર, ઈજનેર કે વ્યાપારીની રૂબરૂ મુલાકાત થઈ છે ? સામાન્ય વ્યક્તિ અને આ VIPમાં કંઈ તફાવત જોવા-જાણવા મળેલ છે ? પ્રયત્ન કરી જોવા જેવો છે. સિદ્ધિના ઉચ્ચ સ્થાને બિરાજેલ આવી વ્યક્તિનો મોટામાં મોટો 'પ્લસ પોઈન્ટ' કે ગુણ એ છે કે તેના કાર્યક્ષેત્રને તે સંપૂર્ણ સમર્પિત હોય છે. તેનું dedication ઊંચું હોય છે. વ્યક્તિ લક્ષ્યને વરેલ હોય છે, તેના મય થઈ જાય છે. તન-મનથી સમર્પિત થવામાં સુખ-દુઃખ, તકલીફ બધું ભૂલી જવું પડે છે. પ્રલોભનો ફેંકી દેવાં પડે છે. ધ્યેયની પાછળ પડી જાવ. 100 ટકાનું ડેડિકેશન જ 100 ટકા સફળતા લાવી શકે છે. વિદ્યાને, અભ્યાસને, સંશોધનને સમર્પણ એટલે જ ઇચ્છિત સફળતા, તે વિદ્યાર્થીનો મંત્ર હોવો જોઈએ.

-: કારકિર્દી અને સફળતા :-

કારકિર્દીનું સોનેરી સ્વપ્ન દરેક વિદ્યાર્થી, યુવાન કે વ્યક્તિનું હોય છે. બોર્ડના કે યુનિવર્સિટીના પરીક્ષાર્થીઓ પોતાની પદવી, ઉચ્ચ સ્થાન કે ગુણાંક મેળવવા થનગનતા હોય છે. તે સફળતાની ચાવીની 7 કળ પણ યોગ્ય રીતે અજમાવીને શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા તલપાપડ હોય છે. જ્ઞાન, પ્રશિક્ષણ, શક્તિ, સ્વપ્ન, આત્મવિશ્વાસ, એકાગ્રતા, સમર્પિતતા જેવા ગુણો હોવા છતાં કેરિયર કેમ બરાબર ઘડાતી નથી, ક્યાં ખામી છે, શું ખૂટે છે, આવા સમયે ચાવી ઉપરાંત 'માસ્ટર કી' પણ ઉપયોગમાં લેવી પડે છે. આ 'માસ્ટર કી'નો ઉપયોગ આપણામાં વ્યાપી ગયેલ આળસવૃત્તિ, લઘુતાગ્રંથિ, નકારાત્મકતા, અનિયમિતતા, ઉજવણીઓ જેવાં વધુ પડતાં અનિષ્ટો કે દૂષણોને દૂર કરવામાં કરવો પડે છે અને તો જ સફળતા મળે છે. સફળ કારકિર્દીમાં કુટુંબ, સમાજનો પણ સહયોગ આવશ્યક છે.

કારકિર્દી નક્કી કરતાં પહેલાં તમારી જાતને પાંચ સવાલ પૂછો.

૧. મને કયા પ્રકારનું કામ કરવું ગમે છે ?

૨. મારામાં કઈ વિશેષતા છે ?

૩. મને કયો વિષય પસંદ છે ?

૪. મને કયા વિષયનું જ્ઞાન છે ?

૫. માર્કેટમાં કઈ વિદ્યાશાખાની જરૂરિયાત છે ?

આ પાંચ પ્રશ્નોનો જે જવાબ મળે તે તમને કારકિર્દીની સાચી દિશા બતાવશે.

બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, જો તમે તમારા શોખને વ્યવસાયમાં બદલી શકતા હો તો તે સૌથી શ્રેષ્ઠ બાબત છે. જીવનમાં સફળ થવા માટે બે બાબતો ખૂબ જ અગત્યની છે :

(૧) **ક્વૉલિટીવાળું કામ**, (૨) **ક્વોન્ટિટીમાં કામ.**

જો તમે શોખને વ્યવસાયમાં બદલશો તો તમારું કામ શ્રેષ્ઠ ક્વૉલિટીનું જ હશે અને ક્વૉન્ટિટીમાં કામ કરવા છતાં તમે થાકશો નહીં, કંટાળશો નહીં, અને માટે ખૂબ જ સફળ થશો.

આજની માંગ શું છે અને આવતીકાલની માંગ શું હોઈ શકે તેના પર દૃષ્ટિ રાખતા રહેશો તો એ પણ તમારી કારકિર્દી નક્કી કરવામાં સહાયભૂત થશે, અને એનાથી પણ મહત્ત્વની વાત એ છે કે તમારામાં નવી માંગ ઊભી કરવાની તાકાત ડેવલપ કરો.

(૧) ધો.૧૨ના પરિણામ પછી જેમાં પ્રવેશ મળવાની શક્યતા હોય તેવા તમામ અરજીપત્રો ભરવા. જેથી વિચારવા માટે સમય મળે તથા દરેક તક ખુલ્લી રહે. દૂર ભણવા જવામાં ડરશો નહીં.

(૨) ખાનગી કમ્પ્યૂટર કે ઇન્ફોર્મેશન ટેકનૉલોજીના વર્ગો કે જે મોટા નામવાળી સંસ્થાઓ (કે જે ભારતની યુનિ. સાથે જોડાયેલ ન હોય) હોય છે તેમાં જોડાતા પહેલા સો વાર વિચાર કરજો.

(૩) જે સંસ્થામાં પ્રવેશ મેળવો તે સરકારી માન્યતા પ્રાપ્ત છે કે કેમ તે માહિતી ખાસ જાણી લેવી.

(૪) ડૉક્ટર, ઇજનેર આ બે જ ઉચ્ચ કારકિર્દી નથી. આ સિવાય અનેક પ્રકારની કારકિર્દી આજના જમાનામાં ઉપલબ્ધ છે. જેમાં ડૉક્ટર તથા ઇજનેર કરતાં પણ વધારે 'માતબર' કમાણી થઈ શકે છે. મોભાદાર પદ સાથે પગારધોરણ પણ ઊંચા હોય છે.

(૫) તજજ્ઞોની તથા વાલીની મદદથી કારકિર્દીની પસંદગી ગંભીરતાથી ચર્ચા-વિચારણા કરીને નક્કી કરવી, પણ નિર્ણય જાતે કરવો.

(૬) તમે જે કારકિર્દી પસંદ કરો તે પછી રોજગારની તક કેવી છે ? ભવિષ્ય કેવું રહેશે ? તે પણ વિચારવું જરૂરી છે.

(૭) મિત્રો કે બહેનપણી અમુક અભ્યાસ પસંદ કરે છે માટે આપણે પણ તેમ જ કરવું તે અભિગમ છોડી દેજો. તે જ રીતે કોઈના દબાણમાં આવીને ખોટા નિર્ણય પણ ન લેવા.

(૮) જે સંસ્થામાં પ્રવેશ મેળવવા ઇચ્છો છો ત્યાં સાધન-સગવડ કેવાં છે ? અભ્યાસ દરમિયાન થનાર ખર્ચ, તમારી મહેનત કરવાની લગન-ક્ષમતા, વગેરે પાસાને પણ ધ્યાનમાં લેવા.

એડમિશન ફોર્મ ભરવા કયા પ્રમાણપત્રો તૈયાર રાખશો ?

(૧) એસ.એસ.સી. (ધોરણ ૧૦મું)ની પરીક્ષાનું ગુણપત્રક.

(૨) એસ.એસ.સી. (ધોરણ ૧૦મું) કેટલા પ્રયત્ને પસાર કરી છે તેનું પ્રમાણપત્ર.

(૩) ધોરણ-૧૧નું શાળાએ આપેલું પરીક્ષાનું ગુણપત્રક.

(૪) ધોરણ-૧૨માંની અથવા સમકક્ષ પરીક્ષાનું ગુણપત્રક.

(૫) ધોરણ-૧૨ અથવા સમકક્ષ પરીક્ષા કેટલા પ્રયત્ને પાસ કરી છે તેનું પ્રમાણપત્ર (શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે)

(૬) (અ) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા ટ્રાન્સફર સર્ટિફિકેટ (કેન્દ્રીય બોર્ડના ઉમેદવાર માટે)

(બ) જો ટ્રાન્સફર સર્ટિફિકેટ કે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મસ્થળ ન દર્શાવ્યું હોય તો જન્મસ્થળ અંગેના દસ્તાવેજી પુરાવા.

(૭) (અ) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક જૂથમાં સમાવિષ્ટ ન હોય તેની વિચરતી અને વિમુક્ત જાતિના સક્ષમ અધિકારીએ આપેલું પ્રમાણપત્ર.

(બ) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અથવા વિધવા અથવા અનાથ અરજદારે આપવાનું તેમની જાતિ/વર્ગ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)

(૮) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં સમાવિષ્ટ અને તે અંગેના અનામતનો લાભ મેળવવા ઇચ્છતા અરજદારના પિતા/વાલી કુટુંબનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું સક્ષમ અધિકારીએ આપેલું પ્રમાણપત્ર.

(૯) વિકલાંગતા અંગેનું નિયત નમૂનામાં પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)

(૧૦) માજી સૈનિક/સશસ્ત્ર દળની વ્યક્તિઓનાં સંતાનોના કિસ્સામાં તેમને લાગુ પડતું સક્ષમ અધિકારી પાસેથી મેળવેલું પ્રમાણપત્ર.

(૧૧) જ્યાં શાળા છોડ્યાના પ્રમાણપત્ર જાતિ/જ્ઞાતિ દર્શાવેલી ન હોય ત્યાં અરજીપત્રક સાથે રજૂ કરવાના પૂરક પુરાવા.

(૧૨) અરજદારના રહેઠાણ અથવા પત્રવ્યવહારનું સરનામું લખેલાં ટિકિટ વગરનાં બે પરબીડિયાં.

નોંધ : ઇજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ સમયે કેન્દ્ર સરકારની ટ્યુશન ફી માફી યોજના(TFW)નો લાભ લેવા માટે તાજેતરનું ૩૧-૩-૨૦૨૩ પછીનું આવકનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી પાસેથી ખાસ મેળવી લેવું.

નોંધ : બીડવામાં આવેલ દરેક પ્રમાણપત્ર, ગુણપત્રક વગેરેની નકલની પાછળના ભાગમાં ઉમેદવાર અને વાલીએ સહી કરેલી હોવી જોઈએ. તાજેતરમાં પડાવેલ ઓછામાં ઓછા ૧૦ થી ૧૫ પાસપોર્ટ ફોટા તૈયાર રાખવા. કુલ ઓછામાં ઓછા ૧૦ સેટ તૈયાર રાખવા.

વિશ્વ મહાત્મા ગાંધીને તેમની શક્તિ-કાર્ય-સત્ય પ્રત્યેની નિષ્ઠાને સલામ કરે છે અને વર્ષો સુધી કરશે.

-: કારકિર્દી માર્ગદર્શન અહેવાલ :-

કારકિર્દી અહેવાલ તમને જુદા જુદા કામોમાં તમારી રૂચિ અને ક્ષમતા જાણવામાં અને વિવિધ કારકિર્દીઓમાંથી તમારે માટે કઈ યોગ્ય છે તે જાણવામાં મદદ કરશે. તમને નીચેના ક્ષેત્રોમાં પરિક્ષણ કરે છે.

- Interest Test - રૂચિ પરીક્ષણ
- Personality Test - વ્યક્તિત્વ પરીક્ષણ
- Aptitude Test - ક્ષમતા પરીક્ષણ

  ૧. Clerical Ability - કારકુનને લગતી ક્ષમતા

  ૨. Mechanical Ability - યાંત્રિક ક્ષમતા

  ૩. Numerical Ability - આંકડાકીય ક્ષમતા

  ૪. Reasoning Ability - તાર્કિક ક્ષમતા

  ૫. Spatial Ability - જગ્યાને લગતી ક્ષમતા

  ૬. Verbal Ability - શાબ્દિક ક્ષમતા

ક્ષમતા પરિક્ષણનો અર્થ અને તેને વધારવા માટેના રસ્તાઓ

૧. Clerical Ability - કારકુનને લગતી ક્ષમતા

તે તમારામાં રહેલી સરખાપણા અને જુદાપણાને અત્યંત ટૂંકા સમયમાં ઓળખવાની શક્તિનું માપન કરે છે. આ પરિક્ષણમાં વધુ ગુણ એટલે કે તમે સરખા જુદા વચ્ચેનો ભેદ ખૂબ જ ચોકસાઈપૂર્વક અને ઝડપથી તારવી શકો છો. આ પરિમાણમાં ઓછા ગુણ એટલે કે તમે ચોકસાઈ ઉપર ઝડપની સરખામણીમાં વધુ ભાર મૂકો છે. જે નોકરીઓમાં રોજીંદા ધોરણે ખૂબ જ વિપુલ પ્રમારમાં માહિતી સાથે કામ પડતું હોય અને તેમનું સંચાલન કરવાની જરૂર પડતી હોય તેવા ક્ષેત્રોમાં આ ક્ષમતા ખૂબ જ ઉપયોગી છે.

આ આવડતને સુધારવાના રસ્તા

- કાળજીપૂર્વક વાંચવું/સાંભળવું, શબ્દ લખતી અને બોલતા, બંને સમયે ધ્યાન આપવું જોઈએ.
- વાંચતા સમયે ધીરજ રાખો, તેનાથી તમે માત્ર વધારે સારુ સમજી શકશો જ નહીં પણ માહિતીનું મૂલ્યાંકન પણ કરી શકશો.
- કાર્યાલય/દુકાનમાં ખંડ સમયની નોકરી કરો.
- સ્થાનિક સમાચારપત્રમાં 'બે ચિત્ર વચ્ચે જુદું શોધો' એ ભાગ ઉકેલવાનો પ્રયત્ન કરો.
- ધોરણસરની ચોપડી સિવાય બીજા પૂરકવાંચનની સામગ્રીનો ઉપયોગ કરો.

૨. Mechanical Ability - યાંત્રિક ક્ષમતા

તે તમારામાં રહેલી સામાન્ય યાંત્રિક સિદ્ધાંતો યંત્રો વિદ્યુત પર ચાલતા સાધનો, વાહનો વગેરેને સમજવાની શક્તિનું માપન કરે છે. તે સાદા વૈજ્ઞાનિક સિદ્ધાંતોનું રોજીંદા જીવનમાં અમલીકરણની વૃત્તિનું પણ માપન કરે છે. જે વ્યક્તિઓમાં આ ક્ષમતા ઉંચા પ્રમાણમાં રહેલી છે, તેઓ જટીલ યંત્રોનું ખૂબ જ સરળતાથી સમારકામ કરી શકે છે. જ્યારે આ ક્ષમતામાં ઓછા ગુણ ભૌતિક વિજ્ઞાન યાંત્રિક શક્તિના સિદ્ધાંતોનો ઉપયોગ રોજીંદા જીવનમાં કરવાની અક્ષમતા દર્શાવે છે. મિકેનીકલ ક્ષમતા યાંત્રિક અભ્યાસને લગતા અભ્યાસક્રમો અને વ્યવસાય ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી છે અને આ ક્ષેત્રે ઉંચી ક્ષમતા યાંત્રિક, વિદ્યુત અને વિદ્યુતથી ચાલતા સાધનો, કરખાના, વાહનો, સુથારી કામ અને ઈજનેરી અભ્યાસ અને વ્યવસાયમાં ખૂબ જ જરૂરી છે. ઈજનેરી વિદ્યાશાખા માટે ઉચ્ચ મિકેનીકલ અને ન્યુમેરીકલ (આંકડાકીય) ક્ષમતા ખૂબ જ જરૂરી છે.

આ આવડતને સુધારવાના રસ્તા

- ઈલેક્ટ્રોનિક વસ્તુને ઘરે સુધારવાનો પ્રયત્ન કરો. સાધનસામગ્રી ઈત્યાદિ છૂટી પાડી તેમાં જુઓ કે કેટલા સેલ/વાહક તાર અને ફ્યુઝ એકબીજા સાથે જોડાયેલા છે, પૂર્ણ ઉપકરણ શું છે તે બનાવો, લોહીચુંબકના કામની મૂલવણી કરો.
- વસ્તુ કેવી રીતે કાર્ય કરે છે, તેનું કામ/સિદ્ધાંત વિશે પ્રશ્નો પૂછવાની ટેવ પાડો અને જવાબ અને ઉકેલની રાહ જોવાના બદલે તમારી જાતે શોધવાની શરૂઆત કરો.
- ભૌતિક વિજ્ઞાનને વાસ્તવમાં સમજવાનો પ્રયત્ન કરો, નહીં કે માત્ર પરીક્ષા ખાતર. યંત્રના કામની યોગ્ય મૂલવણી કરો.

- યાંત્રિક કાર્ય કરતા લોકોના કાર્યને ધ્યાનથી નિહાળો. જેમાં ગેરેજમાં, ઈલેક્ટ્રોનિક વસ્તુને રીપેર કરવાની દુકાનમાં, ઈમારત બાંધકામની જગ્યા વગેરે.
- રમકડાની રમત દ્વારા છૂટા ભાગોને જોડવાનું શીખો, તેની સૂચનાઓના આધારે અને શૈક્ષણિક રમકડાની રમત પોતાની જાતે રમો.
- વિજ્ઞાનના સામયિકો વાંચો અને વિજ્ઞાન મેળાની મુલાકાત લો.

૩. Numerical Ability - આંકડાકીય ક્ષમતા

આ ક્ષમતા ઝડપથી અને ચોક્કસાઈથી આંકડાઓને રોજીંદા જીવનમાં વાપરવાની ક્ષમતાઓને લગતી છે. તે અંકગણિતના સિદ્ધાંતો જેવા કે ગુણાકાર, ભાગાકાર, વર્ગ વગેરેના ઝડપી ઉપયોગને લગતી છે. આમાં સમસ્યાઓ ખૂબ વિકટ નથી, પરંતુ તેનો ઉપયોગ ખૂબ જ ટૂંકા સમયમાં કરવાનો હોય છે. આંકડાકીય પરિક્ષણમાં ઉંચા ગુણ એટલે કે તમે આંકડા સાથે સરળતાથી વ્યવહાર કરી શકો છો અને તમારી યાદશક્તિ ખૂબ જ સારી છે. જ્યારે ઓછા ગુણ એટલે કે તમને આંકડા સાથે કામ કરવાની ઓછી ફાવટ છે અને તેની તમને બીક છે.

વીમા ક્ષેત્રે, બેન્કિંગ, કારકુની, હિસાબ-કિતાબ, ઈજનેરી, તકનીકી (Data Processing) જેવી નોકરીઓમાં આ ક્ષમતાની ખૂબ જ જરૂર રહે છે. જો કોઈ વ્યક્તિમાં આંકડાકીય અને શાબ્દિક શક્તિઓ સારા પ્રમાણમાં હોય તો તેનો અર્થ એ થાય છે કે તેમનામાં ઉચ્ચ અધ્યાપન શક્તિ રહેલી છે.

આ આવડતને સુધારવાના રસ્તા

- વૈદિક ગણિત વર્ગો અને અબેકસ શીખવાના વર્ગો સાથે જોડાઓ.
- મનમાં ગણતરીનો અભ્યાસ કરો.
- સ્મરણશક્તિ વધારે તેવી ખાદ્યવસ્તુ ખાઓ.

૪. Reasoning Ability - તાર્કિક ક્ષમતા

તે આપણી તર્કશક્તિને લગતું છે. તે તમારી વિચારશક્તિ અને મળેલ માહિતીનો ઉપયોગ કરવાની શક્તિનું પરીક્ષણ કરે છે. તે માણસની સામાન્ય બુદ્ધિનો એક પ્રકાર છે. આ શક્તિનો ઉંચો આંક તમારી સારી તર્કશક્તિનું માપ છે. તે વિવિધ ક્ષેત્રો જેવા કે કાનુની સંચાલન, કોમ્પ્યુટર, સંરક્ષણ અને વિજ્ઞાન અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં ખૂબ જ મહત્ત્વનું છે.

આ આવડતને સુધારવાના રસ્તા

- કોયડા અને શબ્દવ્યૂહ રચનાઓ ઉકેલો.
- શૈક્ષણિક રમતો રમો.
- વસ્તુને કાળજીપૂર્વક તપાસો.
- ખાસ કરીને વિજ્ઞાનની ચોપડીઓ વધારે વાંચો.
- તમે જે જુઓ છો, વાંચો છો, એ વસ્તુમાં તરેહ શોધવાનો પ્રયત્ન કરો.
- તમારા મનમાં પ્રશ્ન ઉત્પન્ન કરો અને તમારા વડીલને પૂછો, 'શા માટે અને કેવી રીતે ?'

૫. Spatial Ability - જગ્યાને લગતી ક્ષમતા

તે માણસની કલ્પનાશક્તિને લગતું છે તે ચિત્રો, આકૃતિ અને વસ્તુઓ સાથે કામ કરવાની આવડતનું માપન કરે છે. તે તમારી વસ્તુઓ, દિશાઓ સમજવાની અને જ્યારે દિશા બદલાય ત્યારે કેવી લાગશે તે સમજવાની શક્તિનું માપન છે. તેમાં ઉંચો આંક સારી ચિત્રકામ માટે કલાકૃતિ માટેની શક્તિનું માપ છે. તેમાં નીચે આંક આકૃતિઓ અને કલ્પના શક્તિને લગતા કાર્યોમાં ઓછી ફાટવનું નિદર્શન કરે છે. આ ક્ષમતા કોમ્પ્યુટર ગ્રાફિક્સ, એનિમેશન, ફેશન, ઈન્ટિરિયર ડીઝાઈન, આર્કિટેક, કોમર્શીયલ આર્ટ્સ, જાહેરાત વગેરે ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી છે.

આ આવડતને સુધારવાના રસ્તા

- ચિત્રકામ, લલિતકલા, નૃત્ય, કુંભારકામ સંબંધિત વર્ગો સાથે જોડાઓ.
- ચિકણી માટી અને પ્લાસ્ટર ઓફ પેરીસ દ્વારા નમૂના બનાવતા શીખો.
- કલા પ્રદર્શનની મુલાકાત લો.
- સંગીત અને ફોટોગ્રાફી શીખો.
- ભરત કલા, સીવણ, નકશી ભાતની રચના કરવી વગેરે શીખો.
- તમારા મનમાં જે કલ્પનાઓ ઉત્પન્ન થાય છે, તેને નિખારો. તમારી કલ્પનાશક્તિની સીમા ન બાંધો.

૬. Verbal Ability - શાબ્દિક ક્ષમતા

તે શબ્દો અને શબ્દોના સંલગ્નને લગતી ક્ષમતા છે. તે માણસની શબ્દોને વિચારો અને લેખિત ભાષાને સમજવાની શક્તિનું માપન કરે છે. તે શબ્દો, વ્યાકરણ અને આપેલ માહિતીની સમજશક્તિનું માપન કરે છે. આ ક્ષમતામાં ઉંચો આંક તમારી શબ્દો અને અર્થોને સમજવાની શક્તિનું નિદર્શન કરે છે. જ્યારે નિમ્નઆંક લેખિત ભાષામાંની કચાશ બતાવે છે. આ ક્ષમતા વિવિધ ક્ષેત્રો કે જેમાં માનવીય સંપર્કનું મહત્ત્વ વધુ હોય તેવા ક્ષેત્રો જેવા કે સેલ્સ, માર્કેટીંગ, વીમો, શિક્ષણમાં ખૂબ ઉપયોગી છે. તે લેખન, વાંચન વગેરેમાં ઉંડા રસનું પણ નિદર્શન કરે છે.

આ આવડતને સુધારવાના રસ્તા

- વાંચન અને શબ્દદોષનું મૂલ્યાંકન એ તમારી આવડતને સુધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે.
- સમાચારપત્રો, ચોપડીઓ અને સામયિકો વારંવાર વાંચો.
- તમે જાણતા ન હાય તેવા શબ્દ શોધો અને વૈકલ્પિક શબ્દનો સમાન અર્થ વિચારો.
- એકવાર ફકરાનું સંપૂર્ણ વાંચન બાદ ચાવીરૂપ મુદ્દાઓ નોંધો અને પછી વાક્યો લખો, જે ફકરાના મુખ્ય મુદ્દાઓની સમજ આપે.
- ફકરો શું કહેવા માંગે છે તે વિચારો, જેમ કે લેખકનું વલણ તેમની માન્યતાઓ.
- ફકરામાં લખેલી માહિતીને આધારે તમારા પોતાના પ્રશ્નો લખો.
- હકીકતના આધારે અને લેખકના પોતાના મતના આધારે મુદ્દાઓ પકડો.

વ્યક્તિત્વની લાક્ષણિકતા

- **Introvert - અંતર્મુખ :-** વિચારશીલ, ઓછું બોલનાર વ્યક્તિ કે જે મુખ્યત્વે પોતાના વિચારોમાં જ મગન રહે છે. તેમના માટે ઉત્સાહનું મૂળ તેઓ પોતે જ છે.
- **Extrovert - બહિર્મુખ :-** વાચાળ, મિત્રતાવાળી વ્યક્તિ મોટેભાગે બાહ્ય વિચારવસ્તુ સાથે સંબંધિત હાસ્ય છે. તેમના માટે ઉત્સાહનું મૂળ બીજા હોય છે.

જુદા જુદા ક્ષેત્રોમાં રૂચિ

- **Technology - ઈજનેરી :-** ઈજનેરી સાધનો અને તેની જાણકારીમાં અભિરૂચિ, યાંત્રિક અને વૈજ્ઞાનિક પ્રયોગો, ભૌતિકવિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ અને તેના સંબંધિત વિષયોની શોધ કરવી અને નિર્માણ કરવું.
- **Science - વિજ્ઞાન :-** જીવવિજ્ઞાન વિષયમાં અભિરૂચિ, વિવિધ દવા બનાવવી, દવાખાનું/પ્રયોગશાળામાં, વૈજ્ઞાનિક બાબતોનું સંશોધન.
- **Business - વ્યવસાય :-** પોતાનો ધંધો અથવા કામકાજમાં રૂચિ હોવી, સાહસ, ઉદ્યમવૃત્તિ, બીજાના વ્યાપારમાં ઝંપલાવવું, નાણાકીય અભિરૂચિ, વ્યાપારી, અર્થશાસ્ત્ર પ્રવૃત્તિ, પૈસા કમાવવાની પ્રવૃત્તિ.
- **Aesthetics - સૌંદર્ય શાસ્ત્ર :-** રૂચિ જેવી કે લલિતકલા, ચિત્રકલા, કુંભારકામ, શિલ્પકલા, હાસ્યચિત્ર (કાર્ટૂન), રેખાચિત્રો દોરવા, નકશી, ભાત, મકાન, ઈમારત, વસ્તુ, પદાર્થ, પોષાક, ઝવેરાત વગેરે.
- **Mass Media - જીનસમૂહનો સંપર્ક સાધવાનું માધ્યમ :-** ટેલિવિઝન, રેડીયો અને છાપકામ, નવા લોકોને મળવામાં અભિરૂચિ, કોઈ સંસ્થા વગેરેનો જનસંપર્ક સાધવો, જાહેરખબરમાં, પત્રકારત્વમાં, સંપર્ક સાધવાના માધ્યમથી ઘણા લોકોના અથનામણ ક્ષેત્રે કામ કરવું.
- **Education - શિક્ષણ :-** શીખવવામાં અને ભણાવવામાં રૂચિ, વિવિધ વયની જૂથના વિદ્યાર્થીને, વિવિધ માનસિક વયના વિદ્યાર્થી અને વિવિધ શારીરિક ક્ષમતાવાળા વિદ્યાર્થીને ભણાવવું.
- **Social - સામાજિક :-** લોકોની સાથે તેમજ આસપાસ રહેવામાં અભિરૂચિ, લોકોની મદદ, માનવકલ્યાણ તેમજ જરૂરિયાતમંદની સેવા કરવી.
- **Literary - સાહિત્ય :-** વાંચવામાં અને લખવામાં, સાહિત્ય પ્રવૃત્તિમાં અભિરૂચિ, શબ્દોના લખાણથી પોતાને અભિવ્યક્ત કરવું.
- **Outdoor - ઘરની બહાર :-** ઘરની બહાર ઘણાબધા જીવંત કાર્યો માટેની અભિરૂચિ, લાંબા સમય માટે બહાર રહેવાની મજા માણવી, ક્રિયાશીલ જીવનશૈલીમાં અભિરૂચિ.
- **Law Enforcing - કાયદાનું પાલન :-** કાયદા માટેનો નિર્ણય, યોજના વગેરેનું અમલીકરણ, વકીલ/કાયદાકીય સલાહકાર તરીકે નાગરિકને નુકસાનથી બચાવવું અથવા નાગરિક સંરક્ષણ અથવા રાષ્ટ્રીય સંરક્ષણ.

Why Education is so much important in life?

દુનીયામાં કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટે નીચે મુજબની બેઝીક સ્કીલ્સ અત્યંત અનિવાર્ય છે.


Attitude

Confidence

Commitment

Critical Thinking

Competition

Maturity


Stress Handling

Teamwork

Timing


Understanding

જુજ (0.1% કરતા પણ ઓછા) વ્યક્તિઓને આ સ્કીલ્સ God Gifted હોય છે જ્યારે બાકીના બધાએ ડેવલોપ કરવી પડે છે. આ સ્કીલ્સ ડેવલોપ કરવા માટેના બે વિકલ્પો છે; શિક્ષણ અને અનુભવ, આ બન્ને વચ્ચેનો તફાવત નીચે મુજબ છે.

	Education	Experience
મહેનત	શિક્ષણથી સ્કીલ્સ સરળતાથી મેળવી શકાય છે, કારણ કે આપણી પાસે ટીચર/મેન્ટર હોય છે જે આપણને શીખવામાં, મુંઝવણ હોય તો ઉકેલ મેળવવામાં મદદરૂપ થાય છે. અભ્યાસમાં પરીક્ષાનો સીલેબસ અને ટાઈમ ટેબલની અગાઉથી જાણ હોય છે.	અનુભવથી સ્કીલ્સ મેળવવી મુશ્કેલ છે, કારણ કે આપણી પાસે કોઈ ટીચર/મેન્ટર હોતા નથી, આપણે પોતે જ બધુ શીખવું પડે છે અને જાતે જ ઉકેલ શોધવા પડે છે. જીંદગીની પરીક્ષામાં સીલેબસ કે ટાઈમ ટેબલની અગાઉથી જાણ હોતી નથી.
ખર્ચ	શિક્ષણથી સ્કીલ્સ મેળવવી કિફાયતી છે; કારણ કે શાળા/કોલેજમાં ચોક્કસ ફી ભરીને અભ્યાસ કરી શકાય છે. આમ પણ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં શિક્ષણ ઘણું કિફાયતી છે.	અનુભવથી સ્કીલ્સ મેળવવી ખર્ચાળ છે; કારણ કે જો સ્કીલ્સના અભાવે બીઝનેસમાં ખોટ આવે તો કેટલુ નુકશાન થશે તે નક્કી નથી હોતુ. ઘણીવાર સંપૂર્ણ મુડી ધોવાઈ જાય તેવુ પણ બને છે.
સમય	અભ્યાસનો સમયગાળો નિયત હોય છે અને તે સમયમાં હાર્ડવર્ક કરીને કોઈપણ ક્ષેત્રમાં નિપૂણ બની શકાય છે. અભ્યાસ પૂર્ણ થતાની સાથે જ સારૂ પ્લેસમેન્ટ મેળવીને સફળ કેરીયરની તરત જ શરૂઆત કરી શકાય છે.	અનુભવથી સ્કીલ્સ મેળવવામાં કેટલો સમય લાગશે તે નક્કી હોતુ નથી. આ ઉપરાંત સ્કીલ્સ આવડશે જ તેની કોઈ ખાતરી નથી. ઘણીવાર હાથમાંથી અમુલ્ય તક સરી જાય તેવુ પણ બને જેની કોઈ કિંમત આંકી શકાતી નથી.

આજના ટેકનોલોજીકલ યુગમાં કોઈપણ ક્ષેત્રમાં સારી કેરીયર બનાવવા માટે એજ્યુકેશન ખુબ જ મહત્વનું છે. ટોપ બીઝનેસમેન પણ પોતાના સંતાનોને ઉત્તમ કોલેજોમાં ઉચ્ચ અભ્યાસ માટે મોકલે છે.

મારે બધાથી અલગ કરવું છે તો શું કરૂ?

આજકાલ ઘણાં વાલી અને વિદ્યાર્થીઓ એવું માને છે કે જીવનમાં સફળ થવા માટે બધાંથી અલગ કરવું જરૂરી છે. હકીકતમાં બધાથી અલગ નહી પણ બધાથી સારૂ કરવાનું હોય છે. જો બીજા કરતા સારો દેખાવ કરશો તો આપમેળે અલગ તરી આવશો અને દુનીયામાં ટોપ પર પહોંચી જશો.



વાલી અને વિદ્યાર્થીઓને ખાસ નિવેદન છે કે આપણા શહેર, રાજ્ય કે દેશમાં જેની માંગ હોય તેને લગતો જ પ્રવાહ અને અભ્યાસક્રમ પસંદ કરવો જોઈએ.

Types of Career

વારસાગત (Hereditary)	પ્રતિભાગત (Talent)	અભ્યાસગત (Education)
સોનીકામ, સુથારીકામ, દરજીકામ વગેરે વારસાગત વ્યવસાય છે જેના માટે માત્ર બેઝીક ભણતર જ જરૂરી છે. ૧–૨ વર્ષના અનુભવથી કેરીયરની શરૂઆત કરી શકાય છે.	ક્રિકેટર, એક્ટર, સીંગર, ડાન્સર વગેરે કુદરતી બક્ષીસ આધારીત કેરીયર છે જે કરોડોમાં એકને જ હોય છે. ફક્ત ટ્રેનીંગ કે અભ્યાસથી આ કેરીયર બનાવી શકાતી નથી.	ડોક્ટર, એન્જીનીયર, વકીલ, CA વગેરે કેરીયર અભ્યાસથી બનાવી શકાય છે. કોઈપણ વિદ્યાર્થી મહેનત કરીને આ ક્ષેત્રોમાં ટોચ પર પહોંચી સારી કેરયીર બનાવી શકે છે.

૨. ધો. ૧૨ કોમર્સ પછી શું ?

બી.કોમ. (બેચલર ઓફ કોમર્સ)

ધોરણ ૧૨ કૉમર્સ પાસ થનાર વિદ્યાર્થી રાજ્યની યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન કૉલેજોમાં બી.કૉમ. (બેચલર ઑફ કૉમર્સ)નો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ કરી શકે છે. બી.કૉમ. થયા પછી અનુસ્નાતક કક્ષાએ બે વર્ષનો અભ્યાસ કરવાથી એમ.કોમ. (માસ્ટર ઑફ કૉમર્સ), એમ.બી.એ., એમ.સી.એ. થઈ શકે છે.

બી.કોમ.ના વિષયો :

(૧) કોસ્ટ એકાઉન્ટિંગ, (૨) સ્ટેટિસ્ટિક, (૩) બિઝનેસ મૅનેજમેન્ટ, (૪) બૅંકિંગ, (૫) એકાઉન્ટન્સી, (૬) ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ લેબર.

૨.૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.)

ઝડપથી વિકાસ પામી રહેલા આજના યુગમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ(સી.એ.)નો અભ્યાસક્રમ ખૂબ જ મહત્ત્વનો અને મોભાદાર કારકિર્દીવાળો ગણી શકાય. સી.એ.ની એકઝામ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી મારફતે લેવાય છે. **વેબસાઈટ : www.icai.org**

સીએ-સીપીટી (CPT) ૨૦૨૧

સીએ એન્ટ્રી લેવલ કોર્સમાં પ્રવેશ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયાની કોમન પ્રોફિશિયન્સી ટેસ્ટ (CPT) જૂન મહિનામાં યોજાતી હોય છે. આ પરીક્ષા વર્ષમાં બે વખત (જૂન અને ડિસેમ્બર) યોજવામાં આવે છે.

આ પરીક્ષામાં બેઠકોની સંખ્યા નિશ્ચિત હોતી નથી. જેટલા વિદ્યાર્થીઓ સીપીટી ક્લીયર કરે છે તેમને બીજા લેવલમાં પ્રવેશ મળી જાય છે. પરંતુ આકરી પરીક્ષા હોવાને કારણે માત્ર ૩૦-૪૦% વિદ્યાર્થીઓ જ ક્વોલીફાઈ થાય છે.

બે સત્રમાં થનારી આ પરીક્ષામાં ફંડામેન્ટલ્સ ઓફ એકાઉન્ટીંગ, મર્કેન્ટાઈલ લો, જનરલ ઈકોનોમીક્સ અને ક્વોન્ટિટેટીવ એપ્ટીટ્યુડ સંબંધિત પ્રશ્નો પૂછાય છે. આ પરીક્ષામાં માઈનસ માર્કિંગ હોય છે. સાચા જવાબ માટે ૧ અંક મળશે અને ખોટા જવાબ માટે ૦.૨૫ અંક કાપી લેવાય છે. પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થી બેટરી ઓપરેટેડ પોર્ટેબલ કેલક્યુલેટરનો ઉપયોગ કરી શકે છે.

આ પરીક્ષામાં ભાગ લેવા માટે ૧૨મા ધોરણની પરીક્ષા પાસ કરી હોવી જોઈએ અને આ પરીક્ષા માટે એપ્રિલ, ૨૦૨૧ અગાઉ સીપીટી માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હોવું જોઈએ. વિદ્યાર્થીઓ સમગ્ર વર્ષ દરમ્યાન સીપીટી માટે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ૫૫% સાથે બી.કોમ., એમ.કોમ. અને કોઈ અન્ય સ્ટ્રીમમાં ૬૦% સાથે ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીને સીપીટી આપવાની જરૂર નહીં પડે, તે સીધા જ સીએના બીજા સ્તર આઈપીસીસીમાં પ્રવેશ મેળવી શકે છે. આ વર્ષથી ૩૦% પાસિંગ માર્ક્સનો નિયમ લાગુ કરાશે. તેમાં વિદ્યાર્થીએ ચારેય સેકશનમાં ઓછામાં ઓછા ૩૦% અને ચારેય સેકશનના કુલ ૫૦% માર્ક્સ લાવવા જરૂરી બનશે. એકઝામ પેટર્નમાં ફેરફાર થવાથી હવે વિદ્યાર્થીઓએ બધા જ વિષયમાં સારા માર્ક્સ મેળવવા પડશે. ગયા વર્ષ સુધી અનેક વિદ્યાર્થી ગણિતની અવગણના કરતા હતા અને ફંડામેન્ટલ ઓફ એકાઉન્ટીંગ તથા ઈકોનોમિક્સમાં સ્કોર કરી લેતા હતા, પરંતુ હવે બધા જ વિષયોમાં ૩૦% માર્ક્સ લાવવા જરૂરી છે.

વર્ષ ૨૦૦૮માં સી.એ.ના વિદ્યાર્થીઓ ૭૫ હજાર હતા, જ્યારે ૨૦૧૨માં ૧,૧૧,૯૬૧ વિદ્યાર્થી હતા. વર્ષ ૨૦૧૧માં દેશમાં ૨૦% સી.એ. પ્રેક્ટીસ કરતા હતા. ૨૦૨૧ સુધીમાં આ આંકડો ૮૦% વધી જશે. ૨૦૧૧માં દેશમાં ૧૬% મહિલાઓ સી.એ. હતી. એક દાયકા બાદ આ આંકડો ૩૦% હશે.

૨.૨ કોસ્ટ એકાઉન્ટન્ટ : (CWA)

ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ ઍન્ડ વર્કસ એકાઉન્ટન્ટસ્ ઑફ ઈન્ડિયા કોલકતા દ્વારા આ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. સામાન્ય રીતે પ્રાઈવેટ કંપનીમાં કોસ્ટ એકાઉન્ટન્ટના હોદ્દા ઉપર આ લાયકાત ધરાવનારને લેવામાં આવે છે. તદ્ઉપરાંત જાહેરક્ષેત્રની કંપનીમાં એકાઉન્ટ ઓફિસર તરીકે નિમણૂંક મળી શકે છે.

સંપર્ક : ૩૦૩, 'સારપ' બિલ્ડીંગ, ગૂજરાત વિદ્યાપીઠ પાછળ, નવજીવન પ્રેસની સામે, આશ્રમ રોડ, અમદાવાદ.

વેબસાઈટ : www.icwai.org

આઈસીએઆઈ (ICAI) ૨૦૨૩

ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના ફાઉન્ડેશન કોર્સ માટે જુલાઈ, ૨૦૨૩માં યોજાશે. ઈન્ટરમીડીયેટ અને ફાઈનલ કોર્સની પરીક્ષા પણ જૂન મહિનામાં જ યોજાશે અને તેનું પરિણામ પરીક્ષાના બે મહિના બાદ આવશે. ડિસેમ્બર અને જૂનમાં યોજાનારી આ પરીક્ષામાં ગયા વર્ષે અંદાજે ૪૦ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે પણ અંદાજે તેટલા જ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

ફાઉન્ડેશન કોર્સમાં પ્રવેશ માટે વય ઓછામાં ઓછી ૧૭ વર્ષ અને ઈન્ટરમીડીયેટ કોર્સ માટે ૧૮ વર્ષ જરૂરી છે. ફાઉન્ડેશન માટે ૧૨મું પાસ અને ઈન્ટરમીડીયેટ માટે ગ્રેજ્યુએશનની ડીગ્રી અનિવાર્ય છે. આ ડીગ્રી માટે ફાઉન્ડેશન કોર્સ ઓરલ અને પોસ્ટલની ફી રૂા. ૩,૫૦૦ અને ઈન્ટરમીડીયેટ કોર્સ ઓરલ માટે રૂા. ૧૯,૭૦૦ તથા પોસ્ટલ માટે રૂા. ૧૫,૭૦૦ છે.

ICAIના ઓરલ કોર્સમાં વિદ્યાર્થીઓ સેન્ટરમાં ક્લાસમાં હાજર રહે છે. કોઈ સામાન્ય કોલેજની જેમ બધા જ વિષયોના ક્લાસ લેવાય છે. દેશના ૭૫% ICAI વિદ્યાર્થી ઓરલ પસંદ કરે છે, જ્યારે ૨૫% વિદ્યાર્થીઓ પોસ્ટલ કોર્સ પસંદ કરે છે. પોસ્ટલ કોર્સમાં વિદ્યાર્થીઓને પહેલાં પ્રેક્ટીસનું મટીરીયલ આપવામાં આવે છે. તેનાથી તેમને સેન્ટર પર જઈને ક્લાસમાં હાજરી આપવાની જરૂર પડતી નથી.

આ પરીક્ષામાં એક-એક કલાકના ચાર પેપરમાં ૧૦૦ માર્ક્સના પ્રશ્નો હોય છે. તેમાં ઓર્ગેનાઈઝેશન અને મેનેજમેન્ટ ફન્ડામેન્ટલ, એકાઉન્ટીંગ, ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ ફંડામેન્ટલ અને બિઝનેસ મેથેમેટીક્સ એન્ડ સ્ટેટેસ્ટીક્સ ફંડામેન્ટલ વિષય છે. ક્વોલીફાઈ કરવા માટે બધા જ પેપરમાં ૪૦% અને કુલ ૫૦% માર્ક્સ જરૂરી છે.

૨.૩ કંપની સેક્રેટરી (C.S.)

આ અભ્યાસક્રમ ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરીઝ ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા ચલાવવામાં આવે છે. આ અભ્યાસ પાસ કરનારને ખાનગી અને જાહેરક્ષેત્રની કંપનીમાં આસિસ્ટન્ટ કંપની સેક્રેટરી કે 'કંપની સેક્રેટરી' કે ડેપ્યુટી જનરલ મેનેજરના હોદ્દાની નોકરી મળી શકે છે. વૈશ્વિકયુગમાં આ અભ્યાસક્રમની માંગ વધી રહી છે. **વેબસાઈટ : www.icsi.edu**

- **સી.એફ.એ. (ચાર્ટર્ડ ફાયનાન્સિયલ એનાલિસ્ટ) :** આ અભ્યાસક્રમો ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ ફાયનાન્સિયલ એનાલિસ્ટ ઑફ ઈન્ડિયા, હૈદરાબાદ દ્વારા ચલાવાય છે. ધો-૧૨ પાસ લઘુતમ ૫૦ ટકા મૌખિક કે પોસ્ટલ કોચિંગ લઈ ફાઉન્ડેશનની પરીક્ષા આપી શકાય. **વેબસાઈટ : www.icfai.org**

૨.૪ M.Sc. (CA & IT) & MBA (5 years)

ધોરણ 12 પછી શું direct M.Sc. / MBA કોર્સમાં પ્રવેશ મળી શકે ? ઘણાને આ વાતથી નવાઈ પણ લાગશે. પરંતુ આ વાત સાચી તો છે જ અને આ કોર્સ એક career option તરીકે ઊંચી ટકાવારી ધરાવતા વિદ્યાર્થીઓમાં પ્રથમ પસંદગી બને છે.

કોર્સ : (1) M.Sc. in Computer Applications and Information Technology (CA & IT), (2) MBA (5 yrs)

આ કોર્સ ગુજરાત યુનિવર્સિટીની કે. એસ. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ, અમદાવાદ ખાતે થઈ શકે છે.

- પાંચ વર્ષનો (પૂર્ણ સમયનો) ઈન્ટિગ્રેટેડ ડિગ્રી કોર્સ છે.
- ધોરણ 10 (પ્રથમ પ્રયત્નમાં) અને ધોરણ 12 (પ્રથમ પ્રયત્નમાં જ)
- જનરલ અથવા સાયન્સ શાખામાં પાસ થયા હોય તે જરૂરી છે. (અંગ્રેજી પણ એક વિષય તરીકે જરૂરી.)
- આમાંનો કોઈ એક વિષય પણ ધો. 12માં આવશ્યક છે :

(1) મેથેમેટિક્સ (2) સ્ટેટિસ્ટિક્સ (3) એલિમેન્ટ્સ ઑફ એકાઉન્ટન્સી (4) એલિમેન્ટ્સ ઑફ બુક-કીપિંગ
(5) કેમિસ્ટ્રી (6) બાયૉલોજી (7) ફિઝિક્સ

ધો. 12 ઓછામાં ઓછા 50% માર્કસ (SC/ST 45% માર્ક્સ) સાથે પાસ થયા હોય તે જરૂરી છે.

બેઠકો : • MBA (5 years ઈન્ટિગ્રેટેડ કોર્સ) - કુલ 225 બેઠકો. • M.Sc. (CA & IT) - 210 બેઠકો

ધો. 12ના પરિણામના જાહેર થયા બાદ ગુજરાત યુનિવર્સિટીની પ્રવેશ જાહેરાત બહાર પડે છે. ધો. 12ના Meritને આધારે જ પ્રવેશ મળે છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે પણ M.Sc. (CA & IT)નો પાંચ વર્ષનો કોર્સ ઉપલબ્ધ છે જ. અહીં પણ ઉપર જણાવેલ લાયકાત ધરાવતા હોય તેઓ પ્રવેશ માટે અરજી કરી શકે છે. પાટણ ખાતે કુલ 80 બેઠકો છે.

સામાન્ય રીતે ધો. 12માં 80% કે વધુ માર્ક્સ ધરાવતા હોય તેઓ જ આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવવાની આશા રાખી શકે છે. MBA (ઈન્ટિગ્રેટેડ) અને M.Sc. (CA & IT) - આ બંને અભ્યાસક્રમો સારા કારકિર્દી વિકલ્પો માનવામાં આવે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે M.Sc. (ઈન્ફોર્મેશન ઍન્ડ કૉમ્યુનિકેશન ટેક્નૉલોજી)નો બે વર્ષનો કોર્સ પણ થઈ શકે છે. યાદ રહે, આ કોર્સમાં ધો. 12 પછી નહીં પરંતુ ગ્રેજયુએશન પછી જ પ્રવેશ મળે છે. એટલે કે B.Sc. (કમ્પ્યૂટર સાયન્સ / B.C.A., B.E. કમ્પ્યૂટર / IT)માં ઓછામાં ઓછા 50% સાથે પાસ થયા હોય તેઓ જ આ વીર નર્મદ દ. ગુજરાત યુનિ.ના કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે.

M.Sc. IT પાંચ વર્ષનો કોર્સ

૧. કે.એસ.સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજ. યુનિ. અમદાવાદ	૨૧૦ બેઠક
૨. હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજ. યુનિ., પાટણ	૧૬૦ હેઠક
૩. કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ	૮૦ બેઠક
૪. સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ	૭૦ બેઠક
૫. વીર નર્મદ સાઉથ ગુજ. યુનિ., સુરત	૧૨૦ બેઠક

MBA પાંચ વર્ષનો કોર્સ

૧. કે.એસ.સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજ. યુનિ. અમદાવાદ	૨૨૫ બેઠક
૨. કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ	૭૫ બેઠક

રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓએ પણ M.Sc. IT તથા MBAનો પાંચ વર્ષનો કોર્સ અમલમાં મૂક્યો છે.

૨.૫ કોર્પોરેટ ક્ષેત્રે કારકિર્દી (MBA)

આજનો જમાનો ટેકનોલોજીનો છે. ટેકનોલોજીના વિકાસને પરિણામે આજનો આધુનિક યુગ આર્થિક યુગમાં બદલાઈ ગયો છે. જેના પરિણામે વહીવટી ક્ષેત્રે કાબેલ યુવક-યુવતીઓની જબ્બર માંગ ઊભી થઈ છે. નેશનલ તથા મલ્ટીનેશનલ કંપનીઓના સફળ સંચાલન માટે કુશળ વહીવટકર્તાઓની માંગને પહોંચી વળવા યુનિવર્સિટીઓ તથા તેને સંલગ્ન સંસ્થાઓ દ્વારા મેનેજમેન્ટના ખાસ કોર્સીસ ચલાવવામાં આવે છે. જેની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

I.I.M. :- I.I.M. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એ ભારત સરકાર દ્વારા સ્થાપેલી દેશની નંબર વન મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ છે. સમગ્ર ભારત દેશમાં I.I.M.ની માત્ર છ કોલેજો છે. જે નીચે પ્રમાણેના શહેરોમાં આવેલી છે : (૧) અમદાવાદ, (૨) કોલકત્તા, (૩) લખનૌ, (૪) બેંગ્લોર, (૫) ઈન્દોર, (૬) કોઝિકોડ. આ છ કોલેજો પૈકી અમદાવાદ I.I.M.નું આકર્ષણ અને દબદબો સવિશેષ છે. I.I.M.માં પ્રવેશ મેળવવા માટે CAT (કોમન એડમીશન ટેસ્ટ) પસાર કરવી પડે છે. CATનું ફોર્મ ભરવા માટે કોઈપણ શાખામાં બેચલર ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. B.Sc., B.E., B.Tech., BAMS, BHMS, MBBS, B.Pharm. વિગેરે જેવી ડિગ્રી ધરાવતા ઉમેદવારોને I.I.M.નું આકર્ષણ રહ્યું છે, કારણ કે I.I.M.માંથી MBA કરેલ સ્ટુડન્ટની મલ્ટીનેશનલ કંપનીઓ, કોર્પોરેટ સેક્ટરમાં જબરી માંગ છે. કોમર્સ અને આર્ટ્સના સ્નાતકોની સાપેક્ષે એન્જિનિયરો અને અન્ય સાયન્સ ગ્રેજ્યુએટ્સ આ પરીક્ષામાં વધુ મેદાન મારી શકે છે અને સાયન્સ શાખાના સ્નાતકોની પાછળ MBAની ડિગ્રી ઉમેરાય ત્યારે તે ક્ષેત્ર ૨૨ કેરેટ સોનું બની જાય છે.

MBAમાં પ્રવેશ મેળવવા માટે :

ગુજરાત રાજ્યમાં આવેલી I.I.M.ની કોલેજમાં પ્રવેશ મેળવવા માટે CATમાં પાસ થવું જરૂરી છે.

I.I.M. સિવાયની ગુજરાતની કોલેજોમાં પ્રવેશ માટે કોમન મેનેજમેન્ટ એપ્ટીટ્યુડ ટેસ્ટ (CMAT) આપવી પડે છે. આ પરીક્ષા જૂન-જુલાઈમાં યોજાય છે. CMATમાં એપીયર થવા માટે કોઈપણ બ્રાન્ચમાં ૫૦% સાથે ગ્રેજ્યુએશન હોવું જોઈએ. છેલ્લા વર્ષની પરીક્ષા આપવાની બાકી હોય તે વિદ્યાર્થીઓ પણ CMATનું ફોર્મ ભરી શકે છે.

ગુજરાત રાજ્યમાં MBAની ૮૦થી વધુ કોલેજો છે. **Website : www.aicte-cmat.in**

ગુજરાત રાજ્યની બહાર MBA કરવા માટે :

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (IITS) અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ (IISC) જેવી સંસ્થાઓમાં ચાલતા મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે જોઈન્ટ મેનેજમેન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ (JMET) લેવામાં આવે છે. જેમાં વિજ્ઞાન, એન્જિનિયરીંગ, ટેકનીકલ, કૃષિ, ફાર્મસી વગેરે શાખાના સ્નાતકો પ્રવેશપાત્ર છે. કોમર્સ અને ઈકોનોમિક્સના અનુસ્નાતકો પણ JMET આપી શકે છે.

૨.૬ બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.)

જો ભવિષ્યમાં આપનું લક્ષ્ય ઉદ્યોગ સાહસિક અથવા તો કંપનીમાં કામ કરવાનું હોય તો બિઝનેસ મેનેજમેન્ટ અથવા બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની ડિગ્રી તમારી સફળતા માટે ખૂબ જ જરૂરી છે. આ એક અન્ડર ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ અભ્યાસક્રમ છે, જેમાં ૧૦+૨ પછી પ્રવેશ આપવામાં આવે છે. બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA), બેચલર ઓફ મેનેજમેન્ટ સ્ટડી (BMS) અને બેચલર ઓફ બિઝનેસ મેનેજમેન્ટ (BBM) જે વ્યવસાય અને કોર્પોરેટ મેનેજમેન્ટમાં આકર્ષક કારકિર્દી માટે વિકલ્પ આપે છે. અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં મેનેજમેન્ટના કામો અંગે પૂરતી સમજ આપવામાં આવે છે. સાથોસાથ નેતૃત્વ, તાલીમ અને કૌશલ્યના ગુણ સાથે સમસ્યા ઉકેલવા જ્ઞાન આપવામાં આવે છે. ૩ વર્ષના અભ્યાસક્રમમાં અર્થશાસ્ત્ર, એકાઉન્ટ, માર્કેટિંગ અને બિઝનેસ લૉની સાથે કોમ્પ્યુટર વિષેનો સમાવેશ થાય છે. ઉદ્યોગોની જરૂરિયાત મુજબ માનવસંસાધન તૈયાર કરવું આવશ્યક છે. ઘણી બધી સંસ્થાઓ ઉદ્યોગોને જરૂરી માનવસંસાધન માટે અભ્યાસક્રમમાં ફેરફાર કરતી હોય છે.

૨.૭ બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન (B.C.A.)

- **બેચલર ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બી.સી.એ.)નો અભ્યાસક્રમ :**
  પ્રવેશ લાયકાત : કોઈપણ પ્રવાહમાં નીચે દર્શાવેલા વિષયો પૈકીના કોઈ એક વિષય સાથે ધો.૧૨ પાસ હોવા જોઈએ.
  વિષયો : ગણિત, વાણિજ્ય ગણિત, આંકડાશાસ્ત્ર, કમ્પ્યૂટર સાયન્સ, એકાઉન્ટિંગ, એકાઉન્ટન્સી, બુક કીપિંગ.
  લઘતમ લાયકાત : ૫૦% ગુણ. અનામત ઉમેદવારો માટે ૪૫% ગુણ.
  પ્રવેશ કાર્યવાહી : ધોરણ-૧૨નાં પરિણામ જાહેર થયા પછી યુનિવર્સિટી દ્વારા દૈનિકપત્રોમાં અપાતી જાહેરાત મુજબ કાર્યવાહી કરીને પ્રવેશ મેળવી શકાય છે. મેરિટને આધારે પ્રવેશ અપાય છે.
- **DOEACCના અભ્યાસક્રમો :** ભારત સરકારે ડિપાર્ટમેન્ટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ એક્રેડિટેશન ઑફ કમ્પ્યૂટર કોર્સીસ DOEACCની રચના કરી છે. DOEACC તથા AICTE માન્ય કેટલીક સંસ્થાઓ પણ શરૂ કરવામાં આવેલ છે, જે વિદ્યાર્થીઓને તાલીમ, શિક્ષણ આપીને પરીક્ષા માટે તૈયાર કરે છે.
  DOEACC (ડિપાર્ટમેન્ટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ એક્રેડિટેશન ઑફ કમ્પ્યૂટર કોર્સ), DOEACC સોસાયટી, ઈલેક્ટ્રોનિક્સ ડિપાર્ટમેન્ટ, નિકેતન CGO કોમ્પ્લેક્ષ, લોધી રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૩. website : **http://www.doeacc.org.in**
  ઈન્ડેક્ષ-બી, કમ્પ્યૂટર સેન્ટર, બ્લોક નં. ૧૫, ૧લો માળ, ઉદ્યોગ ભવન, ઘ-૪, સેકટર-૧૧, ગાંધીનગર.
- **ત્વરિત રોજગારી આપતા ટૂંકાગાળાના કમ્પ્યૂટર કોર્સ : વેબસાઈટ www.gujaratvidyapith.org**
  અમદાવાદ ખાતે આવેલી ગૂજરાત વિદ્યાપીઠના કેમ્પસમાં 'યુસીક' (USIC) ના ટૂંકા નામે ઓળખાતું એક સેન્ટર કાર્યરત છે, જેનું પૂરું નામ 'યુનિવર્સિટી સાયન્સ ઈન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર' છે. આ સેન્ટરમાં યુવાનો ઓછા ખર્ચે ઝડપથી પગભર થઈ શકે તે માટે બે ટૂંકાગાળાના સર્ટિફિકેટ અભ્યાસક્રમ ઉપરાંત એક વર્ષની મુદતનો ડિપ્લોમા અભ્યાસક્રમ પણ ચાલે છે.

૨.૮ મલ્ટીમીડિયા ડેવલપમેન્ટ ક્ષેત્રે સ્નાતકો અને ફાઇન-આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે આકર્ષક તકો

આવનાર યુગ મલ્ટીમીડિયાનો યુગ છે. મનોરંજન અબજોની ઈન્ડસ્ટ્રી ઉપર મલ્ટીમીડિયા અને એનિમેશન ટેક્નૉલોજીએ કબ્જો જમાવી દીધો છે. હવે તો હોલિવુડની તમામ ફિલ્મોમાં આવી ટેક્નોલોજીની કરામત જોવા મળે છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગ ઉપરાંત પ્રિન્ટ મીડિયામાં મલ્ટીમીડિયા ટેક્નોલોજી છવાઈ ગઈ છે.

ઈન્ટરનેટ ઉપર લૉન્ચ કરવામાં આવતી વેબસાઈટનું નિર્માણ પણ મલ્ટીમીડિયાનો આભારી છે. મોટા ઔદ્યોગિક ગૃહોના ઈન્ટરેક્ટિવ એપ્લિકેશન ડેવલપમેન્ટ અને આર્કિટેક્ચર મોડેલિંગ ક્ષેત્રે પણ મલ્ટીમિડિયાનો ફાળો દિનપ્રતિદિન વધતો જાય છે. ટૂંકમાં કહીએ તો કલ્પનાશક્તિ અને સર્જનશક્તિની આ કળાઓ કસબીઓ એક કમાઉ કારકિર્દીનું નિર્માણ કરી શકે છે. મલ્ટીમીડિયા અને કમ્પ્યૂટર આર્ટ્સના નિષ્ણાતોની આજે ભારતમાં જ નહિ, દુનિયાભરમાં ખૂબ જ માંગ છે. આ ક્ષેત્રમાં તાલીમ લીધી હોય તેવા યુવાનો અને યુવતીઓએ સૉફટવૅર કંપનીઓ, પ્રકાશનગૃહ, ફિલ્મપ્રોડક્શન હાઉસ અને એડ-એન્જન્સી શોધતી આવે છે.

મલ્ટીમીડિયા ક્ષેત્ર કુશળ તજ્જ્ઞોની આટલી મોટી માંગને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે વિચારણા હાથ ધરી હતી. તેને અનુસંધાનમાં ભારત સરકારના કૉમ્યુનિકેશન ઍન્ડ ઈન્ફર્મેશન ટેક્નૉલોજી (આઈ.ટી.) ડિપાર્ટમેન્ટ સંચાલિત સેન્ટર ફૉર ડેવલપમૅન્ટ ઑફ એડવાન્સ કમ્પ્યૂટિંગ (સી-ડેક)ને તેની જવાબદારી સોંપવામાં આવી હતી.

૨.૯ વીડિયો એડિટીંગનો અભ્યાસક્રમ

વીડિયો એડિટીંગ એટલે એક કે તેથી વધુ વીડિયો ટેપમાંથી જરૂરી દશ્યોના ભાગ લઈ તેમાં જરૂરી સુધારા-વધારા કરી આવા જુદા જુદા ભાગોને જોડી એક સળંગ ફિલ્મ બનાવવી.

વીડિયો એડિટીંગના મુખ્યત્વે બે પ્રકારો છે : એક 'લિનિયર એડિટીંગ' અથવા 'ટેપ ટુ ટેપ એડિટીંગ' અને બીજું 'નોન લિનિયર એડિટીંગ'. નોન લિનિયર એડિટીંગને 'ડીજીટલ વીડિયો એડિટીંગ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

લિનિયર એડિટીંગમાં એક ટેપ પરથી જરૂરી દશ્યોને બીજી ટેપ પર કોપી કરવામાં આવે છે અને ત્યારબાદ તેમાં સુધારા-વધારા કરવામાં આવે છે. જો કે આમ કરવામાં ઘણીવાર દશ્યોની ગુણવત્તા ઘટી જતી હોય છે. આ એક પરંપરાગત અને લગભગ લુપ્ત થતી જતી ટેકનીક છે.

નોન-લિનિયર એટલે કે ડીજીટલ વીડિયો એડિટીંગમાં શુટિંગ કરેલી વિવિધ કેસેટને કમ્પ્યુટરની ડીસ્ક પર ડીજીટલ સ્વરૂપે તબદીલ (કેપ્ચર) કરવામાં આવે છે. ત્યારબાદ કોઈ ચોક્કસ વીડિયો એડિટીંગ સોફ્ટવેરનો ઉપયોગ કરી તેમાં જરૂરી સુધારા-વધારા કરવા ઉપરાંત દશ્યોને વધુ અસરકારક બનાવવા જાતજાતની ઈફેકટ પણ આપી શકાય છે.

વીડિયો એડિટર થવાનું વિચારીએ તો કયા પ્રકારનું એડિટીંગ શીખવું જોઈએ ? લિનિયર એડિટીંગ હવે લુપ્ત થવાના આરે છે. જ્યાં પહેલેથી ઉપલબ્ધ છે ત્યાં આ ટેકનીકનો ઉપયોગ થાય છે. પરંતુ મોટેભાગે હવે આ જૂની પદ્ધતિને બદલે ડીજીટલ વીડિયો એડિટીંગ સિસ્ટમ ઉપયોગમાં આવતી જાય છે, કારણ કે લિનિયર એડિટીંગ સિસ્ટમની સરખામણીએ આ ડીજીટલ વીડિયો એડિટીંગ સિસ્ટમ ઝડપી, ઓછી ખર્ચાળ અને સરળ છે. વીડિયો એડિટર તરીકે કારકિર્દી ઘડવા ઈચ્છતા યુવાનોએ ડીજીટલ વીડિયો એડિટીંગમાં જ માસ્ટરી મેળવવી જોઈએ. આ અભ્યાસક્રમમાં બંને પદ્ધતિ હોવાથી ગુજરાત વિદ્યાપીઠમાં આ બંને પદ્ધતિ શીખવાડાય છે, પરંતુ સમયની માંગ પ્રમાણે નોન-લિનિયર એડિટીંગ પદ્ધતિ ઉપર વિશેષ ભાર આપવામાં આવે છે.

વીડિયો એડિટરની કામગીરી :

વીડિયો એડિટર એ વીડિયો શુટિંગ થઈ ગયા પછીનું 'પોસ્ટ પ્રોડકશન' કાર્ય કરે છે અને તેથી ઘણી વખત વીડિયો એડિટરને 'પ્રોડકશન આસીસ્ટન્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. શુટીંગ કરીને લાવવામાં આવેલી વીડિયો કેસેટના દશ્યો(રો-મટીરીયલ)ને ફૂટેજ કહે છે, જેમાં કયાંય જરૂર કરતાં વધારાના દશ્યો પણ હોઈ શકે તેમજ કોઈ ક્ષતિ કે ભૂલને કારણે રીટેઈક પણ હોઈ શકેને! આ બધું કંઈ આપણને થોડું બતાવાય ! આમ વીડિયો એડિટર ફૂટેજનું પૃથક્કરણ કરી પ્રોડ્યુસર કે ડિરેકટરની જરૂરિયાત પ્રમાણે તેમજ સ્ક્રિપ્ટ અનુસાર બિનજરૂરી દશ્યો કાઢી નાંખે છે. સમયમર્યાદાને ધ્યાનમાં રાખી જરૂરી દશ્યોનું યોગ્ય માત્રામાં સમાયોજન કરે છે. એક તો છૂટાછવાયાં દશ્યો હોય તેમજ પ્રોગ્રામની સમયમર્યાદાને ધ્યાને રાખી દશ્યોમાં કાપકૂપ કરવી પડી હોય અને તેમ છતાં એ જોતી વખતે આપણને જકડી રાખે એટલે કે કયાંય પ્રવાહિતા તૂટતી ન લાગે તો તે કમાલ છે, વીડિયો એડિટરની.

કોણ બની શકે ?

સર્જનાત્મક વિચારસરણી ધરાવતા એવા યુવાનો કે જે કમ્પ્યુટરનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોય તેઓ જો ડીજીટલ વીડિયો એડિટીંગના પ્રોગ્રામનો ઉપયોગ કરવાનું શીખી લે તો તેઓ પણ વીડિયો એડિટર બની શકે છે. આ માટે વીડિયો એડિટીંગ કરતાં કોઈ અનુભવી વ્યક્તિ પાસે કામ કરતાં કરતાં ટ્રેનીંગ લઈને તૈયાર થઈ શકાય.

લગ્નની કે ગીતોની કેસેટનું એડિટીંગ કરવું પ્રમાણમાં સહેલું છે, જયારે ફિલ્મોનું એડિટીંગ કરવું અઘરું છે. એટલે ફિલ્મોના એડિટીંગ કરવા સુધી પહોંચવું હોય તો ફિલ્મ પ્રોડકશનને લગતું પદ્ધતિસરનું શિક્ષણ અને અનુભવ અનિવાર્ય બની જાય છે.

ઉપલબ્ધ અભ્યાસક્રમો :

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે એક વર્ષનો ફુલટાઈમ 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લામા ઈન ઓડિયો વિઝ્યુઅલ પ્રોડકશન' નામનો અભ્યાસક્રમ ચાલે છે. જેમાં ટીવી પ્રોડકશન સંબંધી તમામ પાસાંઓને આવરી લેવામાં આવે છે. ગુજરાત બહાર પુના ખાતે આવેલી પ્રસિદ્ધ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે તેમજ ન્યુ દિલ્હી ખાતે આવેલી અરવિંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન ખાતે એક વર્ષનો 'સર્ટીફીકેટ કોર્સ ઈન વીડિયો એડિટીંગ' ઉપલબ્ધ છે. મુંબઈમાં આવેલી ઝી ઈન્સ્ટીટ્યુટ ઓફ મીડીયા આર્ટ્સ ખાતે પણ આ વિષયમાં એક વર્ષના ડિપ્લોમા તેમજ છ માસના સર્ટીફીકેટ કોર્સ ઉપલબ્ધ છે.

નોકરીની તકો :

પ્રતિષ્ઠિત સ્ટુડીયો, જાણીતા વીડિયો આલ્બમ બનાવતી કંપનીઓ, એડવર્ટાઈઝીંગ એજન્સીઓ, મલ્ટીમીડિયાનો ઉપયોગ કરતી દરેક સંસ્થાઓ, મોટી ફિલ્મ પ્રોડકશન સંસ્થાઓ તેમજ ગુજરાતમાં સ્થપાઈ ચૂકેલી અનેક ટીવી ચેનલો, દૂરદર્શન વગેરે જગ્યાએ નોકરી મળવાની પૂરી શકયતાઓ રહેલી છે.

સારા વીડિયો એડિટરની મોટી માંગ છે. અમદાવાદ, બરોડા ઉપરાંત મુંબઈમાં મોટી માંગ છે. અમદાવાદમાં એક શિફ્ટ (૮ કલાક) કામ કરનાર અનુભવી વીડિયો એડિટરને આશરે રૂા. ૧૦,૦૦૦ મળી શકે છે. મુંબઈમાં એક દિવસના એડિટીંગ ચાર્જ તરીકે રૂપિયા ૩૦,૦૦૦થી ૪૦,૦૦૦ લેનારા પણ છે. ફિલ્મોનું સારું એડિટીંગ કરી શકનારને તો મોં માંગી કિંમત ચૂકવાય છે.

ઓડિયો એડિટર :

વીડિયો એડિટરની જેમ જ ટેપ પર રેકોર્ડ થયેલ અવાજનું એડિટીંગ કરનાર ઓડિયો એડિટરની પણ હવે સારી માંગ છે. આકાશવાણી, એફ.એમ. રેડિયો સ્ટેશનોની બોલબાલાને લીધે ઓડિયો એડિટર કે સાઉન્ડ રેકોર્ડિસ્ટની પણ સારી એવી માંગ છે. ડીજીટલ સાઉન્ડના જમાનામાં ડીજીટલ ઓડીયો એડિટ માટે ફુલ એડિટ, સાઉન્ડ ફોર્જ જેવા સોફ્ટવેર વધુ ઉપયોગી છે.

૨.૧૦ ગેમ ડિઝાઈનિંગમાં કેરિયર

મોબાઈલ ગેમ : મોબાઈલ ફોન, પીડીએ, હેન્ડ હેલ્ડ પર રમી શકાય છે. નેટવર્ક ગેમ માટે અનેક ટેકનીકનો ઉપયોગ થાય છે. કેટલાક નૉન નેટવર્ક એપ્લિકેશન પણ છે. તેનો ઉપયોગ ડિવાઈસ પ્લેટફોર્મનું ગેમ સોફ્ટવેર ચલાવવામાં થાય છે.

સામાન્ય રીતે મોબાઈલ ઓપરેટર કે રેડિયો નેટવર્કના માધ્યમથી ડાઉનલોડ કરાય છે. તો ઘણાં કિસ્સામાં આ મોબાઈલ હેન્ડસેટ ખરીદતી વખતે, બ્લૂ ટૂથ કે પછી મેમરી કાર્ડ દ્વારા ડાઉનલોડ કરાય છે. અમુક પ્લેટફોર્મ અને ટેકનીકનો ઉપયોગ કરીને મોબાઈલ ગેમ વિકસાવાય છે. જેમ કે વિન્ડોઝ મોબાઈલ, પાલ્મ ઓએસ, સિમ્બિયાન ઓએસ, એડોબ ફ્લેશ લાઈટ, ડોકોમો ડોઝા, સન્સ જેટુએમઈ (જાવા ટુ માઈક્રો એડિશન), ક્વૉલકૉમ્સ બીઆરઓડબલ્યૂ (બાઈનરી રનટાઈમ એન્વાયર્નમેન્ટ ફૉર વાયરલેસ-બ્રૂ), ડબલ્યૂઆઈપીઆઈ કે ઈન્ફ્યૂસિયો એક્સએન. આ સિવાય પણ અન્ય પ્લેટફોર્મ ઉપલબ્ધ છે પણ તે એટલા જાણીતા નથી.

વીડિયો ગેમ વિકસાવવાનું કામ મુખ્યત્વે પ્રોગ્રામર અને ગ્રાફિક ડિઝાઈનરનું હોય છે. મલ્ટીમીડિયા મનોરંજનના રૂપમાં આધુનિક વીડિયો ગેમમાં ૩-ડી આર્ટ, સીજી ઈફેક્ટ, સાઉન્ડ ઈફેક્ટ, સંગીત, નાટકીય રજૂઆત અને સૌથી મહત્ત્વની પરસ્પર ક્રિયાઓનો અદ્‌ભુત તાલમેળ હોય છે.

અભ્યાસ ક્યાં કરી શકાય ?

● નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન, અમદાવાદ, ● ઈમેજ કૉલેજ ઑફ આર્ટ્સ એનિમેશન ઍન્ડ ટેકનૉલોજી, ચેન્નઈ, ● સ્કૂલ ઑફ ઍડવાન્સ ગ્રાફિક્સ એન્જિનિયરિંગ, નવી દિલ્હી, ● નેશનલ મલ્ટિમીડિયા રિસોર્સ સેન્ટર, પુણે, ● માયા એકેડમી ઓફ એડવાન્સ્ડ સિનેમેટિક્સ, મુંબઈ.

૨.૧૧ કારકિર્દીની શરૂઆત અથવા તેને તેજ રફતાર માટે આઈ.ટી. સર્ટીફીકેશન

આધુનિક કૌશલ પ્રાપ્ત કરવાથી માત્ર યોગ્ય નોકરી જ નહીં પણ સાથોસાથ કારકિર્દીને આગળ વધારવા માટે પણ મદદરૂપ થાય છે. આઈ.ટી. સર્ટીફીકેશન સાથે ટેકનોલોજીમાં નિપુણતા હાંસલ કરવાથી કારકિર્દીમાં અનેક ફાયદા મળે છે. એક સમયે ડેસ્ક ઉપર રહેતા કોમ્પ્યુટર હવે હથેળી આકારના બની ગયા છે એટલે કે ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં તેજીથી વિકાસ થઈ રહ્યો છે. જુદી જુદી કંપનીમાં જરૂરિયાત મુજબ ટેકનોલોજીની સ્કીમ જેના હાથમાં હશે તેની પ્રગતિ અને જરૂરિયાત હંમેશા રહેવાની. સાથેસાથે ટેકનોલોજીમાં થઈ રહેલ બદલાવ સાથે વ્યવસાયિકોએ સતત નવી વસ્તુ શીખવી પડશે. નિયમિત ડિગ્રી અભ્યાસક્રમ સિવાય વ્યવસાયમાં આગળ રહેવા માટે સર્ટીફીકેટ ડિપ્લોમાના માધ્યમથી તકનીકી કૌશલ પ્રાપ્ત કરી શકાય છે. સર્ટીફીકેશન કોમ્પ્યુટર સ્કીલમાં વૃદ્ધિ કરે છે. સર્ટીફીકેશનમાં મુખ્યત્વે ક્લાઉડ કોમ્પ્યુટીંગ, નેટવર્ક સિક્યોરીટી અને પ્રાઈવસીનો સમાવેશ થાય છે. મોબાઈલમાં એમ્બેડેડ સિસ્ટમની સાથે નવી નવી મોબાઈલ એપ્લિકેશન કંપની માટે નવી કારકિર્દીના દ્વારા ખોલે છે. ઈ-ગવર્નન્સ અને ડીજીટલ મિડીયા સર્વિસ સાથે ઈ-કોમર્સ અને હેલ્થ ઈન્ફોમેટીક્સ રોજીંદી જીવન ઉપયોગી સેવાઓની માંગ વધી રહી છે. પ્રોફેશનલ સર્ટીફીકેશન કારકિર્દીને આગળ વધારતા પહેલાં અભ્યાસક્રમ માટેની સંસ્થા પસંદગીમાં ધ્યાન રાખવી. ધોરણ-૧૨ પછી બુનિયાદી પ્રોગામિંગ લેંગ્વેજ શીખવા માટે અવસર પ્રાપ્ત થાય છે. દરેક પ્રવાહના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે છે. સર્ટીફીકેશનના લીધે કૌશલ્યમાં સુધારો થાય છે. પ્રોગ્રામ અનુભવી લોકોની જાણકારીમાં વધારો થાય છે. ક્લાઉડ ફ્લેટ ફોર્મ ઉપર બિઝનેસ એનાલીસીસ શીખવાથી વ્યવહારિક બાબતો જાણવા મળે છે. ઈ-કોમર્સને ડીજીટલ માર્કેટીંગથી મદદ મળે છે. વ્યાપક પ્રવૃત્તિમાં સર્ચ, કી-વર્ડ, સોશ્યલ મીડીયાની પ્રસિદ્ધિ અને ગુગલ એડવર્ડ મદદગાર સાબિત થયા છે.

એકવીસમી સદી જ્યારે મોર્ડન યુગની હાઈટેક હોય, ત્યારે I.T. ફીલ્ડનો ઉલ્લેખ ન કરીએ, તો કેવી રીતે ચાલી શકે ? ઉચ્ચકક્ષાના ટેકનીકલ અભ્યાસક્રમોમાં તેમજ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ લેનારા સ્ટુડન્ટ્સને તો રોજગારી મેળવવામાં કોઈ ખાસ તકલીફ પડતી નથી અથવા તો કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા પ્લેસમેન્ટ થઈ જાય છે. ટૂંકાગાળાના I.T. અભ્યાસક્રમો કરીને સરળતાથી જોબ મેળવી શકાય. આવા કેટલાક અભ્યાસક્રમો નીચે મુજબ છે -

(૧) મોબાઈલ એપ્સ ડેવલપમેન્ટ : એન્ડ્રોઈડ મોબાઈલ એપ્સ, વિન્ડોઝ મોબાઈલ એપ્સ વગેરે જેવા અભ્યાસક્રમો ધરાવતો અભ્યાસક્રમ આજના જમાનાની માંગ છે. અભ્યાસક્રમની મુદત ૩થી ૧૨ માસની હોય છે.

(૨) સિક્યુરીટી ટેસ્ટીંગને લગતા કોર્સ : મોબાઈલ એપ્લીકેશન બન્યા બાદ તેની સિક્યુરીટી પણ ચકાસવી પડે. આજના મોબાઈલ યુગમાં મોબાઈલ એપ્સ પર સાયબ એટેક વધી રહ્યા છે, આથી અભ્યાસક્રમ ઈન ડીમાન્ડ છે.

(૩) સાયબર સિક્યુરીટી અને ફોરેન્સીક કોર્સીસ : જેના I.T. ફીલ્ડમાં સંપર્કો હોય, તેણે અભ્યાસક્રમ કરવા જેવો છે. આવા અભ્યાસક્રમની મુદત બે માસથી શરૂ કરીને બે વર્ષની હોય છે.

(૪) સર્ચ એન્જીન ઓપ્ટીમાઈઝેશન : અભ્યાસક્રમમાં ગુગલ અને યાહુ જેવા સર્ચ એન્જિનમાં પહેલા પેઈજ પર કંપનીની વેબસાઈટની લીંક આવે તે માટેની ટ્રેનિંગ આપવામાં આવે છે.

(૫) ટેકનીકલ સપોર્ટ કોર્સીસ : કોમ્પ્યુટરમાં એરર અથવા કોમ્પ્યુટરની સ્પીડ ધીમી થઈ જવી કે ડેટા ઉડી જવા વગેરે, આવી નાની-મોટી સપોર્ટ સર્વિસ માટે ટેકનીકલ સપોર્ટ કોર્સીસમાં જોડાઈને ઓછી ફી ભરીને સારી કમાણી કરી શકાય.

૨.૧૨ હોમ સાયન્સ તથા અન્ય અભ્યાસક્રમો

ઍગ્રિકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા, જિલ્લા બનાસકાંઠામાં B.Sc. હોમ સાયન્સનો ચાર વર્ષનો કોર્સ ચલાવે છે. જેમાં ફકત બહેનોને જ પ્રવેશ મળે છે. આ ઉપરાંત બી.એ. હોમ સાયન્સનો એ એક અલગ મહત્ત્વ ધરાવતો વિષય છે. ઈન્ટિરિયર ડેકોરેશન અને ઘરની સાજ-સજાવટથી માંડીને આયોજન સુધીની તાલીમ આપતો આ કૉર્સ ત્રણ વર્ષનો હોય છે. અભ્યાસ બાદ ડેકોરેશનની રીતે કન્સલ્ટિંગ સર્વિસ સુધીનાં ક્ષેત્રોનો વિકાસ આ ક્ષેત્રમાં થયો છે. આ અભ્યાસક્રમ શીખવનાર સંસ્થાઓ નીચે મુજબ છે. કેટલીક કૉલેજોમાં B.Sc. હોમ સાયન્સ પણ થઈ શકે છે.

(1) ઍગ્રિકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા (ચાર વર્ષ)
(2) એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(3) શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર
(4) આર્ટ્સ કૉલેજ, મોડાસા.
(5) ફૅકલ્ટી ઑફ હોમ સાયન્સ, વડોદરા
(6) ઝેડ. એફ. વિમેન્સ કૉલેજ, સુરત
(7) બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
(8) એ. કે. દોશી મહિલા કૉલેજ, જામનગર.

• બેચલર ઑફ રૂલર સ્ટડીઝ (BRS) • બેચલર ઑફ સોશ્યલ વર્ક્સ (BSW) • સોશ્યલ સાયન્સ

૨.૧૩ પ્રાથમિક શાળામાં શિક્ષક બનવું છે ?

પી.ટી.સી. (પ્રાઈમરી ટીચર્સ ટ્રેનિંગ સર્ટિફિકેટ) :

ધોરણ 12 પછી ઉપલબ્ધ પી.ટી.સી. અભ્સાસક્રમમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અંતર્ગત પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કેન્દ્રીય પ્રવેશ યોજના હેઠળ પ્રવેશ આપવામાં આવે છે. પ્રાથમિક શાળાઓમાં તાલીમ શિક્ષક તરીકેની નોકરી મેળવવા માટે આ અભ્યાસક્રમ ખૂબ જરૂરી બને છે. ગુજરાતની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકના ફિક્સ પગારથી મેરિટ આધારે નિમણૂક થાય છે.

ગુજરાતમાં ધોરણ-૧થી ૫ અને ધોરણ-૬, ૭, ૮માં બી.એડ. કરેલ વિદ્યાર્થીઓને ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિકમાં શિક્ષક તરીકે જોડાવા માટે ગુજરાતમાં ટીચર્સ એપ્ટીટ્યુડ/એલીજીબીલીટી ટેસ્ટ-TAT અને TET પરીક્ષા આપવી ફરજિયાત છે. ભારત સરકાર ૬થી ૧૪ વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ મૂળભૂત અધિકાર તરીકે (આર.ટી.ઈ.) ઐતિહાસિક કાયદો અમલમાં લાવી છે. કમનસીબે ગુજરાતની સરકાર આ કાયદાનો અસરકારક અમલ કરતી નથી, પરિણામે સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ તેમને મળતા શિક્ષણના મૂળભૂત અધિકારોથી વંચિત રહે છે.

www.gujarat-education.gov.in

૨.૧૪ ગ્રામ સમાજ શિક્ષણ

ગ્રામ-વિદ્યા વિશારદ

- **બેચલર ઑફ રૂરલ સ્ટડીઝ (બી.આર.એસ.) - અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ
  પ્રવેશ લાયકાત : ધોરણ ૧૨ પાસ - ઉત્તર બુનિયાદીના વિદ્યાર્થીઓને સારી તક - અનામત વિદ્યાર્થીઓ માટે ૪૦ ટકાથી વધુ - બિનઅનામત વિદ્યાર્થીઓ માટે ૫૦ ટકાથી વધુ. **સંપર્ક :** લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર. આ ઉપરાંત ધોરણ ૧૨ સામાન્ય કે કૉમર્સ વિષયો સાથે પાસ થયા પછી ગુજરાત યુનિવર્સિટીમાં એક્ષટર્નલ બી.એ. થઈ શકાય છે. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં જાહેરાતના અનુસંધાને અરજી કરી ધોરણ ૧૨ પછી ત્રણ વર્ષના રેગ્યુલર કોર્સમાં બેચલર ઑફ આર્ટ્સ થઈ શકાય છે.

સમાજવિદ્યા વિશારદ

આ અભ્યાસક્રમ ધોરણ ૧૨ પછી ત્રણ વર્ષનો છે. નીચેની સંસ્થાઓમાં ઉપલબ્ધ છે :

(૧) શ્રી મહાદેવભાઈ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય (ભાઈઓ માટે), ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા, જિ. ગાંધીનગર

(૨) શ્રી મહાદેવભાઈ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય (બહેનો માટે), ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, જિ. ગાંધીનગર

૨.૧૫ ગ્રામશિક્ષણ (BRS) (૩ વર્ષ)

નવી તાલીમને ધ્યાનમાં રાખી BRS (બેચલર ઑફ રૂરલ સ્ટડીઝ)નો ૩ વર્ષનો અભ્યાસક્રમ હાલ અનેક સ્થળો ઉપર ચાલે છે. આ અભ્યાસક્રમ ગ્રામ્ય પુનરુત્થાન માટે કામ કરનાર સ્નાતકોને તૈયાર કરવાનો છે. તે દેશનાં ગામડાંઓનો વિકાસ કરે, તેનાં પ્રશ્નો, મુશ્કેલીઓને હલ કરી શકે તેવા યુવાપેઢીની ખૂબ જ જરૂર છે. આ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમમાં તમામ વિષયોને આવરી લેવામાં આવેલ છે. જેમ કે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, નામું, ગાંધી વિચાર, ગાંધી જીવનદર્શન, રસાયણશાસ્ત્ર, ભારતીય તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ, મનોવિજ્ઞાન, આરોગ્યશાસ્ત્ર, ગ્રામ અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સહકાર અને પંચાયત, પશુપાલન, કૃષિ, બાગાયત, વિસ્તરણ, સંશોધન કાર્ય, રાજનીતિશાસ્ત્ર, જગતના ધર્મો વગેરે જેવા વિષયનું જ્ઞાન સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક રીતે આપવામાં આવે છે. મોટાભાગની કોલેજોમાં છાત્ર નિવાસ ફરજિયાત છે.

લાયકાત : સામાન્ય રીતે ઉચ્ચતર બુનિયાદી પ્રવાહના ઉમેદવારોને પહેલો પ્રવેશ આપે છે. ક્યાંક પ્રવેશ કસોટી દ્વારા તો ક્યાંક ૫૦% ગુણ હોય તો પ્રવેશ આપે છે. કૃષિ, વન તથા ગામડાને લગતી જરૂરિયાતને ધ્યાનમાં લઈ આ કોર્સ ઘડવામાં આવ્યા છે. આ કોલેજોની જાહેર ખબર જૂન-જુલાઈમાં આવે છે.

રોજગાર : આવા કોર્સ પછી નોકરીની તક મર્યાદિત છે. આ અભ્યાસક્રમ પછી પોતાની ખેતી, પશુપાલન કે ડેરી કે નર્સરી-ફાર્મ બનાવીને કે બાગાયતથી સારી એવી કમાણી કરી શકાય છે. આગળ ભણવા બી.એડ્., ડી.બી.એડ્., ડી.પી.એડ્., એમ.એ., એમ.એસ.ડબલ્યુ. કે એમ.આર.ડી. કે એમ.આર.એસ. જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકાય છે.

ઉચ્ચ શિક્ષણમાં ઉ.બુ. શાળામાં મદદનીશ શિક્ષક, ગ્રામ વિદ્યાપીઠોમાં શિક્ષક, સંયોજક, સંશોધન મદદનીશ, ગૌશાળા મદદનીશ, વિદ્યા વિસ્તાર, સ્ટોકમેન, ગૃહપતિ વગેરે નોકરી કરી શકાય. ખેત ઉત્પાદન તથા દવાઓની કંપનીમાં તક રહે છે. જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, વિવિધ સરકારી કાર્યક્રમો તથા સહકારી બૅંક-મંડળીઓમાં પણ તક રહે છે.

(૧) ડિપ્લોમા કો.ઓ.મૅનેજમેન્ટ (૬ માસ), (૨) બેચલર ઓફ સોશ્યલ વર્ક્સ (૩ વર્ષ), (૩) ડિપ્લોમા લેબર સ્ટડીઝ (૬ માસ), (૪) ડિપ્લોમા નેચરોપેથી ઍન્ડ યોગિક સાયન્સ, (૫) યોગ ડિપ્લોમા (૨ વર્ષ) પાર્ટ ટાઈમ, (૬) ડિપ્લોમા ઈન પેઈન્ટિંગ (૨ વર્ષ).

૨.૧૬ સમાજસેવાનો અભ્યાસક્રમ (MSW)

૧૭મી સદીમાં ઈંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિથી માનવસમાજ માટે ઊભી થયેલી અનેક મનોસામાજિક સમસ્યાઓના ઉકેલ માટે દાન, દયા, સખાવત, પરોપકાર વગેરેની પદ્ધતિઓ નાકામિયાબ નીવડી, અને પરિણામે વૈજ્ઞાનિક જ્ઞાન આધારિત પદ્ધતિઓનો વિકાસ થયો. જેને વ્યવસાયિક સમાજકાર્ય કહે છે. સમાજસેવામાં મદદ કરવા માટે કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ, કોઈ આચારસંહિતા કે કોઈ નિયમ નથી હોતા. વળી તેમાં સમાજને આત્મનિર્ભર બનાવવાનો ખ્યાલ ધ્યાને લેવાતો નથી. જ્યારે સમાજકાર્ય સમાજને વૈજ્ઞાનિક પદ્ધતિથી મદદ કરવા સાથે લાભાર્થીને એવી મદદ કરે છે કે જેથી લાભાર્થી ધીરે ધીરે સ્વનિર્ભર બની શકે. સમાજસેવા ફક્ત સેવાના ઉદ્દેશથી જ કરવામાં આવે છે, જ્યારે સમાજકાર્યમાં સેવાની સાથે આર્થિક ઉત્પાદનનો ખ્યાલ પણ સમાયેલો હોય છે.

ઉપલબ્ધ અભ્યાસક્રમો : સામાજિક ક્ષેત્રે સમાજકાર્ય (Social Work) અંગેની કારકિર્દી ઘડવા માટે સ્નાતક કક્ષાએ બેચલર ઑફ સોશ્યલ વર્ક (BSW), બેચલર ઑફ સોશ્યલ સાયન્સ (B.Sc.) અને અનુસ્નાતક કક્ષાએ માસ્ટર ઑફ સોશ્યલ વર્ક (MSW) નામના અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. MSW કર્યા પછી આગળ એમ.ફિલ. અને પીએચ.ડી. સુધી અભ્યાસ કરવાની તકો પણ રહેલી છે.

ધો. ૧૨ પછી ત્રણ વર્ષનો ફુલટાઈમ બેચલર ઈન સોશ્યલ વર્ક (BSW)નો અભ્યાસક્રમ આણંદ ખાતે આવેલી આણંદ આર્ટ્સ કૉલેજમાં ચાલે છે. તદ્‌ઉપરાંત ડિસ્ટન્સ લર્નિંગ મોડ દ્વારા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં ઘેરબેઠાં અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં પણ આ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચિલોડા પાસેના સાદરા તેમજ ગાંધીનગર પાસેના રાંધેજા ખાતે BSWની સમકક્ષ બેચલર ઑફ સોશ્યલ સાયન્સ અભ્યાસક્રમ પણ સમાજકાર્યમાં કારકિર્દી ઘડવા ઉપલબ્ધ છે.

(૧) એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા, (૨) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, (૩) ભાવનગર યુનિવર્સિટી

સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ (ત્રણેય જગ્યાએ અંગ્રેજી માધ્યમ), (૪) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, (૫) વીર નર્મદ યુનિવર્સિટી, સુરત, (૬) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, (૭) ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી, ભુજ (૮) હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણ ઉપરાંત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ ખાતે અભ્યાસ ચાલે છે.

નોકરીની તકો : આ અભ્યાસક્રમ પાસ કર્યા પછી સરકારમાં સમાજ કલ્યાણ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, આઈ.સી.ડી.એસ.માં પ્રોગ્રામ ઑફિસર, સરકારી હોસ્પિટલોમાં પી.એસ.એમ વિભાગોમાં યુ.એન.ડી.પી. સંચાલિત કાર્યક્રમો, તેમજ કોર્પોરેશન અને નગરપાલિકાઓમાં વિવિધ હોદ્દાઓ પર નોકરી મળવાની શક્યતા રહેલી છે. તદ્ઉપરાંત બિનસરકારી સંસ્થા (NGO)માં સંચાલન, વહીવટ તેમજ કાર્યક્રમ અમલીકરણ જેવા વિવિધ સ્તરે પણ નોકરીની અનેક તકો રહેલી છે. કેટલીક મોટી કંપનીઓ પણ પોતાની સામાજિક જવાબદારી અદા કરવા કોઈ ચોક્કસ ક્ષેત્રમાં સમાજકાર્ય કરવા આવા MSW થયેલા વિદ્યાર્થીઓને નોકરીએ રાખે છે. રાજ્યની મોટાભાગની યુનિવર્સિટીઓમાં MSW ચાલે છે.

૨.૧૭ ગુજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા/ સાદરા, જિ. ગાંધીનગર ખાતે સમાજવિદ્યા વિશારદ(B.S.Sc.)નો સ્નાતક કક્ષાનો ૬ સત્ર આધારિત અભ્યાસક્રમ

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ગાંધીનગર જિલ્લાના રાંધેજા કેન્દ્રમાં બહેનો અને સાદરા કેન્દ્રમાં ભાઈઓ માટે ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ સમાજવિદ્યા વિશારદ ચાલે છે, તે વર્ષ ૨૦૧૦થી સેમેસ્ટર અને ક્રેડીટ પદ્ધતિ પ્રમાણે શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત વિદ્યાપીઠના મૂળભૂત ધ્યેયને અનુરૂપ, વર્તમાન સમયમાં જરૂરી અને વ્યવહારીક જીવનમાં ઉપયોગી એવા આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ભાષા વ્યવહાર, નેતૃત્વગીરી, માહિતી પ્રસાર, આયોજન, ટેકનોલોજી અને ગ્રામીણ સમાજ માટે વિવિધ વિકાસ પરિયોજનાનું અમલીકરણ અને વ્યવસ્થાપન જેવા વિવિધ ગુણોની તાલીમ આપવાનો ધ્યેય છે.

વર્ષ ૨૦૧૦થી રાંધેજા ખાતે ગ્રામવિકાસ, ગ્રામ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને સાદરા ખાતે ગ્રામ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્રનો નવો અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ ચાલુ કરવા પાછળનો હેતુ ગ્રામીણ વિકાસ માટે કામ કરતી સ્વૈચ્છિક, અર્ધસરકારી કે સરકારી સંસ્થાઓ કે ગામડા, તાલુકા કે જિલ્લા કક્ષાએ કાર્ય કરતા નાના ઉદ્યોગો કે કો-ઓપરેટીવ સંસ્થાઓમાં વધતી જતી માંગ માટે તાલીમબદ્ધ કાર્યકરો પૂરા પાડવા અને સ્વરોજગારી મેળવી શકે તે છે.

અભ્યાસક્રમની માહિતી :

અભ્યાસક્રમ : સમાજવિદ્યા વિશારદ

સમયગાળો : ત્રણ વર્ષ (૬ સત્ર)નો સ્નાતક અભ્યાસક્રમ

ભાષા : ગુજરાતી અને હિન્દી

સામાજિક વિજ્ઞાન : ઈતિહાસ, સમાજશાસ્ત્ર અને ગ્રામ અર્થશાસ્ત્ર, ગૃહ વિજ્ઞાન, ગ્રામવિકાસ

પ્રવેશ ફોર્મ : મે-જૂન મહિનામાં અમદાવાદ, સાદરા અને રાંધેજાથી મળી શકશે.

લાયકાત : કોઈપણ વિદ્યાશાખાના એચ.એસ.સી. (ધોરણ-૧૨) જેમણે ૪૦% કે વધારે ગુણ પ્રાપ્ત કરેલ હોય. ધોરણ-૧૨ના ગુણાંક ઉપરાંત ગાંધી વિચાર અને સામાન્ય જ્ઞાન આધારિત પ્રવેશ કસોટીના આધારે પ્રવેશ આપવામાં આવશે.

સંખ્યા : ૧૨૫ વિદ્યાર્થીઓ

શિષ્યવૃત્તિ : ૬૦% ગુણથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીને મેરીટ આધારિત લોન શિષ્યવૃત્તિ મળી શકશે. એસ.સી./ એસ.ટી.ના વિદ્યાર્થીઓને સરકારના નિયમ મુજબ શિષ્યવૃત્તિ મળી શકશે.

૨.૧૮ અર્થશાસ્ત્રમાં આગવી કારકિર્દી

વર્તમાન સમયને આર્થિક વૈશ્વિકીકરણના યુગ તરીકે જોવામાં આવે છે. વિશ્વના બધા જ દેશોમાં ઔદ્યોગિકીકરણ વધ્યું છે. ઉદ્યોગોનાં ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે. યંત્ર વિદ્યાકીય સુવિધાઓ સાથે ઉત્પાદન પદ્ધતિ વધુ ઝડપી અને વધુ કાર્યક્ષમ બની છે. ભારતના ઉદ્યોગોએ પણ છેલ્લાં પચાસ વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે. બજારમાં અવનવી વિવિધતાભરી વસ્તુઓ વેચાવા માંડી છે. આમ એક તરફ પુરવઠો વધ્યો છે. આર્થિક પરિબળોનો સંદર્ભ ખૂબ વ્યાપક બન્યો છે. બજારના પરિપ્રેક્ષ્યમાં કાર્ય કરતી વ્યવસ્થામાં જેમની પાસે આર્થિક પરિબળોની જાણકારી હોય, તેનું યોગ્ય વિશ્લેષણ કરી શકતા હોય તેવા વિશેષજ્ઞોની જરૂર ઊભી થાય છે. ખાનગી ક્ષેત્રોએ અનેક ગૂંચવણભરી વિગતોનું પૃથક્કરણ કરવાનું હોય છે. તેમજ સરકારી વિભાગોની પણ આર્થિક ચલરાશિઓની ઊંડી સમજણ હોવી જરૂરી બને છે. સ્થાનિક સ્તરથી શરૂ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક પરિબળોનાં યોગ્ય વિશ્લેષણ દ્વારા જ સાચા નિર્ણયો લઈ શકાય છે.

ગુજરાતમાં અર્થશાસ્ત્ર ક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમ :

બી.એ. (અર્થશાસ્ત્ર)	**એમ.એ. (અર્થશાસ્ત્ર)**
લાયકાત : ધોરણ ૧૨ પાસ	લાયકાત : બી.એ.
સમયગાળો : ૩ વર્ષ	સમયગાળો : એમ.એ. ૨ વર્ષ

શાળા-કોલેજમાં અર્થશાસ્ત્ર વિષયના શિક્ષકો પ્રાધ્યાપકો-આચાર્યોની વિશેષ આવશ્યકતા હોય છે. દેશભરની ૫૦૦થી વધુ યુનિવર્સિટીઓ પૈકી મોટાભાગની યુનિવર્સિટીમાં આર્ટ્સ કોલેજ તથા અર્થશાસ્ત્ર ભવન છે.

આ સિવાય દેશમાં ફાઈનાન્સીઅલ એક્સપ્રેસ, ઈકોનોમિક ટાઈમ્સ, વ્યાપાર વગેરે અખબારો તથા બિઝનેસ ટૂડે, બિઝનેસ ઈન્ડિયા, બિઝનેસ વર્લ્ડ, બિઝનેસ સ્ટાન્ડર્ડ વગેરે આર્થિક ક્ષેત્રના માતબર સામયિકોમાં જર્નાલિસ્ટ, એડિટર જેવા પદ માટે અર્થશાસ્ત્રનું જ્ઞાન તથા રસ ધરાવતા ઉમેદવારની જરૂરિયાત હોય છે.

૨.૧૯ ધોરણ ૧૨ પછી જનરલ નર્સિંગનો કોર્સ

કેટલાક અભ્યાસક્રમો ખૂબ જ સારા હોય છે, પરંતુ એમાં રસ બહુ ઓછા લોકોને હોય છે. કેટલાકને એ ક્ષેત્ર ગમતું નથી. કેટલાક અભ્યાસક્રમો અંગે સમાજમાં ગેરસમજ અથવા મર્યાદિત જાણકારી હોય છે. નર્સિંગ તથા હોટેલ મૅનેજમેન્ટના કોર્સ વિશે ગુજરાતીઓમાં આવી સ્થિતિ છે. જેના માટે શૈક્ષણિક જાગૃતતા જરૂરી છે. આ અભ્યાસક્રમ બાદ નોકરીની વિપુલ તકો છે.
જરૂરી લાયકાત : (1) સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ 12 પાસ, (2) વય : 17થી 35 વર્ષ હોવી જોઈએ.
મેરિટનું ધોરણ : જનરલ નર્સિંગના કોર્સમાં પ્રવેશ ધોરણ 12માં મેળવેલ માર્ક્સની મેરિટ મુજબ મળે છે. વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને અગ્રિમતા આપવામાં આવે છે. **ફૉર્મ કયાંથી લેવાનું ? :** તમે જે જિલ્લામાંથી ધોરણ 12ની પરીક્ષા પાસ કરેલ હોય તે જિલ્લાની સિવિલ હૉસ્પિટલ (સરકારી હૉસ્પિટલ)માં આવેલ જનરલ નર્સિંગ સ્કૂલમાંથી એપ્લિકેશન ફૉર્મ મળશે. રાજ્યમાં ખાનગી નર્સિંગ સ્કૂલ પણ શરૂ થયેલ છે. દરેક જિલ્લાની નર્સિંગ સ્કૂલમાં તે જિલ્લાનું મેરિટ લિસ્ટ મૂકવામાં આવશે.

નર્સિંગનો કોર્સ કર્યા પછી અમેરિકા અને ઈંગ્લેન્ડમાં નોકરીની ખૂબ સારી તકો છે.

પહેલી પસંદગી બી.એસસી. નર્સિંગ : અમેરિકા, ઈંગ્લેન્ડ અને બીજા દેશોમાં બી.એસસી. નર્સિંગ કરેલ હોય તેમને નોકરી મળે છે. ગુજરાત બહાર કર્ણાટકમાં બી.એસસી. નર્સિંગમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયૉલોજી પ્રેક્ટિકલ સાથે 45% માર્ક્સ હોય ત્યાં એડ્મિશન મળે છે. બહેનો ઉપરાંત ભાઈઓ પણ આ કોર્સ કરી શકે છે. બી.એસ.સી. નર્સિંગમાં સરકારી તથા ખાનગી સંસ્થામાં પ્રવેશ માટે **કેન્દ્રીય સમિતિ, બી.જે.મેડિકલ કોલેજ, સિવિલ કૅમ્પસ** પ્રવેશ ફૉર્મ ભરવું.

૨.૨૦ વોકેશનલ અભ્યાસક્રમ

B.Sc./B.A./B.Com.(વોકેશનલ)-૩ વર્ષ. UGC દ્વારા ૧૯૯૫થી ગુજરાતની ઘણી કૉલેજોમાં વ્યવસાયલક્ષી અભ્યાસ શરૂ થયા છે.આ અભ્યાસક્રમમાં એક વર્ષ માટે સર્ટિફિકેટ, બે વર્ષ માટે ડિપ્લોમા તથા ત્રણ વર્ષ અભ્યાસ કરવાથી એડવાન્સ ડિપ્લોમા વિદ્યાર્થીઓને એનાયત થાય છે. (૧) કમ્યુનિકેટીવ ઈંગ્લિશ (૨) કમ્પ્યૂટર એપ્લિકેશન (૩) કાર્યાલય વ્યવસ્થા (૪) એડવર્ટાઇઝિંગ, સેલ્સ પ્રમોશન ઍન્ડ સેલ્સ મૅનેજમેન્ટ (૫) સેક્રેટિરયલ પ્રેક્ટિસ (૬) જેમોલોજી (૭) ફોરેન ટ્રેડ પ્રેક્ટિસ ઍન્ડ પ્રોસીજર (૮) ટેક્સ પ્રોસીજર ઍન્ડ પ્રેક્ટિસ (૯) બાયોટેકનૉલોજી(૧૦) ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી (૧૧) ઈન્ડસ્ટ્રીયલ માઈક્રોબાયોલોજી (૧૨) ફુડ સાયન્સ (૧૩) મોબાઇલ રીપેરિંગ (૧૪) ડેટા કેર મેનેજમેન્ટ (૧૫) ઇલેકટ્રોનિક્સ મરામત (૧૬) બાયો ઈન્ફર્મેટીવ (૧૭) ગ્રામ ટેકનોલોજી

- એમ.જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ (૯)
- સેન્ટ ઝેવિયર્સ, અમદાવાદ (૯,૧૦)
- એલ.ડી.આર્ટ્સ, અમદાવાદ (૩,૪)
- એલ. જે. કૉમર્સ, અમદાવાદ (૨)
- એસ.વી.કૉમર્સ, અમદાવાદ (૨,૩,૫)
- એચ.કે.આર્ટ્સ, અમદાવાદ (૨)
- મણિનગર સાયન્સ કોલેજ, અમદાવાદ (૧૩,૧૪,૧૬)
- શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગર (૧,૨,૩)
- બી.સી.જે. સાયન્સ, ખંભાત (૬, ૧૦)
- જે. એન્ડ જે. સાયન્સ, નડિયાદ (૧૦)
- તોલાણી કૉમર્સ, આદીપુર (૭,૮)
- પી.ટી.આર્ટસ, ગોધરા (૧)
- કૉમર્સ કૉલેજ, ધોળકા (૩)
- કામાણી સાયન્સ, અમરેલી (૨)
- એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ (૩,૫ - બહેનો માટે)
- શ્રી મ.દે.ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા, જિ.ગાંધીનગર (૩,૧૨,૧૫- બહેનો માટે)
- શ્રી મ.દે.ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા, જિ.ગાંધીનગર (૩,૧૨,૧૭-ભાઈઓ માટે)

૨.૨૧ શારીરિક તેમજ માનસિક ખોડખાંપણ ધરાવતાં બાળકોને તાલીમ આપતા શિક્ષકોના અભ્યાસક્રમો

નૅશનલ ઈંસ્ટિટ્યૂટ ફૉર ધ મેન્ટલ હેન્ડિકેપ, સિકંદરાબાદ ૧૯૮૪માં સ્થાપેલી આ સંસ્થા ભારત સરકારના સમાજકલ્યાણ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે. તેનાં પ્રાદેશિક તાલીમ કેન્દ્રો, મુંબઈ, કોલકત્તા અને દિલ્હીમાં આવેલાં છે. આ સંસ્થા મેન્ટલ રીટાર્ડેશનમાં સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ચલાવે છે. ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. કોર્સમાં ન્યૂરોબાયૉલોજી, સાયકૉલોજી, સ્પેશ્યલ એજ્યુકેશન, સ્પીચ એપોલોજી, ફિઝિયોથેરાપી વગેરે પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમમાં ધો-૧૨માં ૫૦ ટકા ગુણ સાથે પાસ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

National Institute for Mentally Handicapped, Manovikas nagar, P.O. Bowenpally, Secunderabad.

(૧) બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ આશ્રમરોડ, નહેરુ બ્રીજ, નવરંગપુરા, અમદાવાદ.
(૨) ટ્રેનિંગ કૉલેજ ફૉર ટીચર્સ ઑફ ડેફ ઍન્ડ બ્લાઈન્ડ, નવરંગપુરા, આશ્રમરોડ, અમદાવાદ.
(૩) કે.એલ.ઈન્સ્ટિટ્યૂટ ફૉર ધ ડેફ, ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨
(૪) એસ. એન. ડી. ટી. વુમન્સ યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન, સર વિઠ્ઠલદાસ વિદ્યાવિહાર, જુહુ રોડ સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૪૯.

ગુજરાતમાં કાર્યરત નીચેની સંસ્થાઓમાં મંદબુદ્ધિનાં બાળકોને તાલીમ આપવામાં આવે છે :

(૧) ભગિની મંદિર, ૮, ત્રિમૂર્તિ, નિર્મલ એસ્ટેટ, આર.સી.દત્ત રોડ, વડોદરા-૩૯૦૦૦૫.
(૨) ઉત્થાન તાલીમ કેન્દ્ર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(૩) ડે સ્કૂલ ફોર મેન્ટલી રીટાર્ડેડ, હિમાવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(૪) પ્રકાશ રેસિડેન્સિયલ સ્કૂલ, સરખેજ, અમદાવાદ.

મૂકબધિરોને તાલીમ આપવા માટે સરકારમાન્ય અલીપાવર જંગ ઈન્સ્ટિટ્યૂટ ફૉર હિયરિંગ હૅન્ડીકેપ્ડ મુંબઈમાં ચાલી રહી છે. આ સંસ્થાનાં કોલકતા, દિલ્હી અને હૈદરાબાદ ખાતે તાલીમ કેન્દ્રો પણ આવેલાં છે.

મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાનો એક વર્ષનો શિક્ષકો માટેનો અભ્યાસક્રમ છે. જ્યારે ધો-૧૨ પાસ વિદ્યાર્થીઓને બેચલર ડિગ્રી ઇન ઓડિયૉલોજી નામનો ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

૨.૨૨ વિકલાંગ શિક્ષણ

- **ડિપાર્ટમેન્ટ ઑફ રિહેબિલિટેશન, સફદરજંગ હૉસ્પિટલ, ન્યૂદિલ્હી-૧૧૦૦૨૯.**
  અઢી વર્ષના અભ્યાસક્રમમાં ધો. ૧૨ સાયન્સ (ભૌતિક, રસાયણ, ગણિત અને અંગ્રેજી) ૫૦% સાથે પાસ (SC/ST ૪૫%) તથા આ અભ્યાસક્રમ માટે ૧૭ વર્ષની ઉંમર હોવી જરૂરી છે. જાહેરાત આવ્યા બાદ અરજીપત્ર મેળવવા જાહેરાતમાં દર્શાવેલ રકમનો IPO એકાઉન્ટ ઑફિસર, સફદરજંગ હૉસ્પિટલ, ન્યૂ દિલ્હીના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ તથા પોતાના નામ-સરનામાવાળુ ૧૪ x ૨૪ સેમી.નું યોગ્ય ટિકિટ લગાવેલ કવર સાથે મોકલવું.
- **ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિકલ મેડિસીન એન્ડ રિહેબિલિટેશન, હાજીઅલી પાર્ક, મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦૦૦૩.**
  અપંગ કે પોલિયોગ્રસ્ત માણસો માટેના કેલિપર્સ તથા સાધનો બનાવવાનો તથા ડિઝાઇન કરવાનો આ કોર્સ તબીબી તથા ઈજનેરી શાખાનો સંયુક્ત અભ્યાસક્રમ છે. ૧૦૦ મેડિકલ કોલેજો વચ્ચે આ એક જ ઈન્સ્ટિટ્યૂટ છે. જેના પ્રવેશપત્ર માટે જૂનમાં જાહેરાતમાં દર્શાવેલ રકમનો પો.ઓ. ડાયરેક્ટર, AIIPMR Bombay નો કઢાવી સાથે ૨૩ x ૧૨ સેમી.નું ટિકિટવાળું કવર મોકલવું. **www.aiipmr.gov.in**
- **રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, ૪ વિષ્ણુ દિગમ્બર માર્ગ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૨** ધો. ૧૨ વિજ્ઞાનમાં ૫૦% હોય તેવા ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ રકમનો (SC/ST રૂા. ૧૨૦) DD/PO રિહેબિલીટેશન કાઉન્સિલ, ન્યુ દિલ્હીના નામે કઢાવી ૨૮ x ૧૨ સેમી. સાઇઝનું સરનામાવાળું કવર મોકલી માર્ચના અંત સુધીમાં પ્રવેશપત્ર ભરવું. **www.rehabcouncil.org**
- **જવાહરલાલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પી.જી. મેડિકલ એજ્યુ. ઍન્ડ રિસર્ચ, પૉંડિચેરી-૬૦૫૦૦૬**
  એપ્રિલ-મે માં એકાઉન્ટ ઓફિસર JIPMER પૉંડિચેરીના નામે જાહેરાતાં દર્શાવેલ રકમનો ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ (૩૦ x ૨૦ સેમી. માપનું ટિકિટ સાથેનું કવર) મોકલી પ્રવેશપત્ર ભરવું. પ્રવેશ પરીક્ષા જુલાઈ માસમાં પૉંડિચેરી લેવાશે.

- **તાતા મેમોરિયલ હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.**
  બે વર્ષના રેડિયોથેરાપી ટેકનિશિયન તાલીમ કોર્સમાં ૮ બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવે છે. તાલીમ દરમ્યાન ૨૫ વર્ષથી નીચેના ઉમેદવારોને માસિક રૂા. ૧૨૦૦નું સ્ટાઈપન્ડ પણ અપાય છે. પ્રવેશપત્ર માટે ૨૩ x ૧૦ સેમી. સાઈઝનું ટિકીટવાળું કવર મોકલવાથી વિનામૂલ્યે મે-જૂનમાં મળશે.

-: વિકલાંગ પુનઃવસન ક્ષેત્રે કારકિર્દી :-

વિકલાંગોની શક્તિ પ્રમાણે શારીરિક, માનસિક લાગણી, સામાજિક અને વ્યવસાયિક ઉપયોગિતા, પુનઃવસન વિજ્ઞાનનાં વૈજ્ઞાનિક મેઝરમેન્ટ માટે તાલીમ, શિક્ષણ અને થેરાપીક વ્યવસ્થા છે. પુનઃવસન વિજ્ઞાન એ ગુણવત્તા અને કોમ્પ્રેહેન્સીવની ડીઝાઈન વિકલાંગો માટે કરવામાં આવે છે. વિકલાંગો અને કુટુંબી દ્વારા પુનઃવસન એટલે વ્યવસાય માટેની લાંબી પ્રક્રિયા કરાય છે. જુદા જુદા સ્તરે નોકરી અને વ્યવસાયની વ્યવસ્થા કરે છે. પુનઃવસન એ સતત ચાલતી પ્રક્રિયા છે અને તેની અસર જુદા જુદા વિભાગો ઉપર પડે છે. વિકલાંગો માટે પુનઃવસનના મુખ્ય હેતુ (૧) આત્મક્ષમતા (૨) સામાજિક ક્ષમતા (૩) વ્યવસાયિક ક્ષમતાનો રહેલો છે. વિકલાંગોના એમ્પાવરમેન્ટ માટે પુનઃવસન વ્યવસાયિક/કર્મચારી પાસે તે કામ કરે છે.

વ્યક્તિઓને જુદા જુદા પ્રકારની વિકલાંગતાની અસરો જોવા મળે છે. તેથી તેની જુદા જુદા પ્રકારનાં પુનઃવસનની જરૂરીયાત ઊભી થાય છે અને તેમાં સ્વતંત્રતા અને ગતિશીલતા, વૈદકીય હસ્તક્ષેપ (Medical), કસરત, ખાસ શાળામાં શિક્ષણ, વ્યવસાયિક તાલીમ અને રોજગાર વગેરેની મદદ લેવાય છે.

ભારત સરકારે વિકલાંગો માટે સમાન હક્ક, રક્ષણ, પૂર્ણ ભાગીદારીનો ૧૯૯૫નો વિકલાંગ ધારો બનાવ્યો. ૪૦%થી વધુ વિકલાંગતા હોય તો તેને વિકલાંગ ગણવામાં આવે છે. તેમાં જુદી જુદી કેટેગરી આવે છે. અંધત્વ, અલ્પદષ્ટી, લેપ્રોસ્કુડ, બહેરા-મૂંગા, અસ્થિવિષયક, માનસિક વિકલાંગ હોય તેમને શિક્ષણ રોજગારી સામાજિક રક્ષણનાં હક્ક આપ્યા છે. વિકલાંગોના કેરીયર અને વિકાસ માટે ખાસ શાળા, તાલીમ વર્ગો, પુનઃવસન કેન્દ્રોની યોજનાઓ બનાવાઈ છે.

RCI રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૯૨ હેઠળ સ્થાપના થઈ. તેમાં પ્રોફેશનલ કોર્સ શરૂ કરવામાં આવ્યા. પુનઃવસન માટે તાલીમ કોર્સ શરૂ કરવામાં આવ્યા. દેશમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા વિકલાંગો માટે જુદા જુદા પુનઃવસનના વ્યવસાયિક તાલીમ કેન્દ્રો શરૂ કરાયા.

પુનઃવસનમાં સંશોધન અને વિકલાંગો માટે ખાસ શિક્ષણ શરૂ કરાયા તેમાં રજીસ્ટર થયેલ વ્યક્તિ પ્રેક્ટિસ કરી શકે છે.

- Indian Association of Physical Medicine & Rehabilitation (IAPMP) મેડીકલ પુનઃવસન માટે રજીસ્ટર ડૉક્ટર હોય છે.
- ફિઝિયોથેરાપીમાં Indian Association of Physiotherapists (IAP) રજીસ્ટર થાય છે. તેમાં ટ્રેનિંગ કોલેજ ચલાવાય છે.
- All India Occupational Therapists (AIAOT) દ્વારા પણ તાલીમ અને કોલેજો રજીસ્ટર હોય છે.

-: પુનઃવસન વિજ્ઞાનની શાખાઓ :-

ખાસ પ્રકારનું પુનઃવસન એટલે કે ૧૮ વર્ષ સુધીનાં વિકલાંગ બાળકોને ખાસ પ્રકારની પદ્ધતિથી શિક્ષણ આપવું, ખાસ પ્રકારની સુવિધા, મટિરિયલ, ખાસ પ્રકારની શાળામાં શિક્ષણ આપવું. અને તે ખાસ પ્રકારના શિક્ષણ આપવા માટે જુદી જુદી સંસ્થાઓમાં જુદા જુદા ખાસ પ્રકારના કોર્ષીસ ચાલે છે. જેમાં અભ્યાસ કરી યોગ્ય કારકિર્દી બનાવી જીવનભર એક સેવા કર્યાનો સંતોષ માની શકાય છે. જેમાં જુદા જુદા પ્રકારના તાલીમવર્ગોમાં જોડાઈને વિકલાંગોના પુનઃવસનમાં મદદરૂપ થઈ શકાય અને સાથે સાથે આપણી કારકિર્દી બનાવી શકાય.

(A) ડિપ્લોમા કક્ષાના કોર્સ :

(૧) ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન ઈન મેન્ટલ રિટાયડેશન (DSE-MR)
(૨) ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન સેરેબલ પાલ્સી (DSE-CP)
(૩) ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન હીયરીંગ ઈમ્પાયરમેન્ટ (DSE-HI)
(૪) ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન વિઝયુઅલ ઈમ્પાયરમેન્ટ (DSE-VI)
(૫) ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન ઓટીઝમ સ્પેક્ટમ ડીસૉર્ડર (DSE-ASD)
(૬) ડિપ્લોમા ઈન ઈયરલી ચાઈલ્ડહૂડ સ્પેશિયલ એજ્યુકેશન મેન્ટલ રીટાયડેશન (MR)
(૭) ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન ડીસ્બ્લાઈન્ડ (DSE-Deaf Blind)
(૮) ડિપ્લોમા ઈન ઈન્ડિયન સાઈન લેંગ્વેજ ઈન્ટરપ્રિટીંગ એચ.આઈ.વી. ચિલ્ડ્રન (DIYHI)
(૯) ડિપ્લોમા ઈન ઈન્ડિયન સાઈન લેંગ્વેજ ઈન્ટરપ્રિટીંગ (DISLI) લેવલ

(B) ડીગ્રી કક્ષાના કોર્સ :

(૧) બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન મેન્ટલ રીટાયડેશન (MR) (B.Ed./BS.Ed.)

(૨) બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન (B.Ed., BS.Ed.) હીયરીંગ ઈમ્પારમેન્ટ (HI)

(૩) બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન (B.Ed./BS.Ed) ઈમ્પારમેન્ટ એન્ડ સેરેબલ પાલ્સી (CP)

(૪) બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન (B.Ed./BS.Ed) વિઝયુઅલ ઈમ્પારમેન્ટ (VI)

(૫) આર.એસ.સી. સ્પેશિયલ એજ્યુકેશન એન્ડ રિહેબિલીટેશન મલ્ટીપલ કેટેગરી બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન (B.Ed./B.A.B.Ed.) (VI, HIRMR)

(૬) બેચલર ઓફ આર્ટ્સ એન્ડ બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન (B.A., B.Ed.) વિઝયુઅલ ઈમ્પારમેન્ટ

(C) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા લેવલ કોર્સીસ :

(૧) પી.જી. ડિપ્લોમા ઈન ઈયરલી ઈન્ટરવેશન (મેન્ટલ રિટારડેશન) (PGDEIM-MR)

(૨) પી.જી. ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન (મેન્ટલ રિટારડેશન) (PGDSE-MR)

(૩) પી.જી. ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન (સેરેબલ પાલ્સી એન્ડ ન્યુરોલોજીકલ ડિસેબિલીટી) (PGDSE-CP & ND)

(૪) પી.જી. ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન (મલ્ટીપલ ડિસેબિલીટી ફિઝિકલ એન્ડ ન્યુરોલોજીકલ ડિસેબિલીટી)

(૫) પી.જી. પ્રોફેશનલ ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન (PGPDSE-MR/VI/HI/LI)

(D) માસ્ટર ડીગ્રી કક્ષાના કોર્સ :

બેચલર ઓફ એજ્યુકેશન/સ્પેશિયલ એજ્યુકેશન (એમ.એડ./એમ.એસ.એડ.)મા મેન્ટસ રીટારડેશન (MR), મલ્ટીપલ કેટેગરી, હીયરીંગ ઈમ્પારમેન્ટ (HI), વિઝયુઅલ ઈમ્પારમેન્ટ (VI)

મનોવૈજ્ઞાનિક પુનઃવસન વિજ્ઞાન :

મનોવૈજ્ઞાનિક પુનઃવસન વિજ્ઞાન શાખા એટલે મનોવૈજ્ઞાનિક એસેસમેન્ટ જેવા કે બૌદ્ધિક, વર્તન, વિકાસ પેટર્ન, પર્સનાલિટી એટિટ્યુડ, એપ્ટિટ્યુડ વગેરે અને મનૌવૈજ્ઞાનિક થેરાપી આપવામાં આવે છે. કાઉન્સિલીંગ અને માર્ગદર્શન સેવા ઘરેલુ તાલીમ વગેરે જે વ્યક્તિગત અને કુટુંબોને અસરકર્તા હોય, સામાજિક સંસ્થાઓ અને રમત, આર્ટ, ડ્રામા, મ્યુઝિક, કલ્ચરલ અને વધારાની પ્રવૃત્તિ. આ મનોવૈજ્ઞાનિક પુનઃવસન વિજ્ઞાનને લગતા અભ્યાસક્રમો નીચે મુજબ છે :

(A) સર્ટીફિકેટ/ડિપ્લોમા લેવલ કોર્સ

(૧) સર્ટીફિકેટ કોર્સ ઈન ક્લિનીકલ સાયકોલોજી

(૨) ડિપ્લોમા ઈન ક્લિનીકલ સાયકોલોજી (DCP)

(B) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા લેવલ કોર્સ

(૧) પી.જી. ડિપ્લોમા ઈન ક્લિનીકલ સાયકોલોજી (PGDCP)

(૨) પી.જી. ડિપ્લોમા ઈન રિહેબિલેશન સાયકોલોજી (PGDRP)

(૩) પી.જી. ડિપ્લોમા ઈન ગાઈડન્સ અને કાઉન્સિલીંગ (PGDG&C)

(૪) પી.જી. ડિપ્લોમા ઈન ડેવલોપમેન્ટ રિહેબીલેશન (PGDDR)

(૫) પી.જી. ડિપ્લોમા ઈન સોશ્યલ વર્ક (PGDSW)

(C) માસ્ટર ડિગ્રી લેવલ અભ્યાસક્રમ

(૧) માસ્ટર ઈન સોશ્યલ વર્ક (MSW)

(૨) માસ્ટર ઈન રિહેબીલેશન સાયન્સ (M.R.Sc.)

(૩) સાયકોલોજીકલ રિહેબીલેશન (M.Sc.)

(D) એમ.ફીલ. લેવલ અભ્યાસક્રમ

(૧) એમ.ફીલ ઈન સોશયલ વર્ક

(૨) એમ.ફીલ ઈન રિહેબીલેશન સાયકોલોજી

(૩) એમ.ફીલ ક્લિનિકલ સાયકોલોજી

(૪) એમ.ફીલ ઈન મેડિકલ એન્ડ સોશ્યલ સાયકોલોજી

-: ક્લિનીકલ થેરાપી / પુનઃવસન વિજ્ઞાન :-

પુનઃવસન વિજ્ઞાનમાં વિકલાંગોને ખાસ થેરાપીની સેવા અપાય છે. વિકલાંગતાની ઓળખ, મેડિકલ વ્યવસ્થાપન, સ્પિચ અને ઓડિયોલોજીક વ્યવસ્થાપન હોય છે. અને તે માટે નીચે મુજબના અભ્યાસક્રમ કરી કારકિર્દી બનાવી શકાય.

(A) ડિપ્લોમા લેવલનાં અભ્યાસક્રમ

(૧) ડિપ્લોમા ઈન રિહેબીલેશન થેરાપી (DRT)

(૨) ડિપ્લોમા ઈન હિયરીંગ, લેંગ્વેજ અને સ્પિચ (DHLS)

(૩) ડિપ્લોમા ઈન ફિઝીયોથેરાપી (DPT)

(B) ડીગ્રી લેવલના અભ્યાસક્રમ

(૧) બેચલર ઈન મેન્ટલ રિટારડેશન/બેચરલ ઈન રિહેબીલેશન સર્વિસ/થેરાપી (BMR/BRS/BRT)

(૨) સ્પિચ એન્ડ હિયરીંગ (B.Sc.)

(૩) ઓડિયોલોજી એન્ડ સ્પિચ રિહેબિલેશન (B.Sc.)

(C) માસ્ટર ડિગ્રી લેવલ અભ્યાસક્રમ

(૧) માસ્ટર ઈન ઓક્યુપેશનલ થેરાપી (MOT)

(૨) માસ્ટર ઈન ફિઝિયોથેરાપી (MPT)

(૩) સ્પિચ એન્ડ હિયરીંગ (M.Sc.)

(૪) માસ્ટર ઈન ઓડિયોલોજી, સ્પિચ એન્ડ લેંગ્વેજ પેથોલોજી (MASLP)

ઉપરોક્ત અભ્યાસક્રમની વિશેષ માહિતી નીચેની સંસ્થાઓ દ્વારા પ્રાપ્ય બનશે :

(૧) મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI), ન્યુ દિલ્હી - **www.mciindia.org**

(૨) રિહેબીલેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (RCI), ન્યુ દિલ્હી - **www.rehabcouncil.org**

૨.૨૩ આઈ.ટી.આઈ.ના રોજગારલક્ષી અભ્યાસક્રમો

દેશમાં જરૂરી સ્કીલ માનવબળ તૈયાર કરવા માટે તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહની સીધી દેખરેખ હેઠળ **નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મિશન**ની રચના કરવામાં આવી હતી. જે અન્વયે વિવિધ રાજ્યોને સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે રૂા. ૨૦,૦૦૦ કરોડ જેટલા જંગી નાણાંની ફાળવણી કરવામાં આવી હતી, જેનો લાભ વિવિધ રાજ્યોના લાખો યુવાનોને કૌશલ્ય પ્રાપ્તિ માટે થઈ રહ્યો છે.

ગુજરાતની નીચેની આઈ.ટી.આઈ. (ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ)માં DPCS (ડેટા પ્રિપરેશન ઍન્ડ કમ્પ્યૂટર સોફટવેર)ના પ્રમાણપત્ર (સર્ટિ.) ૧ વર્ષના અભ્યાસક્રમમાં ઉમેદવારોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ અપાય છે. (૧) કુબેરનગર, અમદાવાદ, (૨) સ્ટેશન રોડ, અંકલેશ્વર, (૩) તરસાલી રોડ, વડોદરા, (૪) સબસ્ટેશન સામે, સુરેન્દ્રનગર, (૫) વિદ્યાનગર, ભાવનગર, (૬) ખેરાલુ રોડ, વિસનગર, (૭) ગાંધીનગર, (૮) પાલનપુર. વિશેષ માહિતી નજીકની ITI પરથી મળશે. **www.talimrojgar.org**

લાયકાત : આ માટે ધો.૧૨ પાસ ઉપરાંત કમ્પ્યૂટરનું કોઈ પણ સર્ટિફિકેટ જરૂરી છે.

(૧) ઈન્ટરનેટ, ઈ-મેઈલ સર્વિસ ઍન્ડ વેબપેઈજ ડેવલપમેન્ટ, (૨) ફાયનાન્સિયલ એકાઉન્ટિંગ વિથ ઈન્વેન્ટરી સિસ્ટમ ઑન કમ્પ્યૂટર, (૩) DTP વિન્ડો-૯૮, કોરલ ડ્રો, પેજમેકર, (૪) વેબ ડિઝાઈનિંગ યુઝિંગ HTML, DHTML & JAVA સ્ક્રિપ્ટ, (૫) ક્લાયન્ટ સર્વર ટેક.યુઝિંગ ઓરેકલ ઍન્ડ ડેવલપર-૨૦૦૦, (૬) મલ્ટીમીડીયા, (૭) કમ્પ્યૂટર મેન્ટેનન્સ ઍન્ડ રીપેરિંગ (હાર્ડવેર લેવલ).

- **આઈ.ટી.(ઈન્ફર્મેશન ટેકનૉલોજી) :**

SCVT પેટર્નના બે પ્રકારના માન્ય અભ્યાસ ૧ વર્ષની મુદતના અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી તથા ગુજરાતી હોય છે.

- **ITI કમ્પ્યૂટર :**

કમ્પ્યૂટર ઑપરેટર કમ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ લાયકાત : ધો.૧૨ પાસ ઉપરાંત અંગ્રેજી ટાઈપની જાણકારી જરૂરી છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં જરૂરી માનવબળ અને ખાસ કરીને સ્કિલ્ડ વર્કસ અભ્યાસ માટે ITI દરેક જિલ્લામાં તાલુકા કક્ષાએ આવેલી છે.

ઘેરબેઠાં ભણો : નીચેના બે અભ્યાસક્રમો માટે પરીક્ષા આપી ITI સરકારી પ્રમાણપત્ર મેળવી શકાય છે.

(૧) **ઈન્ટ્રોડકશન ટુ કમ્પ્યૂટર :** વિન્ડો ૯૮, ઓપરેટિંગ સિસ્ટમ ઍન્ડ એમ.એસ. ઑફિસ-૨૦૦૦(ધો.૧૦ પાસ માટે)

(૨) **Auto CAD** લાયકાત : ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ.

અરજીપત્ર રાજ્યની તમામ ITI પરથી મેળવી પરત કરવું. આઈ.ટી.આઈ.માં અનેકવિધ અભ્યાસક્રમો જેવા કે ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોશિયન, મોબાઈલ રીપેરિંગ જે જીવનમાં નાના હુન્નર માટે અતિ ઉપયોગી છે.

કૉંગ્રેસના વડપણ હેઠળ કેન્દ્ર સરકારની અનેક યોજના અન્વયે સ્કિલ માનવબળ માટે દેશની આઈ.ટી.આઈ.માં માળખાકીય સુધારા અને નવી આઈ.ટી.આઈ. સ્થાપવાની કામગીરી ઝડપી ચાલી રહી છે. જેના ભાગ રૂપે **૫૦૦** નવી આઈ.ટી.આઈ.ની સ્થાપના તથા હાલની આઈ.ટી.આઈ.ના આધુનિકીરણ માટે **રૂા. ૭૫૦** કરોડની જોગવાઈ કરવામાં આવી છે તથા દર વર્ષે સ્કીલ ડેવલપમેન્ટ હેઠળ જંગી નાણાંની ફાળવણી કરીને દેશમાં ઉત્તમ કૌશલ્ય ધરાવતું માનવબળ તૈયાર કરવા માટે કમર કસી હતી.

SHORT OVERVIEW OF COURSES AFTER 12TH

Candidate Stream in Class 12th	Field of Work and Profession
Arts	Art, Humanities, Management, Media, Fashion, Journalism and Tourism Field
Commerce	Company Secretary, Chartered Accountant, Banking, Finance, and Management
Science (**PCB** or **Biology)**	Medical, Pharmacy, Science Research, All Art Group Fields, and Commerce
Science (PCM or Math)	Engineering & Technology, Pharmacy, Architecture, All Art Group Fields, and Commerce
All Streams (Arts, Commerce and Science)	Law, Management, Fashion, Textile, Social Work, and Library Science

Now we will go into a deep analysis of the Courses after the 12th Class. We will go step by step and students are requested to select the courses as per their stream selected in the 12th standard.

- **Arts**
- **Commerce**
- **Engineering**
- **Management**
- **Medical**
- **Science**

Now You will get the complete list of professions and career-oriented courses of the particular stream.

ARTS & HUMANITIES

LATEST APPLICATIONS FOR VARIOUS UG & PG COURSES OPEN 2023

The stream Arts & Humanities contains a broad range of Career oriented **courses after 12th in arts.** This field has the right job and business-oriented courses.

Movie, media, animation, cultural art, choreography, painting, photography, and cooking are some of the best options that a student can choose after class 12th.

Humanities subjects study how these ideas have affected human culture and society.

However, there is a lot of crossover between the two areas, as well as with social sciences like anthropology, and subjects like law and modern languages are sometimes also considered to be humanities.

Course Name	Course Description	Duration	Salary for Fresher's
Law Courses	Law is a fundamental part of our constitution. It is the only degree course provided in India in legal education. It is one of the most popular courses among a large number of students	3 Years/5 Years	5 – 7 Lakhs
Animation & Multimedia	Animation Courses offers a broad range of career-oriented courses in 3D animation, VFX, multimedia, graphic & web designing, gaming, and media & entertainment	1 Year/3 Year	2– 3 Lakhs

Fashion Technology	Through the modernization of the world, fashion is an integral part of our daily life. The trend in fashion is changing with the advancement of human culture. Various industries have been established for this purpose only. There high demand for fashion experts; not only in India but also abroad.	1 /2/3 Years	2–3 Lakhs
Visual Arts	The visual arts are art forms such as ceramics, drawing, painting, sculpture, printmaking, design, crafts, photography, video, filmmaking, literature, and architecture. Many artistic disciplines (performing arts, conceptual art, textile arts) involve aspects of the visual arts as well as arts of other types.	1 /2/3 Years	2–3 Lakhs
Literary Arts	Literary art is a branch of fine arts. It is famous for those students who are creative, imaginative and can convert their imagination and thoughts into textual form. The students who are interested in writing can choose a career in literary arts.	1 /2/3 Years	2–3 Lakhs
Performing Arts	Performing arts are a form of art in which artists use their voices and their bodies, often about other objects, to convey artistic expression. It is different from visual arts, which is when artists use paint/canvas or various materials to create physical or static art objects.	1 /2/3 Years	2–4 Lakhs
Aviation & Hospitality Management	Aviation is one of the most exciting career fields among girls. Anyone who wishes to fly in the sky and serve the people with a smile this job can fulfill their dream. Aviation and hospitality management cover the ground and air courses of an air hostess and flight steward. It involves hospitality, customer handling, travel & tourism, and aircraft basic training.	1 Year/3 Year	2–5 Lakhs
Hotel Management & Catering	Bachelor of Science in Hospitality & Catering Management also known as BSc. HCM is a study of the Hotel. This degree is also known as BHM (Bachelor of Hospitality Management) or (Bachelor of Hotel Management) which is the prevalent Academic degree all over the world.	1 Year/3 Year	2–5 Lakhs
FilmMass Communication	The Journalism and Mass Communications the Public Relations and Corporate Communications, movie, Television and Digital Video Production, the Advertising & Marketing Communications and Communication for Development (C4D) are full-time, post-graduate diploma courses of 10 months duration.	1/3 Years	2–4 Lakhs
Languages	Due to the Globalization of business and corporates, lots of MNCs is needed people who know different international words. Therefore this is also a good option that helps students to have excellent career opportunities.	3 Years	3-6 Lakhs
Bachelor of Arts	Students who have passed class XII in arts keep Bachelor of Arts (BA) as one of the options to take admission in as it provides a diverse number of choices to select from.	3 Years	2-4 Lakhs

COMMERCE

Commerce is the Most important branch of the Education system which deals with Business, legal finance, EconomLegal, Banking, technological and political aspects.

The Bachelor of Commerce program prepares you for a career in accounting, banking, financial management, information systems, and management.

Compulsory courses in the degree build a solid foundation of business skills that you will apply to many decisions and issues in the contemporary business environment.

There are various **courses after 12th in Commerce** like BBA,BMS,BAF,BBS,B.com etc. Here we will discuss some professional courses which are having high demand in the job oriented market.

Course Name	Course Description	Duration	Salary for Fresher's
B.Com	The Bachelor of Commerce (B.Com) is a degree course done by a large number of students after their class 12th. The B.Com degree gives you a complete overview of the overall business scenario; this includes buying and selling of goods also helps in understanding the underlining principles of accounts and economics.	3 Years	2-5 Lakhs
BBA	The Bachelor of Business Administration (**BBA** or **B.B.A.**) is a bachelor's degree in commerce and business administration. The degree is conferred after four years of full-time study in one or more areas of business concentrations.	3 Years	2-5 Lakhs
CA	Chartered Accountancy was established in 1854 in Britain. It is the core activity of the firm. A CA is a member of ICAI (Indian Chartered Accountants Institute) and deals with financial management and carries out financial audits. A CA works as a private advisor for an organization.	5 Years	3-6 lakh
B.M.S	Bachelor of Management Studies or BMS is an undergraduate program for management studies offered by many universities throughout the world. The course allows you to obtain the knowledge and skills needed to assume leadership positions in a wide range of organizations.	3 Years	2-4 Lakhs
B.B.S	The Bachelor of Business Studies (BBS) is a three years undergraduate degree course that facilitates the integration of academic knowledge and practical work experience.	3 Years	2-4 Lakhs
B.A.F	Bachelor of Commerce in Accounting and Finance BAF Course. Bachelor of Commerce in Accounting and Finance knew as BAF Course is an undergraduate program that provides training in the areas of accounting and finance which is offered by many universities in India.	3 Years	2-4 Lakhs
CS	Company Secretary deals with the legal activities of any business. It is a corporate professional course. The role of a company secretary is to keep records, advice, tax returns, and evaluate the legal aspects of the organization. This course contains three levels as a foundation, executive, and professional course.	3-4 Years	2-5 Lakhs
BMS	Bachelor of Management Studies or BMS is an undergraduate program for management studies offered by many universities throughout the world. The course allows you to obtain the knowledge and skills needed to assume management positions in a wide range of organizations.	3-Years	2-5 Lakhs

ENGINEERING AND TECHNOLOGY

Engineering is the application of mathematics and scientific, economic, social, and practical knowledge to invent, innovate, design, build, maintain, research, and improve structures, machines, tools, systems, components, materials, processes, solutions, and organizations. It is the best-growing **career option after 12th for the students of Science with Maths**. Choose the Engineering Branch from the given list:

Course Name	Course Description	Duration	Salary for Fresher's
Computer Science and Engineering	Computer science is the study of the theory, experimentation, and engineering that form the basis for the design and use of computers. An alternate more succinct definition of computer science is the study of automating algorithmic processes that scale.	4 Years	3-5 Lakhs
Civil Engineering	Civil engineering is a professional engineering discipline that deals with the design, construction, and maintenance of the physical and naturally built environment, including works like roads, bridges, canals, dams, and buildings.	4 Years	3-5 Lakhs
Mechanical Engineering	Mechanical engineering is the discipline that applies the principles of engineering, physics, and materials science for the design, analysis, manufacturing, and maintenance of mechanical systems. It is the branch of engineering that involves the design, production, and operation of machinery.	4 Years	4-7 Lakhs
Electrical Engineering	Electrical engineering is a very popular field of engineering. It provides knowledge of the distribution and utilization of energy that runs our world. It is the field of the great scientist "Thomas Edison". Electrical engineering is a field of engineering that generally deals with the study and application of electricity, electronics, and electromagnetism.	4 Years	4-7 Lakhs
Electronics & Communication Engineering	Electronics & Communication Engineering is one of the fastest-growing disciplines of engineering. ECE is an interface of information technology and chip-level hardware. It provides knowledge of electronics devices and software applications. All telecom and software industries are the work fields for the ECE engineers.	4 Years	4-6 Lakhs
Biotechnology	Is the use of living systems and organisms to develop or make products, or "any technological application that uses biological systems, living organisms, or derivatives thereof to make or modify products or processes for a specific use.	4 Years	4-6 Lakhs
Electrical & Electronics Engineering	Electrical & Electronics Engineering is an emerging discipline of engineering study. It leads the knowledge of electrical engineering and electronics engineering in one domain. It deals with the generation use and storage of power and energy.	4 Years	4-6 Lakhs
Aeronautical Engineering	Technical knowledge, management skills. Education required. Bachelor's Degree. Aerospace engineering is the primary field of engineering concerned with the development of aircraft and spacecraft. It has two major and overlapping branches: aeronautical engineering and astronautically engineering.	4 Years	4-7 Lakhs

Agricultural Engineering	It is the branch of engineering that deals with the design of farm machinery, the location and planning of farm structures, farm drainage, soil management, and erosion control, water supply and irrigation, rural electrification, and the processing of agricultural products.	4 Years	4-7 Lakhs
Petroleum Engineering	Petroleum Engineering is a field of engineering concerned with the activities related to the production of hydrocarbons which can be either crude oil or natural gas. It well a paid engineering discipline. Petroleum engineers can work with the drilling plant, rigs, oil industries, petroleum refineries, and related organizations.	4 Years	4-7 Lakhs
Food Technology	Food Technology is the application of food science to the selection preservation processing, packaging, distribution, and use of safe food.	4 Years	4-7 Lakhs
Textile Engineering	Textile Engineering deals with the principles of control and design of fiber, apparel process, textile, and products. It is one of the top positioned engineering branches.	4 Years	4-6 Lakhs
Chemical Engineering	It branch of engineering that applies physical sciences (physics and chemistry), life sciences (microbiology and biochemistry), together with applied mathematics and economics to produce, transform, transport, and properly use chemicals, materials, and energy.	4 Years	4-6 Lakhs

MANAGEMENT

Management is one of the highest job-oriented career fields. It is one of the most popular areas among students.

Management involves the regulation and maintenance of the overall functioning and administration of an organization.

Management Field is the preferable area among the students who do courses in 12th Commerce. Management is a highly job-oriented course that also has high pay for other employment and courses.

The management field provides a responsible, challenging, and respectful position to an aspirant who wants to work in the corporate environment. It has various disciplines & specializations and has the opportunity for global employment.

Course Name	Course Description	Duration	Salary for Fresher's
BBA – Bachelor of Business Administration	BBA is a business-oriented course that helps the students in understanding the basics of business and the overall management process. The students can choose this course after class 12^{th}. If they want to make their career in the management field. The students can work in management firms, business organizations, and IT companies.	3 Years	2-5 Lakhs
MBA – Master of Business Administration	A master of business administration (MBA) is a graduate degree achieved at a university or college that provides theoretical and practical training to help graduates gain a better understanding of general business management functions.	2/5 Years	3-5 Lakhs

Marketing Management	Marketing management is the organizational discipline that focuses on the practical application of marketing orientation, techniques, and methods inside enterprises and organizations, and the management of a firm's marketing resources and activities.	3 Years	3-5 Lakhs
Finance Management	Financial management refers to the efficient and effective management of money (funds) in such a manner as to accomplish the objectives of the organization. It is the specialized function directly associated with the top management.	3 Years	3-5 Lakhs
Human Resource Management	Human resource management is an essential function of both private and public sector organizations. In this lesson, you'll learn what human resource management is as well as its objectives and responsibilities in an organization.	3 Years	3-5 Lakhs
International Business Management	Today the business scenario is not limited up to the national boundaries. The business is now conducted globally across the national boundaries. Due to the rapid rise in global business, the demand for professionals is increased in various MNCs and reputed organizations who are looking to conduct their business globally. International Business management is becoming a popular specialization among the students day-to-day.	3 Years	3-5 Lakhs
Operation Management	Operations management refers to the administration of business practices to create the highest level of efficiency possible within an organization. It is concerned with converting materials and labor into goods and services as efficiently as possible to maximize the profit of an organization.	3 Years	3-5 Lakhs
Event Management	Event management is the application of project management to the creation and development of large-scale events such as festivals, conferences, ceremonies, formal parties, concerts, or conventions.	3 Years	3-4 Lakhs
Career options after 12th Commerce without Maths	High salary courses after 12th Arts
High Salary Courses After 12th Commerce	Professional Courses After 12th Commerce
Professional Courses After 12th	Professional Courses After 12th Science
Diploma courses after 12th Commerce	Unique Career Options After 12th
Computer Courses After 12th Science	Medical courses after 12th without NEET
Computer Courses After 12th Arts Stream	Diploma courses after 12th
Job Oriented Courses After 12th	Degree Courses After 12th

Frequently Asked Question (FAQs)

1. What to do after 12th?

After 12th, students can go for Undergraduate course of their choice. They can also apply for a diploma course after 12th. Check the overview of available best courses after 12th on this page.

2. Which is best course after 12th class?

- For Non-medical: Engineering (B.Tech, B.E., B.Sc)
- For medical: MBBS, BDS and Pharmacy
- For arts: BA, BFA, BA-LLB, BCA
- For commerce: BBA, B.com, BBS

3. When will admissions be started?

Admissions for courses after 12th start immediately after the declaration of results. The last date falls in the month of July/August of the admission year.

૩. ધો-૧૨ સાયન્સ પછી શું ?

મુખ્ય અભ્યાસક્રમો નીચે મુજબ છે

H.S.C. Pass (Science)
ધો. ૧૨ પાસ (સાયન્સ)

B - Group

(Phy, Chem, Bio.)

Medical (MBBS) (મેડિકલ)

Dental (BDS) (ડેન્ટલ)

Physiotherapy (BPT) (ફીઝિયોથેરાપી)

Ayurvedic (BAMS) (આયુર્વેદ)

Homoeopathy (BHMS) (હોમિયોપથી)

Nursing (B.Sc.) (નર્સિંગ ડિગ્રી)

ઓક્યુપેશનલ થેરાપી

ઓપ્ટોમેટ્રી

નેચરોપથી

ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ

B.Pharm. (ડિગ્રી ફાર્મસી)

A / B - Group

(Phy, Chem, Bio.)

(Phy, Chem, Maths)

Pharmacy

B.Pharm. (ડિગ્રી / ફાર્મસી)

D. Pharm. (ડિપ્લોમા ફાર્મસી)

A - Group

(Phy, Chem, Maths)

Engineering એન્જિનિયરિંગ (ડિગ્રી)

Electronics & Commu.

Computer Science

Information Tech.

Instrumentation & Control

Bio Technology

Bio Medical

Mechanical

Chemical

Electrical

Auto mobile

Civil

Architect

Textile / Fashion Design

B.Pharm. (Degree Pharm)

D. Pharm. (Diploma Pharm)

૩.૧ પ્રવેશફોર્મ ક્યાંથી મળે અને ક્યાં ભરવા ?

-: કેન્દ્રીય પ્રવેશ સમિતિ :-

Joint Admission Committee for Professional Courses (એલ. ડી. એન્જિ. કૉલેજ કેમ્પસ, અમદાવાદ-15) (www.jacpcldce.ac.in) દ્વારા ડિગ્રી/ડિપ્લોમા, એન્જિનિયરિંગ/ફાર્મસી તથા Centralized Medical Admission Committee, GMERS, Civil Hospital Campus, Gandhinagar (www.medadmgujarat.org) દ્વારા MBBS/BDS/B.PHYSIO/BAMS/BHMS/Nursing/Occupational/Optomatry જેવા ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવામાં આવે છે. એન્જિનિયરિંગ વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવું પડે છે. મેડિકલ, પેરામેડિકલ વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે અલગથી online પ્રવેશ કાર્યવાહી કરવામાં આવે છે.

અન્ય અભ્યાસક્રમોમાં એડ્‌મિશન : ધો. 12 Science પછી ગુજરાતમાં ચાલતા અન્ય અભ્યાસક્રમોમાં એડ્‌મિશન આપવાનું કામ કરતી એડ્‌મિશન કમિટીઓની યાદી બનાવીએ : (1) ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં એડ્‌મિશન મેરિટ મુજબ છે અને યુનિવર્સિટીએ નીમેલ પ્રવેશ સમિતિ દ્વારા એડ્‌મિશન આપવામાં આવે છે. (2) જામનગરમાં આવેલ આયુર્વેદ યુનિવર્સિટીમાં બી.ફાર્મ.(આયુર્વેદ)નો કોર્સ ચાલે છે અને મેરિટ મુજબ પ્રવેશ મળે છે. (3) ગુજરાતમાં આવેલ સાયન્સ કૉલેજોમાં ચાલતા બી.એસસી.ના કોર્સમાં એડ્‌મિશન પણ મેરિટ મુજબ મળે છે. એનું ફૉર્મ ધો. 12 સાયન્સનું રિઝલ્ટ આવે પછી તરત જ ભરી દેવાનું હોય છે.

-: કયા કોર્સમાં એડ્‌મિશન લેવું ? :-

ધો. 12 સાયન્સ પછી એન્જિનિયરિંગના ડિગ્રી કોર્સમાં એડ્‌મિશન લેતી વખતે બે પ્રશ્નો મનમાં ઉદ્‌ભવે છે : (1) કયા કોર્સમાં એડ્‌મિશન લેવું ? (2) કઈ કૉલેજમાં એડ્‌મિશન લેવું ?

ધો. - 12 વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ - A) પછીના અભ્યાસક્રમો

Engineering

Institute Type	Merit Based on	Admission Committee	4 Years (B.E. \ B.Tech. \ B.S.)			5 Years (Dual Degree)		
			Colleges	Branches	Seats	Colleges	Branches	Seats
IIT	JEE (Advanced)	JoSAA	23	49	10472	9	58	1793
NIT	JEE (Main) Paper-1	JoSAA	31	25	18661	6	16	682
IIIT	JEE (Main) Paper-1	JoSAA	25	10	4279	2	7	338
GFTI	JEE (Main) Paper-1	JoSAA	28	27	5235	2	3	148
Gujarat (Gov\GIA\SFI\PPP)	Board + GUJCET	ACPC	136	53	72503	–	–	–
Other Inst. of National Imp.	Various Mode	College	6	–	863	9	–	1445
			249	**–**	**112013**	**28**	**–**	**4406**

Architecture

Institute Type	Merit Based on	Admission Committee	5 Years (B.Arch.)		4 Years (B.Plan.)	
			Colleges	Seats	Colleges	Seats
IIT	AAT	JoSAA	3	98	0	0
NIT	JEE (Main) Paper-2	JoSAA	9	552	1	46
GFTI	JEE (Main) Paper-2	JoSAA	6	364	3	109
Gujarat (Gov\SFI)	Board + NATA	ACPC	32	1991	2	80
CEPT	Board + Apt. Test	ACPC	2	120	–	–
			52	**3125**	**6**	**235**

Pharmacy

Institute Type	Merit Based on	Admission Committee	4 Years (B.Pharm.)		3 Years (D.Pharm.)	
			Colleges	Seats	Colleges	Seats
Gujarat (Gov\SFI)	Board + GUJCET	ACPC	72	6187	16	1156

Agriculture

Courses	Merit Based on	Admission Committee	Colleges	Seats
B.Tech. (Dairy Technology)	Board + GUJCET	GSAUCA	2	121
B.Tech. (Dairy Technology)	Board + GUJCET	KAU	2	80
B.Tech. (Agriculture Engg.)	Board + GUJCET	GSAUCA	3	196
B.Tech. (Food Technology)	Board + GUJCET	GSAUCA	2	88
B.Tech. (Renewable Energy & Env. Engg.)	Board + GUJCET	GSAUCA	1	40
B.Tech. (Agricultural Information Tech.)	Board + GUJCET	GSAUCA	1	46
B.Sc. (Home Science)	Board + GUJCET	SDAU	1	60
			12	**631**

Bachelor of Science (B.Sc. 3 Year Courses)

- Mathematics
- Chemistry
- Physics
- Forensic Science
- Biochemistry
- Statistics
- Electronics
- Industrial Chemistry

Other Graduation Courses

- BBA
- BPA
- BBM
- BFA
- BCA
- BBS
- BMM
- BVA
- BSc (IT)
- BMS
- BSW
- BMC

Certification Courses

- CA
- CSB
- CIB
- CS
- CFA
- CIA
- CWA
- CFP
- CBS

ધો.–12 વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ–B) પછીના અભ્યાસક્રમો

Course	Gujarat Admission				All India Admission		
	College Type	Seats	Fees (Per year)	Cutoff Rank-20 Open	Merit Based on	Admission Committee	Seats
Medical અભ્યાસક્રમોના એડમિશન ACPUGMEC દ્વારા NEET-UGના આધારે							
MBBS (મેડીકલ)	Govt.	1408	25,000 / 60,000	963	NEET-UG	MCC	16415
	GMERS	1600	3.00 Lakh / 8.25 Lakh	2159			
	SFI	2500	5.93 Lakh to 18.40 Lakh	4337			
BDS (ડેન્ટલ)	Govt.	250	20,000	5501	NEET-UG	MCC	3675
	SFI	1005	2.00 Lakh to 7.85 Lakh	Vac.			
BAMS (આયુર્વેદિક)	Govt./GIA	582	4,000 / 25,000	5296	NEET-UG	AACCC	1437
	SFI	1550	2.25 Lakh to 4.97 Lakh	16035	NEET-UG	ACPUGMEC	119
BHMS (હોમિયોપેથીક)	Govt./GIA	500	4,000 / 25,000	9535	NEET-UG	AACCC	820
	SFI	3010	71,000 to 1.84 Lakh	Vac.	NEET-UG	ACPUGMEC	299
Paramedical અભ્યાસક્રમોના એડમિશન ACGPNAMEC દ્વારા PCB Theoryના આધારે							
BPT (ફિઝીયોથેરાપી)	Govt.	380	15,000	3238	-	-	-
	SFI	4320	50,000 to 1.92 Lakh	Vac.			
B.Sc (Nursing) (નર્સિંગ)	Govt.	400	145	1656	AIIMS	AIIMS	571
	SFI	6240	60,000 to 2.02 Lakh	Vac.			
BO (ઓપ્ટોમેટ્રી)	SFI	245	33,000 to 1.00 Lakh	Vac.	-	-	-
BOT (ઓક્યુપેશનલ)	Govt.	10	15,000	4037	-	-	-
BNYS (નેચરોપેથી)	SFI	30	70,000	Vac.	-	-	-
BOP (ઓર્થોટીક્સ)	Govt.	10	15,000	3363	-	-	-
Pharmacyના એડમિશન ACPC દ્વારા PCB/Mના 60% અને GUJCETના 40%ના આધારે							
B.Pharm (ફાર્મસી)	Govt.	464	2,100	679	-	-	-
	SFI	5985	48,000 to 2.01 Lakh	Vac.			
Veterinaryના એડમિશન GSAUCA દ્વારા GUJCETના આધારે અને બાકીના બધા કોર્ષના એડમિશન GSAUCA દ્વારા PCBના 60% અને GUJCETના 40%ના આધારે							
B.V.Sc & A.H (વેટરનરી)	Govt.	320	Boys: 21,250 Girls: 11,250	59.38	NEET-UG	VCI	607
B.Sc Agri (એગ્રીકલ્ચર)	Govt.	1047	Boys: 13,700 Girls: 8,700	57.38	NEET-UG	ICAR	1547
B.Sc Horti (હોર્ટીકલ્ચર)	Govt.	308		54.88	NEET-UG	ICAR	394
B.Sc Forestry (ફોરેસ્ટ્રી)	Govt.	73		55.15	NEET-UG	ICAR	113
B.F.Sc (ફિશરીઝ)	Govt.	95		50.27	NEET-UG	ICAR	140
B.Tech BT (બાયોટેકનો)	Govt.	66		54.87	NEET-UG	ICAR	82
B.Tech Agri IT (એગ્રી)	Govt.	40		53.55	NEET-UG	ICAR	245

Pure Science (B.Sc. 3 Year Courses)

- Biochemistry
- Biology
- Chemistry
- Microbiology
- Forensic Science
- Biotechnology
- Botany
- Zoology
- Physics
- Pathology

Other Graduation Courses

- BBA
- BSc (IT)
- BCA
- BSW
- BVA
- B. Voc.

Certification Courses

- CA
- CS
- CWA
- CFA

*: BSMS (સિદ્ધા) અને BUMS (યુનાની)માં ગુજરાતમાં એક પણ કોલેજ નથી. જ્યારે ભારતમાં BSMSની 7 અને BUMSની 12 કોલેજો છે, વધારે માહિતી માટે કાઉન્સીલની વેબસાઇટ જોવી. Cutoff Rank ગુજરાત એડમિશન કમિટીના છે.

ધો.–12 વિજ્ઞાન પ્રવાહ (ગ્રુપ–B) પછીના વિવિધ અભ્યાસક્રમો પછીની તકો

કોર્ષ પસંદગી માટે ધ્યાનમાં લેવા જેવી અગત્યની બાબતો

MBBS (મેડીકલ)
જે વિદ્યાર્થીઓને 8 થી 10 વર્ષ ભણવાની અને સખત મહેનત કરવાની તૈયારી હોય તેમના માટે હિતાવહ છે. બોન્ડના નવા નિયમોની માહિતી મેળવવી હિતાવહ છે.

BDS (ડેન્ટલ)
જે વિદ્યાર્થીઓના વાલીને ડેન્ટલ હોસ્પિટલ હોય તેમના માટે BDS કરવું હિતાવહ છે કારણકે ડિમાન્ડ કરતા સપ્લાય વધારે છે. દા.ત. પડધરી અને ધ્રોલ જેવા તાલુકા સ્થળ પર 6-6 ડેન્ટીસ્ટ પ્રેક્ટીસ કરે છે.

BAMS (આયુર્વેદિક)
જે વિદ્યાર્થીઓને આયુર્વેદમાં પૂર્ણ શ્રદ્ધા હોય અને ધીરજ રાખીને માત્ર આયુર્વેદમાં જ પ્રેક્ટીસ કરવી હોય એમના માટે હિતાવહ છે. સંસ્કૃતમાં રૂચી હોય તે ઇચ્છનીય છે. હોસ્પિટલમાં મેડિકલ ઓફીસર તરીકે કામ કરી શકે છે.

BHMS (હોમિયોપેથીક)
જે વિદ્યાર્થીઓને હોમિયોપેથીમાં પૂર્ણ શ્રદ્ધા હોય અને ધીરજ રાખીને માત્ર હોમિયોપેથીમાં જ પ્રેક્ટીસ કરવી હોય એમના માટે હિતાવહ છે. હોસ્પિટલમાં મેડિકલ ઓફીસર તરીકે કામ કરી શકે છે.

BPT (ફિઝીયોથેરાપી)
ફિઝીયોથેરાપી એ આધુનિક ચિકિત્સાપદ્ધતિની શાખા છે જેમાં વિશિષ્ટ કૌશલ્યથી રોગની તપાસ, નિદાન અને સારવાર કરવામાં આવે છે. જેમને ફિઝીયોથેરાપીસ્ટ તરીકે સરકારી કે પ્રાઇવેટ પ્રેક્ટિસ, હોસ્પિટલમાં, પુનર્વસન કેન્દ્રમાં, કે ફિટનેસ સલાહકાર તરીકે કામ કરવું હોય તેમના માટે ઉત્તમ.

B.Sc. Nursing (નર્સિંગ)
જે વિદ્યાર્થીઓનો સ્વભાવ દર્દીની સેવા કરવાનો હોય અને નર્સિંગનું કામ ખરેખર ગમતું હોય તેમણે નર્સિંગ કરવું જોઇએ. નોકરી સરળતાથી મળી જાય છે પણ પગાર બહુ વધતો નથી. વિદેશમાં સારી ડિમાન્ડ છે.

B.Pharm (ફાર્મસી)
ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં માર્કેટિંગ, પ્રોડક્શન, ક્વોલીટી કંટ્રોલ, નિયમનકારી બાબતો, ફાર્માસિસ્ટ, મેડીકલ રીપ્રેઝેન્ટેટિવ અને મેડીકલ રાઇટિંગમાં નોકરીઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત R&D, F&D, Drug Discovery, Patent Agent, Drug IPR ફિલ્ડમાં પણ તકો છે. ડ્રગ ઇન્સ્પેક્ટર તરીકે ગવર્મેન્ટ જોબ કરી શકે છે અને મેડીકલ સ્ટોર પણ ચલાવી શકે છે.

B.V.Sc. & A.H. (વેટરનરી)
જે વિદ્યાર્થીઓને પાલતુ પ્રાણીઓ (ખાસ કરીને ગાય અને ભેંસ) સાથે લગાવ હોય તેમણે વેટરનરી કરવું જોઇએ. તાલુકા લેવલે કામ કરવાની અને આજુબાજુના ગામડામાં મુસાફરી કરવાની તૈયારી હોવી જોઇએ.

B.Sc. Agriculture (એગ્રીકલ્ચર)
જે વિદ્યાર્થીઓને ખેતીમાં ખરેખર રસ હોય અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવી હોય અથવા ખેત સંશોધન અને સંસાધનને લગતું કામ કરવું હોય તેમને એગ્રીકલ્ચર કરવુ જોઇએ

B.F.Sc. (ફિશરીઝ)
જે વિદ્યાર્થીઓના વાલીને માછીમારીને લગતો ફેમીલી બિઝનેસ હોય તેમને ફિશરીઝ કરવુ જોઇએ.

B.Sc. Microbiology
જે વિદ્યાર્થીઓને પેથોલોજી લેબમાં લેબ આસીસ્ટન્ટ તરીકે કામ કરવું હોય તેમને કરવુ જોઇએ.

B.Sc. Chemistry
કેમિકલ ઇન્ડસ્ટ્રીમાં જોબ કરવી હોય અથવા ટીચર થવું હોય તેમને કરવું જોઇએ.

આ ઉપરાંત નીચેના કોર્ષમાં પણ ઉજ્જવળ કારકિર્દી બનાવી શકાય છે

CA / CS
જો વિદ્યાર્થીનું ફેમીલી બેકગ્રાઉન્ડ ફાઇનાન્સ / કોમર્સને લગતું હોય અને MBBS જેટલી જ મહેનત કરવાની તૈયારી હોય તો તેમના માટે આ એક ઉત્તમ વિકલ્પ છે. ફાઇનલ પરિક્ષાનું પરિણામ ખૂબ જ ઓછું આવે છે.

BCA / MCA
BCA 3 વર્ષનો અને MCA 2 વર્ષનો અભ્યાસક્રમ છે. MCA કર્યા પછી વિદ્યાર્થી IT ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરી શકે છે. ખાસ કરીને Girl Students માટે આ અભ્યાસક્રમ પ્રોફેશનલ કેરીયર બનાવવા માટે ઉત્તમ છે. કારણકે...

- નેક્સ્ટ જનરેશન ડિજીટલ બૂમ
- રાજકોટ થી શરૂ કરીને કોઇપણ શહેરમાં જોબ મળી જાય છે.
- માત્ર ઓફીસ વર્ક જ હોય છે.
- રાજકોટમાં જ 300 કરતા વધારે IT કંપનીઓ છે.
- સામાન્યપણે 5 Days a Week હોય છે.
- Flexible જોબ ટાઇમીંગ અને વર્ક ફ્રોમ હોમ.
- જોબ સરળતાથી મળી જાય છે અને પગાર વધારો પણ ઝડપથી થાય છે.

BBA / MBA
જે વિદ્યાર્થીઓને ફાઇનાન્સમાં કલેરીકલ કે ઓફીસ જોબ કરવી હોય અથવા માર્કેટીંગમાં રસ હોય અને ફીલ્ડ જોબ કરવી હોય તેમના માટે આ સારો અભ્યાસક્રમ છે.

આજના યુગનો વિદ્યાર્થી ખરેખર નસીબદાર છે કારણકે આપણા દેશમાં દરેક ફીલ્ડમાં અઢળક તકો રહેલી છે અને નવી–નવી દિશાઓ ખુલી રહી છે. વિદ્યાર્થી કોઇપણ કોર્ષમાં ખૂબ જ મહેનત, લગન અને ધૂનથી અભ્યાસ કરીને સારૂ જ્ઞાન મેળવે તો સરળતાથી ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે. જરૂરીયાત છે માત્ર ફોકસ રહીને કામ કરવાની. *Wish you all the best!*

પસંદગીનો ક્રમ : ધો. 12 સાયન્સ પછી ગુજરાતમાં બી-ગ્રુપના વિદ્યાર્થીઓ માટે (1) M.B.B.S. - મેડિકલ, (2) B.D.S. - ડેન્ટલ, (3) B.Pharm. - બેચલર ઑફ ફાર્મસી, (4) B.A.M.S. - આયુર્વેદ, (5) B.P.T. - બેચલર ઑફ ફિઝિયોથેરાપી, (6) બી.એસસી. નર્સીંગ, (7) B.H.M.S. - હોમિયોપથી, (8) ઓક્યુપેશનલ થેરાપી, (9) ઓપ્ટોમેટ્રી.

એ-ગ્રુપના વિદ્યાર્થીઓ માટે (1) Civil - સિવિલ એન્જિનિયરીંગ, (2) Ele. - ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, (3) Mech. - મિકેનિકલ એન્જિનિયરિંગ, (4) C.E. - કમ્પ્યૂટર એન્જિનિયરિંગ, (5) E.C. - ઈલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન એન્જિનિયરિંગ, (6) I.T. - ઈન્ફર્મેશન ટેક્નૉલોજી, (7) I.C. - ઈન્સ્ટ્રુમેટેશન ઍન્ડ કન્ટ્રોલ એન્જિનિયરિંગ, (8) Che. - કેમિકલ એન્જિનિયરિંગ, (9) Env.- એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ, (10) CEPTમાં ચાલતા કોર્સમાં ઈન્ટીરિયર ડિઝાઈન, આર્કિટેક્ચર અને બિલ્ડિંગ કન્સ્ટ્રકશનના કોર્સમાંથી કોઈ પણ કોર્સ.

આ ઉપરાંત અન્ય અભ્યાસક્રમો રસ-રુચિ પ્રમાણે તથા પરિવારના વ્યવસાય આધારે પણ પસંદ કરી શકાય છે. જેમકે, (1) વેટરનરી સાયન્સ ઍન્ડ ઍનિમલ હસબન્ડરી - પશુઓના ડૉક્ટરનો કોર્સ કે જે ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીમાં ચાલે છે. (2) આણંદમાં ચાલતો ડેરી ટેક્નૉલોજીનો ડિગ્રી કોર્સ (3) આયુર્વેદમાં બેચલર ઑફ ફાર્મસી (4) બાયોમેડિકલ એન્જિનિયરિંગ (5) ફુડ પ્રોસેસિંગ ઍન્ડ ટેક્નૉલોજીમાં B.E. (6) કોઈ પણ બ્રાંચમાં ડિગ્રી એન્જિનિયરિંગ B.E.નો કોર્સ (7) B.Sc. ઍગ્રિકલ્ચરનો કોર્સ (8) ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીના અન્ય બેચલર ડિગ્રી કોર્સ (9) પ્રાયમરી ટીચર બનવા માટે PTCનો કોર્સ 12 સાયન્સ પછી કરવાનો (10) B.Sc. માઈક્રોબાયૉલોજી (11) B.Sc. બાયોટેક્નોલોજીનો ગુજરાતમાં ચાલતો કોર્સ (12) કોઈ પણ વિષય સાથે B.Sc.નો કોર્સ (13) સાયન્સમાં આગળ અભ્યાસ કરવો ન હોય તો અંગ્રેજી B.A. અથવા અન્ય કોઈ બેચલર ડિગ્રીમાં પ્રવેશ.

નિરમા ઈન્સ્ટિ. ઑફ ટેક્નૉલોજી-અમદાવાદ, DDIT-નડિયાદ, ગણપત વિદ્યાનગર-ખેરવા-મહેસાણા, સર્વ વિદ્યાલય-ગાંધીનગર, અમદાવાદ યુનિવર્સિટી-અમદાવાદ, વર્ધમાન યુનિવર્સિટી (C.U.Shah)-સુરેન્દ્રનગર, GLS-અમદાવાદ, પારૂલ-વડોદરા સહિત ૨૫થી વધુ યુનિવર્સિટીઓને ગુજરાત વિધાનસભા દ્વારા ખાનગી-સ્વાયત્ત-યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવેલ છે. આ યુનિવર્સિટીઓ ખાનગી હોવાથી ફીના ધોરણો ઊંચા હોય છે અને પ્રવેશ કામગીરી મોટાભાગે પોતાના નિયમો આધારે કરતી હોય છે.

૩.૨ ધોરણ-૧૨ સાયન્સ પછી ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો

ધોરણ-૧૧-૧૨ સાયન્સમાં ગ્રુપ પસંદ કરતી વખતે વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી મળનારા કોર્સની જાણકારી મળે તે હેતુથી અહીં ગ્રુપવાઈઝ કોર્સની યાદી આપી છે.

એબી ગ્રુપમાં એક વિષય વધુ ભણવાનો રહે છે. તેની સામે એ ગ્રુપના તમામ અભ્યાસક્રમો તથા બી ગ્રુપના તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાના બંને વિકલ્પો ખુલ્લા રહે છે. એ ગ્રુપ પસંદ કરનાર મેડિકલની તક ગુમાવે છે અને બી ગ્રુપ પસંદ કરનાર વિદ્યાર્થી સંખ્યાબંધ કોર્સ ગુમાવે છે. આ સંજોગોમાં એબી ગ્રુપની પસંદગી વધુ યોગ્ય રહે છે.

ગ્રુપવાઈઝ કોર્સની યાદી

ગ્રુપ - એ
વિષય : મેથ્સ, ફિઝીક્સ અને કેમેસ્ટ્રી

No.	Name of Branch	No.	Name of Branch
1.	Civil Engineering	11.	Petroleum Engineering (5 year Dual Degree M.Tech. Programme)
2.	Electrical Engineering	12.	Computer Science & Engineering
3.	Mechanical Engineering	13.	Aeronautical Engineering
4.	Computer Engineering	14.	Information Technology
5.	Electronics & Communication Engineering	15.	Electronics
6.	Information and Communication Technology (ICT)	16.	Power Electronics
7.	Instrumentation & Control Engineering	17.	Electrical & Electronics Engineering
8.	Chemical Engineering	18.	Bio-Medical & Instrumentation Engineering
9.	Environmental Engineering	19.	Bio-Medical Engineering
10.	Petroleum Engineering (4 year B.Tech. Programme)	20.	Bio Technology
		21.	Mechatronics
		22.	Production Engineering
		23.	Construction Technology & Management
		24.	Industrial Engineering

25. Automobile Engineering
26. Plastic Technology
27. Metallurgy
28. Rubber Technology
29. Textile Engineering
30. Textile Processing
31. Textile Technology
32. Food Processing Technology
33. Irrigation & Water Management
34. Bachelor of Architecture
35. Interior Design
36. Master of Science in Information Technology (Integrated)
37. Master of Science in Computer Application (Integrated)
38. Bachelor of Business Administration
39. Master of Business Administration (Inte.)
40. Bachelor of Hotel Management
41. Bachelor of Computer Application
42. Fashion Technology (NIFT)
43. Dairy Technology
44. Bachelor of Building Construction
45. Marine Engineering
46. Mining Engineering
47. B.Sc. (PMC & PMS Group)
48. Bachelor of Pharmacy

ગ્રુપ - બી

વિષય : ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી

No.	Name of Branch
1.	Bachelor of Medicine & Bachelor of Surgery
2.	Dental
3.	Physiotherapy
4.	Aurvedic
5.	Homeopathy
6.	Bachelor of Pharmacy
7.	Nursing
8.	Vaternity Science
9.	Agriculture
10.	Prosthetics & Orthotics
11.	Optomentry
12.	B.Sc. (PCB & PCZ & Microbiology Group)
13.	B.O.T.

ગ્રુપ - એબી

વિષય : મેથ્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી

No.	Name of Branch
1.	એ ગ્રુપ દ્વારા મળતા તમામ અભ્યાસક્રમો
2.	બી ગ્રુપ દ્વારા મળતા તમામ અભ્યાસક્રમો
3.	Genetic Engineering
4.	Bio Informatics
5.	Food Technology
6.	Tourism Industries

-: ધોરણ-૧૨ સાયન્સ પછીના અભ્યાસક્રમોમાં ફી કેટલી ? :-

ધોરણ-૧૧-૧૨ સાયન્સના બે વર્ષ સુધી પેટે પાટા બાંધીને પોતાના સંતાનોને ભણાવતા ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો માટે ધોરણ-૧૨ સાયન્સ પછી મળતાં અભ્યાસક્રમોમાં ઊંચી ફી ભરવી અતિ મુશ્કેલ હોય છે. ધોરણ-૧૨ સાયન્સ પછી તમે જે લાઈનમાં આગળ વધવા માંગતા હો તે લાઈનમાં કુલ સીટની સંખ્યા કેટલી છે ? તેમાં સરકારી બેઠકોની સંખ્યા કેટલી ? પેમેન્ટ સીટ પર વાર્ષિક ફી કેટલી ચૂકવવી પડશે ? તે અંગેની શક્ય હોય ત્યાં સુધીની તમામ વિગતો નીચેના કોષ્ટકમાં આપેલ છે.

ક્રમ	અભ્યાસક્રમનું નામ	કુલ સીટ	સરકારી સીટની સંખ્યા	સેલ્ફ ફાયનાન્સ સીટની સંખ્યા	સેલ્ફ ફાયનાન્સ સીટની વાર્ષિક ફી
૧.	મેડિકલ (૩૫)	૬૧૫૮	૧૬૦૦	૪૫૫૮	૪.૫૦ લાખથી ૨૦.૦૦ લાખ
૨.	ડેન્ટલ (૧૩)	૧૨૫૫	૨૫૦	૧૦૫૦	૩.૫૦ લાખથી ૧૦.૦૦ લાખ
૩.	એન્જિનિયરીંગ (૧૩૩)	૬૯૪૧૦	૯૮૩૯+૧૫૭૨	૫૬૫૪૪	૦.૬૫ લાખથી ૩.૦૦ લાખ
૪.	ફાર્મસી (૯૪)	૭૬૯૫	૨૪૨+૧૭૬	૭૨૭૭	૦.૬૫ લાખથી ૩.૦૦ લાખ
૫.	આયુર્વેદ (૩૬)	૨૫૪૯	૩૯૪	૨૧૫૫	૨.૬૮ લાખથી ૩.૭૦ લાખ
૬.	હોમિયોપેથી (૪૦)	૪૨૪૦	૫૦૦	૩૭૪૦	૧.૦૦ લાખથી ૧.૭૫ લાખ
૭.	ફિઝીયોથેરાપી (૭૮)	૪૯૮૫	૩૮૦	૪૬૦૫	૦.૬૫ લાખથી ૨.૮૭ લાખ
૮.	નર્સિંગ (૨૪૮)	૧૨૨૨૫	૪૪૦	૧૧૭૮૫	૦.૬૪ લાખથી ૧.૫૩ લાખ
૯.	આર્કિટેકચર (૩૧)	૧૬૦૦	૬૦	૧૫૪૦	૦.૫૦ લાખથી ૩.૦૨ લાખ

-: મેડિકલમાં એડમિશન માટે ટેસ્ટ :-

મેડિકલ કોલજોમાં નેશનલ લેવલની ટોપ મેડિકલ કોલજમાં એડમિશન માટે એન્ટ્રન્સ એકઝામ હોય છે. ભારતની નંબર વન કહેવાય તેવી અને બેસ્ટ કહેવાય તેવી મેડિકલ કોલેજો અને તેમાં એડમિશન માટે લેવાતી અલગ-અલગ એન્ટ્રન્સ એકઝામની વાત કરીએ. અલગ-અલગ પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ મળે તે માટે NEET યોજાય તે સારૂ સુપ્રિમ કોર્ટે આદેશ આપ્યા છે.

૧. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીઝ (AIIMS) : AIIMS એમ્સ તરીકે સુપ્રસિદ્ધ દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીઝ ભારતની નંબર વન મેડિકલ કોલેજ છે. ધોરણ-૧૨ સાયન્સમાં ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી PCB રાખેલ હોય તો તમે AIIMSમાં એડમિશન મેળવી શકો છો. MBBSના પહેલા વર્ષમાં એડમિશન માટે એમ્સની એન્ટ્રન્સ એકઝામ આપવાની હોય છે. પ્રશ્નપત્રમાં ૨૦૦ મલ્ટીપલ ચોઈસ પ્રશ્નો પૂછવામાં આવે છે. ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી દરેક વિષયના ૬૦ પ્રશ્નો કુલ (૬૦ x ૩ = ૧૮૦) અને ૨૦ પ્રશ્નો જનરલ નોલેજના પૂછવામાં આવે છે. સાડા ત્રણ કલાકનો સમય આપવામાં આવે છે. જૂન મહિનામાં એકઝામ લેવામાં આવે છે. MBBS પછી આગળ એમડી અથવા એમએસ અથવા સુપર સ્પેશ્યલાઈઝેશન કરવા માટે નેશનલ લેવલની અલગ ટેસ્ટ છે.

વધુ માહિતી માટે **વેબસાઈટ - www.aiims.edu**.

-: એઈમ્સ પ્રવેશ પરીક્ષા ૨૦૨૧ :-

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સના એમબીબીએસ કોર્સમાં પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ પ્રક્રિયા થશે. આ પરીક્ષા મારફત નવી દિલ્હી ઉપરાંત ભોપાલ, જોધપુર, રાયપુર, ઋષિકેશ, ભુવનેશ્વર અને પટનામાં એઈમ્સ જેવી સંસ્થાઓમાં પ્રવેશ મળશે.

આ પરીક્ષામાં ૩૭૨ બેઠકો માટે અંદાજે ૧.૫૦ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે અંગ્રેજી, ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી સાથે ૧૨માની પરીક્ષામાં પાસ, જનરલ અને ઓબીસી કેટેગરી માટે આ ચારેય વિષયમાં ૬૦% માર્ક્સ હોવા જોઈએ, જ્યારે એસ.સી./એસ.ટી. માટે ૫૦% માર્ક્સ જરૂરી છે.

આ કોર્સની ફી પ્રવેશ સમયે વિદ્યાર્થીએ રૂા. ૪૪૨૮ (એક વર્ષ માટે) જમા કરાવવાના હોય છે. બીજી બાજુ બીએચયુમાં એમબીબીએસની કુલ ફી અંદાજે રૂા. ૭ લાખ છે. એઈમ્સની ફી ઘણી ઓછી છે, કારણ કે મોટાભાગનો ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવે છે. આ પ્રવેશ પરીક્ષામાં જનરલ કેટેગરી માટે ૫૦% અને એસ.સી./એસ.ટી. માટે ૪૦% કટ ઓફ માર્ક્સ રાખવામાં આવ્યા છે.

આ પરીક્ષામાં ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીના ૬૦-૬૦ પ્રશ્ન અને ૨૦ પ્રશ્ન જનરલ અવેરનેસના પૂછાય છે. પ્રત્યેક પ્રશ્ન ૧ માર્કનો હોય છે અને ખોટો જવાબ આપવા માટે ૦.૩૩ માર્ક્સ કપાય છે. આ વર્ષે બેઠકોની સંખ્યા વધી શકે છે. એઈમ્સ જેવી છ સંસ્થાઓમાં પ્રત્યેકમાં ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશની તક અપાય છે.

એઈમ્સ નવી દિલ્હીમાં ૭૨ બેઠકો છે. ૨૦૦૮ પહેલાં તે ૫૦ હતી. હાલ ૨૯૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જ્યારે અભ્યાસ કરાવનાર સિનિયર ડોક્ટરોની સંખ્યા ૫૦૦ છે. આ સિવાય રેસીડેન્ટ ડોક્ટર અને અન્ય સપોર્ટીંગ સ્ટાફની સંખ્યા અલગ છે. જેટલા વિદ્યાર્થી અહીં અભ્યાસ કરે છે, તેનાથી ભણાવનારની સંખ્યા વધુ છે. એઈમ્સ નવી દિલ્હીને રેસીડેન્શીયલ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ એકમાત્ર સંસ્થાન છે કે જ્યાં ૫૫ વિવિધ સ્પેશ્યાલિસ્ટ અને સુપર સ્પેશ્યાલિસ્ટ બ્રાન્ચીસમાં પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી થાય છે.

૨. પૂણેની આર્મ્ડ ફોર્સીસ મેડિકલ કોલેજ : ઈ.સ. ૧૯૪૮માં પૂણેમાં સ્થાપવામાં આવેલી આર્મ્ડ ફોર્સીસ મેડિકલ કોલેજ ભારતીય લશ્કરી દળોની મેડિકલ કોલેજ છે. AMCમાં MBBSનું ભણ્યા પછી ભારતના આર્મી, નેવી તથા એરફોર્સમાં મેડિકલ ઓફિસર (કમિશન્ડ ઓફિસર) તરીકે સાત વર્ષ સુધી નોકરી કરવી ફરજિયાત છે. એના ફોર્મ ફેબ્રુઆરી-માર્ચમાં ભરાય છે અને એકઝામ મે મહિનામાં હોય છે. PCB વિષયો રાખેલ હોય તો આ મેડિકલ કોલેજમાં એડમિશન માટે એન્ટ્રન્સ એકઝામ આપી શકાય છે.

૩. વેલ્લોરની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ (CMC) : તામિલનાડુની ડો. એમજીઆર મેડિકલ યુનિવર્સિટી સાથે સંલગ્ન વેલ્લોરની CMC મેડિકલ કોલેજમાં પ્રવેશ માટે અલગ એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની હોય છે. ભારતની બેસ્ટ મેડિકલ કોલેજોમાં CMC ગણાય છે. PCB વિષયો રાખ્યા હોય તો MBBSમાં એડમિશન માટે આ કોલેજનું ફોર્મ ભરાય.

૪. મનીપાલ યુનિવર્સિટીની મેડિકલ કોલેજ : કર્ણાટકમાં મેંગ્લોર પાસે આવેલ મનીપાલ શહેરની મનીપાલ યુનિવર્સિટી પણ મેડિકલ અને ડેન્ટલમાં એડમિશન માટે અલગ એન્ટ્રન્સ એકઝામ લે છે. ઓનલાઈન એકઝામ આપી શકાય છે. ફોર્મ માર્ચમાં ભરાય છે. એકઝામ એપ્રિલ અને મે મહિનામાં હોય છે. વધુ માહિતી માટે **વેબસાઈટ www.manipal.edu**.

તમે આ વર્ષે ધોરણ-૧૨ સાયન્સ પાસ કર્યું ? ક્યાં ક્યાં ફોર્મ ભરવાના ?

-: રોજ જાહેરાતો વાંચવાની :-

પરિણામ આવે તે દિવસથી ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, નવગુજરાત સમય, ગુજરાત ટુડે, ગુજરાત મિત્ર, ફૂલછાબ, કચ્છમિત્ર, જયહિંદ, સૌરાષ્ટ્ર સમાચાર, અકિલા, આજકાલ જેવા અગ્રગણ્ય ગુજરાતી છાપાઓ તેમજ અમદાવાદથી પ્રસિદ્ધ થતા ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન એક્સપ્રેસ, અમદાવાદ મીરર જેવાં અંગ્રેજી વર્તમાનપત્રોમાં તથા રાજસ્થાનપત્રિકા હિન્દી વર્તમાનપત્રોમાં છપાયેલી જાહેરાતો વાંચવાનું શરૂ કરી દેવાનું. જો તમારા ઘેર એકાદ છાપું આવતું હોય તો બાકીનાં છાપાં નજીકની લાઈબ્રેરીમાં જઈને વાંચવાના અને તમારે ઉપયોગી જાહેરાતો ઉતારી લેવી.

-: કયાં કયાં ફૉર્મ ભરવાના ? :-

(1) **મેડિકલ/એન્જિનિયરિંગ :** ગુજરાતમાં આવેલ તમામ મેડિકલ, આયુર્વેદિક, હોમિયોપથી ફિઝિયોથેરાપી/બી.એસસી./નર્સિંગ/ઓક્યુપેશનલ/ઓપ્ટોમેટ્રી કૉલેજો માટે તથા એન્જિનિયરિંગ, ફાર્મસી માટે online ફૉર્મ એમ ત્રણ ફૉર્મ અલગથી ભરવાના હોય છે. ઓનલાઈન ફોર્મ ચોકસાઈથી ભર્યા બાદ તેની પ્રિન્ટ નજીકના નિશ્ચિત કરેલ હેલ્પ સેન્ટર પર જમા કરાવવાના રહેશે. ઈજનેરી-ફાર્મસીની મૅનેજમેન્ટ કવોટાની બેઠકો માટે અલગ અલગ ફોર્મ ભરવાના થશે. નિયમો ચકાસીને મૅનેજમેન્ટમાં ક્વોટામાં ફૉર્મ ભરવા.

(2) **આર્કિટેક્ચર એન્જિનિયરિંગ :** આર્કિટેક્ચર એન્જિનિયર બનવા માટે એક જ ફૉર્મ ભરવાનું. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને સુરત સહિત અનેક સંસ્થાઓમાં આર્કિટેક્ચર એન્જિનિયરિંગનો કોર્સ ચાલે છે. કેન્દ્રીય પ્રવેશ સમિતિ, એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસ, અમદાવાદ ખાતે પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન થાય છે. કુલ 800 માર્ક્સમાંથી 400 કે તેથી વધુ માર્ક્સ હોય તો ફૉર્મ ભરી શકાય. આ માટે NATA પ્રવેશપરીક્ષા આપવી જરૂરી છે.

(3) **એફ.વાય.બી.એસસી. :** તમારા શહેરની સાયન્સ કૉલેજમાં પરિણામ આવ્યાના બે-ત્રણ દિવસની અંદર ફૉર્મ ભરી દેવા માટે યુનિવર્સિટી દીઠ કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(4) **MBA અને M.Sc.નું ફૉર્મ :** અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી તથા પાટણમાં ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા ધોરણ 12 સાયન્સ અને કૉમર્સના સ્ટુડન્ટ માટે પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ MBA/M.Sc. (I.T.) નો કોર્સ ચાલે છે. જો 60% કરતાં વધારે માર્ક્સ હોય તો ફૉર્મ ભરી શકાય. ઈન્ફર્મેશન ટેક્નૉલોજી અને કમ્પ્યૂટર એપ્લિકેશન્સમાં M.Sc.ના કોર્સનું ફૉર્મ પણ મળશે. એપ્લિકેશન ફૉર્મ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણથી મળશે. મેરિટ આધારે પ્રવેશ મળશે.

(5) **ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીના કોર્સ :** બેચલર ઑફ વેટરનરી સાયન્સ ઍન્ડ ઍનિમલ હસબન્ડરી (પશુઓ માટેના ડૉકટર), બી.એસસી. એગ્રિકલ્ચર, બેચલર ઑફ એગ્રો એન્જિનિયરિંગ, બી.એસસી. હોર્ટિકલ્ચર, ફોરેસ્ટ્રી, ફિશરીઝ વગેરે તમામ બેચલર ડિગ્રી કોર્સમાં એડ્મિશન માટે અલગ અલગ ફૉર્મ ભરવાના હોય છે.

(6) **ડેરી ટેક્નોલોજી :** એપ્લિકેશન ફોર્મ આણંદમાં આવેલ ડેરી સાયન્સ કૉલેજમાંથી અથવા સરદાર કૃષિનગર દાંતીવાડા ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીમાંથી અથવા જૂનાગઢ, નવસારીની ઍગ્રિકલ્ચર કૉલેજમાંથી મળે છે. આ માટે પ્રવેશપરીક્ષા લેવામાં આવે છે.

(7) **નર્સિંગનો કોર્સ :** ધોરણ 12 સાયન્સ પ્રવાહ પછી જિલ્લાવાર નર્સિંગ અને મિડવાઈફરીનો કોર્સ છે અને તેનાં ફૉર્મ દરેક જિલ્લાની સિવિલ હૉસ્પિટલમાંથી મળે છે.

(8) **કન્સ્ટ્રકશન ટેક્નૉલોજી અને ઈન્ટીરિયર ડિઝાઈન :** 12 સાયન્સ પછી અમદાવાદમાં (1) સ્કૂલ ઑફ બિલ્ડિંગ સાયન્સ ઍન્ડ ટેક્નૉલોજીમાં કન્સ્ટ્રકશન ટેક્નૉલોજી કોર્સ તેમજ (2) સ્કૂલ ઑફ ઈન્ટિરિયર ડિઝાઈનમાં ઈન્ટિરિયર ડિઝાઈનનો કોર્સ ચાલે છે. સેન્ટર ફોર એન્વાયરમેન્ટ ઍન્ડ પ્લાનિંગ ટેક્નૉલોજી (સેપ્ટ) કસ્તુરભાઈ લાલભાઈ કૅમ્પસ, ગુજરાત યુનિવર્સિટી સામે આવેલ સંસ્થાઓમાંથી પ્રવેશ ફૉર્મ મળે છે.

(9) **ગૂજરાત વિદ્યાપીઠના કોર્સ :** અમદાવાદમાં આવેલ ગાંધીજીનાં આદર્શ મૂલ્યો આધારિત ગૂજરાત વિદ્યાપીઠમાં બી.એસસી. સમકક્ષ બેચલર ડિગ્રી કોર્સ ચાલે છે. વિદ્યાપીઠના કોર્સ સરકારમાન્ય ડિગ્રી સમકક્ષના કોર્સ છે. વધુ વિગતો માટે ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, ઇન્કમટેકસ ચાર રસ્તા પાસે, અમદાવાદ. ઑફિસમાં રૂબરૂ જઈને માહિતી મેળવવી.

(10) **બિરલા ઈન્સ્ટિટ્યૂટનું ફૉર્મ :** રાજસ્થાનમાં પિલાનીમાં બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી ઍન્ડ સાયન્સ (BITS) ખાતે એન્જિનિયરિંગના ડિગ્રી કોર્સ ચાલે છે. BITSમાં એડ્મિશન મળે તો તરત જ સ્વીકારી લેવું. BITSની જાહેરાત આવે ત્યારે ફૉર્મ ભરી દેવું. BITSAT (પ્રવેશ પરીક્ષા)ના આધાર પર પ્રવેશ મળે છે. **www.bitspilani.ac.in**

(11) **મહારાષ્ટ્ર/કર્ણાટકમાં ફૉર્મ ભરવું :** ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસીના કોર્સ માટે મહારાષ્ટ્ર સ્ટેટનું ફૉર્મ ભરવાનું. એડ્મિશન 12 સાયન્સના માર્ક્સની મેરિટ પર મળે છે. વગર ડોનેશને પ્રવેશપરીક્ષા આધારે મેડિકલમાં પ્રવેશ માટે કર્ણાટકમાં પરીક્ષા આપવી. પ્રવેશ લેતા પહેલાં સંપૂર્ણ વિગત જેવી કે, કૉલેજની માન્યતા, સંલગ્ન યુનિવર્સિટીની વિગત તપાસી લેવી. કૉમન એડમિશન ટેસ્ટ સેલ **www.kar.nic.in/cet** કોન્સોર્ટિયમ ઑફ મેડિકલ ઍન્જી. એન્ડ **www.comedk.org**

(12) **ઈન્ડીયન સ્ટેટેસ્ટીકલ ઈન્સ્ટીટ્યુટમાં પ્રવેશ** વેબસાઈટ : **www.isid.ac.in**

(13) **નેશનલ સ્કુલ ઓફ ડ્રામા-એનએસડી(NSD)માં પ્રવેશ** વેબસાઈટ : **www.nsd.gov.in**

મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથી, ઓક્યુપેશનલ થેરાપીમાં વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની પ્રવેશ પ્રક્રિયા NEET આધારિત કરવામાં આવશે. જ્યારે ફીઝીયોથેરાપી, નર્સિંગ સહિતના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના માર્ક આધારિત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ચાલુ વર્ષે વાલીઓ-વિદ્યાર્થીઓ NEET આધારિત પ્રવેશ પ્રક્રિયાના કારણે અસહ્ય માનસિક તાણ અનુભવી રહ્યા છે. ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા સરળ, ઝડપી અને પારદર્શક રીતે થાય તે માટે રાજ્ય સરકાર ગંભીર બને તે અત્યંત જરૂરી છે.

૩.૩ ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન એડમિશન (વર્ષ ૨૦૨૩) માટે નીચેની વિગતો ખાસ ધ્યાને લેવી.

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ગુજરાત સરકાર)
એલ.ડી.કોલેજ ઑફ ઍન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૦૩૬૦
હેલ્પલાઈન : (૦૭૯) ૨૬૫૬૬૦૦૦. વેબસાઈટ : **www.gujacpc.admissions.nic.in**

ગુજરાતની તમામ એન્જિનિયરીંગ કોલેજોના એડમિશન ACPC (The Admission Committee for Professional Courses - **www.jacpcldce.ac.in**) દ્વારા કોમન મેરીટ લિસ્ટ બનાવીને **www.gujacpc.gujarat.gov.in** પર ઓનલાઈન કરવામાં આવે છે. ઓનલાઈન એડમિશન હોવાથી અને બધી માહિતી સમયસર એડમિશન કમિટીની વેબસાઈટ પર અપડેટ થતી હોવાથી કોઈપણ વિદ્યાર્થી કોલેજ કે બ્રાન્ચના એડમિશનની માહિતી મેળવી શકે છે.

શૈક્ષણિક લાયકાત :

ધોરણ-૧૨(વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા PCM વિષયો સાથે પાસ કરેલી હોવી જોઈએ. Physics અને Maths તથા Chemistry/Biology/Computer વિષયોમાં થિયરી અથવા થિયરી + પ્રેક્ટીકલ સાથે ઓછામાં ઓછા ૪૫% (Open કેટેગરી) અને ૪૦% (SC/ST/SEBC કેટેગરી) માર્ક્સ મેળવેલ હોવા જોઈએ.

ગુજસેટ-૨૦૨૧ની પરીક્ષા આપેલ હોવી જોઈએ.

મેરીટ યાદી બનાવવાની પદ્ધતિ : મેરીટ માર્ક = Board PCM Percentage 0.60 + GUJCET Percentage 0.40

તમામ બોર્ડ (GSEB, CBSE, NIOS, ICSE વગેરે) વચ્ચે એક કોમન મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે.

રજીસ્ટ્રેશન સાથે જોડવાના ડોક્યુમેન્ટ્સ :

તમામ વિદ્યાર્થીઓએ SSC માર્કશીટ, HSC માર્કશીટ, GUJCET માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ જોડવું જરૂરી છે. TFWS માટે વિદ્યાર્થીઓએ ટીડીઓ, ડીડીઓ, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ કુટુંબની રૂા. ૬ લાખથી ઓછી આવકનો દાખલો જોડવો જરૂરી છે. SC/ST માટે ટીડીઓ, ડીડીઓ, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ જાતિનો

માન્ય દાખલો જોડવો જરૂરી છે. SEBC માટે ટીડીઓ, ડીડીઓ, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ જાતિનો માન્ય દાખલો અને પરિશિષ્ટ-૪ મુજબ નોન-ક્રિમીલીયર સર્ટીફીકેટ જોડવું જરૂરી છે. ફીઝીકલ હેન્ડીકેપ વિદ્યાર્થીઓએ જિલ્લાના સિવિલ સર્જન દ્વારા નિયત ફોર્મેટ પ્રમાણે અપાયેલ શારીરિક વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ-ડી(૧) મુજબ) જોડવું જરૂરી છે.

ધોરણ-૧૨ના પરિણામ પછી તરત જ મુખ્ય છાપાઓમાં એડમિશન કમિટીની જાહેરાત આવશે ત્યારે બેંકમાંથી પીન અને ઈન્ફર્મેશન બુકલેટ લેવાના રહેશે. આ પીન ખોવાઈ જશે તો લેવા માટે એડમિશન કમિટી, અમદાવાદ જવું પડશે માટે સાચવીને રાખવો ખૂબ જરૂરી છે. આ પીન કોઈ સાથે શેર ન કરવો હિતાવહ છે.

નિયત સમયમર્યાદામાં www.gujacpc.nic.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ રજીસ્ટ્રેશનની પ્રિન્ટ સાચવી રાખવી જરૂરી છે.

હેલ્પ સેન્ટર એ પ્રવેશ સમિતિ દ્વારા સમગ્ર રાજ્યમાં વિવિધ સંસ્થાઓ ખાતે નિયત કરેલ કેન્દ્રો છે જે વિદ્યાર્થીઓને પ્રવેશને લગતી કાર્યવાહીમાં મદદ કરે છે. જે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના અનામત કે TFWSનો લાભ લેવા માંગતા નથી તેમણે હેલ્પ સેન્ટર ખાતે જવાની જરૂર નથી. બાકીના બધા વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ્સની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી નિયત સમયમર્યાદામાં હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાની રહેશે.

એડમિશન રાઉન્ડ્સ :

એડમિશનના મુખ્યત્વે ચાર રાઉન્ડ હોય છે, જે નીચે મુજબ છે :

૧. મોક રાઉન્ડ (પ્રેક્ટીસ રાઉન્ડ) : આ રાઉન્ડ એ બેઠક પસંદગી તેમજ બેઠકોની ફાળવણીની પ્રક્રિયા સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડથી વિદ્યાર્થી અને વાલીઓને આ વર્ષનો ટ્રેન્ડ શું છે ? અંદાજીત કઈ કોલેજમાં કેટલા મેરીટ નંબર પર એડમિશન અટકે છે ? ચોઈસ ફીલીંગ કઈ રીતે કરવી ? વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. આ રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતું નથી.

૨. એક્ચ્યુઅલ એડમિશન રાઉન્ડ (રાઉન્ડ-૧) : આ ખૂબ જ અગત્યનો રાઉન્ડ છે. આ રાઉન્ડમાં મળેલ એડમિશન કન્ફર્મ કરાવી શકાય છે. મોટાભાગની TFWS બેઠકો આ રાઉન્ડમાં જ ભરાઈ જાય છે જેથી બહુ ચોકસાઈપૂર્વક આ રાઉન્ડમાં ચોઈસ ભરવી. રાઉન્ડ-૧ના એલોટમેન્ટ પછી પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે નિયત સમયમર્યાદામાં નક્કી કરેલ રકમ બેંકમાં ભરવાની હોય છે. જો આ રકમ બેંકમાં ભરવામાં નહીં આવે તો પ્રવેશ રદ્દ થઈ જશે અને પછીના રાઉન્ડમાં આ બેઠક પર તમને પ્રવેશ મળશે નહીં. રાઉન્ડ-૧નું એડમિશન કન્ફર્મ કરો કે ન કરો રાઉન્ડ-૨માં ભાગ લઈ શકો છો.

૩. રીશફલીંગ રાઉન્ડ (રાઉન્ડ-૨) : આ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો છેલ્લો રાઉન્ડ છે. રાઉન્ડ-૧ના એલોટમેન્ટમાં ખાલી રહેલી બેઠકો અને બેંકમાં પૈસા ન જમા કરાવવાના કારણે ખાલી પડતી બેઠકોના એડમિશન આ રાઉન્ડમાં થાય છે. રાઉન્ડ-૨માં એટલી જ ચોઈસ ભરવી કે જેમાં એડમિશન મળે તો ચોક્કસ લેવું જ હોય; બાકીની બધી ચોઈસ ડીલીટ કરી નાંખવી. જો તમને રાઉન્ડ-૨માં બેઠક ફાળવવામાં આવશે તો રાઉન્ડ-૧નો પ્રવેશ આપમેળે રદ્દ થઈ જશે અને ફરજિયાતપણે તમારે રાઉન્ડ-૨માં ફાળવવામાં આવેલી બેઠક પર જ એડમિશન લેવું પડશે. જો રાઉન્ડ-૨માં તમે ભરેલી ચોઈસમાં એડમિશન ન મળે તો રાઉન્ડ-૧નું કન્ફર્મ કરાવેલ એડમિશન ચાલુ રહેશે.

૪. ઓફલાઈન રાઉન્ડ કે MQ / VQ Spot Round : રીશફલીંગ રાઉન્ડ પછી સમય સંજોગો અનુસાર એડમિશન કમિટી નિર્ણય લઈને ઓફલાઈન સ્પોટ રાઉન્ડનું આયોજન કરે છે અથવા જે-તે કોલેજને મેરીટ મુજબ બેઠકો ભરવાની સત્તા આપે છે. જો ઓફલાઈન રાઉન્ડ થાય તો રૂબરૂ એડમિશન કમિટી, અમદાવાદ ખાતે જવાનું હોય છે. જો કોલેજોને સત્તા આપવામાં આવે તો જે કોલેજમાં એડમિશન લેવું હોય ત્યાં રૂબરૂ અરજી કરવાની રહેશે અને મેરીટ મુજબ એડમિશન ફાળવવામાં આવશે.

VQ Admission : બધા રાઉન્ડ પૂરા થઈ જાય પછી ખાલી રહેલી બેઠકો પરના એડમિશન માટે રૂબરૂ જે-તે કોલેજનો સંપર્ક કરવાનો રહેશે.

MQ / NRI Admission : SFI કોલેજમાં ૨૫% બેઠકો MQ / NRI એડમિશન માટે ફાળવવામાં આવે છે. આ બેઠકો પરના એડમિશન માટે જે-તે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

જ્યાં સુધી એડમિશન કમિટી દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયાની જાહેરાત સત્તાવાર રીતે કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીએ કોઈપણ પ્રકારની ફી કોલેજ ખાતે ભરવાની રહેશે નહીં. એડમિશન કમિટી કોલેજ ખાતે હાજર થવાની છેલ્લી તારીખ જાહેર કરશે, જે વિદ્યાર્થી તે સમય સુધીમાં કોલેજ ખાતે હાજર નહીં થાય તેનું એડમિશન રદ્દ થવાને પાત્ર છે.

એડમિશન કેન્સલેશન અથવા ફી રીફન્ડ : ઓનલાઈન એડમિશન કેન્સલ કરવાની છેલ્લી તારીખ સુધીમાં જો વિદ્યાર્થી એડમિશન કેન્સલ કરાવશે તો એડમિશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બેંકમાં જમા કરાવેલ ફી વિદ્યાર્થીને પરત કરવામાં આવશે. એડમિશન કેન્સલેશનની છેલ્લી તારીફ પછી એડમિશન કેન્સલ કરાવનારને ભરેલ ફીનું રીફંડ જે-તે સમયના પ્રવર્તમાન નિયમ મુજબ

રહેશે. આવા કિસ્સાઓમાં ખાલી પડેલ બેઠક અન્ય વિદ્યાર્થી દ્વારા ભરાશે તો તેવા જ સંજોગોમાં ભરેલ ફી રીફંડ મળવાને પાત્ર રહેશે અન્યથા એક સેમેસ્ટરની ફી ભરવાની રહેશે. વેકન્ટ રાઉન્ડ પૂર્ણ થયા બાદ એડમિશન કેન્સલ કરાવનાર વિદ્યાર્થીએ એક સેમેસ્ટરની ફી ભરવાની રહેશે.

ઓરીજનલ ડોક્યુમેન્ટ હેલ્પ સેન્ટર કે કોલેજ ખાતે જમા કરાવવાના હોતા નથી, સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી જ જમા કરાવવાની હોય છે. પૂરતું હોમવર્ક કરીને કાગળ પર ચોઈસની યાદી બનાવવી. ત્યારબાદ જ ઓનલાઈન ચોઈસ ફીલીંગ કરવી. ફીલ કરેલ ચોઈસની પ્રિન્ટ કાઢી લેવી. આલ્ફાબેટીક ક્રમને બદલે તમારે જે ક્રમમાં એડમિશન લેવું હોય તે ક્રમમાં ચોઈસ ભરવી. TFWS અને Non-TFWSની ચોઈસ અલગથી ભરવી. જે બેઠક ઉપર એડમિશન મળે તેમ જ ન હોય તે ચોઈસ ભરવાનો મતલબ નથી. રીઆલીસ્ટીક ચોઈસ ભરવાથી તમે ચોઈસની યાદીને બહુ સારી રીતે મેનેજ કરી શકશો. બહુ ઓછી ચોઈસ પણ ન ભરવી અને બહુ વધારે પણ ન ભરવી.

કોલેજની પસંદગી કેવી રીતે કરશો ?

કોલેજ એ વિદ્યાર્થીના પ્રોફેશનલ જીવનનું પ્રથમ પગથિયું છે. જ્યાં તેની કારકિર્દીનું ગણતર, ભણતર અને ઘડતર થાય છે. જો કોલેજના ચાર વર્ષનો સાચી રીતે શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરવામાં આવે તો કારકિર્દીમાં ઝડપથી સફળતા મળે છે.

વિદ્યાર્થીએ કોલેજ ફાઈનલ કરતાં પહેલાં ઘણી બધી બાબતો તપાસવી પડે છે. કોલેજ પસંદગીની વાત આવે ત્યારે મનમાં ઘણાં પ્રશ્નો ઉદ્‌ભવે છે. સરકારી કોલેજ પસંદ કરવી કે ખાનગી કોલેજ પસંદ કરવી ? હોમટાઉનની કોલેજ કે મેટ્રો સીટીની કોલેજ ? શૈક્ષણિક વાતાવરણ કે કોસ્મોપોલીટન કલ્ચર ? ડીસીપ્લીન્ડ એન્વાયરમેન્ટ કે લીબરલ એન્વાયરમેન્ટ ? વગેરે પ્રશ્નો મનમાં ઉદ્‌ભવે છે. સૌથી વધારે મૂંઝવતો પ્રશ્ન છે કે આ બાબતોની સાચી અને સચોટ માહિતી ક્યાંથી અને કેવી રીતે મેળવવી ? વિદ્યાર્થી માટે કુટુંબની આર્થિક પરિસ્થિતિ, હોમટાઉનમાં જ રહેવું છે કે બહારગામ હોસ્ટેલમાં વગેરે બાબતોને ધ્યાનમાં રાખી સારી કોલેજ પસંદ કરવી એ મૂંઝવણભર્યું કામ છે. જો વૈજ્ઞાનિક પદ્ધતિથી બધી બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો આ કાર્ય સરળ બની જાય છે.

કોલેજની પસંદગી મુખ્યત્વે ત્રણ પ્રકારે કરી શકાય છે :

(૧) કોલેજની ઓફીશીયલ વેબસાઈટ પરથી : કોલેજની વેબસાઈટ પર મહત્ત્વની તમામ માહિતી મળશે જેવી કે ફેકલ્ટી, ઈન્ફ્રાસ્ટ્રકચરલ, પ્લેસમેન્ટ (વિદ્યાર્થી અને કંપનીના નામ સાથે), ફી સ્ટ્રકચર, સ્કીલ ડેવલપમેન્ટ એક્ટીવીટી વગેરે.

ફેકલ્ટી : સારું શિક્ષણ મેળવવા માટે વેલ-ક્વોલીફાઈડ અને અનુભવી શિક્ષકોની ટીમ હોવી જરૂરી છે. પ્રોફેસરોની સંખ્યા, તેમના ક્વોલીફીકેશન, ટીચીંગની સાથે-સાથે ઈન્ડસ્ટ્રીયલ અનુભવ વગેરે બાબતોની માહિતી મેળવવી જોઈએ.

ઈન્ફ્રાસ્ટ્રકચર : કોલેજનું ઈન્ફ્રાસ્ટ્રકચર કેવું છે તે ફોટો ગેલેરી અથવા ડીપાર્ટમેન્ટના પેજીસમાંથી જાણી શકાય છે. વિવિધ લેબોરેટરી, લાયબ્રેરી, વર્કશોપ, કોમ્પ્યુટર લેબ, ક્લાસરૂમ વગેરેની માહિતી મેળવવી જોઈએ.

ઈ-મટીરીયલ : બુક્સ ઉપરાંત વિદ્યાર્થીને મદદરૂપ થઈ શકે તેવા મટીરીયલ્સ જેવા કે વીડીયો લેક્ચર્સ, લેકચર નોટ્સ, પ્રેઝન્ટેશન્સ વગેરે ઉપલબ્ધ છે કે નહીં તેની માહિતી મેળવવી જોઈએ.

પ્લેસમેન્ટ : કોલેજ દ્વારા પ્લેસ્ડ વિદ્યાર્થીની સંપૂર્ણ માહિતી જેમ કે વિદ્યાર્થીના નામ, કંપનીના નામ, પગાર, જોબ પ્રોફાઈલ વગેરેની માહિતી મેળવવી. ટ્રેઈનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફિસર પાસેથી વધારે માહિતી મેળવી શકાય.

ફી સ્ટ્રકચર : ટ્યુશન ફી તથા અન્ય ફીની માહિતી વેબસાઈટ પર આપેલ હોવી જોઈએ. કોલેજ વેબસાઈટની સાથે ફી કમિટીની વેબસાઈટની પણ વિઝીટ કરવી જોઈએ.

સ્કીલ ડેવલપમેન્ટ એક્ટીવીટી : આજના સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા માટે સ્કીલ મેળવવી જરૂરી છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝ રેડી બનાવવા માટે કઈ અને કેવા પ્રકારની ટેકનીકલ એક્ટીવીટી કરાવવામાં આવે છે તેની માહિતી મેળવવી જોઈએ.

(૨) એન્જિનિયરીંગ એડમીશન એપ્લીકેશન પરથી : આ એપ્લીકેશનમાં અગત્યની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બેઝીક માહિતી : એડ્રેસ, ફોન નંબર, વેબસાઈટ, ફી કમિટી દ્વારા માન્ય કરાયેલ ફી, યુનિવર્સિટી એફીલીએશન, બેઠકોની સંખ્યા, ભરાયેલ બેઠકોની સંખ્યા, ગયા વર્ષના કટ-ઓફ વગેરેની માહિતી મેળવી શકાશે.

જીટીયુ રીઝલ્ટ : જીટીયુનો રીઝલ્ટ રેન્ક ટીચીંગ ક્વોલીટી અને વિદ્યાર્થીની વ્યક્તિગત દેખભાળનું પરિણામ છે. રીઝલ્ટ રેન્કને એડમિશન રેન્ક સાથે સરખાવવાથી વધારે આઈડીયા આવશે.

ઈનટેક : કોલેજની કુલ બેઠકો અને બ્રાન્ચ દીઠ બેઠકોની સંખ્યા ક્વોલીટી એજ્યુકેશનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

વેકેન્ટ સીટ : ૨૦૧૭માં ઘણી કોલેજોમાં કુલ એડમિશનની સંખ્યા બેઠકોની સંખ્યાના ૩૦% કરતાં પણ ઓછી હતી. કોલેજમાં કેટલી બેઠકો ભરાઈ છે એની માહિતી પણ કોલેજ પસંદ કરવા માટે અગત્યનું પરિબળ છે.

(૩) **કોલેજની જાતે મુલાકાત લઈને :** ઉપરોક્ત પદ્ધતિથી કોલેજ પસંદ કર્યા બાદ કોલેજની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ. કોઈપણ કોલેજ કે કેમ્પસમાં પગ મુકતાં જ તે કોલેજ આપણને અનુકૂળ છે કે નહીં તેનો આઈડીયા આવી જશે.

એન્વાયરમેન્ટ : શિસ્તબદ્ધ શૈક્ષણિક વાતાવરણ એ સારા અભ્યાસ માટેની પ્રથમ જરૂરિયાત છે. કેમ્પસનું વાતાવરણ શાંત, સ્વચ્છ અને હેલ્ધી કોમ્પીટીટીવ હોય તો વિદ્યાર્થીને ભણવાની મજા આવે છે.

હોસ્ટેલ અને ટ્રાન્સપોર્ટેશન : જો હોસ્ટેલની સુવિધા હોય તો તેની રૂબરૂ મુલાકાત લઈને નિરીક્ષણ કરવું. જો કોલેજ દ્વારા ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ હોય તો તમારા ઘરની નજીકના પીકઅપ પોઈન્ટની માહિતી મેળવવી જરૂરી છે.

ઈન્ફ્રાસ્ટ્રકચર : જે બ્રાન્ચમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હો તેની લેબોરેટરી, લાયબ્રેરી, ક્લાસરૂમ, કોમ્પ્યુટર સેન્ટર, કેન્ટીન વગેરેની મુલાકાત લેવી જોઈએ.

કોલેજ ટાઈમીંગ : કોલેજનો સમય અનુકૂળ હોવો જોઈએ, જેથી વિદ્યાર્થીના કિંમતી કલાકો વેડફાય નહીં અને વિદ્યાર્થી અન્ય કારકિર્દી ઘડતરની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે.

જો કોઈ વિદ્યાર્થીને પૂછીને કોલેજની પસંદગી કરતા હો તો ૧૦-૧૫ વર્ષ પહેલાં ભણી ગયેલ વિદ્યાર્થીઓ કરતાં હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો મત જાણવો ખૂબ જ જરૂરી છે, કારણ કે તેઓ કોલેજની અત્યારની વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ હોય છે અને કોલેજ વિશેની સાચી માહિતી જાણી શકાય.

૩.૪ એન્જિનિયરીંગ શું છે ?

કોઈપણ મશીન, સ્ટ્રકચર કે સિસ્ટમની ડીઝાઈન, ડેવલપમેન્ટ અને ઓપરેશન કરવા માટે વૈજ્ઞાનિક જ્ઞાન અને મેથેમેટીકલ પદ્ધતિનો ઉપયોગ એટલે એન્જિનિયરીંગ.

સરળ ભાષામાં કહીએ તો ગણિત અને વિજ્ઞાનની મદદથી જટીલ પ્રશ્નોનું નિરાકરણ કરી આપણી રોજબરોજની જિંદગીને સરળ બનાવવી એટલે એન્જિનિયરીંગ.

આપણી રોજબરોજની જિંદગીની ભૌતિક સુખ, સુવિધા, સગવડો એન્જિનિયરીંગને આભારી છે. કુદરતના નિયમોને શોધવાનું કામ વૈજ્ઞાનિકો કરે છે પણ એ નિયમોની મદદથી જીવનપયોગી સાધનો બનાવવાનું કામ એન્જિનિયરોનું છે. જેમ કે, એકવાર વીજળીની શોધ થઈ એટલે તેના પરથી ઈલેકટ્રીકલ ઈક્વીપમેન્ટ્સ જેવા કે લેમ્પ, પંખો, ફ્રીજ, એસી, વોશીંગ મશીન, કોમ્પ્યુટર, ટેલિવિઝન, મોબાઈલ, વોટર ફિલ્ટર વગેરેનું નિર્માણ એન્જિનિયરોએ કર્યું છે. કોઈપણ એક કુદરતી નિયમ પરથી એન્જિનિયરો અગણિત વસ્તુઓ બનાવી શકે છે. એન્જિનિયરો ટેકનોલોજીને એટલી બધી ઝડપે વિકસાવી રહ્યા છે કે દિન-પ્રતિદિન નવા સંશોધનો થઈ રહ્યા છે. છેલ્લાં થોડાં વર્ષોમાં આપણાં ઘરમાંથી સીઆરટી ટીવીનું સ્થાન પ્લાઝમા/એલસીડી ટીવીએ લીધું હતું અન અત્યારે એલઈડી ટીવી લઈ રહ્યા છે. એ જ રીતે સાદી ટ્યુબલાઈટમાંથી સીએફએલ અને તેમાંથી એલઈડીમાં પરિવર્તન થઈ રહ્યું છે. આંખના પલકારામાં ટેકનોલોજી બદલાઈ જાય છે.

બ્રાન્ચ શું છે ?

સરળ ભાષામાં કહીએ તો બ્રાન્ચ એટલે કામનો પ્રકાર (કાર્યક્ષેત્ર). દા.ત. મિકેનિકલ એન્જિનિયર પ્રોડક્ટ ડીઝાઈન, મશીન ઓપરેશન, મેન્યુફેકચરીંગ વગેરેને લગતા કાર્ય કરે છે. સિવિલ એન્જિનિયર બાંધકામ, પાણીપુરવઠા, ટ્રાન્સપોર્ટેશન વગેરેને લગતા કાર્ય કરે છે. કોઈપણ બ્રાન્ચની વધતા-ઓછા અંશે હંમેશા માંગ રહેવાની જ છે. તમે જે બ્રાન્ચ પસંદ કરશો તેમાં આગળ જતા તમી પ્રોફેશનલ કારકિર્દી બનશે. આજની તારીખે ગુજરાતમાં ૪૦ કરતાં પણ વધારે બ્રાન્ચની પસંદગી, ૧૩૦ કરતાં વધારે કોલેજોમાં મળી રહે છે.

બ્રાન્ચના પ્રકાર

૧. બેઝીક બ્રાન્ચ (Core Branch)

સામાન્યપણે વિદ્યાર્થીનું એવું માનવું છે કે જૂની બધી બ્રાન્ચ બેઝીક અને નવી બધી બ્રાન્ચ સ્પેશ્યલાઈઝ છે, પણ હકીકતમાં એવું નથી. જે બ્રાન્ચની જરૂરિયાત સર્વવ્યાપી છે, જે બ્રાન્ચમાં નોકરીની તકો રહેલી છે તેવી બ્રાન્ચને બેઝીક બ્રાન્ચ કહેવામાં આવે છે.

બેઝીક બ્રાન્ચમાં નીચેની પાંચ બ્રાન્ચનો સમાવેશ થાય છે.

સિવિલ	બાંધકામ, પાણીપુરવઠા, વેસ્ટ મેનેજમેન્ટ વગેરે.
મિકેનિકલ	મશીનરી, ઔદ્યોગિક ઉત્પાદન, ફેકટરી વગેરે.
ઈલેકટ્રીકલ	વીજળીનું ઉત્પાદન, નિયમન અને વિતરણ, ઈલેકટ્રીકલ મશીન, ઈલેકટ્રીફીકેશન વિગેરે.
કોમ્પ્યુટર	સોફ્ટવેર, વેબસાઈટ, મોબાઈલ એપ્સ વગેરે.
ઈ.સી.	ઓટોમેશન, કોમ્યુનિકેશન, હાર્ડવેર વગેરે.

કોમ્પ્યુટર

કોમ્પ્યુટર સાયન્સ
ઈન્ફર્મેશન ટેકનોલોજી
ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી

ઈલેક્ટ્રોનિક્સ કોમ્યુનિકેશન (ઈસી)

ઈલેક્ટ્રોનિક્સ
ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ
ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન
ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ
બાયો મેડીકલ

ઈલેક્ટ્રીકલ

ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ
પાવર ઈલેક્ટ્રોનિક્સ

સિવિલ

આર્કીટેક્ચર
એન્વાયરમેન્ટલ
એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ
એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી
વોટર મેનેજમેન્ટ

મિકેનિકલ

એરોનોટીકલ
ઓટોમોબાઈલ
ઈન્ડસ્ટ્રીયલ
મેન્યુફેક્ચરીંગ
મેકાટ્રોનિક્સ
પ્રોડકશન
પ્લાસ્ટિક
રબર

કોઈપણ ઈન્ડસ્ટ્રીની શરૂઆત સિવિલ બાંધકામથી થાય છે. ત્યારબાદ મિકેનિકલ મશીનરી ગોઠવાઈને ઉત્પાદન શરૂ થાય છે, જેના માટે ઈલેક્ટ્રીસીટીની જરૂરિયાત રહે છે. ઈન્ડસ્ટ્રીને મેનેજ કરવા માટે કોમ્પ્યુટર સોફ્ટવેર તેમજ માર્કેટીંગ માટે વેબસાઈટની જરૂરિયાત રહે છે. ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશનની મદદથી ઈન્ડસ્ટ્રીમાં ઓટોમેશન થાય છે. આ પાંચ બ્રાન્ચની મદદ વગર કોઈપણ ઈન્ડસ્ટ્રી, ઓફિસ કે ઘર ચલાવવું શક્ય નથી. બેઝીક બ્રાન્ચમાં નોકરીની વિપુલ તકો તમારા પોતાના જ શહેરમાં રહેલી છે. આ ઉપરાંત વિવિધ જોબ ટાઈટલ (કાર્યક્ષેત્ર) ધરાવતી નોકરીઓ મનપસંદ સ્થળે મળી રહે છે. ઘરનો બિઝનેસ શરૂ કરવા માટે પણ આ બધી બ્રાન્ચ ઉપયોગી રહે છે. વિદ્યાર્થીઓને ખાસ સૂચન છે કે બને ત્યાં સુધી બેઝીક બ્રાન્ચને પ્રથમ પસંદગી આપવી જોઈએ કારણ કે, બી.ઈ. પછીના તમામ વિકલ્પો ખુલ્લા રહે છે. જે વિદ્યાર્થીઓને બી.ઈ. પછી તરત નોકરી કરવાની ઈચ્છા છે તેમણે બેઝીક બ્રાન્ચ પસંદ કરવી હિતાવહ છે.

૨. સ્પેશ્યલાઈઝ બ્રાન્ચ (Derived Branch)

ખાસ પ્રકારના કાર્યને ધ્યાનમાં રાખીને જે-તે સમયની માંગ મુજબ બેઝીક બ્રાન્ચમાં ફેરફાર કરીને સ્પેશ્યલાઈઝ બ્રાન્ચની રચના કરવામાં આવે છે. દા.ત. મિકેનિકલમાંથી ઓટોમોબાઈલ, મેકાટ્રોનિક્સ, પ્રોડકશન; ઈલેક્ટ્રીકલમાંથી પાવર ઈલેક્ટ્રોનિક્સ; કોમ્પ્યુટરમાંથી આઈટી, આઈસીટી વગેરે. બેઝીક બ્રાન્ચનો વિદ્યાર્થી સ્પેશ્યલાઈઝ બ્રાન્ચમાં કામ કરી શકે છે પણ સ્પેશ્યલાઈઝ બ્રાન્ચનો વિદ્યાર્થી બેઝીક બ્રાન્ચમાં કામ કરી શકતો નથી. દા.ત. મિકેનિકલ એન્જિનિયરને ઓટોમોબાઈલ કંપનીમાં નોકરી મળે છે પણ ઓટોમોબાઈલ એન્જિનિયરને મિકેનિકલના અન્ય ક્ષેત્રો જેવા કે થર્મલ, પ્રોડક્ટ ડીઝાઈન, મેન્યુફેક્ચરીંગ વગેરેમાં નોકરી મળતી નથી. સ્પેશ્યલાઈઝ બ્રાન્ચમાં નોકરીની તકો મર્યાદિત પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત નોકરી કરવા માટેના સ્થળ પણ ચોક્કસ જ હોય છે. જેમ કે, ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ માટે મહત્તમ તકો ગુડગાંવ અને પુનામાં છે. જો વિદ્યાર્થી કોઈપણ શહેરમાં નોકરી કરવા જવા તૈયાર હોય અને બ્રાન્ચ વિષેની પૂરી સમજણ મેળવેલી હોય તો જ સ્પેશ્યલાઈઝ બ્રાન્ચને પસંદગી આપવી જોઈએ, અન્યથા બેઝીક બ્રાન્ચમાં બી.ઈ. કર્યા પછી એમ.ઈ.માં સ્પેશ્યલાઈઝેશન પસંદ કરવું જોઈએ.

૩. અન્ય બ્રાન્ચ

બેઝીક બ્રાન્ચ અને સ્પેશ્યલાઈઝ બ્રાન્ચ સિવાયની બ્રાન્ચ અન્ય બ્રાન્ચ તરીકે ઓળખાય છે. અન્ય બ્રાન્ચ બહુ ઓછી કોલેજો દ્વારા ચલાવવામાં આવે છે. એરોનોટીકલ, બાયોટેકનોલોજી, ફુડ પ્રોસેસીંગ, નેનો ટેકનોલોજી, પેટ્રોલિયમ એન્જિનિયરીંગ વગેરે અન્ય બ્રાન્ચ છે. અન્ય બ્રાન્ચ પસંદ કરતાં પહેલાં જે-તે કોલેજની રૂબરૂ મુલાકાત લઈને અત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો મત જાણવો અનિવાર્ય છે. આ ઉપરાંત છેલ્લા બેથી ત્રણ વર્ષના પ્લેસમેન્ટ ડેટાનો પણ અભ્યાસ કરવો જરૂરી છે. જો તમારો ફેમીલી બિઝનેસ અન્ય બ્રાન્ચને લગતો હોય તો તમે તેની પસંદગી કરી શકો છો.

What is Engineering?

- કોઈ પણ મશીન (યંત્ર), સ્ટ્રક્ચર (રચના) કે સિસ્ટમ (પ્રણાલી)ની ડિઝાઇન, ડેવલોપમેન્ટ અને ઓપરેશન કરવા માટે વૈજ્ઞાનિક જ્ઞાન અને મેથેમેટીકલ પદ્ધતીનો ઉપયોગ એટલે એન્જીનીયરીંગ. સરળ ભાષામાં કહીએ તો ગણિત અને વિજ્ઞાનની મદદથી જટીલ પ્રશ્નોનું નિરાકરણ કરીને આપણી રોજીંદી જીંદગીને વધારે સુગમ બનાવવી એટલે એન્જીનીયરીંગ.
- આપણી રોજબરોજની જીંદગીના ભૌતિક સુખ, સુવિધા, સગવડો એન્જીનીયરીંગને આભારી છે.

> એન્જીનીયરીંગ વગર
> વિજ્ઞાન માત્ર એક
> ફિલોસોફી (વિચાર)
> જ બની જાય છે.

> વૈજ્ઞાનિકો એ શોધે છે કે જેનું
> પહેલેથી જ અસ્તિત્વ હોય છે;
> એન્જીનીયર્સ એ બનાવે છે કે જેનુ
> ક્યારેય અસ્તિત્વ હોતુ જ નથી.
> – આલ્બર્ટ આઇન્સટાઇન

> જાણવું એટલે
> વિજ્ઞાન;
> બનાવવું એટલે
> એન્જીનીયરીંગ
> – હેન્રી પેટ્રીસ્કી

વિજ્ઞાન (Pure Science)

- વૈજ્ઞાનિકોનું મુખ્યકામ કુદરતના સિધ્ધાંતોને (નિયમો / ઘટના વગેરે) શોધવાનું છે. આ સિધ્ધાંતોનું કુદરતમાં અસ્તિત્વ હંમેશા હોય જ છે પણ આપણને જાણ હોતી નથી. આ સિધ્ધાંતોને જાણવાનું અને સમજવાનું કામ વૈજ્ઞાનિકો કરે છે.
- આ સિધ્ધાંતો અફર હોય છે જેમાં આપણે કોઇપણ ફેરફાર કરી શકતા નથી.
- ટૂંકમાં, વિજ્ઞાન એટલે કુદરત.

એન્જીનીયરીંગ (Applied Science)



- વૈજ્ઞાનિકો દ્વારા કોઈ સિધ્ધાંતની શોધ થાય પછી એન્જીનીયરીંગનું કામ શરૂ થાય છે.
- જેમ કે ઇલેક્ટ્રિસિટીની શોધ થઇ ત્યાર પછી પાવર પ્લાન્ટની સ્થાપનાથી લઇને ઇલેક્ટ્રિસિટીનું જનરેશન, ટ્રાન્સમીશન અને ડિસ્ટ્રીબ્યુશન એન્જીનીયર્સનું કામ છે. આ ઉપરાંત ઇલેક્ટ્રિસિટી દ્વારા ચાલતા ઉપકરણો જેવા કે ટ્યુબલાઇટ, ફેન, ફ્રીજ, એસી, વોશિંગ મશીન, કોમ્પ્યુટર, ટેલીવીઝન, મોબાઇલ, વોટર ફિલ્ટર વગેરેની ડિઝાઇન, મેન્યુફેક્ચરિંગ અને મેઇન્ટેનન્સનું કામ પણ એન્જીનીયર્સ જ કરે છે.
- કોઇપણ કુદરતી નિયમના આધારે, એન્જીનીયર્સ અગણિત વસ્તુઓ બનાવી શકે છે.
- ટૂંકમાં, એન્જીનીયરીંગ એટલે માનવજાત.

ટેક્નોલોજી (Implemented Science)

- એન્જીનીયર્ડ પ્રોડક્ટને લોકભોગ્ય (સસ્તી,ટકાઉ,રીપેરેબલ) બનાવીને દરેક ઘર સુધી પહોંચાડવી એટલે ટેક્નોલોજી
- છેલ્લા થોડા વર્ષોમાં આપણાં ઘરમાંથી CRT TVનું સ્થાન Plasma/LCD TV એ લીધુ હતુ અને અત્યારે LED TV લઇ રહ્યા છે. આ જ રીતે ટ્યુબલાઇટમાંથી CFLમાં અને CFLમાંથી LED લેમ્પમાં પરિવર્તન થઇ રહ્યુ છે.
- એન્જીનીયર્સ ટેક્નોલોજીને એટલી બધી ઝડપે વિકસાવી રહ્યા છે કે આંખના પલકારામાં ટેક્નોલોજી બદલાઇ જાય છે.

ટૂંકમાં એન્જીનીયરીંગ એટલે કોઈપણ સમસ્યાનું નિરાકરણ

- કોઈપણ પ્રોડક્ટનો આઇડીયા / જરૂરીયાત આવે ત્યારે સૌ પ્રથમ R&Dની મદદથી ડિઝાઇન તૈયાર થાય છે. આ ડિઝાઇનના આધારે પ્રોટોટાઇપ બનાવવામાં આવે છે અને તેનું ટેસ્ટીંગ થાય છે. ત્યારબાદ ફાઇનલ પ્રોડક્ટનું માસ પ્રોડક્શન થાય છે. આ આખી પ્રોસેસ એન્જીનીયરીંગ પ્રોસેસ છે.
- સવારે જાગો ત્યારે ટૂથબ્રશથી લઇને રાત્રે સુવો ત્યારે Mosquito Liquid Vaporizer Machine (ગુડનાઇટ, ઓલઆઉટ, મેક્ષો વગેરે) સુધીની તમામ વસ્તુઓ એન્જીનીયર્ડ પ્રોડક્ટ છે.
- **વિકાસશીલ ભારતની મુખ્ય ૩ જરૂરીયાતો ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર અને મેન્યુફેક્ચરિંગ છે જે સિવિલ એન્જીનીયરીંગ, ઇલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ અને મિકેનીકલ એન્જીનીયરીંગને આધારીત છે. એન્જીનીયરીંગ ક્ષેત્ર આડકતરી રીતે અન્ય ફિલ્ડમાં પણ નોકરીની અઢળક તકો ઉભી કરે છે.**

Engineering: વિવિધતા અને ઊંડાણતા

- એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી આપણા રોજબરોજના જીવન સાથે સંકળાયેલા હોવાથી તેમા અગણિત તકો રહેલી છે.
- એન્જીનીયરીંગની ઘણી બધી બ્રાન્ચમાંથી જો સિવિલ એન્જીનીયરીંગનું ઉદાહરણ લઈએ તો સિવિલ એન્જીનીયરીંગમાં અંદાજે 10 કરતાં વધારે પેટા શાખાઓ છે જેવી કે સ્ટ્રક્ચરલ, કન્સ્ટ્રક્શન, ટ્રાન્સપોર્ટેશન, એન્વાયરમેન્ટ, વોટર રીસોર્સ, જીયોટેકનીકલ, આર્કિટેક્ચર વગેરે. જો કન્સ્ટ્રક્શનનું ઉદાહરણ લઈએ તો તેમાં બિલ્ડીંગ (Highrise, Lowrise), રોડ, ડેમ, બ્રિજ, હાર્બર, એરપોર્ટ, ટનલ વગેરેનું બાંધકામ આવે છે. આ દરેકની ટેક્નોલોજી અને ટેકનીક અલગ-અલગ છે. જો બ્રિજમાં જ આગળ જોઈએ તો તેના પણ ઘણા બધા પ્રકારો છે જે દરેકની નિર્માણ પધ્ધતી જુદી-જુદી હોય છે.
- આમ, સિવિલ એક જ બ્રાન્ચમાં અંદાજે 100 કરતાં પણ વધારે પ્રકારના નિષ્ણાતોની જરૂરીયાત પડે છે.



In a few years, you'll be able to tell your car
"take me home, go here, go there"

Placement Scenario

- આજકાલ વારંવાર એવું સાંભળવા મળે છે કે

  હવે એન્જીનીયરીંગમાં પહેલા જેવી તકો નથી! પ્લેસમેન્ટ થતું નથી! નોકરી મળતી નથી અને મળે તો પણ માંડ 10,000ની જ મળે છે!

  પરંતુ હકીકત કાંઈક અલગ જ છે. ઈન્ડસ્ટ્રીઝને જોઈએ છે તેટલા અને જોઈએ છે તેવા એન્જીનીયર્સ આજની તારીખે પણ મળતા નથી.
- જો એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓની કેરીયર પસંદગીનું એનાલિસિસ કરવામાં આવે તો સાચું ચિત્ર સ્પષ્ટ થાય છે.



10-15% અભ્યાસ અધૂરો છોડી દે છે.
15-20% પ્લેસમેન્ટમાં ભાગ લેતા નથી.
40-50% જ પ્લેસમેન્ટમાં ઈન્ટરેસ્ટેડ હોય છે.
10-15% આગળ અભ્યાસ કરે છે.
15-20% ફેમિલી બિઝનેસ જોઈન કરે છે.

પ્લેસમેન્ટ 2018 એનાલિસીસ



Rs. 10,00,000/- કરતા વધારે વાર્ષિક પેકેજ અંદાજીત 500 વિદ્યાર્થીઓને (Top IT Companies)
Rs. 5,00,000/- થી Rs. 10,00,000/- સુધીનું વાર્ષિક પેકેજ અંદાજીત 1000 વિદ્યાર્થીઓને (MNCs)
Rs. 2,50,000/- થી Rs. 5,00,000/- સુધીનું વાર્ષિક પેકેજ અંદાજીત 5000 વિદ્યાર્થીઓને (National)
Rs. 2,50,000/- કરતા ઓછુ વાર્ષિક પેકેજ અંદાજીત 3500 વિદ્યાર્થીઓને (MSME)

- વર્ષ–2018માં ગુજરાતમાં 58 કોલેજો દ્વારા અંદાજીત 10,000 વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયુ હતુ જેમાં હાઈએસ્ટ 28 લાખનું વાર્ષિક પેકેજ ઓફર થયું હતું.
- અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તરત જ વિદ્યાર્થીને ફિલ્ડનો અનુભવ હોતો નથી. શરૂઆતમાં 6 થી 12 મહિના દરમ્યાન MSME કંપનીઓ Rs. 10,000/- થી 12,000/- નું માસીક ટ્રેનીંગ સ્ટાઈપેન્ડ આપે છે. જે દરમ્યાન વિદ્યાર્થીનું કામ, એટ્ટીટ્યૂડ, ડેડિકેશન વગેરે બાબતોને મોનીટરીંગ કરીને વિદ્યાર્થીની યોગ્યતા પ્રમાણે પગાર વધારો કરી આપે છે.
- પ્લેસમેન્ટ બ્રાન્ચ આધારિત પણ હોય છે. કોમ્પ્યુટર/આઈ.ટી. બ્રાન્ચના મહત્તમ વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટ ઈચ્છુક હોય છે. જ્યારે સીવીલ બ્રાન્ચમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ફેમિલી બિઝનેસ / કન્સલ્ટન્સી / ઉચ્ચ અભ્યાસ / ગવર્મેન્ટ જોબ પસંદ કરે છે.
- ઘણા વિદ્યાર્થીઓ હોમટાઉનમાં જ રહેવા ઈચ્છતા હોવાને લીધે પણ પ્લેસમેન્ટથી વંચીત રહી જાય છે અથવા ઓછા પગારની નોકરી સ્વીકારી લે છે.

ગવર્મેન્ટ જોબ્સ (સરકારી નોકરીઓ)

- આજકાલ ગવર્મેન્ટ જોબ પ્રત્યે વિદ્યાર્થીઓની રૂચી ખુબ જ વધી ગઈ છે. ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ દરમ્યાન અથવા પૂર્ણ કર્યા બાદ ગવર્મેન્ટ જોબની તૈયારી કરતા હોય છે. ગવર્મેન્ટ જોબ 2 પ્રકારની હોય છે; જનરલ અને ફિલ્ડ સ્પેસિફિક

  જનરલ (સિવિલ સર્વિસીસ)

  - GPSC (ડેપ્યુટી કલેક્ટર, ડીવાયએસપી, ડેપ્યુટી ડાયરેક્ટર, આસિસ્ટન્ટ કમીશનર, મામલતદાર, ટીડીઓ, સેક્શન ઓફીસર, વગેરે) અને UPSC (IAS, IFS, IPS, IRS, etc.)ની પરીક્ષા કોઈપણ ગ્રેજ્યુએટ (MBBS, BE, BSc, BCom, BBA, etc.) આપી શકે છે.
  - આ પરીક્ષાઓમાં પ્રથમ બે રાઉન્ડ લેખીત (પ્રિલિમિનરી અને મેઈન) હોય છે. લેખીત રાઉન્ડમાં એપ્ટિટ્યૂડ અને રિઝનીંગને લગતા પ્રશ્નો પુછાય છે જે મેથ્સ અને લોજીક આધારિત હોય છે.
  - એન્જીનીયર્સનો લેખીત રાઉન્ડમાં દેખાવ અન્ય ગ્રેજ્યુએટ્સ કરતા ઘણો સારો હોય છે કારણકે 4 વર્ષના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓનું એનાલિટિકલ અને લોજીકલ માઈન્ડ ડેવેલોપ થાય છે. જેથી અન્ય ગ્રેજ્યુએટ્સ કરતા એન્જીનીયર્સના સિલેક્શનનો રેશીયો ઉંચો હોય છે.

  ફિલ્ડ સ્પેસીફિક

  - GPSC (આસિસ્ટન્ટ એન્જીનીયર, ડેપ્યુટી એન્જીનીયર, ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્પેક્ટર, ટાઉન પ્લાનર, GES, વગેરે) અને UPSC (IES, GET, MT, Jr. Executive, Assistant Engineer, Officers etc.) વગેરે નોકરીઓમાં માત્ર જે–તે બ્રાન્ચના એન્જીનીયર જ એપ્લાય કરી શકે છે.

Branch (કાર્ય)
બ્રાન્ચ એટલે કામનો પ્રકાર

- અભ્યાસ પૂર્ણ કર્યા બાદ 40 થી 50 વર્ષ સુધી તમે જે ક્ષેત્રમાં કામ કરવા માંગતા હોય તે મુજબ જ બ્રાન્ચ પસંદ કરવી જોઈએ જેમકે,
  - સિવિલ એન્જીનીયરનું મુખ્યકામ કન્સ્ટ્રક્શનનું છે.
  - મિકેનીકલ એન્જીનીયરનું મુખ્યકામ મેન્યુફેક્ચરિંગનું છે.
  - ઇલેક્ટ્રીકલ એન્જીનીયરનું મુખ્યકામ ઇલેક્ટ્રીસિટીને લગતું છે.
  - કોમ્પ્યુટર એન્જીનીયરનું મુખ્યકામ સોફ્ટવેર ડેવલોપમેન્ટનું છે.

College (કાર્યક્ષેત્ર)
કોલેજ એટલે કામ શીખવાની સંસ્થા

- બ્રાન્ચ જેટલીજ અગત્યની પસંદગી કોલેજની છે કારણ કે અભ્યાસના 4 વર્ષ દરમ્યાન જો પસંદગીનું કામ સારી રીતે શીખવા મળે તો ઝડપથી સારી કેરિયર બનાવી શકાય છે. સારી રીતે કામ શીખવા માટે 3 મુદાઓ ખુબ જ અગત્યના છે.
  1. કામ શીખવનાર માણસો (Professors)
  2. કામ શીખવા માટેના સાધનો (Laboratories & Equipments)
  3. કામ કરવાની પ્રેક્ટીસ (Practicals & Skill Development Activities)

Expert Advice makes a lot of difference

"*Risk comes from **not knowing** what you are doing.*"
- Warren Buffet

"*Arise, awake & stop not till the **goal** is reached*"
- Swami Vivekanand

કોઈ પણ વસ્તુ ખરીદતા પહેલા આપણે અનુભવી લોકો પાસેથી અભીપ્રાય જાણીએ છીએ અને ત્યારબાદ જ ખરીદી કરીએ છીએ. કોલેજ સીલેક્શન અને બ્રાન્ચ સીલેક્શન વિદ્યાર્થીની કેરિયરનો ટર્નિંગ પોઈન્ટ છે માટે નિષ્ણાંતો પાસેથી ભવિષ્યનો ટ્રેન્ડ, ક્યા ફીલ્ડમાં નવી તકો સર્જાશે, ક્યા ફીલ્ડમાં નોકરીઓનું પ્રમાણ ઘટશે વગેરે બાબતોનું માર્ગદર્શન મેળવીને જ નિર્ણય લેવો હિતાવહ છે.

સિવિલ એન્જિનિયરીંગ : આજ અને આવતીકાલ

પ્ર. સિવિલ એન્જિનિયરીંગ વિશે માહિતી આપશો ?

સિવિલ શબ્દ સિવિલાઈઝેશન પરથી અવતરેલ છે. જ્યારથી માનવે સમુહમાં વસવાટ કરવાનું શરૂ કર્યું ત્યારથી જ સિવિલ એન્જિનિયરીંગની શરૂઆત થઈ ચૂકી હતી. સિવિલ એન્જિનિયરીંગના ક્ષેત્રમાં મુખ્યત્વે બાંધકામ (મકાન, રસ્તા, ડેમ, પુલ વગેરે), પાણીપુરવઠાનું નિયમન (શહેરો અને ગામડાઓમાં ઔદ્યોગિક અને ઘર વપરાશ, ખેતરોમાં સિંચાઈ વગેરે), વેસ્ટ મેનેજમેન્ટ (સોલીડ વેસ્ટ અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ) અને ટ્રાન્સપોર્ટેશન(રોડ વે, રેલ્વે, વોટર વે)નો સમાવેશ થાય છે.

પ્ર. સિવિલ એન્જિનિયરીંગને કારકિર્દી તરીકે શા માટે પસંદ કરવી જોઈએ ?

સિવિલ એન્જિનિયરીંગ બેઝીક બ્રાન્ચ છે જેની જરૂરિયાત અનંતકાળ સુધી રહેશે. આ ક્ષેત્રમાં દિનપ્રતિદિન ટેકનોલોજીની મદદથી નવા સંશોધનો થાય છે. ટેકનોલોજીની મદદથી સિવિલ એન્જિનિયરીંગ ક્ષેત્ર હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે. ભારતમાં બાન્દ્રા-વરલી સી લીંક, નર્મદા ડેમ, કોંકણ રેલ્વે તથા લદાખમાં સૌથી વધારે ઉંચાઈ પર બંધાયેલો પુલ તેના ઉદાહરણો છે.

પ્ર. સિવિલ એન્જિનિયર માટે કારકિર્દીના ક્ષેત્રો કયા છે ?

સિવિલ એન્જિનિયરીંગના અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થી મુખ્યત્વે નીચે દર્શાવેલ ક્ષેત્રોનો અભ્યાસ કરે છે.

(૧) સ્ટ્રકચરલ એન્જિનિયરીંગ, (૨) ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરીંગ, (૩) કન્સ્ટ્રકશન ટેકનોલોજી, (૪) વોટર રીસોર્સ મેનેજમેન્ટ, (૫) જીઓ-ટેક એન્જિનિયરીંગ, (૬) બિલ્ડીંગ અને ટાઉન પ્લાનીંગ, (૭) એન્વાયરમેન્ટલ એન્જિનિયરીંગ.

બી.ઈ.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થી ઉપરનામાંથી કોઈપણ મનપસંદ ક્ષેત્રમાં સારી કારકિર્દી બનાવી શકે છે. આ ઉપરાંત ઉચ્ચ અભ્યાસ ઈચ્છુક વિદ્યાર્થી એમ.ઈ./એમ.ટેક. પણ કરી શકે છે.

પ્ર. સિવિલ એન્જિનિયર માટે નોકરીની તકો ક્યાં રહેલી છે ?

સરકારી ક્ષેત્રમાં R&B, GWSSB, Irrigation, NHAI, GSPL, SSNL, GWRDC, GSPHC, GPCB, GSLDC, GETCO, Municipal Corporations વગેરે.

પબ્લિક સેક્ટર અન્ડરટેકીંગમાં NBCC, IOCL, GNFC, GSFC, GAIL, NTPC, CEL, BHEL, GAIL, ONGC, HP, BEML, ISRO વગેરે.

મલ્ટીનેશનલ કંપની : L&T, Tata Projects, Shapoorji Pallonji, MSK Projects, GMR, DLF< Emmar, HCC, NCC etc.

લોકલ કંપની : Backbone, Classic Network, Sheth Builders, Patel Infra, Kunal Structures, Decora etc.

કન્સલ્ટન્સી વર્ક : બિલ્ડીંગ ઈન્ડસ્ટ્રીયલ પ્લાનીંગ, સર્વેયર, સ્ટ્રકચરલ ડિઝાઈનીંગ, મટીરીયલ ટેસ્ટીંગ, વેલ્યુઅર વગેરે.

પોતાનો બિઝનેસ : બિલ્ડર, ડેવલપર, લેબર કોન્ટ્રાક્ટર, ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર વગેરે.

પ્ર. સરકારી નોકરી વિશે વધુ માહિતી આપશો.

ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૩ સુધીમાં અંદાજીત ૧૬૯૭ સિવિલ એન્જિનિયર્સની ભરતીનું કેલેન્ડર બહાર પાડવામાં આવશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની રી-સર્વે, સૌની યોજના, નેશનલ વોટર-વે, મીટરીંગ દ્વારા પાણીની ફાળવણી વગેરે યોજનાઓને પરિપૂર્ણ કરવા માટે પુષ્કળ નોકરીની તકો ઉભી થશે.

પ્ર. સિવિલ એન્જિનિયરીંગ પછી બિઝેનસની તકો કેવી છે ?

અભ્યાસ બાદ વિદ્યાર્થી કન્સ્ટ્રકશન કંપનીમાં બેથી ત્રણ વર્ષનો અનુભવ મેળવીને માર્ગ અને મકાન વિભાગ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એન્જિનિયર તરીકેનું લાયસન્સ મેળવી વિવિધ પ્રકારની કન્સલ્ટન્સી જેવી કે સ્ટ્રકચરલ ડીઝાઈનીંગ, વેલ્યુઅર, પ્લાનર, મટીરીયલ ટેસ્ટીંગ, TPI, PMC કે કન્સ્ટ્રકશનનો બિઝનેસ શરૂ કરી શકે છે. આ ઉપરાંત પર્સનલ બિઝનેસ જેવા કે કન્સ્ટ્રકશન, લેબર કોન્ટ્રાક્ટ પણ શરૂ કરી શકે છે.

પ્ર. સિવિલ એન્જિનિયર બનવા માટે વિદ્યાર્થીઓમાં કઈ લાક્ષણિકતાઓ હોવી જરૂરી છે ?

સિવિલ એન્જિનિયરીંગને પસંદ કરવા માંગતા વિદ્યાર્થીઓમાં સહુ પ્રથમ શારીરિક પરિશ્રમ કરવાનો ગુણ હોવો અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત તડકા અને ધુળમાં કામ કરી શકવા જોઈએ. જરૂર પડે તો રીમોટ લોકેશન પર કામ કરવાની પણ તૈયારી હોવી જોઈએ. આ ઉપરાંત ગણિત અને ફીઝીક્સનું પાયાનું જ્ઞાન, ટેકનીકલ ડ્રોઈંગને સમજવા માટે એનાલીટીકલ સ્કીલ, ટીમ વર્ક, કોમ્યુનિકેશન સ્કીલ અને કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન હોવું જરૂરી છે.

> **''વૈજ્ઞાનિકો એ શોધે છે કે જેનું પહેલેથી જ અસ્તિત્વ હોય છે; એન્જિનિયરો એ બનાવે છે કે જેનું ક્યારેય અસ્તિત્વ જ હોતું નથી.''**
> **- આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

મિકેનિકલ એન્જિનિયરીંગ : વિકલ્પ અને તક

પ્ર. મિકેનિકલ એન્જિનિયરીંગ શું છે ?

મિકેનિકલ એન્જિનિયરીંગ એટલે કોઈપણ પાર્ટ્સ કે મશીનની ડીઝાઈન, ડેવલપમેન્ટ, મેન્યુફેક્ચરીંગ અને મેઈન્ટેનન્સ. કોઈપણ ઓબ્જેક્ટનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર એટલે મિકેનિકલ એન્જિનિયરીંગ, જેમ કે લોખંડમાંથી સોય બનાવો કે પછી ટેન્ક બનાવો. આમ તો મિકેનિકલ એન્જિનિયરીંગનો ઈતિહાસ લગભગ માનવજાતના ઈતિહાસ જેટલો જ જૂનો છે, પરંતુ ૧૬મી સદીમાં શરૂ થયેલા ઈન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશનથી આજ સુધી મિકેનિકલ એન્જિનિયરીંગનો અવિતરણપણે વિકાસ થઈ રહ્યો છે.

પ્ર. મિકેનિકલ એન્જિનિયરીંગને કારકિર્દી તરીકે શા માટે પસંદ કરવી જોઈએ ?

કોઈપણ દેશના અર્થતંત્રના મજબુત વિકાસ તેમજ રોજગારની તકો ઉભી કરવામાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો મુખ્ય ફાળો હોય છે. આવનારા વર્ષોમાં એરપોર્ટ, સી-પોર્ટ, હાઈવેઝ, મેટ્રો રેલ્વેઝ, ફુડ પાર્ક, લોજીસ્ટીક પાર્ક, ઈલેક્ટ્રીકલ વ્હીકલ જેવા ક્ષેત્રોમાં કારકિર્દીની તકો ઉભી થશે. આ યોજનાઓ અંતર્ગત બોઈંગ, એરબસ, મર્સીડીઝ, હુન્ડાઈ, સેમસંગ, ફોર્ડ, ઈસુઝુ, વોલ્વો, એલજી, સીમેન્સ, બોમ્બાર્ડીયર, થાયસેનક્રુપ, આઈટીસી જેવી મલ્ટીનેશનલ કંપનીઓ ભારતમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે અબજો રૂપિયાનું રોકાણ કરવા માટે આગળ આવી રહી છે, જે ભારતને મેન્યુફેક્ચરીંગનું વૈશ્વિક કેન્દ્ર બનાવશે અને રોજગાર તથા બિઝનેશ માટેની પુષ્કળ તકો ઉભી કરશે. આ ઉપરાંત મિકેનિકલ એન્જિનિયરીંગમાં બિઝનેસ શરૂ કરવા માટે પણ અઢળક તકો રહેલી છે.

પ્ર. મિકેનિકલ એન્જિનિયરીંગ કર્યા બાદ કેવા પ્રકારના ઉદ્યોગોમાં કારકિર્દી બનાવી શકાય ?

મિકેનિકલ એ એન્જિનિયરીંગની એક એવી બ્રાન્ચ છે જેમાં ડીઝાઈન, રીસર્ચ, મેન્યુફેક્ચરીંગ, ઓટોમોબાઈલ, એરોનોટીકલ, મરીન, રેલ્વે, પોર્ટ, પાવર, એનર્જી, ફાર્મા, કેમિકલ, ઓઈલ અને ગેસ, ડીફેન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાંથી વિદ્યાર્થી પોતાની રૂચિ મુજબના ક્ષેત્રની સરકારી અને ખાનગી ઈન્ડસ્ટ્રીમાં કારકિર્દી બનાવી શકે છે.

સરકારી સંસ્થાઓ : ISRO, DRDO, Indian Army, HAL, Railway, BHEL, NTPC, SAIL, ONGC, IOC, GNFC, GSFC, GMDC વગેરે.

ખાનગી કંપનીઓ : Tata Motors, Adani Port, Reliance, Ford Motors, Essar, Birla Cement, ABB, Siemens, HUL, M&M, LG, Escorts, Bajaj, TVS, Eicher Motors, Elecon, GMM Pfaudler, AIA Engineering વગેરે.

પ્ર. મિકેનિકલ એન્જિનિયરીંગ માટે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં નોકરીની કેવી તકો રહેલી છે ?

ગુજરાતના અમદાવાદમાં ફાર્મા; હાલોલ, બેચરાજી અને સાણંદમાં ઓટોમોબાઈલ; વડોદરામાં ઈલેક્ટ્રીકલ મશીન; અંકલેશ્વર-વાપીમાં કેમિકલ; સુરતમાં ટેક્સટાઈલ અને ડાયમંડ જેવા વિશ્વવિખ્યાત ઉદ્યોગો આવેલા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટમાં મશીન ટુલ્સ તેમજ ફાઉન્ડ્રી, જામનગરમાં પેટ્રોલિયમ તેમજ બ્રાસ પાર્ટ્સ, મોરબીમાં સિરામીક તેમજ ટેક્સટાઈલ અને કચ્છમાં સ્ટીલ, પાવર અને પોર્ટ જેવા ઉદ્યોગોમાં નોકરીની વિપુલ તકો રહેલી છે. સૌરાષ્ટ્રમાં Reliance Industries, Essar Oil, Tata Chemical, Jyoti CNG, Rajoo, Falcon, Hi-Bond, Ultratech, Fieldmarshal, Amul, Shaktiman, Atul Auto, Patel Brass, Rupkala Gears, Silver Motors વગેરે. કચ્છમાં Welspun, Tata Power, Adani Power, Mundra Port, AMW, Sanghi Cement, Suzlon, Essar Steel, Bharat Benz વગેરે.

પ્ર. મિકેનિકલ એન્જિનિયરીંગનું ભવિષ્ય કેવું છે ?

રોબોટીક્સ, ઓટોમેશન, ૩-ડી પ્રિન્ટીંગ, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ, મશીન લર્નિંગ વગેરે જેવી લેટેસ્ટ ટેકનોલોજીના આગમનથી આવનારા સમયમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં ખૂબ જ મોટા ફેરફારો થશે જેના લીધે ઉત્પાદન વધુ ઝડપી, સરળ અને સસ્તુ બનશે. આ ઉપરાંત રીન્યુએબલ એનર્જી, બાયોમેડીકલ, હીટ રીકવરી, સ્પેસ એક્સ્પ્લોરેશન, ક્રાયોજેનીક્સ અને નેનો મેન્યુફેક્ચરીંગ વગેરે જેવા ક્ષેત્રો પણ ભવિષ્યમાં નોકરીની તકો પૂરી પાડશે. આધુનિક યુગમાં યંત્રો જ મનુષ્યની જીવનશૈલી સરળ બનાવે છે. આ યંત્રોના વિકાસમાં અઢળક તકો રહેલી છે જે મિકેનિકલ એન્જિનિયરીંગની ભવિષ્યની માંગનું ઉદાહરણ છે.

ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ : ઉજ્જવળ ભવિષ્ય

પ્ર. ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ શું છે ?

ઈલેક્ટ્રીસીટી આધારિત ટેકનોલોજીના રિસર્ચ, ડીઝાઈન, ડેવલપમેન્ટ અને મેઈન્ટેનન્સ માટે કામ કરતી બ્રાન્ચ એટલે ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ. ૧૯મી સદીની શરૂઆતથી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગનો વિકાસ શરૂ થયો છે જે આજ સુધી અવિરત ચાલુ છે. ઈલેક્ટ્રીસીટી પણ હવા, પાણી અને ખોરાકની જેમ આપણા જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે.

પ્ર. ઈલેક્ટ્રીકલ એન્જિનિયરનો જોબ રોલ શું હોય છે ?

ઈલેક્ટ્રીકલ એન્જિનિયર પાવર જનરેશન, ટ્રાન્સમીશન, ડીસ્ટ્રીબ્યુશન અને ઈલેક્ટ્રીકલ મશીનના ક્ષેત્રમાં કામ કરે છે. ઈલેક્ટ્રીસીટી આધારિત આઈડીયાને લોકોપયોગી મશીન, ઈક્વીપમેન્ટ કે સિસ્ટમમાં રૂપાંતરિત કરવાનું કામ પણ તેની જોબનો જ

એક ભાગ છે. ઈલેક્ટ્રીકલ એન્જિનિયર વિવિધ પ્રોજેક્ટમાં પાવર એન્જિનિયર, કન્ટ્રોલ એન્જિનિયર, સર્વિસ એન્જિનિયર, મેઈન્ટેનન્સ એન્જિનિયર વગેરે તરીકે ફરજ બજાવતા હોય છે.

પ્ર. ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગને કારકિર્દી તરીકે શા માટે પસંદ કરવી ?

ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ એવરગ્રીન બ્રાન્ચ છે. ટેક્નોલોજીના વિકાસને કારણે નવા ક્ષેત્રો ખુલી રહ્યા છે. હાલમાં સોલાર ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે અને આવનારો સુવર્ણયુગ ઈલેક્ટ્રીકલ વાહનોનો હશે, જેને લીધે ભવિષ્યમાં બહોળી સંખ્યામાં ઈલેક્ટ્રીકલ એન્જિનિયરની જરૂર પડશે. આ ઉપરાંત વિવિધ પ્રકારની નોકરીની તકો રહેલી છે.

૧. સરકારી / અર્ધસરકારી / PSUs : NTPC, Power Grid, BHEL, NHPC, IOCL, DRDO, AAI, BSNL, Railway, Gujarat Metro, ONGC, PGVCL, GETCO, GSECL, ECIL વગેરે.

૨. મલ્ટીનેશનલ કંપનીઓ : Reliance, Tata Power, Essar, Adani Power, L&T, ABB, Schneider, Siemens, Alstom વગેરે.

૩. સ્થાનિક કંપનીઓ : Jyoti CNG, Hi-Bond, Falcon Group, Silver Pumps, Mahindra CIE, T&R, Jyoti Power, Ultracab, Vikram Solar, Redren etc.

૪. પોતાનો બિઝનેસ : Electrical Contractor, Electrical Consultant, Electrical Goods Manufacturing etc.

૫. M.E. / M.Tech. : Power System, Control System, Power Electronics & Drive, Embedded System, VLSI વગેરે.

પ્ર. ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગનું ભવિષ્ય કેવું છે ?

JNNSM (Jawaharlal Nehru National Solar Mission) : વર્ષ ૨૦૨૩ સુધીમાં સોલાર ઉર્જા/પવન ઉર્જા દ્વારા 175GW પાવર જનરેટ કરવાની યોજના છે. **NEMMP** (National Electric Mobility Mission Plant) : વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦થી ૭૦ લાખ ઈલેક્ટ્રીક વાહનો માટેનો ટાર્ગેટ છે અને ૨૦૩૫ સુધીમાં ૧૦૦% ઈલેક્ટ્રીક વાહનો માટેનો ટાર્ગેટ છે. આ યોજનાઓ ઝડપથી આગળ વધી રહી છે અને ઘણો પ્રોગેસ કરેલ છે. ભારતની રીન્યુએબલ પાવર જનરેશન કેપેસીટી હાલમાં 57.26GW છે જે ૨૦૩૦ સુધીમાં 350GW કરવાનો ટાર્ગેટ છે. જેને લીધે ઈલેક્ટ્રીકલ એન્જિનિયર માટે અસંખ્ય તકો ઉદ્‌ભવશે. ગુજરાતમાં લાંબા સમયથી સરકારના વિવિધ વિભાગમાં કાયમી એન્જિનિયરોની જગ્યાઓ મોટાપાયે ખાલી છે.

પ્ર. ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગમાં કયા વિદ્યાર્થીઓ પ્રવેશ લઈ શકે છે ?

કોઈપણ વિદ્યાર્થી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગમાં એડમિશન લઈ શકે છે. કારણ કે સરકારી નોકરી, ખાનગી કંપનીઓમાં નોકરી તેમજ પોતાનો બિઝનેસ શરૂ કરવાની સમાન તકો રહેલી છે. વિદ્યાર્થીએ ચોક્કસપણે કોલેજ પસંદ કરવામાં સાવચેતી દાખવવી જોઈએ. જે કોલેજ ઈન્ડસ્ટ્રીયલ કન્સલ્ટન્સી સાથે સંકળાયેલ હોય, રેગ્યુલર અભ્યાસક્રમ ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝની જરૂરિયતા પ્રમાણેની સ્કીલ ડેવલપમેન્ટ એક્ટીવીટીઝ કરાવતી હોય, ઈન્ડસ્ટ્રીઝને લગતા જરૂરી ઈક્વીપમેન્ટ્સ હોય, કોમ્પીટીટીવ એક્ઝામ જેવી કે GATE, જુનિયર એન્જિનિયરની તૈયારી કરાવતી હોય અને ફેકલ્ટીઝ ઈન્ડસ્ટ્રીયલ અનુભવ ધરાવતા હોય તેવી કોલેજને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

કોમ્પ્યુટર / આઈટી એન્જિનિયરીંગ : માન્યતા અને હકીકત

માન્યતા : આજકાલ ઘણાબધા વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર બ્રાન્ચને જ પસંદ કરે છે તેથી વહેલું કે મોડું સેચ્યુરેશન આવી જશે.

હકીકત : વિશ્વભરમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ ક્ષેત્રમાં ભારતનો દબદબો છે. ભારતીય કંપનીઓ મોનોપોલી ધરાવે છે. હવેના સમયમાં કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં કોમ્પ્યુટરની જરૂરિયાત ન પડતી હોય. કોમ્પ્યુટર સોફ્ટવેર વગર કોઈપણ બિઝનેસ કરવો અશક્ય બની ગયો છે. સોફ્ટવેરને હંમેશા અપડેટ કરતા જ રહેવા પડે છે માટે નવી તકો વિપુલ પ્રમાણમાં સર્જાય છે. ડીજીટલ ઈન્ડિયાનું મીશન પૂર્ણ કરવા માટે વિવિધ પ્રકારના સોફ્ટવેરની જરૂરિયાત ઉભી થશે. હજી તો ઓનલાઈન શોપીંગ અને ઓનલાઈન પેમેન્ટનો જમાનો શરૂ થયો છે. લોકોએ મોબાઈલ એપ્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. આ ઉપરાંત IoTમાં પણ અગણિત તકો છે.

માન્યતા : કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં પ્લેસમેન્ટ ઓછું થાય છે.

હકીકત : જો તમે પ્લેસમેન્ટ ડેટાનો અભ્યાસ કરશો તો જાણવા મળશે કે એન્જિનિયરીંગના કુલ પ્લેસમેન્ટમાં ૭૫% પ્લેસમેન્ટ માત્ર આઈટી ઈન્ડસ્ટ્રી દ્વારા જ થાય છે. આઈટી કંપનીઓની જરૂરિયાત કરતા ઘણા ઓછા કોમ્પ્યુટર એન્જિનિયર બહાર પડે છે માટે સારી કોલેજોમાંથી અન્ય બ્રાન્ચના વિદ્યાર્થીઓને પણ બહોળી સંખ્યામાં આઈટી કંપનીઓ પસંદ કરી જાય છે.

માન્યતા : કોમ્પ્યુટર એન્જિનિયરનો પગાર ખૂબ ઓછો હોય છે.

હકીકત : ગુજરાતની ખ્યાતનામ કોલેજો જેવી કે વગેરેમાંથી સારી કંપનીના કેમ્પસ પ્લેસમેન્ટમાં પસંદ થનારને અંદાજીત રૂા. ૬૦ હજારથી રૂા. ૩ લાખનો માસિક પગાર મળે છે. પછીના ક્રમની કંપનીમાં પસંદ થનારને અંદાજીત રૂા. ૨૫થી ૫૦ હજાર પગાર મળે છે. લોકલ કંપનીમાં પણ ફ્રેશરને રૂા. ૧૨થી ૧૫ હજારના પગારની નોકરી મળે છે. અનુભવની સાથે સાથે પગારવધારો પણ ખૂબ ઝડપથી થાય છે.

માન્યતા : કોમ્પ્યુટરમાં માત્ર હાર્ડવેરનો જ બિઝનેસ થાય છે.

હકીકત : કોમ્પ્યુટર એન્જિનિયર સોફ્ટવેર, વેબસાઈટ, મોબાઈલ એપ્સ વગેરે ડેવલપમેન્ટનો બિઝનેસ કરી શકે છે, જે મૂડી વગર શરૂ કરી શકાય છે અને મોનોપોલી ધરાવે છે.

માન્યતા : આઈટી ક્ષેત્રમાં માત્ર પ્રોગ્રામીંગની જ નોકરી હોય છે.

હકીકત : આઈટી ક્ષેત્રમાં પ્રોગ્રામીંગ સિવાયની પણ ઘણી બધી નોકરીઓની તકો છે. જેમ કે, બિઝનેસ એનાલીસ્ટ, ડીબીએ, ડેટાબેઝ એનાલીસ્ટ, ડીઝાસ્ટર રીકવરી સ્પેશ્યાલીસ્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્પેશ્યાલીસ્ટ, નેટવર્ક એડમિનિસ્ટ્રેટર, નેટવર્ક એન્જિનિયર, ક્વોલીટી એસ્યોરન્સ, સિક્યુરીટી સ્પેશ્યાલીસ્ટ, સ્ટોરેજ-સાન એડમિનિસ્ટ્રેટર, સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર, સિસ્ટમ આર્કીટેક્ટ, સિસ્ટમ એનાલીસ્ટ, સિસ્ટમ એન્જિનિયર, ટેકનીકલ કન્સલ્ટન્ટ, ટેકનીકલ સપોર્ટ, વેબ એડમીન વગેરે.

માન્યતા : કોમ્પ્યુટર એન્જિનિયરની નોકરી કંટાળાજનક હોય છે, આખો દિવસ માત્ર કોમ્પ્યુટર સામે બેસી રહેવું પડે છે.

હકીકત : સોફ્ટવેર ડીઝાઈનીંગ, ડેવલપીંગ અને ટેસ્ટીંગ ક્રીએટીવ વર્ક છે, જે ચેલેન્જીંગ પણ છે. એકસરખું બીબાઢાળ કામ બહુ ઓછું હોય છે. કોમ્પ્યુટર સામે બેસવા જેટલું જ કામ પ્રોબ્લેમ એનાલીસીસ, સોલ્યુશન ડીઝાઈનીંગ વગેરેનું હોય છે, જે ટીમવર્ક છે. આ ઉપરાંત દરરોજ નવી ટેકનોલોજી માર્કેટમાં આવે છે અને સતત નવું શીખતા રહેવાનો ઉત્સાહ જાગે છે. જે વિદ્યાર્થીઓને વેબસાઈટ, મોબાઈલ એપ, ગેમ ડેવલપમેન્ટ, સોફ્ટવેર પ્રોગ્રામીંગ વગેરેમાં રસ હોય તેમને આ બ્રાન્ચમાં મજા આવે છે.

માન્યતા : જો કોમ્પ્યુટર આવડતું હોય તો જ કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં એડમિશન લેવાય. અમે ધો. ૧૧-૧૨માં કોમ્પ્યુટર સારી રીતે ભણ્યા નથી એટલે એડમિશન ન લેવાય.

હકીકત : જો આવડતું હોય તો એડમિશન લેવાની જરૂર જ શું છે ? હકીકતમાં વિદ્યાર્થીને કોઈપણ બ્રાન્ચનું જ્ઞાન હોતું જ નથી, એન્જિનિયરીંગના ચાર વર્ષ દરમ્યાન શીખવાનું હોય છે. ધોરણ-૧૧-૧૨માં વિદ્યાર્થી સાયન્સના વિષયો ઉપર જ ધ્યાન આપે છે અને કોમ્પ્યુટર વિષયનો ઉપરછલ્લો અભ્યાસ કરે છે એટલે કોમ્પ્યુટર પ્રત્યે વિદ્યાર્થીને અરૂચિ થાય છે તે સ્વાભાવિક છે. કોમ્પ્યુટરમાં રસ જાગે તેવો ઊંડાણપૂર્વકનો અભ્યાસક્રમ એન્જિનિયરીંગમાં આવે છે.

માન્યતા : ગણિત સારું આવડતું હોય તો જ કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં એડમિશન લેવાય.

હકીકત : સારા કોમ્પ્યુટર એન્જિનિયર બનવા માટે લોજીકની જરૂર છે, ગણિતની નહીં. પ્રોગ્રામીંગ એ લોજીક છે જેમાં રીઝનીંગ અને એનાલીટીકલ સ્કીલ્સની જરૂર પડે છે, જ્યારે ગણિત આંકડાકીય સૂત્રો અને ગણતરીઓ પણ આધારિત છે.

માન્યતા : બીસીએ, બી.એસસી. (આઈટી), એમ.એસસી. (આઈટી), પીજીડીસીએ વગેરે કોમ્પ્યુટર એન્જિનિયરીંગને કોમ્પીટીશન આપે છે.

હકીકત : કોમ્પ્યુટર એન્જિનિયર સોફ્ટવેર ડેવલપ કરે છે, જ્યારે બીસીએ, બી.એસસી. (આઈટી), એમ.એસસી. (આઈટી), પીજીડીસીએ વગેરે સોફ્ટવેરના ઈન્સ્ટોલેશન, સપોર્ટ અને ઓપરેશનનું કામ કરે છે.

ઈ.સી. એન્જિનિયરીંગ : ટેકનોલોજીનો વ્યાપ અને તક

પ્ર. ઈ.સી. એન્જિનિયરીંગ શું છે ? તેમાં કયા વિષયો અભ્યાસમાં આવે છે ?

ઈ.સી. એટલે ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન જેમાં ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન ક્ષેત્રનો અભ્યાસ કરવાનો હોય છે. અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થી ઈલેક્ટ્રોનિક્સને લગતા વિષયો જેવા કે ડીવાઈસ એન્ડ સર્કીટ, ડીજીટલ ઈલેક્ટ્રોનિક્સ, કન્ટ્રોલ સિસ્ટમ, આઈસી, એનાલોગ સર્કીટ ડીઝાઈન, માઈક્રોપ્રોસેસર, એમ્બેડેડ સિસ્ટમ વગેરે; ઈલેક્ટ્રીકલને લગતા વિષયો જેવા કે સર્કીટ એન્ડ નેટવર્ક, કોમ્યુનિકેશનને લગતા વિષયો જેવા કે સિગ્નલ એન્ડ સિસ્ટમ્સ, ઓપ્ટીકલ કોમ્યુનિકેશન, એન્ટેના એન્ડ વેવ પ્રપોગેશન, સેટેલાઈટ કોમ્યુનિકેશન, વાયરલેસ કોમ્યુનિકેશન, મોબાઈલ કોમ્યુનિકેશન વગેરેનો સમાવેશ થાય છે.

પ્ર. ઈ.સી. એન્જિનિયરીંગમાં પ્લેસમેન્ટનો કેવો સ્કોપ છે ?

ખ્યાતનામ કોલેજોમાંથી મોટાભાગના ઈ.સી. વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ મુખ્યત્વે ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ્યુનિકેશન અને આઈટી કંપનીઓમાં થઈ જાય છે. આ ઉપરાંત વિદ્યાર્થી GATE પરીક્ષા પાસ કરીને DRDO, BEL, ECIL, BAARC, AAI, ONGC, IOC, HP, CEL, BBNL, Powergrid, NTPC વગેરે જેવી જાહેર ક્ષેત્રની કંપનીઓમાં સીધી પણ અરજી કરી શકે છે. ઈ.સી.ના વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર પ્રોગામીંગ શીખીને આઈટી ઈન્ડસ્ટ્રીઝમાં પણ નોકરી મેળવી શકે છે.

પ્ર. ઈ.સી. એન્જિનિયરને બિઝનેસ માટે તકો કેવી છે ?

આપણા દેશમાં દરેક ક્ષેત્રમાં ઓટોમેશન આવવાનું હજી બાકી છે. જો કોઈ વિદ્યાર્થી નાના પાયે રોકાણ કરીને ઓટોમેશન કે IoT ક્ષેત્રમાં આગળ વધવા માંગતો હોય તો લોકલ લેવલ પર અઢળક તકો છે.

પ્ર. ઈ.સી. એન્જિનિયરીંગનું ભવિષ્ય કેવું છે ?

ભારતમાં ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રનું વાર્ષિક ટર્નઓવર ૪૦ હજાર કરોડ યુ.એસ. ડોલર પહોંચશે અને તેના ભાગરૂપે ૨.૮ કરોડ નવી રોજગારીની તકો ઉભી થશે. ટેલિકોમ ક્ષેત્રમાં ૨૦૩૦ સુધીમાં ફક્ત મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝનું જ વેલ્યુએશન રૂા. ૨૧,૭૦૦ કરોડ યુ.એસ. ડોલર પહોંચશે અને તેના ભાગરૂપે ૫૦ લાખ નવી રોજગારીની તકો ઉભી થશે. આપણા દેશમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ૫૦ મોબાઈલ મેન્યુફેક્ચરીંગ યુનિટની સ્થાપના થશે જેના કારણે ૨૦ હજાર કરતાં પણ વધારે નોકરીની તકો ઉભી થશે. IBM, Jaypee, Tower Jazz, HSMC વગેરેને સરકારે ભારતમાં સેમી કન્ડક્ટર મેન્યુફેક્ચરીંગની પરવાનગી આપી છે.

કેમિકલ એન્જિનિયરીંગ

પ્ર. કેમિકલ એન્જિનિયરીંગ શું છે ?

આ બ્રાન્ચ ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ પ્લાન્ટ્સના ડીઝાઈન અને ઓપરેશન સાથે સંકળાયેલી છે. કેમિકલ એન્જિનિયર કેમિકલ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ માટેની પ્રોસેસ અને ઈક્વીપમેન્ટની ડીઝાઈન, પ્લાનિંગ, ટેસ્ટીંગ અને સાઈડ પ્રોડક્ટની ટ્રીટમેન્ટનું કાર્ય કરે છે. આ ઉપરાંત મોલેક્યુલ પર વિવિધ પ્રોસેસીંગ કરીને નવા કેમિકલ બનાવે છે.

પ્ર. કેમિકલ એન્જિનિયરીંગ ક્ષેત્રે નોકરીની તકો કેવી છે ?

કેમિકલ એન્જિનિયર માટે ખાનગી તેમજ સરકારી અને અર્ધ-સરકારી ક્ષેમિાં નોકરીની ઘણી તકો છે. સારી કોલેજમાં પ્લેસમેન્ટનો રેશિયો ઘણો ઊંચો છે. રિલાયન્સ, જીએચસીએલ, અતુલ, એલેમ્બીક, એસ્સાર, એશિયન પેઈન્ટ્સ વગેરે જેવી કેમિકલ આધારિત કંપનીઓમાં નોકરી મળે છે. આ ઉપરાંત PSUs જેવા કે GSFC, GNFC, GMDC, NTPL, BPCL, IOC વગેરેમાં પણ વિપુલ તકો છે. નોકરી માટેના મુખ્ય શહેરોમાં વાડીનાર, ખાવડી, સિક્કા, અંકલેશ્વર, વડોદરા, સુરત વગેરેનો સમાવેશ થાય છે.

પ્ર. કયા વિદ્યાર્થીઓએ કેમિકલ એન્જિનિયરીંગમાં એડમિશન ના લેવું જોઈએ ?

જે વિદ્યાર્થીને એલર્જીનો પ્રોબ્લેમ હોય તેમના માટે આ બ્રાન્ચ સલાહભરી નથી. સરકારની પોલ્યુશન આધારિત પોલીસીથી પણ જોબ માર્કેટમાં અપ-ડાઉન આવે છે.

પ્ર. બી.એસસી. (કેમેસ્ટ્રી) અને બી.ઈ. (કેમિકલ) વચ્ચે શું તફાવત છે ?

બી.એસસી.(કેમેસ્ટ્રી)માં મુખ્યત્વે મોલેક્યુલ અને તેના બંધારણને લગતો અભ્યાસ કરવાનો હોય છે. જ્યારે બી.ઈ.(કેમિકલ)માં મોલેક્યુલના એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર કરવાની પ્રોસેસ, પ્લાન્ટ અને ઈક્વીપમેન્ટ્સનો અભ્યાસ કરવાનો હોય છે.

અન્ય બ્રાન્ચ

મિકેનિકલ એન્જિનિયરીંગ

મિકેનિકલ એન્જિનિયરીંગમાં કોઈપણ પાર્ટ્સ કે મશીનની ડીઝાઈન, ડેવલપમેન્ટ, પ્રોડકશન અને મેઈન્ટેનન્સનો અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત થર્મોડાયનેમીક્સ, ફ્લુઈડ મિકેનિક્સ, કેડ/કેમના વિષયો આવરી લેવામાં આવે છે. મિકેનિકલ એન્જિનિયરીંગમાંથી નીચે મુજબની બ્રાન્ચ થોડા ફેરફાર સાથે બનાવવામાં આવેલ છે. ચોક્કસ કારણો માટે નીચેનામાંથી કોઈ બ્રાન્ચ પસંદ કરો તો તે યોગ્ય છે અન્યથા મિકેનિકલને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

એરોનોટીકલ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં એરક્રાફ્ટ ડીઝાઈન અને મેઈન્ટેનન્સને લગતો અભ્યાસ આવે છે. જેમાં મટીરીયલ, એસેમ્બલીંગ પાર્ટ્સ, ટેસ્ટીંગ અને મેઈન્ટેનન્સનો અભ્યાસ કરવામાં આવે છે. એરોડાયનેમિક્સ, એરક્રાફ્ટ ડીઝાઈન, એરક્રાફ્ટ સ્ટ્રકચર, એરક્રાફ્ટ પોપ્યુલેશન, હેલિકોપ્ટર એન્જિનિયરીંગ, કોમ્પ્યુટેશનલ ફ્લુઈડ ડાયનેમિક્સ અને એવીઓનિક્સને લગતા વિષયો ભણવામાં આવે છે. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં નોકરીની તકો ઓછી છે.

ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં રોડ પર ચાલતા વાહનોની વિવિધ સિસ્ટમ જેવી કે ફ્લુઅલ સિસ્ટમ, ટ્રાન્સમિશન સિસ્ટમ, સેફ્ટી સિસ્ટમ, ઈલેક્ટ્રીકલ સિસ્ટમ, ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ વગેરેની ડીઝાઈન અને પ્રોડકશનનો અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરીંગ અને ટેસ્ટીંગના વિષયો પણ ભણવામાં આવે છે. ઓટોમોબાઈલ પાર્ટ્સની ડીઝાઈનનું કામ સામાન્યપણે મિકેનિકલ એન્જિનિયર કરે છે અને વાહનની ડીઝાઈનનું કામ એરોડાયનેમિક્સના નિષ્ણાતો કરે છે.

ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં મુખ્યત્વે મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટની ડીઝાઈન, ડેવલપમેન્ટ અને ઈકોનોમિકસ ઉપર ધ્યાન આપવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્લેક્ષ, પ્રોસેસ, સિસ્ટમ, મેન પાવર, મશીન, ઓર્ગેનાઈઝેશન વગેરેને કેમ વધારે કાર્યક્ષમ બનાવવા તેનો પણ અભ્યાસ કરવાનો હોય છે.

પ્રોડકશન એન્જિનિયરીંગ / મેન્યુફેક્ચરીંગ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં મુખ્યત્વે રો-મટીરીયલમાંથી કેવી રીતે ફાઈનલ પ્રોડક્ટ બનાવવી એટલે કે પ્રોડકશન પ્રોસેસનો અભ્યાસ કરવામાં આવે છે. કાસ્ટીંગ, ફોર્જીંગ, મશીનીંગ પ્રોસેસ, મેટલ કટીંગ, જોઈનીંગ, ફેબ્રીકેશન જેવી વિવિધ પ્રોડકશન પ્રોસેસનો અભ્યાસ આવરી લેવામાં આવે છે. કેવી રીતે ઓછી કિંમત(ખર્ચ)માં વધારે પ્રોડકશન લઈ શકાય તેના પર પણ ધ્યાન દેવામાં આવે છે.

મેકાટ્રોનિક્સ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં ૬૫% વિષયો મિકેનિકલ અને ૩૫% વિષયો ઈલેકટ્રોનિક્સના હોય છે. મેન્યુફેક્ચરીંગમાં ઈલેકટ્રોનિક્સની મદદથી ઓટોમેશન વધારવા પર આ બ્રાન્ચમાં ભાર દેવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ, સીમ્યુલેશન, મોર્ડન કન્ટ્રોલ સિસ્ટમને લગતા વિષયો પણ હોય છે.

માઈનીંગ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં સર્વેયીંગ, જીઓલોજી અને ખનીજ ઉત્પાદનના વિવિધ તબક્કાઓ જેમ કે ખનીજ સંશોધન, ખનીજની ગુણવત્તા, ખાણ પ્લાનીંગ, નકશાઓના નિર્માણ, ખાણમાંથી ઉત્પાદન તથા સંચાલનને લગતા વિષયો આવરી લેવામાં આવે છે. આ ઉપરાંત ખનીજની આડપેદાશોનો યોગ્ય નિકાલ તથા પુનઃઉપયોગને લગતી બાબતો પણ આવરી લેવામાં આવે છે. આ બ્રાન્ચના વિદ્યાર્થીઓ માટે જમશેદપુર, રાંચી જેવા શહેરોમાં તકો છે જ્યાં ખાણ ખોદકામ ઉદ્યોગ મોટાપાયે છે.

મેટલર્જી એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં મુખ્યત્વે ધાતુનો અભ્યાસ આવે છે. વિવિધ ધાતુઓ અને મિશ્ર ધાતુઓના ફીઝીકલ અને કેમિકલ ગુણધર્મો ઉપરાંત ધાતુ શુદ્ધિકરણના વિવિધ તબક્કાઓ આવરી લેવામાં આવે છે. ધાતુઓનું ટેસ્ટીંગ, કોટીંગ, હીટ ટ્રીટમેન્ટ, ફાઉન્ડ્રી ટેકનોલોજી, જોઈનીંગ, શીટ મેટલ પ્રોસેસીંગ વગેરે પ્રોસેસનો અભ્યાસ કરવાનો હોય છે.

પ્લાસ્ટીક ટેકનોલોજી : આ બ્રાન્ચમાં પ્લાસ્ટીક પ્રોડક્ટસનું ડીઝાઈનીંગ, ડેવલપમેન્ટ, પ્રોસેસીંગ અને મેન્યુફેક્ચરીંગ પર ધ્યાન દેવામાં આવે છે. પ્લાસ્ટીક મટીરીયલ સાયન્સ, ઈન્જેકશન મોલ્ડીંગ ટેકનોલોજી, રીસાયકલીંગ અને વેસ્ટ ટ્રીયમેન્ટ, એક્સટ્રુઝન ટેકનોલોજી, પેકેજીંગ, સ્પેશ્યાલીટી પ્લાસ્ટીક જેવા વિષયો ભણવામાં આવે છે. આ બ્રાન્ચમાં થોડા કેમિકલને લગતા વિષયો પણ હોય છે.

રબર ટેકનોલોજી : આ બ્રાન્ચમાં કુદરતી અને કૃત્રિમ રબર અને લેટેક્ષનું પ્રોસેસીંગ કરીને વિવિધ જીવનોપયોગી વસ્તુઓ બનાવવા માટે લાગુ પડતા વિષયો આવે છે. રબર પ્લાન્ટ અને ઈક્વીપમેન્ટ્સના ડીઝાઈન, ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરીંગને લગતા વિષયો અભ્યાસક્રમમાં હોય છે.

ઈલેકટ્રીકલ એન્જિનિયરીંગ

આ બ્રાન્ચ મુખ્યત્વે પાવર જનરેશન, ટ્રાન્સમિશન અને ડીસ્ટ્રીબ્યુશન તથા ઈલેકટ્રીકલ મશીન અને ડીવાઈસની ડીઝાઈન, ડેવલપમેન્ટ અને મેઈન્ટેનન્સ સાથે સંકળાયેલી છે. છેલ્લા થોડા વર્ષોથી રીન્યુએબલ એનર્જીનો પણ સમાવેશ થયો છે. થોડા ઈલેકટ્રોનિક્સના વિષયો એનાલોગ અને ડીજીટલ ઈલેકટ્રોનિક્સ, માઈક્રો પ્રોસેસર વગેરે પણ ભણવામાં આવે છે.

પાવર ઈલેકટ્રોનિક્સ : પાવર ઈલેકટ્રોનિક્સ એ ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનિક્સને જોડતી બ્રાન્ચ છે. ઈલેકટ્રીકલ સાધનો જેવા કે મોટર, પંખો, હેવી લાઈટ્સ, વોશીંગ મશીન વગેરેને સ્માર્ટલી ઈલેકટ્રોનિક્સ પ્રોસેસર ડીવાઈસની નિયંત્રિત કરવા પર ભાર મૂકવામાં આવે છે. ઈન્વર્ટર એસી, ઈન્વર્ટર ફ્રીઝ, ફેન રેગ્યુલેટર, ઈન્ડકશન સ્ટવ, મોબાઈલ ફોન ચાર્જર, લેપટોપ ચાર્જર વગેરે પાવર ઈલેકટ્રોનિક્સ વગર શક્ય નથી.

કોમ્પ્યુટર એન્જિનિયરીંગ

આ બ્રાન્ચમાં મુખ્યત્વે સોફટવેર ડેવલપમેન્ટને લગતા વિષયો ભણવામાં આવે છે. જેવા કે, પ્રોગ્રામીંગ લેન્ગવેજ, ડેટા સ્ટ્રક્ચર અને અલ્ગોરીધમ, ડીબીએમએસ, નેટવર્ક, કમ્પાઈલર ડીઝાઈન વગેરે. આ બ્રાન્ચ પસંદ કરનાર વિદ્યાર્થીએ કલાકો સુધી એક જ જગ્યાએ બેસીને લોજીકલ વર્ક કરવાનું હોય છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી) : આ કોમ્પ્યુટર એન્જિનિયરીંગની જ એક પેટા બ્રાન્ચ છે. જીટીયુના સીલેબસ પ્રમાણે ૯૦% કરતા વધારે વિષયો સરખા છે એટલા માટે ઈન્ડસ્ટ્રીઝમાં નોકરીમાં સમાન તકો છે. જો વિદ્યાર્થી GATEની પરીક્ષા આપીને આગળ અભ્યાસ કરવા ઈચ્છતો હોય તો આઈટી કરતા કોમ્પ્યુટર એન્જિનિયરીંગને પ્રથમ પસંદગી આપવી જોઈએ કારણ કે કમ્પાઈલર, થીયરી ઓફ કોમ્પ્યુટેશન, માઈક્રોપ્રોસેસર વિષયો આઈટીમાં ભણવામાં આવતા નથી.

ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી) : આઈસીટી એ કોમ્પ્યુટર અને ઈ.સી.ના કોમ્બિનેશનથી બનાવવામાં આવેલી બ્રાન્ચ છે જેમાં મુખ્યત્વે કોમ્પ્યુટર એન્જિનિયરીંગના જ વિષયો હોય છે. સામાન્યપણે ૫થી ૧૦ વિષયો ઈલેકટ્રોનિક્સ અને કોમ્યુનિકેશનના હોય છે. જો DAIICT, SEAS-Ahmedabad University વગેરે જેવી ખ્યાતનામ કોલેજોમાં એડમિશન મળે તો આઈસીટી બ્રાન્ચને પસંદ કરવી જોઈએ અન્યથા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ કે આઈટીને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

ઈ.સી. એન્જિનિયરીંગ

ઈ.સી.માં ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન ક્ષેત્રનો અભ્યાસ કરવાનો હોય છે. ડીવાઈસ એન્ડ સર્કીટ, ડીજીટલ ઈલેકટ્રોનિક્સ, કન્ટ્રોલ સિસ્ટમ, આઈસી, માઈક્રોપ્રોસેસર, એમ્બેડેડ સિસ્ટમ, સર્કીટ એન્ડ નેટવર્ક, સિગ્નલ એન્ડ સિસ્ટમ્સ, ઓપ્ટીકલ

કોમ્યુનિકેશન, સેટેલાઈટ કોમ્યુનિકેશન, મોબાઈલ કોમ્યુનિકેશન વગેરેનો સમાવેશ થાય છે. ઈ.સી. એન્જિનિયરીંગમાંથી થોડા ફેરફાર સાથે નીચે મુજબની બ્રાન્ચો બનાવવામાં આવે છે. ચોક્કસ કારણ માટે નીચેમાંથી કોઈ બ્રાન્ચ પસંદ કરો તો તે યોગ્ય છે અન્યથા ઈ.સી.ને જ પ્રથમ પસંદગી આપવી જોઈએ.

બાયોમેડીકલ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં મેડીકલ ફીલ્ડમાં વપરાતા ઈલેક્ટ્રોનિક્સ સાધનોની ડીઝાઈન, ડેવલપમેન્ટ અને મેઈન્ટેનન્સને લગતો અભ્યાસ કરવાનો હોય છે. બાયોમેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સનું ઉત્પાદન મોટાભાગે વિદેશમાં થતું હોવાથી, ભારતમાં મુખ્યત્વે મેઈન્ટેનન્સને લગતા કાર્યો કરવાના હોય છે.

ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચ ઈ.સી. સાથે ઘણું સામ્ય ધરાવે છે. જીટીયુના સીલેબસ પ્રમાણે આશરે બે વિષયો અલગ આવે છે.

ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જિનિયરીંગ : જીટીયુના સીલેબસ મુજબ આ બ્રાન્ચનો સીલેબસ ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરીંગનો જ છે.

ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરીંગ : ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ મેન્યુફેક્ચરીંગ એરીયામાં પ્રોસેસ વેરીયેબલ્સના મેઝરમેન્ટ અને કન્ટ્રોલનું સાયન્સ. કન્ટ્રોલ એટલે કન્ટ્રોલ થીયરીની મદદથી જરૂરિયાત પ્રમાણે સિસ્ટમની ડીઝાઈન, આઈસી એન્જિનિયર ઓટોમેશન સિસ્ટમના ડીઝાઈન, કન્ફીગ્યુરેશન અને મેઈન્ટેનન્સનું કામ કરે છે. આ બ્રાન્ચમાં મુખ્યત્વે ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક્સના વિષયો ભણવામાં આવે છે જેમાં ઈન્ડસ્ટ્રીયલ ડ્રાઈવ, PLC / SCADA, મેઝરમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટનો સમાવેશ થાય છે.

સિવિલ એન્જિનિયરીંગ

સિવિલ એન્જિનિયરીંગના અભ્યાસમાં સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગ, કન્સ્ટ્રક્શન ટેકનોલોજી, બિલ્ડીંગ એન્ડ ટાઉન પ્લાનીંગ, વોટર રીસોર્સ મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરીંગ, જીઓ-ટેક એન્જિનિયરીંગ, સોઈલ મિકેનિક્સને લગતા વિષયો ભણવામાં આવે છે.

એન્વાયરમેન્ટલ એન્જિનિયરીંગ : આ બ્રાન્ચમાં એન્વાયરમેન્ટને (હવા, પાણી અને જમીન) પ્રદૂષિત થતું રોકવાનો અભ્યાસ કરવામાં આવે છે. મુખ્યત્વે સોલીડ વેસ્ટ ટ્રીટમેન્ટ, વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ, એર પોલ્યુશનને કન્ટ્રોલ કરતા સાધનો, હેલ્થ અને સેફટી સ્ટાન્ડર્ડને લગતા વિષયોનો અભ્યાસ કરવામાં આવે છે. આ બ્રાન્ચ સિવિલ એન્જિનિયરીંગ અને કેમિકલ એન્જિનિયરીંગની પેટા બ્રાન્ચ છે.

એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ : જીટીયુના સીલેબસ મુજબ આ બ્રાન્ચનો સીલેબસ એન્વાયરમેન્ટલ એન્જિનિયરીંગનો જ છે.

એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી : આ બ્રાન્ચ પણ એન્વાયરમેન્ટલ એન્જિનિયરીંગને સંલગ્ન બ્રાન્ચ છે. આ બ્રાન્ચમાં મુખ્યત્વે ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ અને વેસ્ટ મેનેજમેન્ટ સિસ્યમ પર ધ્યાન દેવામાં આવે છે.

વોટર મેનેજમેન્ટ : આ બ્રાન્ચમાં સિવિલ એન્જિનિયરીંગના ઘણા બધા વિષયો ભણવામાં આવે છે. ખાસ ધ્યાન ઈરીગેશન વોટર મેનેજમેન્ટ પર આપવામાં આવે છે, જેમાં હાઈડ્રોલોજી, ગ્રાઉન્ડ વોટર હાઈડ્રોલીક્સ, સોઈલ સાયન્સ, ડીઝાઈન ઓફ ઈરીગેશન ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ, જીઓટેકનીકલ એન્જિનિયરીંગ જેવા વિષયો ભણવામાં આવે છે.

કેમિકલ એન્જિનિયરીંગ

આ બ્રાન્ચમાં કેમિકલ પ્રોસેસીંગ કરવા માટેની પ્રોસેસ અને ઓપરેશન પ્લાન્ટ તથા મશીનના ડીઝાઈન, ડેવલપમેન્ટ અને મેઈન્ટેનન્સને લગતો અભ્યાસ કરવાનો હોય છે.

પેટ્રોલિયમ એન્જિનિયરીંગ

આ બ્રાન્ચ હાઈડ્રોકાર્બન (ક્રુડ ઓઈલ અને નેચરલ ગેસ) ઈન્ડસ્ટ્રીઝ પર આધારિત છે, જે બે ભાગમાં વહેંચાયેલી છે. અપસ્ટ્રીમ વિભાગમાં એક્સપ્લોરેશન, ડ્રીલીંગ, પ્રોડકશન અને સ્ટોરેજના લગતા વિષયો ભણવામાં આવે છે જ્યારે ડાઉનસ્ટ્રીમમાં રીફાઈનીંગ, પ્યુરીફીકેશન, માર્કેટીંગ અને ડીસ્ટ્રીબ્યુશનને લગતા વિષયો ભણવામાં આવે છે. પેટ્રોલિયમ એન્જિનિયરો માટે નોકરીના સ્થળો મર્યાદિત છે કારણ કે જ્યાં ઓઈલ એક્સપ્લોરેશન અને રીફાઈનીંગ થતું હોય ત્યાં જ રહેવું પડે છે.

કેમિકલ ટેકનોલોજી

આ બ્રાન્ચ કેમિકલ એન્જિનિયરીંગને સંલગ્ન બ્રાન્ચ છે. ફાર્માસ્યુટીકલ, પોલીમર, રબર અને પીગમેન્ટ્સ, ગ્લાસ અને સિરામકને લગતી ટેકનોલોજીનો અભ્યાસ પણ આવે છે. આ બ્રાન્ચમાં કેમિકલ કરતા વધારે કેમિકલ પ્લાન્ટ્સ પર ફોકસ કરવામાં આવે છે.

નેનો ટેકનોલોજી

આ બ્રાન્ચમાં કોઈપણ મટીરીયલ/પદાર્થના નેના પાર્ટ (૧થી ૧૦૦ નેનોમીટર્સ) પર ફોકસ કરવામાં આવે છે. નેનો ટેકનોલોજીનો વિવિધ ઈન્ડસ્ટ્રીઝ જેવી કે સીરામીક, મેડીકલ, માઈક્રોઈલેક્ટ્રોનિક્સ, મેટલ, કેમિકલમાં ઉપયોગ આદારિત વિષયો ભણવામાં આવે છે.

બાયો ટેકનોલોજી

આ બ્રાન્ચમાં બાયોકેમેસ્ટ્રી, જીનેટીક્સ, માઈક્રોબાયોલોજી, પ્રોસેસ એન્જિનિયરીંગ વગેરેને લગતા વિષયોનો અભ્યાસ કરવામાં આવે છે. આ બ્રાન્ચ બાયોલોજી અને કેમિકલ એન્જિનિયરીંગના કોમ્બિનેશનથી બનાવવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓને બાયોલોજીમાં રૂચિ હોય તેમને આ બ્રાન્ચ વધારે અનુકૂળ આવે છે. આ બ્રાન્ચ કેમિકલ એન્જિનિયરીંગની એડવાન્સ બ્રાન્ચ છે, જે રિસર્ચ પર આધારિત છે.

ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી

આ બ્રાન્ચમાં મુખ્યત્વે ફુડને લગતા વિષયો અભ્યાસમાં આવે છે. જેમ કે ફુડ કેમેસ્ટ્રી, ફુડ થર્મોડાયનેમિક્સ, ફુડ ન્યુટ્રીશન, ફુડ ટ્રાન્સપોર્ટેશન વગેરે. આ ઉપરાંત ફુડ પ્રોસેસીંગના પ્લાન્ટમાં વપરાતા સાધનોની ડીઝાઈન અને મેન્યુફેક્ચરીંગને લગતા વિષયો પણ ભણવામાં આવે છે.

મરીન એન્જિનિયરીંગ

આ બ્રાન્ચ ફક્ત યુ. વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, ગણપત યુનિવર્સિટી, મહેસાણા ખાતે જ ઉપલબ્ધ છે. જે ડાયરેક્ટર જનરલ ઓફ શીપીંગ, ભારત સરકાર દ્વારા પ્રમાણિત છે. મરીન એન્જિનિયરીંગનો રોલ મર્ચન્ટ શીપની મશીનરીના ઓપરેશન અને મેઈન્ટેનન્સનો હોય છે. આ બ્રાન્ચમાં મુખ્યત્વે ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનિક્સ અને મિકેનિકલના વિષયો ભણવામાં આવે છે. વધારે માહિતી માટે સીધો કોલેજનો જ સંપર્ક કરવો જોઈએ.

ટેક્સટાઈલ એન્જિનિયરીંગ

આ બ્રાન્ચમાં કાપડ અને યાર્નના પ્રોસેસીંગ અને મેન્યુફેક્ચરીંગ માટેની પદ્ધતિઓનો અભ્યાસ કરવામાં આવે છે. મુખ્યત્વે કાપડના ગુણધર્મો જેવા કે કલર, ડીઝાઈન, છાપકામ, ફીનીશીંગ ઉપર ધ્યાન આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક્સટાઈલ મેન્યુફેક્ચરીંગને લગતા વિષયો પણ ભણવામાં આવે છે. જેવા કે વેટ પ્રોસેસીંગ, પ્રોસેસીંગ ઓફ નોન કન્વેન્શનલ ફાઈબર, ડાઈંગ ટેકનોલોજી, મેન્યુફેક્ચરીંગ ઓફ પોલીસર મટીરીયલ વગેરે.

ટેક્સટાઈલ ટેકનોલોજી

આ બ્રાન્ચ ટેક્સટાઈલ એન્જિનિયરીંગને સંલગ્ન જ છે. આ બ્રાન્ચમાં કાપડના મેન્યુફેક્ચરીંગ પર વધારે ધ્યાન આપવામાં આવે છે. યાર્ન મેન્યુફેક્ચરીંગ, વીવીંગ ટેકનોલોજી, મેન મેઈડ ફાઈબર ટેકનોલોજી, નીટીંગ ટેકનોલોજી, વુલન સ્પીનીંગ જેવા વિષયોનો અભ્યાસ આવે છે.

એગ્રીકલ્ચર એન્જિનિયરીંગ

આ બ્રાન્ચ ખેતી ઉત્પાદન અને પ્રોસેસીંગને લગતી છે. આ બ્રાન્ચમાં મુખ્યત્વે મિકેનિકલ, સિવિલ, કેમિકલ અને ફુડ પ્રોસેસીંગ એન્જિનિયરીંગને લગતા વિષયો ભણવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થીને ટેકનોલોજીની મદદથી ખેતી કરવામાં રસ હોય તો આ બ્રાન્ચને પસંદગી આપવી જોઈએ.

બ્રાન્ચની પસંદગી કેવી રીતે કરવી ?

બ્રાન્ચના પ્રકાર, કઈ બ્રાન્ચમાં શું ભણવાનું હોય છે તથા કારકિર્દીની કેવી તકો રહેલી છે તેની માહિતી આપણે મેળવી. સામાન્યપણે, દરેક એન્જિનિયરીંગ બ્રાન્ચ(કાર્યક્ષેત્ર)ની દુનિયાભરમાં જરૂરિયાત હોય જ છે. બધી બ્રાન્ચના એન્જિનિયરની વધતા ઓછા અંશે માંગ હોય છે. જો વિદ્યાર્થી પોતાની શારીરિક ક્ષમતા, કામ કરવાની પદ્ધતિ, ઘરનું પ્રોફેશનલ અને ઈકોનોમીકલ વાતાવરણ તથા ભવિષ્યમાં કેવી કારકિર્દી બનાવવી છે તેને કેન્દ્રમાં રાખીને બ્રાન્ચની પસંદગી કરો તો સરળતાથી સફળતા મેળવી શકાય છે.

સૌથી વધુ પ્લેસમેન્ટ કઈ બ્રાન્ચમાં થાય છે ?

સૌથી વધુ પ્લેસમેન્ટ કોમ્પ્યુટર અને ઈ.સી. બ્રાન્ચમાં આઈટી ઈન્ડસ્ટ્રી દ્વારા થાય છે. ત્યારબાદ મિકેનિકલ પછી ઈલેક્ટ્રીકલ, કેમિકલ અને આઈ.સી. બ્રાન્ચમાં પ્લેસમેન્ટ થાય છે. સિવિલ બ્રાન્ચમાં પ્લેસમેન્ટનું પ્રમાણ ઓછું હોય છે. સૌથી વધુ સેલેરી કોમ્પ્યુટર બ્રાન્ચમાં મળે છે.

સરકારી નોકરી કરવી હોય તો કઈ બ્રાન્ચ પસંદ કરવી જોઈએ ?

કોઈપણ ગ્રેજ્યુએટ જીપીએસસી, યુપીએસસી વગેરેની પરીક્ષા આપી સરકારી નોકરી મેળવી શકે છે. એન્જિનિયરીંગને લગતી સરકારી નોકરીની મહત્તમ તકો સિવિલ અને પછી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગમાં છે. મિકેનિકલ અને ઈ.સી.માં સરકારી નોકરી ઓછી હોય છે. કોમ્પ્યુટરમાં તો પ્રમાણ સાવ નહીંવત્ છે. અનામત કેટેગરીનો વિદ્યાર્થી જો સિવિલ કે ઈલેક્ટ્રીકલમાં પ્રવેશ મેળવે તો તેને સરકારી નોકરી મળવાની શક્યતાઓ વધી જાય છે.

Branch Selection: FAQ

સૌથી સારી બ્રાન્ચ કઇ છે?

દરેક એન્જીનીયરીંગ બ્રાન્ચ(કાર્યક્ષેત્ર)ની દુનીયાભરમાં જરૂરીયાત હોય જ છે. વિદ્યાર્થી કોઇપણ બ્રાન્ચમાં અભ્યાસના 4 વર્ષ દરમ્યાન લગનથી તનતોડ મહેનત કરીને સારી કારકિર્દી બનાવી શકે છે. તેમ છતા, જો વિદ્યાર્થી પોતાની **શારીરિક ક્ષમતા, કામ કરવાની પધ્ધતી, ફેમિલી બેકગ્રાઉન્ડ અને આર્થિક પરિસ્થિતી તથા ભવિષ્યમાં કેવી કેરીયર બનાવવી છે** તેને ધ્યાનમાં રાખીને બ્રાન્ચ પસંદ કરે તો સરળતાથી સફળતા મેળવી શકે છે.

સૌથી વધુ પ્લેસમેન્ટ કઇ બ્રાન્ચમાં થાય છે?

સૌથી વધુ પ્લેસમેન્ટ કોમ્પ્યુટર/I.T. અને મિકેનીકલ બ્રાન્ચમાં થાય છે. ત્યારબાદ સિવિલ, ઇલેક્ટ્રીકલ અને કેમિકલ બ્રાન્ચમાં પ્લેસમેન્ટ થાય છે. ઇ.સી. બ્રાન્ચમાં ઇલેક્ટ્રોનીક્સ કંપનીઓનું પ્લેસમેન્ટ ઓછું હોય છે પણ I.T. કંપનીઓ તક આપે છે. સૌથી વધુ સેલેરી કોમ્પ્યુટર બ્રાન્ચમાં મળે છે.

ગવર્મેન્ટ જોબની સૌથી વધુ તકો કઇ બ્રાન્ચમાં છે?

કોઇપણ ગ્રેજ્યુએટ GPSC, UPSC વગેરેની પરીક્ષા આપી ગવર્મેન્ટ જોબ મેળવી શકે છે. એન્જીનીયરીંગને લગતી ગવર્મેન્ટ જોબની મહત્તમ તકો સિવિલ બ્રાન્ચમાં છે. ત્યારબાદ ઇલેક્ટ્રીકલ અને મિકેનીકલ બ્રાન્ચમાં તકો હોય છે. કોમ્પ્યુટર અને ઇ.સી. બ્રાન્ચમાં ગવર્મેન્ટ જોબ ખૂબ જ ઓછી છે. અનામત કેટેગરીનો વિદ્યાર્થી જો સિવિલ કે ઇલેક્ટ્રીકલમાં એડમિશન મેળવે તો તેને ગવર્મેન્ટ જોબ મળવાની શક્યતાઓ ખૂબ જ વધી જાય છે.

White Collar Job અને Blue Collar Jobમાં શું તફાવત છે? (Office Job & Field Job)

કોમ્પ્યુટર બ્રાન્ચમાં માત્ર ઓફીસ જોબ હોય છે જે White Collar Job તરીકે પણ ઓળખાય છે. જેમાં કલાકો સુધી એક જ જગ્યાએ બેસીને લોજીકલ વર્ક કરવાનું હોય છે. સિવિલ, મિકેનીકલ, ઇલેક્ટ્રીકલ, કેમિકલ, આઇ.સી. વગેરેમાં ફીલ્ડ જોબ વધારે હોય છે જેમાં સાઇટ અથવા પ્લાન્ટ પર સુપરવીઝન થી લઇને મેઇન્ટેનન્સ સુધીના કામ હોય છે. જે Blue Collar Job તરીકે પણ ઓળખાય છે.

કઇ બ્રાન્ચમાં હોમટાઉનમાં પણ નોકરી મળવાની તકો છે?

ગુજરાતના કોઇપણ શહેરમાં કોમ્પ્યુટર, મિકેનીકલ, ઇલેક્ટ્રીકલ અને સિવિલ બ્રાન્ચમાં તરત જ નોકરી મળી રહે છે.

ગણિત બહુ ગમતુ હોય તો કઇ બ્રાન્ચ પસંદ કરવી? ગણિત ફાવતુ ન હોય તો કઇ બ્રાન્ચ પસંદ કરવી?

ગણિતનો મહત્તમ ઉપયોગ સિવિલ અને ઇલેક્ટ્રીકલ બ્રાન્ચમાં આવે છે. ત્યારબાદ મિકેનીકલ અને ઇ.સી. બ્રાન્ચમાં હોય છે. ગણિતનો સૌથી ઓછો ઉપયોગ કોમ્પ્યુટર બ્રાન્ચમાં હોય છે.

વિદ્યાર્થીનીએ (Girl Students) કઇ બ્રાન્ચ પસંદ કરવી જોઇએ?

21st Century Girl કોઇપણ બ્રાન્ચમાં કામ કરી શકે છે પણ જો બધા પરીબળોને ધ્યાનમાં લઇએ તો Girl Student કોમ્પ્યુટર બ્રાન્ચમાં સારી કેરીયર આસાનીથી બનાવી શકે છે. Next Generation Digital Mom, Flexible Job Timings, Work from Home, Gender Neutral Industry, No Physical Work, Job within City Area, Settle in any city after Marriage, Easy Placement from College, Good Opportunity in Teaching Areas, Local to Global Jobs, etc.

Foreign Countriesમાં સેટલ થવુ હોય તો કઇ બ્રાન્ચ પસંદ કરવી જોઇએ?

Foreign Countries જેવા કે USA, UK, Canada, Australiaમાં સેટલ થવા માટે કોમ્પ્યુટર અને ત્યારબાદ ઇ.સી. બ્રાન્ચને પસંદગી આપવી જોઇએ. મિકેનીકલ એન્જીનીયર્સ માટે Germanyમાં સારી તકો છે.

આજકાલ ઇ.સી.નો ટ્રેન્ડ ડાઉન છે અને મને ઓછા માર્કસ પર ખ્યાતનામ કોલેજમાં ઇ.સી.માં એડમિશન મળે છે તો લેવુ કે નહી?

ઇલેક્ટ્રોનીક્સ ફીલ્ડનું R&D અને ડિઝાઇનીંગ કામ મુખ્યત્વે USAમાં થાય છે જ્યારે મહત્તમ મેન્યુફેક્ચરીંગ China, Taiwan અને Koreaમાં થાય છે. ઇલેક્ટ્રોનીક્સ ઇન્ડસ્ટ્રીઝ બહુ concentrated છે જેમાં મુખ્યત્વે Intel, Samsung, Qualcomm, Huawei વગેરે જેવી કંપનીઓનું વર્ચસ્વ છે. આ ઉપરાંત ઇલેક્ટ્રોનીક્સ મેન્યુફેક્ચરીંગનું સેટઅપ બહુ મોટા રોકાણથી લાર્જ સ્કેલ પર કરવું પડે છે જેને લીધે નાના શહેરોમાં ઇલેક્ટ્રોનીક્સ કંપનીઓની સંખ્યા નહીવત્ત છે. ભારતમાં બેંગ્લોર, હૈદરાબાદ અને પૂના ખાતે ઘણી MNCના ડેવલોપમેન્ટ સેન્ટર આવેલા છે જયાં ઇ.સી. એન્જીનીયર માટે નોકરીની તકો છે. ગુજરાતમાં ઇ.સી. એન્જીનીયર્સ માટે જૂજ તકો રહેલી છે.

એરોનોટીકલ, ઓટોમોબાઇલ, બાયોટેકનોલોજી, મેકાટ્રોનીક્સ વગેરે જેવી નવા જમાનાની બ્રાન્ચમાં એડમિશન લેવાય?

આ બધી બ્રાન્ચના એન્જીનીયર્સ માટે ગુજરાતમાં નહીંવત્ત તકો છે. ઉપરાંત આ બધી બ્રાન્ચમાં નોકરીની તકો માત્ર જે-તે ફીલ્ડના એક્સપર્ટસ માટે જ હોય છે. જેના માટે 10-15 વર્ષનો અનુભવ મેળવવો અનિવાર્ય છે. બેઝીક બ્રાન્ચમાં B.E. કર્યા બાદ સ્પેશ્યલાઇઝડ બ્રાન્ચમાં M.E. કરવું જોઇએ.

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઘરનો બિઝનેસ શરૂ કરવો હોય તો કઇ બ્રાન્ચ વધારે સારી? (Start-UP)

જો કોઇ વિદ્યાર્થીને સારી રીતે સેટ થયેલો ફેમિલી બિઝનેસ હોય તો તેને લગતી બ્રાન્ચ જ પસંદ કરવી જોઇએ. જો કોઇ વિદ્યાર્થીને નવો બિઝનેસ શરૂ કરવો હોય અને પૂરતી મુડી હોય તો કોઇ પણ બ્રાન્ચ પસંદ કરી શકાય છે. પરંતુ જો ઓછી મુડીથી બિઝનેસ શરૂ કરવો હોય તો કોમ્પ્યુટર અને સિવિલ બ્રાન્ચને પ્રથમ પસંદગી આપવી જોઇએ. વિદ્યાર્થીઓને ખાસ નિવેદન છે કે 4-5 વર્ષનો અનુભવ લીધા બાદ જ બિઝનેસમાં ઝંપલાવવું જોઇએ.

વ્હાઈટ કોલર (ઓફિસ) અને બ્લુ કોલર (ફીલ્ડ) નોકરીમાં શું તફાવત હોય છે ?

કોમ્પ્યુટર અને ઈ.સી.માં ઓફિસ જોબ કરવાની હોય છે, જેમાં કલાકો સુધી એક જ જગ્યાએ બેસીને લોજીકલ વર્ક કરવાનું હોય છે. સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ, કેમિકલ, આઈ.સી. વગેરેમાં ફીલ્ડ જોબ વધારે હોય છે. જેમાં પ્લાન્ટ અથવા સાઈટ પર સુપરવિઝનથી લઈને મેઈન્ટેનન્સ સુધીના કામ હોય છે. ખાસ કરીને જે વિદ્યાર્થીને તડકો, ધુળની એલર્જી હોય તેમણે સિવિલ બ્રાન્ચની પસંદગી ન કરવી જોઈએ.

ગણિત બહુ ગમે છે અથવા ગમતું નથી, તો કઈ બ્રાન્ચ પસંદ કરવી ?

ગણિતનો મહત્તમ ઉપયોગ સિવિલ અને ઈલેક્ટ્રીકલ બ્રાન્ચમાં આવે છે, ત્યારબાદ મિકેનિકલ, ઈ.સી.માં અને સૌથી ઓછો કોમ્પ્યુટરમાં હોય છે.

વિદ્યાર્થીનીઓ કઈ બ્રાન્ચ પસંદ કરી શકે ?

૨૧મી સદીમાં સ્ત્રી કોઈપણ બ્રાન્ચમાં કામ કરી શકે છે પણ જો બધા પરિબળોને ધ્યાનમાં લઈએ તો વિદ્યાર્થીની કોમ્પ્યુટર ક્ષેત્રમાં સારી કારકિર્દી આસાનીથી બનાવી શકે છે. લગ્ન પછી કોઈપણ શહેરમાં આસાનીથી નોકરી મળી રહે છે. જો કોઈ સ્ત્રીને સરકારી નોકરીમાં રૂચિ હોય તો સિવિલ કે ઈલેક્ટ્રીકલ બ્રાન્ચને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

વિદેશ જવું હોય તો કઈ બ્રાન્ચ પસંદ કરવી જોઈએ ?

વિદેશ જેવા કે અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયામાં સેટલ થવા માટે કોમ્પ્યુટર અને ઈ.સી. બ્રાન્ચને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

આજકાલ ઈ.સી.નો ટ્રેન્ડ ડાઉન છે અને ઓછા માર્ક્સ પર મનગમતી કોલેજમાં ઈ.સી.માં એડમિશન મળે તો લેવું કે નહીં ?

ઈલેક્ટ્રોનિક્સ ફીલ્ડનું R&D અને ડીઝાઈનીંગ કામ મુખ્યત્વે અમેરિકામાં થાય છે જ્યારે મેન્યુફેક્ચરીંગ ચીન, તાઈવાન અને કોરિયામાં થાય છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રીઝ બહુ કોન્સન્ટ્રેટેડ છે, જેમાં મુખ્યત્વે ઈન્ટેલ, સેમસંગ, ક્વોલકોમ, હુવેઈ વગેરે જેવી કંપનીઓનું વર્ચસ્વ છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગનું સેટઅપ બહુ મોટા રોકાણથી લાર્જ સ્કેલ પર કરવું પડે છે જેને લીધે નાના શહેરોમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોની સંખ્યા નહીંવત્ છે. ભારતમાં બેંગ્લોર, હૈદ્રાબાદ અને પૂના ખાતે ઘણી MNCના ડેવલપમેન્ટ સેન્ટર આવેલા છે જ્યાં ઈ.સી. એન્જિનિયર માટે નોકરીની તકો છે. જો કોઈ વિદ્યાર્થી ઓટોમેશન કે IoT ક્ષેત્રમાં પોતાનો બિઝનેસ કરવા માંગતો હોય તો લોકલ લેવલ પર ઘણી તકો રહેલી છે, પણ આ ક્ષેત્રો હજી ડેવલપીંગ છે.

અભ્યાસ બાદ ઘરનો બિઝનેસ શરૂ કરવો હોય તો કઈ બ્રાન્ચ વધારે સારી ?

જો કોઈ વિદ્યાર્થીને ઘરનો સારી રીતે સેટ થયેલો બિઝનેસ હોય તો તેને લગતી બ્રાન્ચ જ પસંદ કરવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થીને નવો બિઝનેસ શરૂ કરવો હોય અને સારી એવી માત્રામાં મૂડી હોય તો કોઈપણ બ્રાન્ચ પસંદ કરી શકાય છે. જો ઓછી અથવા નહીંવત્ બિઝનેસ શરૂ કરવો હોય તો કોમ્પ્યુટર, સિવિલ અને ઈ.સી. બ્રાન્ચને પ્રથમ પસંદગી આપવી જોઈએ. વિદ્યાર્થીઓને ખાસ નિવેદન છે કે ૩-૪ વર્ષનો અનુભવ લીધા બાદ જ બિઝનેસમાં ઝંપલાવવું જોઈએ. વિદ્યાર્થીએ બેઝીક બ્રાન્ચ (સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ, કોમ્પ્યુટર અને ઈ.સી.)ને પ્રથમ પસંદગી આપવી જોઈએ. બેઝીક બ્રાન્ચમાં નોકરીની મહત્તમ તકો, નોકરીમાં વિવિધતા, પોતાના હોમટાઉનમાં પણ નોકરીની તકો અને ખુદનો બિઝનેસ શરૂ કરી શકાય છે.

જો કોઈ વિદ્યાર્થી રફ એન્ડ ટફ હોય અને ટ્રાવેલિંગ ગમતું હોય તો સિવિલ, મિકેનિકલ કે ઈલેક્ટ્રીકલ બ્રાન્ચને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

> **"એન્જિનિયરીંગ વગર વિજ્ઞાન માત્ર એક ફીલોસોફી (વિચાર) જ બની જાય છે."**
> **- અજ્ઞાત**
>
> **"જાણવું એટલે વિજ્ઞાન અને બનાવવું એટલે એન્જિનિયરીંગ."**
> **- હેન્રી પેટ્રીસ્કી**

How to Select College?

- બ્રાન્ચ સીલેક્શન કરતા પણ કોલેજ સીલેક્શન વધારે કપરૂ કાર્ય છે. કોલેજ પસંદગીની વાત આવે ત્યારે વિદ્યાર્થી અને ખાસ કરીને વાલીના મનમાં ઘણા બધા પ્રશ્નો ઉદ્ભવે છે જેમકે,

  ગવર્મેન્ટ કોલેજ કે પ્રાઈવેટ કોલેજ? (ઓછી ફી કે વધારે ફી)

  હોમટાઉનની કોલેજ કે મેટ્રોસીટીની કોલેજ? (નજર સામે જ કે પોતાની જાતે ઘડાય)

  શૈક્ષણીક વાતાવરણ કે કોસ્મોપોલીટન કલ્ચર? (અભ્યાસમાં જ ધ્યાન રહે કે બીજી બાબતોની પણ જાણકારી મેળવે)

- કોલેજ એ વિદ્યાર્થીના પ્રોફેશનલ જીવનનું પ્રથમ પગથીયું છે જ્યાં તેનું ભણતર, ગણતર અને ઘડતર થાય છે. જો કોલેજના 4 વર્ષનો સાચી રીતે શૈક્ષણીક હેતુ માટે ઉપયોગ કરવામાં આવે તો કેરીયરમાં ઝડપથી સફળતા મળે છે.
- **વિદ્યાર્થીએ કોલેજની પસંદગી કરતા પહેલા નીચેના મુદ્દાઓનો ગહન અભ્યાસ કરવો જોઈએ.**

Key Points for College Selection

Environment

શિસ્તબધ્ધ શૈક્ષણિક વાતાવરણ એ સારા અભ્યાસ માટેની પ્રથમ જરૂરીયાત છે. કોલેજનું કેમ્પસ શાંત, સ્વચ્છ અને હેલ્ધી કોમ્પીટીટીવ હોય તો વિદ્યાર્થીઓને ભણવાની મજા આવે છે. ખાસ અગત્યની બાબત એ છે કે કોલેજ દરમ્યાન ભણતરની સાથે-સાથે વિદ્યાર્થીનુ ઘડતર પણ થાય છે જેમાં કોલેજનું વાતાવરણ મહત્વનો ભાગ ભજવે છે.

Infrastructure

ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે માત્ર મોટા બિલ્ડીંગ જ નહિ પરંતુ વિવિધ લેબોરેટરી અને ઈક્વિપમેન્ટસ, કોમ્પ્યુટર લેબ, વર્કશોપ, કલાસરૂમ, લાયબ્રેરી, ઇ-સબસ્ક્રિપ્શન વગેરે. વિદ્યાર્થીની સંખ્યાના (Intake) પ્રમાણમા પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવું જરૂરી છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે સારી રીતે જાણવા માટે કોલેજની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ.

Skill Development Activities

વિવિધ સર્વે પ્રમાણે દર વર્ષે બહાર પડતા એન્જીનીયર્સમાંથી માત્ર 50% જ ઈન્ડસ્ટ્રીઝમાં કામને અનુરૂપ સ્કીલ ધરાવે છે. બાકીના એન્જીનીયર્સ જરૂરી સ્કીલના અભાવે ઈન્ડસ્ટ્રીઝ રેડી હોતા નથી માટે તેમને જોબ મળતી નથી.

કોલેજના 4 વર્ષ દરમ્યાન જો વિદ્યાર્થી સારી રીતે સ્કીલ શીખે તો આજના સ્પર્ધાત્મક યુગમાં ઝડપથી પ્રોગ્રેસ કરે છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝ રેડી બનાવવા માટે કઈ ટેક્નિકલ એક્ટિવિટી કરાવવામાં આવે છે તેની માહિતી અત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી જોઈએ.

Faculties

સારૂ શિક્ષણ મેળવવા માટે વેલ-ક્વોલીફાઇડ અનુભવી પ્રોફેસરોની ટીમ હોવી અત્યંત જરૂરી છે. કોલેજની વેબસાઈટ પરથી તમને પ્રોફેસરોની યાદી, ક્વોલીફીકેશન, અનુભવ, કન્સલ્ટન્સી વર્ક વગેરેની માહિતી મળશે. ટીચીંગ ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝનો અનુભવ હોવો પણ ખુબ જ અગત્યનો છે.

Placements

એન્જીનીયરીંગ પ્રોફેશનલ કોર્ષ હોવાથી પ્લેસમેન્ટ ખૂબ જ અગત્યનું છે.

કોલેજની વેબસાઈટ પરથી પ્લેસમેન્ટની માહિતી જેવી કે વિદ્યાર્થીઓની સંખ્યા, કંપની, પગારધોરણ વગેરે મળી શકશે. આ ઉપરાંત કોલેજના T&P ઓફિસર પાસેથી પણ તમે વિગતવાર માહિતી મેળવી શકશો.

પ્લેસમેન્ટના ડેટામાં 100% પારદર્શકતા અનિવાર્ય છે.

- Vacant Seats
- GTU Result
- Fee Structure
- E-Material
- College Timing
- Hostel & Transportation

How to Select College?

વિદ્યાર્થી અને વાલીઓને ખાસ નિવેદન છે કે જ્યારે કોલેજ સીલેક્શન કરતા હોય ત્યારે થોડીવાર માટે જે તે કોલેજની જુની સારી/નરસી રેપ્યુટેશન ભુલી જઈને વિચારવુ. આજના ઝડપથી બદલાતા યુગમાં દરેક બાબતની જેમ કોલેજનું વાતાવરણ, પ્રોફેસરોની ટીમ, ટીચીંગ મેથડ, પ્લેસમેન્ટ ક્વોલીટી પણ ઝડપથી બદલાય જાય છે. જે-તે કોલેજની એકવાર મુલાકાત લઈને જ કોલેજ પસંદ કરવી. ખાસ કરીને દેખાદેખી કે આંધળુ અનુકરણ કરવાથી દુર રહેવું.

કોલેજ વેબસાઈટ

કોઈપણ કોલેજની વેબસાઈટ એ કોલેજની માહિતી મેળવવા માટેનું સરળ અને અગત્યનું માધ્યમ છે. આથી જે તે કોલેજની વેબસાઈટ પરથી વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટની સંખ્યા, પેકેજ, પ્રોફેસરોની માહિતી, ઈન્ફ્રાસ્ટ્રકચર, કોલેજમાં થતી વિવિધ પ્રવૃતિઓ, રીઝલ્ટ વગેરે જેવી માહિતી આરામથી ઘરે બેઠા મેળવી શકાય છે. કોલેજની વેબસાઈટમાં પૂરતી, સચોટ અને 100% પારદર્શક માહિતી હોય તે ઈચ્છનીય છે.

કટ-ઓફ

ઘણા વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારની તપાસ કે વિચાર કર્યા વગર માત્ર ગયા વર્ષના કટ-ઓફના આધારે ચોઈસ ફીલિંગ કરે છે. વિદ્યાર્થી જયારે એડમિશન લઈને કોલેજ પર રૂબરૂ પહોંચે ત્યારે સાચી વાસ્તવિકતાની જાણ થાય છે પણ ત્યાં સુધીમાં ઘણું મોડુ થઈ ગયું હોય છે. કોલેજના કટ-ઓફ એ કોલેજનું લોકેશન, કોલેજ જે શહેરમાં આવેલી છે તેની વસ્તી, કોલેજનું માર્કેટીંગ વગેરે બાબતો પર પણ આધાર રાખે છે.

કોલેજ પસંદગી

પ્રથમ ગુજરાતની TOP 10 કોલેજમાંથી પસંદગી કરવી જોઈએ અન્યથા તમારા ઝોનની TOP 3 કોલેજમાંથી પસંદગી કરવી જોઈએ.

વિદ્યાર્થીઓનો અભિપ્રાય

10 કે 15 વર્ષ પહેલા ભણેલા વિદ્યાર્થીઓ કરતા અત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભિપ્રાય ખુબજ અગત્યનો અને ઉપયોગી છે, કારણ કે તેઓ કોલેજની અત્યારની વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ હોય છે અને તમને કોલેજ વિશેની સાચી માહિતી આપશે.

કોલેજ સીલેક્શન માટેના અગત્યના મુદ્દાઓની માહિતી મેળવવી કદાચ પ્રથમ નજરે અઘરી લાગે પણ જો વિદ્યાર્થી પ્રોપર મેથડ ફોલો કરે તો આ કાર્ય સરળ બની જાય છે.

૩.૫ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટેક્નોલોજી (IIT)

દેશની નામાંકિત તથા વિદેશોમાં પણ આઈ.આઈ.ટી. પ્રખ્યાત સંસ્થા છે. દેશભરમાંથી જે વિદ્યાર્થીઓ તેમાં પ્રવેશ મેળવી શકે તે પોતાની જાતને ધન્ય ગણે છે. IITની શાખાઓ ચેન્નઈ,દિલ્હી,ગૌહાતી,કાનપુર,ખડકપુર,મુંબઈ, રૂરકી, ગાંધીનગર ખાતે આવેલી છે. IITમાં ચાલતા એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવો સહેલો નથી પરંતુ એક વાર પ્રવેશ મેળવીને કોર્ષ કરતાં તમારે કઈ નોકરી કરવી તેની પસંદગી કરવી અઘરી થઈ પડે તેટલી નોકરી દેશ-વિદેશમાં હાજર હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણના વ્યાપ માટે નવી આઠ IIT સ્થાપવાની જાહેરાત થઈ છે.જેમાંની એક આઈ.આઈ.ટી.ની ગુજરાતમાં સ્થાપના થઈ છે.

પ્રવેશ : પંદર શહેરોમાં આવેલી IIT ઉપરાંત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી (BHU), વારાણસી તથા ભુવનેશ્વર તથા ઈન્ડિયન સ્કૂલ ઑફ માઈન્સ (ISM)-ધનબાદમાં પ્રવેશ માટે સંયુક્ત પ્રવેશ પરીક્ષા લેવાય છે. જે JEE (જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન)ના નામે પ્રખ્યાત છે.

લાયકાત : ૬૦% (SC/ST/અપંગ ૫૫%) સાથે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ સાથે પાસ અથવા તો પરીક્ષા દેનાર આ માટે અરજીપાત્ર હોય છે.

વય : ઉમેદવારની ઉંમર ૨૪ વર્ષથી ઓછી હોવી જરૂરી છે. (SC/ST/PH પાંચ વર્ષની છૂટ)

IIT માં ૩૫ જેટલા સ્નાતક ઈજનેરી અભ્યાસક્રમો ઉપરાંત B.Pharm., B.Arch. તથા સાત M.Sc. અભ્યાસક્રમો તથા ૪૩ M.Tech.અભ્યાસક્રમો થાય છે. જ્યારે રસાયણ, ભૌતિક,ગણિત,આંકડાશાસ્ત્ર,એપ્લાઈડ જિયૉલોજી, એપ્લાઈડ ફિઝિક્સ, તથા કમ્પ્યુટરના M.Sc. કોર્સ થાય છે.

- **IIT, Kharagpur** **http://www.iitkgp.ac.in/**
- **IIT,, Madras** **http://www.iitm.ac.in/**
- **IIT, Delhi** **http://www.iitd.ac.in/**
- **IIT, Roorkee** **http://www.iitr.ac.in/**
- **IIT, Bhubaneswar** **http://www.iitbbs.ac.in/**
- **IIT, Gandhinagar** **http://www.iitgn.ac.in/**
- **IIT, Kanpur** **http://www.iitk.ac.in/iitj/**
- **IIT, Indore** **http://www.iiti.ac.in/**
- **IIT, Bombay** **http://www.iitb.ac.in/**
- **IIT, Kanpur** **http://www.iitk.ac.in/**
- **IIT, Guwahati** **http://www.iitg.ac.in**
- **IIT, Ropar** **http://www.iitrpr.ac.in/**
- **IIT, Hyderabad** **http://www.iith.ac.in/**
- **IIT, Patna** **http://www.iitp.ac.in/**
- **IIT, Rajasthan** **http://www.iitk.ac.in**

- **બિરલા ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી, મેસરા, રાંચી-૩૮૫ ૨૧૫(બિહાર)**
  આ ખ્યાતનામ સંસ્થામાં ચાલતા B.Arch. (૫ વર્ષ) તથા BE સિવિલ/ કમ્પ્યૂટર સાયન્સ/ ઈલેક્ટ્રિકલ ઍન્ડ ઈલેક્ટ્રોનિક્સ/ ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યૂનિકેશન / મિકેનિકલ/પ્રોડકશન એન્જિનિયરિંગ/પોલિમર એન્જિ./ IT તથા B.Pharm./BHMCT (બેચલર ઑફ હૉટલ મૅનેજમેન્ટ ઍન્ડ કેટરિંગ) ના ચાર વર્ષના અભ્યાસક્રમમાં JEE પરીક્ષા દ્વારા પ્રવેશ મળે છે.
  Controller of Examemination, Birla Institute of Technology, Mesra, Ranchi- 835 215.
  website : **www.bitmesra.ac.in.**
- **બિરલા ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનૉલોજી, પિલાની -૩૩૩૦૩૧(રાજસ્થાન)**
  આ સંસ્થાની બે કોલેજો છે.(૧)પિલાની તથા (૨)ગોવા ખાતે આવેલી છે જેમાં નીચે પ્રમાણેના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.
  (૧) BITS, પિલ્લાની : BE (ઓનર્સ) ઈન કેમિકલ, સિવિલ, કમ્પ્યૂટર સાયન્સ, ઈલેક્ટ્રિકલ ઍન્ડ ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ મિકેનિકલ, બીફાર્મ.
  (૨) BITS, ગોવા : BE(ઓનર્સ)ઈન કેમિકલ, કમ્પ્યૂટર સાયન્સ, ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનિકસ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન, મિકેનિકલ
  લાયકાત : ધો.૧૨ વિજ્ઞાન (PCB)માં ૮૦ (દરેકમાં ૬૦%) સાથે પાસ જરૂરી છે.
  પ્રવેશ : 'BITS એડમિશન ટેસ્ટ' દ્વારા પ્રવેશ અપાય છે. ધો.૧૨ ની ઑનલાઈન ટેસ્ટ ઓબ્જેક્ટિવ ટાઈપની લેવાય છે.
  Admissions officer, Birla Institute of Technology, Pilani - 333031
  વેબસાઈટ : http:/ **www.bitspilani.ac.in/BITSAT**
- **ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી.**
  જેમને સ્પેસ સાયન્સમાં રસ છે તેમને માટે બેસ્ટ કોલેજ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી (IIST) આઈઆઈએસટી છે. ભારત સરકારની આ કોલેજમાં સ્પેસ સાયન્સ અને ટેકનોલોજીના (૧) બીટેક ઈન એવિઓનિક્સ, (૨) બીટેક ઈન એરોસ્પેસ એન્જિનિયરીંગ અને (૩) બીટેક ઈન ફિઝીકલ સાયન્સના કોર્સ ચાલે છે. એડમિશન માટે અલગ એન્ટ્રન્સ એકઝામ છે. ફોર્મ ભરવાની જાહેરાત ડિસેમ્બરમાં આવે છે. એકઝામ એપ્રિલમાં હોય છે. ધોરણ-૧૨ સાયન્સમાં ફિઝીક્સ,

કેમેસ્ટ્રી અને મેથેમેટીક્સ PCM વિષયો રાખેલ હોય તો તમે IISTની એન્ટ્રન્સ આપી શકો છો. વધુ માહિતી માટે વેબસાઈટ www.iist.ac.in જોવા વિનંતી છે.

- **ઈન્ડિયન સ્કૂલ ઑફ માઈન્સ, ધનબાદ.**
  અહીં ચાર વર્ષના B.Tech. કમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્સ્ટુમેન્ટેશન, માઈનિંગ મશીનરી,મિનરલ એન્જિ., પેટ્રોલિયમ એન્જિ. અભ્યાસ થાય છે. જાહેરાત ડિસેમ્બરમાં આવે છે.તે માટે IIT JEE પરીક્ષાનું જ પ્રવેશપત્ર ભરવાનું હોય છે.
- **આર્મી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ડીઘી હિલ્સ, પૂના -૪૧૧ ૦૧૫**
  ફક્ત ભૂમિદળના ચાલુ અથવા નિવૃત્ત કર્મચારીઓનાં સંતાનોને મે માસમાં પ્રવેશ પરીક્ષા દ્વારા ૬૦-૬૦ બેઠકો પર BE મિકેનિકલ/ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન/કમ્પ્યૂટર એન્જિનિયરિંગ પ્રવેશ અપાય છે. આર્મીમાં નોકરી અંગે બૉન્ડ લખી આપવાનું હોય છે.૫૦% સાથે (SC/ST45%) ધો.૧૨ વિજ્ઞાન પાસ કે પરીક્ષા દેનાર અરજીપત્ર છે.૧૬થી ૨૧ વર્ષની ઉંમર જરૂરી છે. આ માટે JEE પરીક્ષા દ્વારા પ્રવેશ અપાય છે. જેની જાહેરાત જાન્યુઆરી માસમાં તથા પરીક્ષા મે માસમાં હોય છે.
- **સ્કૂલ ઑફ પ્લાનિંગ ઍન્ડ આર્કિટેકચર, દિલ્હી :**
  આ ડીમ્ડ.યુનિ.માં આર્કિટેક્ચર(૬૮ બેઠક)નો પાંચ વર્ષનો તથા પ્લાનિંગ (૨૨ બેઠક)નો ૪ વર્ષનો અભ્યાસ છે.
  ૬૦% (PCME સહિત) ધો.૧૨ વિજ્ઞાનમાં જરૂરી છે. (SC/ST/અપંગને ૫૫%)
  આ માટે પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ અપાય છે. જેની જાહેરાત જાન્યુઆરી માસમાં તથા પરીક્ષા મે માસમાં હોય છે.
  સ્કૂલ ઑફ પ્લાનિંગ ઍન્ડ આર્કિટેક્ચર, ૪,બ્લોક-B, ઈન્દ્રપ્રસ્થ એસ્ટેટ, ન્યૂ દિલ્હી-૧૧૦ ૦૦૨.
- **પોંડિચેરી એન્જિનિયરિંગ કૉલેજ, પિલ્લાઈ ચાવડી,પોંડિચેરી-૬૦૫ ૧૪૦**
- **વાલચંદ ઈન્સ્ટિયૂટ ઑફ ટેકનૉલોજી, અશોક ચોક, સોલાપૂર-૪૧૩ ૦૦૬**
  જૈન વિદ્યાર્થીઓ માટેની લઘુમતી કૉલેજ છે.પ્રવેશપત્ર જૂનમાં ભરવું.
- **ઝાકીર હુસેન કૉલેજ ઑફ એન્જિ.ઍન્ડ ટેકનોલોજી, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ-૨૦૨ ૦૦૧**
  પ્રવેશપત્ર મેળવવા માટે મે-જૂન માસમાં રૂ.૩ નો P.O.'ફાયનાન્સ ઑફિસર, AMU, અલીગઢ' ના નામે લખી સાથે ૬x૧૨ સે.મી. લાંબુ ટિકિટવાળું કવર મોકલવાથી મળશે. પ્રવેશ પરીક્ષા જુલાઈ માસમાં PCMના હેતુલક્ષી પ્રશ્નો દ્વારા લેવાય છે.
- **વેલ્લોર એન્જિનિયરીંગ કોલેજ (VIT)**
  ભારતની બેસ્ટ એન્જિનિયરીંગ કોલેજોમાં સ્થાન ધરાવતી વેલ્લોર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી(VIT)માં એડમિશન માટે અલગ એન્ટ્રન્સ એકઝામ છે. અઢી કલાકના પેપરમાં ૧૨૦ ઓબ્જેક્ટીવ ટાઈપ પ્રશ્નો હોય છે. ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી PCB વિષયો રાખેલ હોય અને ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથેમેટીક્સ PCM વિષયો રાખેલ હોય તે બન્ને ગ્રુપના સ્ટુડન્ટ VITની એન્ટ્રન્સ એકઝામ આપી શકે છે. બાયોલોજી(બી ગ્રુપ)વાળા માટે બીટેક ઈન બાયો ટેકનોલોજી જેવા એન્જિનિયરીંગના બેચલર ડિગ્રી કોર્સ VITમાં ચાલે છે. VIT હવે યુનિવર્સિટી બની છે અને તેની VIT એન્જિનિયરીંગ એન્ટ્રન્સ એકઝામ VITEEEની જાહેરાત જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં આવે છે. એકઝામ એપ્રિલમાં હોય છે. વધુ માહિતી માટે વેબસાઈટ www.vit.ac.in જુઓ.
- **SRM યુનિવર્સિટીની એન્જિનિયરીંગ કોલેજ :**
  SRM યુનિવર્સિટી ભારતની ટોપ યુનિવર્સિટીઓમાં ગણાય છે. એમાં વીસ હજારથી વધારે સ્ટુડન્ટ ભણે છે. એની એન્જિનિયરીંગ કોલેજમાં એડમિશન માટે અલગ એન્ટ્રન્સ એકઝામ આપવાની હોય છે. અલગ-અલગ બ્રાન્ચમાં મળી લગભગ પાંચ હજાર સીટ SRM યુનિવર્સિટીની એન્જિનિયરીંગ કોલેજમાં છે. ફોર્મ ભરવાની જાહેરાત માર્ચમાં આવે છે અને એકઝામ મે મહિનામાં હોય છે. PCM (એ ગ્રુપ) અને PCB (બી ગ્રુપ) આ બન્ને ગ્રુપના સ્ટુડન્ટ SRM એન્જિનિયરીંગ એન્ટ્રન્સ એકઝામ (SRMEEE) આપી શકે છે.

૩.૬ પેટ્રો કેમિકલ એન્જિનિયરિંગમાં પ્રવેશ

તેજસ્વી વિદ્યાર્થિઓ માટે ઉજ્જવળ કારકિર્દી ઘડવાની અપાર સંભાવના ધરાવતું ક્ષેત્ર પેટ્રોકેમિકલ એન્જિનિયરિંગ છે. આ ક્ષેત્રે અપસ્ટ્રીમ (તેલ અને ગૅસની શોધ) અને ડાઉનસ્ટ્રીમ (રિફાઈનિંગ) બંને સ્તર પર પ્રતિભાશાળી લોકોની ખોટ છે.

ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લામાં જૈસ ખાતે આવેલી ડીમ્ડ યુનિવર્સિટી રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પેટ્રોલિયમ ટેક્નૉલોજીમાંથી આ અભ્યાસ કરી શકાય છે. પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ અને ભારત સરકારના પેટ્રોલિયમ અને નેચરલ ગૅસ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પેટ્રોલિયમ ટેક્નૉલોજી (આરજીઆઈપીટી) સંસ્થા કામ કરે છે. **વેબસાઈટ www.rgipt.in**

કાનપુર વિશ્વવિદ્યાલય, કલ્યાણપુર, કાનપુર - ૨૦૮૦૨૪, અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય, ઈન્સ્ટિયૂટ ઑફ પેટ્રોલિયમ સ્ટડિઝ ઍન્ડ કેમિકલ એન્જિનિયરિંગ, અલીગઢ-૨૦૨૦૦૨

ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત (પીસીએમ) અને અંગ્રેજી સાથે ૧૨મું ધોરણ પાસ કરેલા વિદ્યાર્થીઓ ઇન્ડિયન સ્કૂલ ઑફ માઈન્સ, ધનબાદ ખાતે પેટ્રોલિયમ પ્રોસેસિંગ અને પેટ્રોકેમિકલમાં અનુસ્નાતક (એમ.એસસી.) કક્ષાનો અભ્યાસ કરી શકે છે. તદુપરાંત યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ ઍન્ડ એનર્જી સ્ટડિઝ, દહેરાદૂન (ઉત્તરાખંડ) અને ગુજરાત પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે પણ પેટ્રોકેમ ક્ષેત્રના અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. **વેબસાઈટ www.pdpu.ac.in**

૩.૭ એગ્રિકલ્ચર યુનિવર્સિટીના અભ્યાસક્રમો

ભારત એ એક કૃષિપ્રધાન દેશ છે. કૃષિ ક્ષેત્રનો વિકાસ અને સંશોધન જોતાં ખેડૂત તાલીમબદ્ધ ન થાય તો ખેડૂતની મહેનત એળે જાય. એટલે કે 'પ્રગતિશીલ ખેડૂત' એ આજના યુગની આવશ્યકતા છે. આપણે ત્યાં પ્રથમ ઍગ્રિકલ્ચર કૉલેજ 1947માં જ આણંદ ખાતે શરૂ થઈ. 1973માં ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના થઈ અને તેનું વડું મથક સરદાર પટેલ કૃષિનગર (દાંતીવાડા) બનાસકાંઠામાં રખાયું અને તેનાં કૅમ્પસ જૂનાગઢ, નવસારી તથા આણંદમાં રખાયાં. વર્ષ 2004થી આ યુનિવર્સિટીનું 4 કૃષિ યુનિવર્સિટીઓમાં વિભાજન થયું અને એ રીતે દરેક કૃષિ યુનિવર્સિટી સ્વતંત્ર બની.

- કૃષિ યુનિવર્સિટી, સરદાર પટેલ કૃષિનગર, દાંતીવાડા, જિ. બનાસકાંઠા. **www.sdau.edu.in**
- આણંદ કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી કૅમ્પસ, આણંદ. **www.aau.in**
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ કૅમ્પસ, જૂનાગઢ. **www.jau.in**
- નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી કૅમ્પસ, નવસારી. **www.nau.in**

આ યુનિવર્સિટીની કૉલેજો ગ્રાન્ટ ઈન એઈડ છે. એટલે કે સ્વનિર્ભર ન હોવાથી ફી પ્રમાણમાં હળવી હોય છે. દરેક યુનિવર્સિટીમાં હૉસ્ટેલ અને લાઈબ્રેરી સુવિધા પણ છે. કૃષિજ્ઞાન મેળવીને ખેતીમાં પરિવર્તન લાવવું દેશ માટે આવશ્યક છે.

પ્રાપ્ય અભ્યાસક્રમો :

(1) **બી.એસસી. કૃષિ : મુદત :** 4 વર્ષ (8 સેમેસ્ટર) **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- બી.એ. કૉલેજ ઑફ ઍગ્રિકલ્ચર, આણંદ (100)
- એન. એન. કૉલેજ ઑફ ઍગ્રિકલ્ચર, નવસારી (100)
- કૉલેજ ઑફ ઍગ્રિકલ્ચર, જૂનાગઢ (100)
- કૉલેજ ઑફ ઍગ્રિકલ્ચર, સરદાર કૃષિનગર, જિ. બનાસકાંઠા (100)

(2) **બી. વી. એસસી. (વેટરનરી સાયન્સ ઍન્ડ ઍનિમલ હસબન્ડરી) :**
મુદત : 5 વર્ષ (10 સેમેસ્ટર) **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- ગુજરાત કૉલેજ ઑફ વેટરનરી સાયન્સ ઍન્ડ ઍનિમલ હસબન્ડરી (45)
- કૉલેજ ઑફ વેટરનરી સાયન્સ ઍન્ડ એનિમલ હસબન્ડરી, કૃષિનગર (દાંતીવાડા) (45)

(3) **બી.ટેક. કૃષિ ઈજનેરી : મુદત :** 4 વર્ષ (8 સેમેસ્ટર) **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- કૃષિ ઈજનેરી અને ટેક્નૉલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ (50)

(4) **બી.એસસી. હૉર્ટિકલ્ચર : મુદત :** 4 વર્ષ (8 સેમેસ્ટર) **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- એસ્પી કૉલેજ ઑફ હૉર્ટિકલ્ચર, નવસારી (25)

(5) **બી.એસસી. ફોરેસ્ટ્રી : મુદત :** 4 વર્ષ (8 સેમેસ્ટર) **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- એસ્પી કૉલેજ ઑફ ફોરેસ્ટ્રી, નવસારી (25)

(6) **બી.એસસી. ફિશરીઝ : મુદત :** 4 વર્ષ (8 સેમેસ્ટર) **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- કૉલેજ ઑફ ફિશરીઝ, વેરાવળ (20)

(7) **બી. ટેક. ડેરી ટેક્નૉલોજી : મુદત :** 4 વર્ષ **પ્રવેશ લાયકાત :** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ
- શેઠ એમ. સી. કૉલેજ ઑફ ડેરી સાયન્સ, આણંદ (30)

નોંધ : ઉપરના 1 થી 6ના અભ્યાસક્રમો માટે કોર્સ દીઠ જે તે યુનિવર્સિટીની કૉલેજમાં પ્રવેશપત્ર ભરવાનું રહે છે. ખેડૂત પુત્ર, પુત્રી, પૌત્ર કે પૌત્રીને તમામ કોર્સમાં પ્રવેશ સમયે 5% ગુણ વધારાના મળે છે, જ્યારે ફિશરીઝ કોર્સમાં માછીમારોનાં સંતાનોને 15% ગુણ વધારાના મળે છે. બેઠકોની સંખ્યા તથા પ્રવેશ માટે જે તે વર્ષે નક્કી કરેલા નીતિ-નિયમો પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

એગ્રીકલ્ચર એડમિશન (ગુજરાત)

Anand Agricultural University (AAU)
Anand-388110
02692-261310 www.aau.in

Junagadh Agricultural University (JAU)
Junagadh-362001
0285-2672080/90 www.jau.in

Sardarkrushinagar Dantiwada Agricultural University (SDAU)
Sardarkrushinagar - 385506
02748-278226 www.sdau.edu.in

Navsari Agricultural University (NAU)
Navsari-396450
02637-282823 www.nau.in

Kamdhenu University (KU)
Gandhinagar-382010
079-23220713 www.ku-guj.org

- કૃષિ યુનિવર્સિટીઓના વિવિધ અભ્યાસક્રમોમાં 85% બેઠકોના એડમિશન Gujarat State Agricultural Universities Common Admission (GSAUCA) અને Kamdhenu University દ્વારા માત્ર ગુજરાત રાજ્યમાંથી ધો. 12 પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે www.gsauca.in અને www.kamdhenuuniversity.net પર ઓનલાઇન કરવામાં આવે છે.
- બાકીની 15% બેઠકોના એડમિશન Indian Council of Agriculture Research (ICAR) દ્વારા સમગ્ર દેશના વિદ્યાર્થીઓ માટે www.icarexam.net પર ઓનલાઇન કરવામાં આવે છે.

શૈક્ષણિક લાયકાત

- GUJCET 2021 ની પરીક્ષા આપેલ હોવી જોઇએ.
- ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં નીચે મુજબના મિનિમમ માર્કસ હોવા જોઇએ.

Course	Category	Theory Marks (without Gracing)
B.V.Sc. & A.H. (Veterinary)	Open / EWS	PCB+E 200 / 400 (50%)
	SEBC / SC / ST	PCB+E 190 / 400 (47.5%)
B.Sc.(Agriculture), B.Sc. (Horticulture), B.Sc.(Forestry), B.Tech.(Bio Tech.), B.F.Sc.(Fisheries)	Open / SEBC / EWS	PCB 120 / 300 (40%)
	SC / ST	PCB 105 / 300 (35%)

રજીસ્ટ્રેશન પ્રોસેસ

- ધોરણ-12ના રીઝલ્ટ પછી મુખ્ય સમાચારપત્રોમાં એડમિશન કમિટીની જાહેરાત આવે ત્યારે વિદ્યાર્થી જે કેટેગરીના અભ્યાસક્રમમાં ફોર્મ ભરવા ઇચ્છતા હોય તેની એડમિશન કમિટીની વેબસાઇટ પર Rs 200/- ભરીને ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- નીચે મુજબની કેટેગરી વાઇઝ અલગ થી અલગ અને ફી ભરીને રજીસ્ટ્રેશન કરવાનું હોય છે.
  - કેટેગરી-1 : બી.વી.એસ.સી. એન્ડ એ.એચ. (વેટરનરી) માટે www.kamdhenuuniversity.net પર રજીસ્ટ્રેશન કરવુ.
  - કેટેગરી-2 : બી.એસસી (એગ્રીકલ્ચર), બી.એસસી (હોર્ટીકલ્ચર), બી.એસસી (ફોરેસ્ટ્રી), બી.ટેક (બાયોટેક.) માટે www.b.gsauca.in પર રજીસ્ટ્રેશન કરવુ.
  - કેટેગરી-3 : બી.એફ.એસસી. (ફીશરીઝ) માટે www.kamdhenuuniversity.net પર રજીસ્ટ્રેશન કરવુ.
- રજીસ્ટ્રેશન કન્ફર્મ કરાવવા રજીસ્ટ્રેશન કરવ્યા બાદ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોની ઓનલાઇન ચકાસણી કરાવવાની રહેશે. ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ચોઇસ ફીલીંગ કરવુ ફરજીયાત છે અન્યથા તેઓનું નામ મેરીટ લીસ્ટમાં સમાવેશ થશે નહી.
- રજીસ્ટ્રેશન દરમ્યાન અપલોડ કરવાના ડોક્યુમેન્ટ્સની યાદી
  - બધા વિદ્યાર્થીઓ માટે SSC Marksheet અને પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર, HSC Marksheet GUJCET Marksheet, School LC, એટેમ્પ્ટ / ટ્રાયલ સર્ટીફીકેટ.
  - SC/ST માટે: TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ જાતીનો માન્ય દાખલો.
  - SEBC માટે: જાતીનો માન્ય દાખલો અને પરિશિષ્ટ-4 પ્રમાણે નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ.
  - EWS માટે: EWS (આર્થીક રીતે નબળા વર્ગો) ની પાત્રતા ધરાવતુ પ્રમાણપત્ર (માત્ર ગુજરાત રાજ્યના અધિકારી દ્વારા ઇસ્યુ થયેલ)
    [EWS ફક્ત સીટ આરક્ષણ જ છે, શિષ્યવૃતિ નથી.]
  - PH માટે: જીલ્લાના સિવીલ સર્જન દ્વારા નિયત ફોર્મેટ પ્રમાણે અપાયેલું શારિરિક વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર.

મેરીટ લીસ્ટ

- B.V.Sc. & A.H. અભ્યાસક્રમનું મેરીટ લીસ્ટ માત્ર GUJCET-2021 પરીક્ષામાં મેળવેલ માર્કસના આધારે બનાવવામાં આવશે.
- બાકીના અભ્યાસક્રમો માટે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડનું પ્રોગ્રામ કેટેગરી મુજબ અલગ–અલગ મેરીટ લીસ્ટ નીચે મુજબ તૈયાર કરવામાં આવશે.

મેરીટ માર્ક = Board PCB Theory Marksના 60% + GUJCET Marksના 40%

પ્રવેશ પ્રક્રિયા

1. મોક રાઉન્ડ

- મોક રાઉન્ડ બેઠક પસંદગી અને ફાળવણીની પ્રક્રિયા સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડથી વિદ્યાર્થીઓ અને વાલીઓને ચોઇસ ફીલીંગ કઈ રીતે કરવી, આ વર્ષનો ટ્રેન્ડ શું છે તેનો અંદાજ આવી શકે છે. આ ઉપરાંત કઇ કોલેજમાં કેટલા મેરીટ નંબર ઉપર અંદાજીત એડમિશન અટકે છે વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. મોક રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતુ નથી.

2. રાઉન્ડ–1

- રાઉન્ડ–1માં પ્રવેશ મળેલ વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં નક્કી કરેલ ફીની રકમ નિયત બેંકમાં જમા કરાવીને રીસીપ્ટ મેળવી લેવાની રહેશે.
- જે વિદ્યાર્થીને પસંદગીની કોલેજ મળેલ હોય તેમણે પ્રવેશ ફાઇનલ કરવા માટે જરૂરી પ્રમાણપત્રો સાથે જે તે કોલેજ ખાતે નિયત સમય મર્યાદામાં રિપોર્ટીંગ કરવાનું રહેશે. **એડમિશન ફાઇનલ કરાવવાથી હવે પછીની એડમિશન પ્રક્રિયામાંથી નામ આપમેળે રદ થઇ જશે.**
- જો વિદ્યાર્થી રાઉન્ડ–2માં ભાગ લેવા ઇચ્છતો હોય તો તેમણે રાઉન્ડ–1નો પ્રવેશ ફાઇનલ કરાવવો નહીં પરંતુ બેંકમાં ફી અચુક ભરી દેવી નહીતર મળેલ પ્રવેશ આપમેળે રદ થઇ જશે.
- રાઉન્ડ–2માં ચોઇસમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં. રાઉન્ડ–1માં ભરેલી ચોઇસ જ રાઉન્ડ–2માં ધ્યાનમાં લેવામાં આવશે જેથી રાઉન્ડ–1માં કાળજીપૂર્વક ચોઇસ ભરવી. રાઉન્ડ–2માં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ Login કરી સંમતી આપવાની રહેશે.

3. રાઉન્ડ–2

- રાઉન્ડ–1માં ખાલી રહેલી બેઠકો અને બેંકમાં ફી ન જમા કરાવવાના કારણે ખાલી પડતી બેઠકોના એડમિશન આ રાઉન્ડમાં થાય છે.
- જો રાઉન્ડ–2માં નવી બેઠક પર પ્રવેશ મળે તો રાઉન્ડ–1નો પ્રવેશ **આપમેળે રદ** થઇ જશે અને ફરજીયાતપણે રાઉન્ડ–2માં ફાળવવામાં આવેલી બેઠક પર જ એડમિશન લેવું પડશે.
- જો પસંદગીની કોલેજ મળેલ હોય તો રાઉન્ડ–1ની જેમ જ એડમિશન ફાઇનલ કરાવવાનું રહેશે અથવા રાઉન્ડ–3 (રૂબરૂ કાઉન્સેલીંગ)માં ભાગ લેવા માટે સંમતિ આપવાની રહેશે.

- **જે વિદ્યાર્થીઓએ બેંકમાં ફી ભરેલ ન હોય અને રૂબરૂ કાઉન્સેલીંગ માટે સંમતિ આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ રાઉન્ડ-3માં ભાગ લઇ શકશે નહીં.**
- જે વિદ્યાર્થીઓએ એક કરતાં વધુ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરેલ હોય અને એક કરતાં વધુ અભ્યાસક્રમમાં પ્રવેશ મળતો હોય તો વિદ્યાર્થીએ પોતાની પસંદગીના કોઈ એક અભ્યાસક્રમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે અથવા તો રૂબરૂ કાઉન્સેલિંગમાં ભાગ લેવા માટેની સંમતિ આપવાની રહેશે અન્યથા પ્રવેશ આપમેળે રદ થઈ જશે અને રૂબરૂ કાઉન્સેલિંગના જનરલ મેરીટ લિસ્ટમાંથી વિદ્યાર્થીનું નામ કમી કરવામાં આવશે.

4. રાઉન્ડ–3 (ઓફલાઇન કાઉન્સેલીંગ)

- ઓનલાઇન રાઉન્ડ પૂરા થયા બાદ ખાલી રહેલ બેઠકો માટે સંમતિ આપેલ વિદ્યાર્થીઓમાંથી જનરલ મેરીટ યાદી મુજબ પ્રવેશ આપવામાં આવે છે.

- ઉપર મુજબ એડમિશન કન્ફર્મ કરાવેલ તમામ વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં જે તે કોલેજ ખાતે રીપોર્ટીંગ કરવાનું રહેશે. કોલેજ ખાતે હાજર ન થનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ આપમેળે રદ થઇ જશે અને ફી પરત કરવામાં આવશે નહીં.

વધારાના મળવાપાત્ર ગુણ

- જે વિદ્યાર્થીએ ધોરણ–12ની પરીક્ષા કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ સાથે અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સહિત) સાથે પાસ કરી હોય તેઓને માત્ર (એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, ફોરેસ્ટ્રી અને બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વધારાના 5% ગુણ મળવાપાત્ર છે.
- ખેડૂતના પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના 5% ગુણ માત્ર (એગ્રીકલ્ચર, હોર્ટીકલ્ચર, ફોરેસ્ટ્રી અને બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. આ માટે વિદ્યાર્થીએ તેના પિતા/માતા/દાદા (પિતૃ પક્ષ)/દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ/બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો 7-12/8–અ નો ચાલુ નાણાકીય વર્ષનો ઉતારો તેમજ જમીન ધારક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ દર્શાવતું તલાટી/મંત્રી/મામલતદાર નું પેઢીનામું રજૂ કરવાનુ રહેશે.
- ગુજરાત રાજ્યના માછીમાર જાતિના વિદ્યાર્થી પોતે/માછીમારના પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના 15% ગુણ માત્ર ફિશરીઝ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. જે માટે વિદ્યાર્થીએ પોતે/તેના માતા કે પિતા/દાદા કે દાદી (પિતૃપક્ષ)/ભાઈ કે બહેન માછીમારીનો ધંધો અથવા તેના ઉત્પાદનમાં સંકળાયેલા છે તે મતલબનું માન્ય સત્તાધીશનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમત–ગમતમાં ભાગ લીધેલ વિદ્યાર્થીને તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નિયમ મુજબ વધારાના (0.5થી 7) ટકા ગુણ આપવામાં આવે છે.

રાષ્ટ્રીય કક્ષાએ ઍગ્રીકલ્ચર અભ્યાસક્રમ :

- **વેટરનરી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, એ વિંગ, બીજો માળ, ઑગષ્ટ ક્રાંતિ ભવન, નવી દિલ્હી-૧૧૦ ૦૬૬**
  દેશભરમાં આવેલી વેટરનરી કૉલેજની ૧૫% બેઠકો ઉપર રાષ્ટ્રીય ધોરણે પ્રવેશપરીક્ષા લઈ કોર્સમાં પ્રવેશ આપવાનું ૧૯૯૫ ના વરસથી નક્કી થયું છે. આ અંગેનું પ્રવેશપત્ર જાહેરાતમાં દર્શાવેલ રકમનો ડ્રાફ્ટ સંસ્થાના નામે મોકલવાથી માર્ચ-એપ્રિલમાં મળે છે. જેના આધારે મે માસમાં પરીક્ષા લેવાય છે.
- **ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ એજ્યુકેશન ડિવિઝન. કૃષિ અનુસંધાન ભવન,પૂસા ગેટ, દિલ્હી-૧૨**
  કૃષિ,હોર્ટિકલ્ચર, એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ,ફોરેસ્ટ્રી, ડેરી, હોમસાયન્સ, ફૂડ ટેક્નૉલોજી તથા સેરીકલ્ચર, ઍગ્રી માર્કેટિંગ, ફિશરી જેવા કોર્સમાં દેશભરની કૃષિ યુનિવર્સિટી,ડેરી કૉલેજ તથા કૃષિ સંસ્થાઓની ૧૫% બેઠક ઉપર પ્રવેશપરીક્ષા દ્વારા પ્રવેશ આપવાનું શરૂ થયું છે. ધો.૧૨ વિજ્ઞાનમાં ૬૦% (SC/ST ૫૦%) હોય કે આવે તેમ હોય તેવા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા (PCBMના ૧૮૦ પ્રશ્નો) આપવાની રહે છે.
  પ્રવેશપત્ર : ફેબ્રુઆરી માસમાં સિન્ડિકેટ બૅંકની નીચેની શાખાઓ ઉપરથી મળશે : (૧) માણેક ચોક, અમદાવાદ, (૨) માડવી, વડોદરા તથા (૩) કાલવા ચોક, જૂનાગઢ
  Deputy Director (Edn.), ICAR, New Delhi.
- **જી.બી.પંત યુનિવર્સિટી ઑફ ઍગ્રી કલ્ચર, ઍન્ડ ટેક, પંતનગર-૨૬૩૧૪૫**
  કૃષિ,હોર્ટિકલ્ચર,વેટરનરી,ઍનિમલ હસ્બન્ડરી,ફોરેસ્ટ્રી,ફિશરીઝ, હોમ સાયન્સ કોર્સમાં પંતનગર ખાતે જૂન માસમાં પ્રવેશપરીક્ષા દ્વારા પ્રવેશ અપાય છે. આ પ્રવેશપત્ર મેળવવા માટે જાહેરાતમાં દર્શાવેલ રકમનો DD "P.E.E.C.R.F. Account, GBPUAT, Pantnagar"ના નામનો SBI Code 01133 કઢાવી સાથે ૩૦ x ૨૫ સે.મી. સાઈઝનું કવર મોકલવાથી માર્ચ-એપ્રિલમાં મળશે.
- **જવાહરલાલ નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી, બોરાવન (ખારગાઉ), મધ્યપ્રદેશ**
  AICTE માન્ય એવા IT, ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ,કમ્પ્યૂટર,ઈલેક્ટ્રિકલ,એન્જિ.અભ્યાસ થાય છે.
  ધો.૧૨ માં ૫૦ % (વિજ્ઞાન પ્રવાહ) ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.પેમેન્ટ સીટ પર એડમિશન મળે છે.
  જુલાઈમાં જાહેરાત આવે છે. ડિસે.માં ૧૭ વર્ષથી ઓછી ઉંમર જરૂરી છે.

૩.૮ અર્થ સાયન્સિસ

ધરતીનાં રહસ્યોની શોધ માત્ર રસપ્રદ જ નથી, બલ્કે આર્થિક દૃષ્ટિએ પણ લાભદાયક હોઈ શકે છે અને આપના માટે કૅરિયરની વિપુલ શક્યતાઓ ખોલનારી પણ. આઈઆઈટી-મુંબઈનો ડિપાર્ટમેંટ ઑફ અર્થ સાયન્સિસ, પેટ્રોલિયમ જિયો સાયન્સિસમાં બે વર્ષનો એમ.ટેક. કોર્સ કરાવે છે. કુલ ૧૧ બેઠકો છે અને તેમાં અર્થ સાયન્સિસના બધા પ્રૅક્ટિકલ એસ્પેક્ટ્સનો સમાવેશ થાય છે.

M.Sc. કાર્યક્રમોમાં થિયરીના પાસાઓનો સમાવેશ કરાય છે, તો એમ.ટેક. કાર્યક્રમોમાં પેટ્રોલિયમની શોધ, મેટલ તથા નૉન-મેટલિક મિનરલ્સ તથા ગ્રાઉન્ડ વૉટરની શોધ જેવા પ્રૅક્ટિકલ પાસાઓ પર ધ્યાન અપાય છે. અર્થ સાયન્સિસ પ્રોગ્રામ માત્ર ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ માટે કાચો માલ શોધવામાં મદદ જ નથી કરતો, બલ્કે પૃથ્વીના આધારભૂત પાસાઓની પણ માહિતી આપે છે.

આઈઆઈટીનો અર્થ સાયન્સિસ જિયોએક્સપ્લોરેશન (ભૂ-અન્વેષણ)માં પણ કોર્સ કરાવે છે. તેમાં પૃથ્વીની સપાટીની નીચેના જળ/ખનિજ/પેટ્રોલિયમ શોધ જેવા વિષયોમાં પણ એમ.ટેક. કરાવાય છે.

પૃથ્વી વિજ્ઞાનોનું અધ્યયન ઘણું પ્રયોગશીલ અને આર્થિક દૃષ્ટિએ લાભદાયક છે. ઊર્જા, પૃથ્વી વિજ્ઞાનની વધતી માંગના આ યુગમાં ઉન્નત શોધ પદ્ધતિ, કોલસા તેમજ પેટ્રોલિયમ, પરમાણુ ખનિજ અને ભૂ-તાપ ઊર્જાના અત્યાર સુધી અજાણ અને કઠિન સ્રોતોના અન્વેષણનો મોકો આપે છે.

યોગ્યતાઃ એમ.એસસી. (જિયૉલોજી), એમ.એસસી (જિયોફિઝિક્સ) અને વેલિડ ગેટ સ્કોર

કોર્સ ફી : રૂ. ૪૬,૦૦૦

ઈન્સ્ટિટ્યૂટસ્ : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી (આઈઆઈટી)-મુંબઈ/રૂડકી/ખડગપુર

૩.૯ ફાર્મસીમાં એડ્મિશન

ગુજરાતમાં ખૂબ ઉજ્જવળ તકો :

ભારતમાં દવા બનાવવાનો ઉદ્યોગ ખૂબ મોટો ઉદ્યોગ ગણાય છે. ભારતમાં દર વર્ષે જેટલી દવાઓનું ઉત્પાદન થાય છે તેના 50% ઉત્પાદન એકલા ગુજરાતમાં થાય છે. 21મી સદીમાં ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ ખૂબ મોટા પાયે થવાની ધારણા છે.

ગુજરાતમાં માત્ર ૪ (૨૩૫ બેઠક) સરકારી ગ્રાન્ટ ઈન એઈડ કૉલેજો છે અને થોડા સમયમાં ૭૩ (૪૫૯૦ બેઠક) સ્વનિર્ભર ફાર્મસી કૉલેજો સ્થપાઈ છે પણ માત્ર ગણીગાંઠી કૉલેજોમાં જ પૂરતી સુવિધા અને અધ્યાપકો છે. **સરકારની જવાબદારી છે કે સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોની સ્થાપના કરે.**

ફાર્મસીનો ડિગ્રી કોર્સ બહેનો માટે ખૂબ સારો કોર્સ છે. ગુજરાતમાં પણ બી.ફાર્મ. કર્યા પછી બહેનોને સારી નોકરી મળે છે.

બી.ફાર્મ. પછીની તકો :

(૧) અમેરિકામાં અથવા અન્ય દેશોમાં નોકરી-ધંધા માટે જવાની તક.
(૨) મેડિકલ રેપ્રિઝેન્ટેટિવ તરીકે મલ્ટીનૅશનલ ફાર્માસ્યુટિકલ કંપનીમાં નોકરી મળે.
(૩) ફાર્માસ્યુટિકલ કંપનીના રિસર્ચ તથા પ્રોડક્શન વિભાગમાં ફાર્માસિસ્ટ તરીકે નોકરી મળે.

આગળ અભ્યાસની તક :

બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી ઍન્ડ સાયન્સ (BITS) રાજસ્થાનમાં પિલ્લાઈમાં આવેલી છે તેમાં અથવા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી (IIT) મુંબઈમાં કે અન્ય આઈ.આઈ.ટી.માં ફાર્મસીનો માસ્ટર ડિગ્રી કોર્સ કરવાની તક મળે. એમ.ફાર્મ. કર્યા પછી સારા પગાર સાથેની નોકરી ઝડપથી મળે અને ફોરેન જવાની તક પણ વધારે થાય.

ગુજરાત બહારની યુનિવર્સિટીઓના ગુજરાતમાં ચાલતાં સ્ટડી સેન્ટરો વિશે

માન્ય યુનિવર્સિટીઓના સેન્ટરમાં પ્રવેશ લેતી વખતે નીચેની વસ્તુઓ ધ્યાનમાં લેવી :

- યુનિવર્સિટી યુ.જી.સી. માન્ય છે કે નહીં ?
- UGC, AICTE અને D.E.C.ના ચેરમેનોએ UGC માન્ય ડીમ્ડ યુનિવર્સિટીઓને મે-2003માં જોઇન્ટ સરક્યુલર દ્વારા આ યુનિવર્સિટીઓને પોતાના રાજ્ય બહાર સેન્ટરો ના ખોલવાની સૂચના આપેલ છે. જેથી આ યુનિવર્સિટીઓના સેન્ટરોમાં એડમિશન લેવું ખૂબ જોખમકારક છે, એડમિશન લેતાં પહેલાં ચેતો, UGC માન્ય યુનિવર્સિટી/ડીમ્ડ યુનિવર્સિટીનું લિસ્ટ વેબ સાઈટ પર આપેલ છે.
- સંસ્થા પોતાની માલિકીનું કે ભાડાનું યોગ્ય મકાન ધરાવે છે કે સામાન્ય નાની જગ્યામાં સંસ્થા શરૂ કરી છે ?
- નિયમ મુજબ જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરતા પ્રમાણમાં છે કે કેમ ?
- હેલ્થ સાયન્સના અભ્યાસક્રમો માટે હૉસ્પિટલ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ ?
- જરૂરી લાયકાત ધરાવતા પ્રોફેસરો - સ્ટાફ પૂરતા પ્રમાણમા છે કે કેમ ?

લેભાગુ અને બોગસ અમાન્ય સંસ્થાઓ અને કોલેજો-યુનિવર્સિટીઓ-વિદ્યાપીઠો

- સામાન્ય રીતે લેભાગુ સંસ્થાઓ/કૉલેજો MCI-DCI-PCI કે AICTE માન્ય હોતી નથી.
- આવી સંસ્થા/સેન્ટર જ્યાં ચાલતાં હોય ત્યાં રાજ્ય સરકારની મંજૂરી હોતી નથી. સરકાર દ્વારા બનાવેલી જોઇન્ટ એડમિશન કમિટી દ્વારા પ્રવેશ અપાતો નથી. જાતે જ પ્રવેશ આપે છે. મનમાની ફી ઉઘરાવે છે. સરકારી સ્કૉલરશિપ કે બૅંકમાંથી લોન મળતી નથી.
- આવી સંસ્થાઓમાં પ્રવેશની કોઇ મર્યાદાઓ હોતી નથી. એની મરજીમાં આવે એટલા વિદ્યાર્થીઓ દાખલ કરે છે.
- આવી સંસ્થાઓ પ્રવેશનાં ધોરણો પણ જાળવતી નથી. ધો.12 સાયન્સ પાસ જરૂરી હોય ત્યાં નાપાસને પણ પ્રવેશ આપે છે.
- હવે વિદેશ યુનિવર્સિટી અથવા કોઇ કૉલેજે ટેક્નિકલ અભ્યાસક્રમ ભારતમાં ચલાવવો હશે તો પણ AICTEની ફરજિયાતપણે મંજૂરી લેવી પડશે. પૂરતી માહિતી જાગ્રતતાથી નાણાં તથા સમયનો વ્યય અટકશે, કારકિર્દી જોખમાશે નહીં.

ફાર્મસી એડમિશન (ગુજરાત)

- ગુજરાતની તમામ ફાર્મસી કોલેજોના એડમિશન ACPC (The Admission Committee for Professional Courses, www.jacpcldce.ac.in) દ્વારા કોમન મેરીટ લિસ્ટ (બધા બોર્ડ વચ્ચે એક જ) બનાવીને www.gujacpc.nic.in પર ઓનલાઇન કરવામાં આવે છે.

શૈક્ષણિક લાયકાત

1. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા PCM કે PCB વિષયો સાથે એક જ બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઇએ.
2. GUJCET 2021ની પરીક્ષા આપેલ હોવી જોઇએ.

રજીસ્ટ્રેશન પ્રક્રિયા

- ધોરણ-12ના રીઝલ્ટ પછી મુખ્ય સમાચારપત્રોમાં એડમિશન કમિટીની જાહેરાત આવે ત્યારે www.gujacpc.nic.in વેબસાઇટ પર આપેલ સમય મર્યાદામાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ PIN સાચવીને રાખવો બહુ જરૂરી છે.
- હેલ્પ સેન્ટર એ પ્રવેશ સમિતિ દ્વારા રાજ્યમાં વિવિધ કોલેજો ખાતે નિયત કરેલ કેન્દ્રો છે જે વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં મદદ કરે છે.
- જે વિદ્યાર્થીઓ TFWS, EWS, SEBC, SC, ST, PH, DS કેટેગરીનો લાભ લેવા માંગતા હોય તેમણે જરૂરી ડોક્યુમેન્ટ્સની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી નિયત સમય મર્યાદામાં હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાની રહેશે અન્યથા તેમનું રજીસ્ટ્રેશન માન્ય રહેશે નહીં.
- GSEBના જે વિદ્યાર્થીઓ અનામત કે TFWSનો લાભ લેવા માંગતા નથી તેમણે હેલ્પ સેન્ટર ખાતે જવાની જરૂર નથી.
- GSEB સિવાયના તમામ વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટ્સ ફરજીયાત જમા કરાવવાનાં રહેશે. (CBSE, ICSE, NIOS, etc.)
- રજીસ્ટ્રેશનની પ્રિન્ટ સાથે જોડવાના ડોક્યુમેન્ટ્સ
    - બધા વિદ્યાર્થીઓ માટે: SSC Mark-sheet, HSC Mark-sheet, GUJCET Mark-sheet, School Leaving Certificate.
    - TFWS માટે: TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ કુટુંબની વાર્ષિક Rs. 8,00,000/- થી ઓછી આવકનો દાખલો.
    - SC/ST માટે: TDO, DDO, મામલતદાર, કલેક્ટર, જનસેવા કેન્દ્ર પરથી કઢાવેલ જાતીનો માન્ય દાખલો.
    - SEBC માટે: જાતીનો માન્ય દાખલો અને પરિશિષ્ટ-4 પ્રમાણે નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ.
    - EWS માટે: EWS (આર્થીક રીતે નબળા વર્ગો) ની પાત્રતા ધરાવતુ પ્રમાણપત્ર (માત્ર ગુજરાત રાજ્યના અધિકારી દ્વારા ઇસ્યુ થયેલ)
    - PH માટે: જીલ્લાના સિવીલ સર્જન દ્વારા નિયત ફોર્મેટ પ્રમાણે અપાયેલું શારિરિક વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ-D(1))
    - GSEB સિવાયના વિદ્યાર્થીઓ માટે: 1 ફોટોગ્રાફ

મેરીટ લીસ્ટ બનાવવાની પધ્ધતી

- તમામ બોર્ડના વિદ્યાર્થીઓ (GSEB, CBSE, NIOS, ICSE, IB, etc.) માટે કોમન મેરીટ લિસ્ટ નીચે મુજબ બનાવવામાં આવશે.

મેરીટ માર્ક = (Board PCM / PCB Theory PR X 0.60) + (GUJCET PR X 0.40)

- જે બોર્ડ દ્વારા માર્કશીટમાં PR આપવામાં આવતા નથી તેવા વિદ્યાર્થીઓના PR એડમિશન કમિટી બોર્ડ પાસેથી મેળવી લેશે અન્યથા જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરેલ હશે તેના પરથી ગણવામાં આવશે.

પ્રવેશ પ્રક્રિયા

1. **Mock Round (Practice Round):** મોક રાઉન્ડ બેઠક પસંદગી અને ફાળવણીની પ્રક્રિયા સમજવા માટેનો પ્રેક્ટીસ રાઉન્ડ છે. આ રાઉન્ડથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આ વર્ષનો ટ્રેન્ડ શું છે તેનો અંદાજ આવી શકે છે. આ ઉપરાંત કઇ કોલેજમાં અંદાજીત કેટલા મેરીટ નંબર ઉપર એડમિશન અટકે છે, ચોઇસ ફીલીંગ કેવી રીતે કરવી વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. મોક રાઉન્ડનું એડમિશન માન્ય ગણાતુ નથી.
2. **Actual Admission Round (Round - 1):** મોટાભાગની TFWS બેઠકો આ જ રાઉન્ડમાં ભરાઇ જતી હોવાથી ચોઇસફીલીંગ ચોક્કસાઇપૂર્વક કરવી. રાઉન્ડ–1ના એલોટમેન્ટ પછી પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે નિયત સમય મર્યાદામાં નક્કી કરેલ ફીની રકમ બેંકમાં અથવા ઓનલાઇન જમા કરાવીને પોતાના Loginમાંથી Admission Slipની પ્રિન્ટ લેવાની રહેશે. **જો નિયત સમય મર્યાદામાં ફી ભરવામાં નહી આવે તો મળેલ પ્રવેશ આપમેળે રદ થઇ જશે અને પછીના રાઉન્ડમાં આ બેઠક પર પ્રવેશ મળશે નહી. રાઉન્ડ-1 નું એડમિશન કન્ફર્મ કરો કે ના કરો, રાઉન્ડ-2માં ભાગ લઇ શકાય છે.**

   Boy in Government College: Rs. 1,500/-, Boy / Girl in SFI College, Rs. 20,000/-, TFWS or Girl in Government College, Zero Fee
3. **Reshuffling Round (Round - 2):** સામાન્યપણે આ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાનો છેલ્લો રાઉન્ડ છે. રાઉન્ડ–1ના એલોટમેન્ટમાં ખાલી રહેલી બેઠકો અને બેંકમાં પૈસા ન જમા કરાવવાના કારણે ખાલી પડતી બેઠકોના એડમિશન આ રાઉન્ડમાં થાય છે. રાઉન્ડ–2 માં એટલી જ ચોઇસ ભરવી કે જેમા એડમિશન મળે તો ચોક્કસ લેવુ જ હોય; બાકીની બધી ચોઇસ ડીલીટ કરી નાખવી. જો રાઉન્ડ–2માં બેઠક ફાળવવામાં આવશે તો રાઉન્ડ–1નો પ્રવેશ **આપમેળે રદ** થઇ જશે અને ફરજીયાતપણે રાઉન્ડ–2માં ફાળવવામાં આવેલી બેઠક પર જ એડમિશન લેવું પડશે. જો રાઉન્ડ–2માં ભરેલી ચોઇસમાં એડમિશન ના મળે તો રાઉન્ડ– 1નું કન્ફર્મ કરાવેલુ એડમિશન ચાલુ રહેશે.

ફાર્મસી એડમિશન (ગુજરાત)

4. **Offline Round or MQ / VQ Spot Round:** રીશફલીંગ રાઉન્ડ પછી સમય સંજોગો અનુસાર એડમિશન કમિટી ઓફલાઇન સ્પોટ રાઉન્ડનું આયોજન કરે છે અથવા તો જે-તે કોલેજને મેરીટ મુજબ બેઠકો ભરવાની સત્તા આપે છે. જો ઓફલાઇન રાઉન્ડ થાય તો એડમિશન કમિટી, અમદાવાદ ખાતે રૂબરૂ જવાનું હોય છે. જો કોલેજોને સત્તા આપવામાં આવે તો જે કોલેજમાં એડમિશન લેવું હોય ત્યાં રૂબરૂમાં અરજી કરવાની રહેશે અને મેરીટ મુજબ એડમિશન ફાળવવામાં આવશે.

- **MQ / NRI Quota:** SFI કોલેજોમાં 25% બેઠકો MQ / NRI માટે ફાળવવામાં આવે છે. આ બેઠકોના એડમિશન માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવો
- **Vacant Quota (VQ):** બધા રાઉન્ડ પુરા થઇ જાય પછી ખાલી રહેલી બેઠકો પરના એડમિશન માટે જે તે કોલેજનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

અગત્યની સૂચનાઓ

- એડમિશન કમિટી દ્વારા ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયાની સત્તાવાર જાહેરાત કરવામાં ના આવે ત્યાં સુધી વિદ્યાર્થીએ કોઇપણ પ્રકારની ફી કોલેજ ખાતે ભરવાની રહેશે નહીં. કોલેજ ખાતે માત્ર પ્રમાણપત્રોની નકલ જ જમા કરાવાની રહેશે, અસલ પ્રમાણપત્રો જમા કરાવવા નહીં.
- એડમિશન કમિટી કોલેજ ખાતે હાજર થવાની છેલ્લી તારીખ જાહેર કરશે. જે વિદ્યાર્થી નિયત સમય મર્યાદામાં કોલેજ ખાતે હાજર નહીં થાય તેનું એડમિશન રદ થવાને પાત્ર છે.
- પ્રવેશ લીધેલ કોલેજ ખાતે રીપોર્ટીંગ સમયે Information Letter, Admission Slip, ફી રીસીપ્ટ તથા પ્રમાણપત્રોની નકલ સાથે રાખવાની રહેશે.

Admission Cancellation and Fee Refund

- ઓનલાઇન એડમિશન કેન્સલ કરવાની છેલ્લી તારીખ સુધીમાં જો વિદ્યાર્થી એડમિશન કેન્સલ કરાવશે તો એડમિશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બેંકમાં જમા કરાવેલી ફી વિદ્યાર્થીને પરત મળવાપાત્ર છે.
- એડમિશન કેન્સલેશનની છેલ્લી તારીખ પછી એડમિશન કેન્સલ કરાવનારને, ખાલી પડેલ બેઠક અન્ય વિદ્યાર્થી દ્વારા ભરાશે તો ભરેલ ફી રીફંડ મળવાને પાત્ર રહેશે. Vacant રાઉન્ડ પૂર્ણ થયા બાદ એડમિશન કેન્સલ કરાવનાર વિદ્યાર્થીએ એક સેમેસ્ટરની ફી ભરવાની રહેશે.

૩.૧૦ બાયોટેક્નોલોજીના કોર્સ

આજે મેડિકલ, કમ્પ્યૂટર, મૅનેજમેન્ટ જેવાં ક્ષેત્રો નંબર વનના સ્થાન પર છે. બે વર્ષ પછી બાયોટેક્નૉલોજીનું ફિલ્ડ સુપરવનના સ્થાન પર હશે. ઈન્ફર્મેશન ટેક્નૉલોજીની સાથે સાથે ઈન્ફર્મેશન અને કૉમ્યુનિકેશન ટેક્નૉલોજીનો આ સમય છે. માનવજાતિનું ઉજ્જવળ ભવિષ્ય આવતી કાલે બાયોટેક્નૉલોજીના હાથમાં હશે.

બાયોટેક્નૉલોજી એટલે શું ? : બાયૉલોજી (સજીવસૃષ્ટિનું વિજ્ઞાન) અને એન્જિનિયરિંગને ભેગાં કરી જે નવી ટેક્નૉલોજી વિકસાવવામાં આવી તેને બાયોટેક્નૉલોજી કહેવામાં આવે છે.

વનસ્પતિ સૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ, જીવજંતુઓની સૃષ્ટિ અને સમગ્ર સજીવસૃષ્ટિ બાયોટેક્નૉલોજીના ફિલ્ડમાં ગણાય છે. માનવજાતિના કલ્યાણ માટે એ બધાનો ઉપયોગ સારી રીતે કેમ કરાય એનું શિક્ષણ બાયોટેક્નૉલોજી આપે છે.

બાયોટેકનૉલોજીનાં ક્ષેત્રો :

(1) જિનેટિક એન્જિનિયરિંગ (2) DNA ટેક્નૉલોજી (3) જિનેટિક સાયન્સ (4) માઈક્રો બાયૉલોજી (5) કેમિકલ એન્જિનિયરિંગ (6) બોટની (7) ઝૂઑલોજી-પ્રાણીશાસ્ત્ર (8) બાયોફિઝિક્સ (9) બાયોકેમિસ્ટ્રી (10) ઍગ્રિકલ્ચર (11) ફૂડ ઈન્ડસ્ટ્રી (12) ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી (13) ડિટરજન્ટ ઈન્ડસ્ટ્રી અને કેમિકલ ઈન્ડસ્ટ્રી (14) કમ્પ્યૂટર સાયન્સ (15) બાયોમિકેનિકલ (16) બાયો ઈન્ફોર્મેટિક્સ

કમ્પ્યૂટર અને ઈન્ફર્મેશન ટેક્નૉલોજીના ફિલ્ડમાં નંબર વનનું સ્થાન ધરાવનાર બૅંગલોરમાં બાયોટેક્નૉલોજીની સૌથી વધારે રિસર્ચ સંસ્થાઓ આવેલી છે. બાયોટેક ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ પણ બૅંગલોર અને તેની આજુબાજુના વિસ્તારોમાં ખૂબ સારો થયો છે.

રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ :

(1) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બૅંગલોર (2) જવાહરલાલ નહેરુ સેન્ટર ફૉર એડવાન્સ રિસર્ચ (3) ઈન્ડિયન વેટરનરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (4) ઈન્ડિયન હોર્ટિકલ્ચર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (5) ઈન્સ્ટિટ્યૂટ ફૉર બાયો ઈન્ફોર્મેટિક્સ ઍન્ડ એપ્લાઈડ બાયોટેક્નૉલોજી (6) નૅશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (7) ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ જેવી નૅશનલ લેવલની સંસ્થાઓ બૅંગલોરમાં આવેલી છે. ફૂડ ટેક્નોલોજી પણ બાયોટેક્નૉલોજીના ક્ષેત્રમાં ગણાય છે. કર્ણાટકના મૈસૂર શહેરમાં ભારત સરકારની સેન્ટ્રલ ફૂડ ટેક્નૉલોજી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ આવેલી છે.

ગુજરાતમાં કયારે ? : આપણે હજી ઈન્ફર્મેશન ટેકનૉલોજી પાર્ક ઊભો કરી રહ્યા છીએ. આઈટીના ક્ષેત્રમાં ધીરે ધીરે પ્રગતિ કરી રહ્યા છીએ. જ્યારે કર્ણાટક આઈટી અને આઈસીટીને પાર કરી અત્યારે બાયોટેક્નૉલોજીના યુગમાં પ્રવેશી ગયું છે. ગુજરાતમાં બાયોટેક્નૉલોજીની ઈન્સ્ટિટ્યૂટ ઊભી કરવા માટે જરૂરી તમામ ક્ષેત્રો છે, પરંતુ એ બનશે કયારે ? **સરકાર ક્યારે જાગશે ?**

નવી દૃષ્ટિથી જોવાની જરૂર : બાયોટેક્નૉલોજીમાં લેટેસ્ટ ક્ષેત્ર બાયો ઈન્ફોર્મેટિકસનું ગણાય છે. કમ્પ્યૂટરનો ઉપયોગ બાયોટેક ઈન્ડસ્ટ્રીમાં કરવાથી બાયો ઈન્ફોર્મેટિક્સ બન્યું. એવાં બીજાં ઘણાં ક્ષેત્રોમાં થવાનું છે. 12 સાયન્સના સ્ટુડન્ટ અને તેમનાં મમ્મી-પપ્પાએ બાયોટેક્નૉલોજીના ભવિષ્યને નજર સમક્ષ રાખીને અભ્યાસક્રમ પસંદ કરવાની જરૂર છે. નવી બાબત સ્વીકારવાનો સમય છે.

બાયોટેક્નૉલોજીમાં બી.એસસી. :

આપણે ત્યાં યુ.જી.સી.ના વ્યવસાયિક અભ્યાસક્રમોના ઉપક્રમે એક વિષય તરીકે બી.એસસી.માં બાયોટેક્નૉલોજી ભણાવવામાં આવે છે. અમદાવાદ, રાજકોટ અને વલ્લભવિદ્યાનગરમાં બી.એસસી./એમ.એસસી. (પાંચ વર્ષ ઈન્ટીગ્રેટેડ) બાયોટેક્નૉલોજીના કૉર્સ શરૂ કરવામાં આવેલા છે. ઈન્ટરનૅશનલ લેવલે બાયોટેક્નૉલોજીનો જે કોર્સ ચાલે છે તેવો કોર્સ કર્ણાટકની કૉલેજોમાં શરૂ થયો છે. બી.એસસી. (જિનેટિક્સ), બી.એસસી. (બાયોટેક્નૉલોજી) જેવા લેટેસ્ટ અભ્યાસક્રમો બેંગલોરમાં શરૂ થયા છે.

નોકરી અને વ્યવસાયની તકો :

બાયોટેક્નૉલોજીમાં બી.એસસી. કર્યા પછી **સ્કાય ઈઝ ધ લિમિટ** જેટલી તકો નોકરી અને વ્યવસાય માટે છે. ફૂડ ઈન્ડસ્ટ્રી પ્લાન્ટ બીડિંગ, સીડ ટેક્નૉલોજી, ડિટરજન્ટ ઈન્ડસ્ટ્રી, મેડિકલ સાયન્સ, રોગપ્રતિકારકતા અને હેલ્થ સાયન્સીઝ જેવાં અનેક ક્ષેત્રોમાં રિસર્ચ વર્કની તકો છે. સારા પગાર સાથેની નોકરી અને વ્યવસાય માટે બાયોટેક્નૉલોજીનો કોર્સ પસંદ કરજો.

ભારતમાં આવેલ બાયોટેક સ્કૂલ :

- સ્કૂલ ઑફ લાઈફ સાયન્સ, હૈદરાબાદ યુનિવર્સિટી, હૈદરાબાદ.
- જૈવ પ્રૌદ્યોગિકી (ટેકનોલોજી) સ્કૂલ, જે. એન.યુ., નવી દિલ્હી.
- રાજીવ ગાંધી જૈવ પ્રૌદ્યોગિકી કેન્દ્ર, તિરુઅનંતપુરમ, કેરલ.
- ઈન્સ્ટિટ્યૂટ ઑફ કેમિકલ ટેક્નૉલોજી, મુંબઈ, મહારાષ્ટ્ર.
- આણ્વિક જીવવિજ્ઞાન તથા જેનેટિક એન્જિનિયરિંગ વિભાગ, જી. બી. પંત કૃષિ ઔદ્યોગિકી સંસ્થા, પંતનગર
- પી.ઈ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, બેંગ્લોર.

- માઈક્રોબાયોલોજી અને બાયોટેકનૉલોજી વિભાગ, એમ.એસ.વિશ્વ વિદ્યાલય, વડોદરા, ગુજરાત.
- શ્રી એમ. એન. વીરાણી સાયન્સ કોલેજ, રાજકોટ, ગુજરાત.
- બાયોટેકનૉલોજી ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત.
- સરકારી વિજ્ઞાન કોલેજ, ખોખરા, અમદાવાદ, ગુજરાત.

૫ વર્ષ : એમ.એસસી./એમ.ટેક./એ.એસસી. બાયોટેકનોલોજી

આ પ્રોગ્રામ જીવવિજ્ઞાન અથવા વિજ્ઞાન સંબંધી સ્નાતકકક્ષાનો વિદ્યાર્થી આમાં પ્રવેશપરીક્ષા આપી શકે છે. આ કોર્સ માટે બે મુખ્ય પ્રવેશપરીક્ષા ઓલ ઈન્ડિયા બાયોટેક્નૉલોજી તરફથી લેવાય છે. ૫૦૦ સીટો ઉપલબ્ધ છે અને ૩૨ સંસ્થાઓમાં આ પ્રવેશપરીક્ષા લેવામાં આવે છે. બીજી પ્રવેશપરીક્ષા આઈ.આઈ.ટી. જેવી સંસ્થાઓમાં પ્રવેશ લેવા માટે સંયુક્ત પરીક્ષા લેવાય છે.

દેશભરની યુનિવર્સિટીઓમાં ચાલતા એમ.એસસી. બાયોટેકનોલોજીમાં પ્રવેશ મેળવવા માટે એક ટેસ્ટ યોજાય છે. જે કમ્બાઈન્ડ બાયોટેકનોલોજી એન્ટરન્સ એકઝામ (CBEE) તરીકે ઓળખાય છે. દેશભરમાં નક્કી કરેલાં કેટલાંક સ્થળોએ આ પરીક્ષા યોજાય છે. આ પરીક્ષા હેઠળ એમ.એસસી. એગ્રીકલ્ચર, એમ.એસસી. બાયોટેક અને એમ.ટેક. બાયોટેકમાં પ્રવેશ મેળવી શકાય છે. દિલ્હી સ્થિતિ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ) આ પરીક્ષાનું આયોજન કરે છે.

પરીક્ષા આપવા માટે વિજ્ઞાનના કોઈપણ વિષયમાં ૫૫ માર્ક્સ સાથે પાસ થયા હોવા જોઈએ. પરીક્ષા બાદ દેશની કોઈપણ માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકાય છે. પરીક્ષા દેશભરમાં નક્કી થયેલાં ૬૮ સ્થળોએ યોજાશે. એપ્લીકેશન ફોર્મ ડેપ્યુટી રજીસ્ટ્રાર, જેએનયુ, નવી દિલ્હી-૧૧૦૦૬૭ પર ૧૮૦ રૂપિયાનો બેન્ક ડ્રાફટ મોકલવાથી અથવા તો જેએનયુએ નક્કી કરેલી યુનિવર્સિટીઓમાંથી મળી શકે છે. ગુજરાતમાં એમ.એસ. યુનિવર્સિટી અને સરદાર પટેલ યુનિવર્સિટી સાથે જેએનયુએ સહયોગ સાધ્યો છે. આ માટેની વધુ વિગતો જેએનયુની વેબસાઈટ **(www.jnu.ac.in)** પરથી મળી શકશે. એપ્લીકેશનમાં કયા કોર્સ માટે પરીક્ષા આપવાની છે તે સ્પષ્ટ લખવું.

પીએચ.ડી. બાયોટેકનોલોજી :

જો તમે રિસર્ચ કરવા માંગો છો તે એના માટે બાયોટેકનૉલોજીમાં Ph.D. જરૂરી છે. પીએચ.ડી. માટે ફેલોશિપ મળે છે. નોકરી ના કરવી હોય અને રિસર્ચ કરીને આજીવિકા કમાવવી હોય તો Ph.D. કરી શકાય છે. ગેટ પરીક્ષા (એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ) યુ.જી.સી., જે.આર.એફ., સી.એસ.આઈ.આર., આઈ.સી.એમ.આર.માં ફેલોશિપથી પ્રવેશ આસાનાથી મેળવી શકાય છે. ભારતમાં આઈ.આઈ.એસ.સી. જેવી સંસ્થાઓમાં બી.એસસી. પછી ૬ વર્ષનો Ph.D. પ્રોગ્રામ કરાવવામાં આવે છે.

www.admissionnews.com **www.indiaedu.com**
www.sucesseds.net **www.jnu.ac.in**

૩.૧૧ ફોરેસ્ટ્રી મેનેજમેન્ટનો કોર્સ કર્યા પછી વન અને પર્યાવરણ ક્ષેત્રે આકર્ષક કારકિર્દી

આધુનિક સમયમાં વન અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતામાં અનેકગણો વધારો થયો છે. સરકારે પર્યાવરણની જાળવણી માટે અને વનોના રક્ષણ માટે ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસની રચના કરી. આ સેવાના અધિકારીઓની દરેક રાજ્યમાં નિમણૂક કરવામાં આવે છે.

કૉર્પોરેટ જૂથો પણ પર્યાવરણની જાળવણી માટે અઢળક નાણાં ખર્ચે છે. પર્યાવરણની જાળવણીને સમાજસેવાના એક ભાગ તરીકે જોવામાં આવે છે. મોટી કંપનીઓમાં તેના માટે એક અલાયદો વિભાગ હોય છે. જો તમે વન પર્યાવરણ અંગેનો અભ્યાસ કર્યો હોય તો આવી કંપનીઓમાં એક્ઝિક્યુટીવ તરીકે આકર્ષક જોબ મેળવી શકો છો. ફોરેસ્ટ મૅનેજમેન્ટ અથવા ફોરેસ્ટ્રી મૅનેજમેન્ટનો કોર્સ આ માટે હાથવગો થઈ રહે છે. તમે ફોરેસ્ટ્રી મૅનેજમેન્ટનો કોર્સ કર્યો હોય તો પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.)માં પણ જોડાઈ શકો છો.

ફોરેસ્ટ્રી મૅનેજમેન્ટના અભ્યાસની સવલત ભારત સરકારની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેસ્ટ મૅનેજમેન્ટ (IIFM) ખાતે ઉપલબ્ધ છે. ભોપાલ સ્થિત આ સંસ્થા ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કાર્યરત સ્વાયત્ત સંસ્થા છે.

IIFM બે વર્ષનો પૂર્ણ સમયનો પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન ફોરેસ્ટ્રી મૅનેજમેન્ટના નામનો કોર્સ ચાલે છે. આ કોર્સને ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઑફ ટેક્નિકલ એજ્યુકેશન (AICTE)ની માન્યતા મળેલી છે. કોર્સમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓને સરકાર તરફથી સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે.

સંસ્થાઓનાં નામ :

(૧) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેસ્ટ મૅનેજમેન્ટ, ભોપાલ **(www.iifm.ac.in)**
(૨) અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી **(www.amu.ac.in)**

(૩) ફોરેસ્ટ્રી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, દહેરાદૂન **(www.icfree.org)**
(૪) ઈન્ડિયન ઍગ્રિકલ્ચર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, દિલ્હી **(www.iari.res.in)**

The Chairperson, PGDFM, Admissions,
Indian Institute of Forest Management, Nehrunagar, Bhopal-462003 (MP)
www.iifm.ac.in/admission

ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ યુનિવર્સિટી, દહેરાદૂન :

(૧) એમ.એસસી. ફોરેસ્ટ્રી સીટ : ૩૮
યોગ્યતા : કૃષિ અથવા ફોરેસ્ટ્રી અથવા વિજ્ઞાન વિષયમાં ગ્રેજ્યુએશન અથવા તો બોટની સાથે ગ્રેજ્યુએશન, કેમેસ્ટ્રી, જીયોલોજી, મેથેમેટીક્સ, ફીઝીક્સ, ઝુઓલોજીમાંથી કોઈપણ એક વિષય હોવો જોઈએ.

(૨) એમ.એસસી. વુડ સાયન્સ એન્ડ ટેકનોલોજી સીટ : ૩૮
યોગ્યતા : ફીઝીક્સ, કેમિસ્ટ્રી અને મેથેમેટીકસમાં ગ્રેજ્યુએશન અથવા તો ફોરેસ્ટ્રીમાં બી.એસસી.ની ડિગ્રી

(૩) એમ.એસસી. એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સીટ : ૩૮
યોગ્યતા : બેસિક અથવા એપ્લાઈડ સાયન્સની કોઈપણ એક બ્રાન્ચમાં ત્રણ વર્ષ ગ્રેજ્યુએશન અથવા તો કૃષિ કે ફોરેસ્ટ્રીમાં ગ્રેજ્યુએશન અથવા તો એન્વાયરમેન્ટ સાયન્સમાં બી.ઈ./બી.ટેક.

(૪) પોસ્ટ માસ્ટર ડિપ્લોમા ઈન નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ સીટ : ૨૪, સમય : ૧ વર્ષ
યોગ્યતા : એસ.એસ.સી.

પ્રવેશ પરીક્ષાના માર્ક : પ્રવેશ પરીક્ષામાં સામાન્ય વર્ગ માટે ૫૦% અને એસસી/એસટી વર્ગ માટે ૪૫% માર્ક પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે અરજી કરી શકે છે.

પરીક્ષા સેન્ટર : દેહરાદૂન, જબલપુર, બેંગ્લોર, કલકત્તા, ચંદીગઢ, દિલ્હી, લખનઉ, જોધપુર, શિમલા, રાંચી, કોઈમ્બતુર અને જોરહટ. અરજીપત્રક અને જાણકારી બુલેટિન **www.fri.icfre.gov.in** પરથી પણ ડાઉનલોડ કરી શકાય છે.

Forest Research Institute (Deemed) University,
POIPI, Kaulgarh Road, Dehradun - 248 195.

૩.૧૨ ધો-૧૨ (સાયન્સ)ના વિદ્યાર્થીઓ માટે હોર્ટિકલ્ચરની હરિયાળી કારકિર્દી ઉત્તમ વિકલ્પ દર્શાવે છે.

કૃષિ ઉત્પાદનો અને હોર્ટિકલ્ચરના વ્યવાસયમાં ખૂબ કમાણી રહેલી છે. ખાસ કરીને સાયન્સના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર આશાનું એક નવું કિરણ લઈને આવ્યું છે. જે વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. જેઓ ધો.૧૨માં સાયન્સ સાથે ભણ્યા છે. તેઓ કૃષિ અંગેનો જૂજ અનુભવ ધરાવતા હોય તો હોર્ટિકલ્ચર ફલોરિકલ્ચર ટીસ્યુકલ્ચર વગેરે શાળાઓમાં નિષ્ણાંતોની હંમેશા જરૂર રહે છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ શાકભાજી અને ફળોના ઉત્પાદન અને વિકાસ માટે વિશિષ્ટ એગ્રીએક્સ્પર્ટ ઝોન ઊભા કરી રહી છે. પોલિ-હાઉસ, નેટહાઉસ અને સ્પેશ્યલ લોટન ઓફ સિઝનમાં વિવિધ પ્રકારના ફળો અને શાકભાજી બારેમાસ ઉગાડવામાં આવે છે. આ ઉત્પાદનને વૈશ્વિક બજારમાં માંગ મુજબ દર મહિને વેચવામાં આવે છે. કેટલાક પર્વતીય વિસ્તારોમાં આ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છે. તાજેતરમાં ઓર્ગેનિક હોર્ટિકલ્ચર નામની નવિન પ્રશાખા પણ ઉદ્‌ભવી છે. જે હાલ ઓર્ગેનિક પ્રકારના ઉત્પાદનની દેશીય અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સારી માંગ છે. લેન્ડસ્કેપની ડિઝાઈનમાં પણ ખાસ્સું વૈવિધ્ય આવી ગયું છે. જે હેઠળ મોટા ટાઉનશીપ હોટેલ્સ કોર્પોરેટ ઓફિસો, વૈભવી બંગલાઓમાં લેન્ડસ્કેપીંગ વિશેષજ્ઞોની જરૂર પડતી હોય છે.

ધો.-૧૨ (સાયન્સ) પાસ થયેલા વિદ્યાર્થીઓ B.Sc. (હોર્ટિકલ્ચર)નો અભ્યાસ કરી શકે છે. મોટાભાગની યુનિવર્સિટીઓને પોતાની અલગ પ્રવેશ પરીક્ષા હોય છે. B.Sc. એગ્રીકલ્ચર અથવા B.Sc. (હોર્ટિકલ્ચર)ના વિદ્યાર્થીઓ M.Sc. પ્રોગ્રામમાં જોડાઈ શકે છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર રીસર્ચ (KAR) પ્રવેશ પરીક્ષા મારફત પ્રવેશ અપાવે છે. આ અંગે ઓલ ઈન્ડિયા ધોરણે પરીક્ષા લેવામાં આવે છે. ત્યારબાદ Ph.D. સુધીનો અભ્યાસ થઈ શકે છે.

ગુજરાતમાં નવસારી એગ્રીકલ્ચર, યુનિવર્સિટીમાં B.Sc. (હોર્ટિકલ્ચર)ની ૨૬ બેઠકો છે. જ્યારે M.Sc. ની ૧૬ બેઠકો છે. આ ઉપરાંત નીચેની યુનિવર્સિટીઓમાં B.Sc. હોર્ટિકલ્ચરનું પ્રશિક્ષણ આપવામાં આવે છે.

૧. આચાર્ય એન. જી રંગા એગ્રીકલ્ચર યુનિવર્સિટી, રાજેન્દ્રનગર, હૈદરાબાદ-૫૦૦૦૩૦
૨. જવાહરલાલ નહેરુ કૃષિ વિશ્વ વિદ્યાપીઠ, અધરતલા, જબલપુર-૪૮૨૦૦૪ (મ.પ્ર.)

૩. ડૉ. બાબા સાહેબ આંબેડકર સાવંત કોકણ કૃષિ વિદ્યાપીઠ, દાપોલી, જિ.રત્નાગીરી-૪૧૫૭૧૨

૪. મહાત્મા ફૂલે કૃષિ વિશ્વવિદ્યાલય, રાહુરી-૪૧૩૭૨૨, મહારાષ્ટ્ર

૫. ડૉ. પ્રજાબરાન દેશમુખ કૃષિ યુનિ., કૃષિનગર, અકોલા-૪૪૪૧૦૪, મહારાષ્ટ્ર

આ ઉપરાંત નીચે દર્શાવેલ યુનિવર્સિટીમાંથી કૃષિ, કૃષિ ટેકનોલોજી, હોર્ટિકલ્ચર, ફોરેસ્ટ્રી વગેરેના સ્નાતકોને (હોર્ટિકલ્ચર)નો અભ્યાસ ઉપલબ્ધ છે : (૧) અલ્હાબાદ એગ્રીકલ્ચર યુનિ. અલ્હાબાદ, (૨) બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાસણી, (૩) બિરલા એગ્રી. કલ્ચર યુનિ., રાંચી-૮૩૪૦૦૬, (૪) પંજાબ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, લુધિયાણા, (૫) ગોવિંદ વલ્લભ પંત યુનિ. ઓફ એગ્રીકલ્ચર, પંતનગર, ઉત્તરાંચલ, (૬) ઈન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, પુના કેમ્પસ, નવી દિલ્હી, (૭) ઓરિસ્સા યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજી, ભુવનેશ્વર, (૮) રાજસ્થાન એગ્રીકલ્ચર યુનિવર્સિટી, બિકાનેર.

એક્સ્ટર્નલ અભ્યાસક્રમો આપતી માન્ય સંસ્થાઓ

આ એક્સ્ટર્નલ અભ્યાસક્રમો આપતી માન્ય સંસ્થાઓ છે. જે સાહિત્ય આપતી નથી પરંતુ નિયમિત રીતે વિવિધ પરીક્ષાઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની પદવીઓ આપે છે. નીચેની તમામ સંસ્થાઓ વિવિધ પ્રકારના ડિગ્રી,ડિપ્લોમા કે પ્રમાણપત્ર ઈજનેરી એક્સ્ટર્નલ અભ્યાસક્રમો આપે છે, જે સરકાર માન્ય છે.

- ધી ઈન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ (ઈ) [illegible] રોડ [illegible] ૭૦૦ ૦૨૦ • www.ieindia.org
  - (અ) ધી ઈન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ, ભા[illegible]કાકા ભવન, લૉ ગાર્ડન પાસે,એલિસબ્રિજ, અમદાવાદ-૬.
  - (બ) ધી ઈન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ રેસકોર્સ, [illegible].
  - (ક) ધી ઈન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ [illegible]નાથ રોડ, સુરત-૫.
- (A) ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ [illegible] એન્જિનિયરિંગ,૨,ઈન્સ્ટિટ્યૂશનલ એરીયા, લોદી રોડ, ન્યૂ દિલ્હી-૩ • www.iete.org • em[illegible]l : ieteahd@re[illegible]ifima[illegible]com.
  - (B) ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈલે. ટેલિકોમ્યુનિકેશન, ૨૦[illegible], ઉમિયા વિ[illegible] શૉ[illegible]ગ સેન્ટર, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.
- ધ એરોનૉટિકલ સોસાયટી ઑફ ઈન્ડિયા ઈન્દ્રપ્રસ્થ એસ્ટે[illegible], [illegible] દિલ્હી-૨ • www.aesi.org
- કમ્પ્યૂટર સોસાયટી ઑફ ઈન્ડિયા, CPI કેમ્પસ, તાર[illegible], મદ્રાસ-૧૩ • [illegible]ww.csi-india.org

કોંગ્રેસ સરકારની ઉત્તમ પહેલ - નેશનલ નોલેજ નેટવર્કની સ્થાપના

તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘ અને યુ.પી.એ.ના ચેરપર્સન શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશની આવનાર પેઢીના જ્ઞાનની સમૃદ્ધિ માટે અને જ્ઞાન આધારિત દેશના વિકાસ માટે નેશનલ નોલેજ નેટવર્કની સ્થાપના કરવામાં આવી છે. નેશનલ નોલેજ નેટવર્ક દ્વારા દેશમાં આવેલ રાષ્ટ્રીય અને પ્રાદેશિક શૈક્ષણિક સંસ્થાઓને હાઈસ્પિડ ડેટા કોમ્યુનિકેશનથી જોડવામાં આવી છે. નેશનલ નોલેજ નેટવર્કમાં ખાસ કરીને શિક્ષણ, કૃષિ, આરોગ્ય, ઈ-ગર્વનન્સ બાબતો ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશની ૪૦૦થી વધુ યુનિવર્સિટીઓ અને ૧૦૦થી વધુ રાષ્ટ્રીય સંસ્થાઓને એકબીજા સાથે જોડવામાં આવી છે. દેશમાં ૧૯ હજાર નોલેજ નેટવર્ક નોડ ઊભા થઈ રહ્યા છે. જેનાથી જે યુનિ.માં જે તે વિષયના નિષ્ણાત અધ્યાપકોનો લાભ દેશની અન્ય યુનિ.ના વિદ્યાર્થીઓને મળશે. નેશનલ નોલેજ નેટવર્કથી ગ્રામ્ય વિસ્તારનાં કરોડો વિદ્યાર્થીઓને દેશમાં થઈ રહેલા વિવિધ શોધ-સંશોધનનો સીધો લાભ મળશે, જેનાથી ભારત જ્ઞાનશક્તિ દ્વારા ૨૧મી સદીમાં વિશ્વમાં નામાંકિત રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત થશે. દેશમાં શોધ અને સંશોધન માટે ઈનોવેશન કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે. જેના ભાગરૂપે દરેક રાજયમાં પણ સ્ટેટ કાઉન્સિલ ઊભી થશે. સમગ્ર દેશની લાયબ્રેરીને ફાયબર ઓપ્ટિક નેટવર્ક દ્વારા જોડવામાં આવી રહી છે. **www.nkn.in**

૨૧મી સદીના ઊભરતા જ્ઞાન યુગમાં ભારતની અહમ ભૂમિકાને ધ્યાને લઈ રાષ્ટ્રીય જ્ઞાન આયોગ(નૅશનલ નૉલેજ કમિશન)ની વડાપ્રધાનના સીધા માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય ટેકનોક્રેટ શ્રી સામ પિત્રોડાના અધ્યક્ષપદે રચના કરવામાં આવી છે. આયોગ દ્વારા જ્ઞાનના પાંચ પરિમાણો ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. ● Access to Knowledge - જ્ઞાન મેળવવાનો હક ● Knowledge Concepts - જ્ઞાન વિભાવના ● Creation of Knowledge - જ્ઞાન નિર્માણ ● Knowledge Application - જ્ઞાન પ્રયોજન ● Delivery of Services - સેવાઓનું વિતરણ. Knowledge નેટવર્કની સ્થાપના કરવા બાબતમાં રાષ્ટ્રીય કક્ષાનું નેટવર્ક બનાવવા જરૂરી હાર્ડવેર ઓપ્ટિકલ ફાઈબર લાઈનો ઈ-ગર્વનન્સ, સુરક્ષા તથા લોકલ એરિયા નેટવર્કની સ્થાપના સાથે હેલ્થ ઈન્ફોર્મેશન, લાઈબ્રેરી, પૂર્વ સ્નાતક શિક્ષણ, મેડિકલ શિક્ષણ, કાયદાકીય શિક્ષણ, મૅનેજમેન્ટ શિક્ષણ, ભાષાકીય બાબતોનું ગ્રુપ તથા પરંપરાગત જ્ઞાન જેવી વિવિધ બાબતો અંગે આયોગ દ્વારા જરૂરી ભલામણો કરવામાં આવી છે. **(www.knowledgecommission.gov.in)** ● ઉચ્ચ શિક્ષણનો પ્રસાર (Expansion) ● ઉત્કૃષ્ટતા (Excellence) ● સામેલગીરી (Inclusion). ઉચ્ચ શિક્ષણનો ઝડપી પ્રસાર થાય અને ૨૦૧૬ સુધીમાં આ ક્ષેત્રમાં પ્રવેશવા માગતા યુવાનોને સ્થાન મળે તે માટે વધુ યુનિવર્સિટીની સ્થાપના તથા હાલમાં અસ્તિત્વ ધરાવતી કૉલેજો તથા યુનિવર્સિટીની ગુણવત્તા સુધારવા ઉપર ભાર આપવામાં આવ્યો છે.

દેશમાં આવેલ સેલ્ફ ફાયનાન્સ એન્જિનિયરીંગ/ફાર્મસી કોલેજમાં તમામ અભ્યાસક્રમોમાં ટ્યુશન ફી માફી(TFW)ની ભારત સરકારની વિશિષ્ટ યોજના

ઇજનેરી, ફાર્મસી અને ટેકનિકલ અભ્યાસક્રમમાં આર્થિક સ્થિતિ નબળી અને ઊંચા ફીના ધોરણોને લીધે અનેક ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ લેતા હતા. ભારત સરકારે ઇજનેરી, ફાર્મસીમાં ગુણવત્તા ધરાવતા અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે સંસ્થાની ૫% બેઠકોની વ્યવસ્થા કરી છે જેમાં રૂા. ૬ લાખથી ઓછી આવક ધરાવતાં માબાપના સંતાનો આ લાભ મેળવી શકશે. આ યોજના માટે શહેરી વિસ્તારમાં કલેકટર ઑફિસથી અને ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી/મામલતદાર પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. (સરપંચ, તલાટી તથા સરકારી કર્મચારી ફોર્મ નંબર ૧૬ આવકનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.) ભારત સરકારની આ યોજનાને લીધે ગુજરાતના ઇજનેરી વિદ્યાશાખામાં ૨૦,૦૦૦ અને ફાર્મસીમાં ૩,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને લાભ થયો છે. ગુજરાતમાં સરકારી અને સ્વનિર્ભર એમ બે પ્રકારની કોલેજો છે. સરકારી કોલેજોમાં વાર્ષિક રૂા. ૧,૫૦૦/- જેટલી ટોકન ફી ભરવાની હોય છે, જ્યારે સેલ્ફ ફાયનાન્સમાં રૂા. ૪૫,૦૦૦/-થી ૧,૫૦,૦૦૦/- સુધીની વાર્ષિક ફી ભરવાની હોય છે. સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઉપર મુજબની ફી ભરવી ફરજિયાત છે. આર્થિક રીતે નબળા હોય પરંતુ અભ્યાસમાં તેજસ્વી હોય તેવા વિદ્યાર્થીઓને ફી વગર સેલ્ફ ફાયનાન્સમાં પ્રવેશ મળી શકે તે હેતુથી કોલેજની કુલ બેઠકોના ૫% બેઠકો પર નિઃશુલ્ક શિક્ષણની યોજના AICTE દ્વારા અમલમાં આવેલ છે.

નિઃશુલ્ક શિક્ષણની યોજનામાં જોડાનાર કોલેજને ૬૦ વિદ્યાર્થીઓના વર્ગમાં કોઈપણ જાતના વધારાના સ્ટાફ વગર અને અન્ય કોઈ શરતો વગર ૬૩ વિદ્યાર્થીઓને એ વર્ગમાં સમાવવાના રહે છે. વધારાના ૩ વિદ્યાર્થીઓની ટ્યુશન ફી લેવાની રહેતી નથી. આ સ્કીમ હેઠળ તમામ એન્જિનિયરીંગ તથા ફાર્મસી કોલેજોમાં ૫% સીટ પર સંપૂર્ણ મેરીટ મુજબ લાયક ઉમેદવારોને ફી વગર પ્રવેશ આપવામાં આવશે. ‘ફી માફી યોજના’ને કારણે કોઈ કોલેજને આર્થિક નુકસાન જતું નથી, કારણ કે તેની મંજૂર થયેલી બેઠકો ઉપરાંત ૫% બેઠકો વધારાની આપવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા ટ્યુશન ફી માફી યોજના સમયસર યોગ્ય રીતે લાગુ ન કરવાને કારણે ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઉત્તમ યોજનાના લાભથી બે વર્ષ વંચિત રહ્યા હતા. હવે, જોઈન્ટ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા આ યોજના લાગુ પાડી દેવામાં આવી છે અને પ્રવેશ ફોર્મમાં આ બાબતનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. પરંતુ આ યોજનાની અપૂરતી જાણકારીને કારણે ઘણા લાયક વિદ્યાર્થીઓ ફી માફીના લાભ ગુમાવી રહ્યા છે.

આ યોજનાને કારણે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વગર ફીએ ભણવાનો મોકો તો મળે જ છે, સાથે AICTE દ્વારા મંજૂર થયેલી કુલ સીટની ૫% સીટનો ચોખ્ખો વધારો થાય છે, પરિણામે વધારાના ૫% વિદ્યાર્થીઓનો પ્રવેશ પ્રશ્ન હલ થાય છે. આશા છે કે રાજ્ય સરકાર આ યોજના માટે વધુ પ્રચાર-પ્રસાર કરે અને ગુજરાતના વિદ્યાર્થીઓને વધુ લાભ આપે.

૪. મેડિકલ અને હેલ્થકેર સર્વિસ

સ્ટેટસ અને ઈન્કમ બંને રીતે શ્રેષ્ઠ : મેડીકલ લાઈન

ધોરણ-૧૨ સાયન્સ ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી સાથે એટલે કે બી ગ્રુપ સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને MBBSમાં પ્રવેશ મળી શકે છે. **આ વર્ષથી મેડીકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે NEET ફરજિયાત છે.**

MBBSનો અભ્યાસક્રમ સાડા પાંચ વર્ષનો છે. જો કે હવે આ અભ્યાસક્રમનો સમયગાળો સાત વર્ષનો કરવાની વિધિ પૂર્ણતાના આરે છે. MBBS પૂર્ણ કર્યા બાદ બીજા ત્રણ વર્ષ રેગ્યુલર અભ્યાસ કરીને અનુસ્નાતક M.D., M.S. વિગેરે સ્પેશ્યાલિસ્ટ થઈ શકાય છે. તેના પછી પણ આગળ અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવારો માટે સુપર સ્પેશ્યાલીસ્ટ ન્યુરો સર્જન, હાર્ટ સર્જન વિગેરે બની શકાય છે. MBBS પૂર્ણ કર્યા બાદ M.D., M.S. કે સુપર સ્પેશ્યાલિસ્ટ બનવા માટે ઓલ ઈન્ડિયા લેવલે લેવાતી એન્ટ્રન્સ ટેસ્ટ પસાર કરવી પડે છે. પી.જી. માટેની લિમિટેડ સીટ્સ હોવાથી એન્ટ્રન્સ ટેસ્ટનો કોઠો વીંધવો ખૂબ કપરો બને છે.

મેડીકલ ક્ષેત્ર ખૂબ પરિશ્રમ માંગી લે તેવી લાઈન છે. માનવીના આરોગ્ય સાથે જોડાયેલું ફિલ્ડ હોવાથી સમાજની અપેક્ષા ઘણી ઊંચી હોય છે. આર્થિક તથા સામાજિક મોભો ખૂબ વધુ હોય છે. આ લાઈનમાં પૈસા તથા માન બંને મળે છે, પરંતુ તેની સામે આ ફિલ્ડને સંપૂર્ણ સમર્પિત બનીને જીવવાની તૈયારી રાખનાર વ્યક્તિ જ સફળતાની ટોચને સર કરી શકે છે. ઝડપી અને ચોક્કસ નિર્ણય અર્થાત્ ક્વીક અને પરફેક્ટ ડીસીઝન પાવર એક સર્જનની મોટી લાક્ષણિકતા બની રહે છે. બીજા અભ્યાસક્રમોની સરખામણીમાં આ અભ્યાસક્રમ વધુ સમય માંગે છે, ખર્ચાળ પણ છે તેમજ કમાવાની શરૂઆત બીજી કારકિર્દીની સાપેક્ષે મોડી થાય છે.

ડૉક્ટર બનવું વધારે સારું :

21મી સદીના સમયને ધ્યાનમાં લઈએ તો પહેલી પસંદગી MBBSને આપવી. MBBS પછી આગળ પોસ્ટ ગ્રેજ્યુએશન(MS/MD)નો અભ્યાસ કરવાનો ધ્યેય રાખવો.

MBBS પછી આગળ અભ્યાસ :

(1) MD અથવા MSનો કોર્સ કરવો. આ કોર્સ ત્રણ વર્ષનો છે. (2) હૉસ્પિટલ મૅનેજમેન્ટનો કોર્સ કરવો. MBBS પછી બે વર્ષનો માસ્ટર ડિગ્રી કોર્સ છે. (3) મેડિકલના કોઈ એક ફિલ્ડમાં સુપર સ્પેશ્યલાઈઝેશનના કોર્સ કરવા. (4) સ્પેસ મેડિસિન અને સ્પેસ હેલ્થકેરના ફિલ્ડમાં માસ્ટર ડિગ્રી કોર્સ કરવો.

- **હૉસ્પિટલમાં નવી જોબ :** ભવિષ્યમાં કરોડો રૂપિયાના ખર્ચે મોટી હૉસ્પિટલો ઠેર ઠેર જોવા મળશે. આ બધી હૉસ્પિટલો ખાનગી હશે. સરકારી હૉસ્પિટલોમાં આધુનિક સગવડો હશે. આ બધી હૉસ્પિટલોમાં કેવી કેવી જોબ હશે ? ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર (CEO), ચીફ ફાઈનાન્સ ઑફિસર (CFO), ઑપરેશન વિભાગના વડા (COO), ચીફ મેડિકલ ઑફિસર, ડાયરેક્ટર ઑફ નર્સિંગ, ડાયરેક્ટર ઑફ મેડિકલ સર્વિસિઝ વગેરે. મહિને રૂપિયા બે લાખથી ત્રણ લાખ સુધીનો પગાર મળી શકે છે.
- **મધ્યમકક્ષાની જગ્યા :** એન્જિનિયરિંગ ડાયરેક્ટર, વાઈસ પ્રેસિડેન્ટ એડ્મિનિસ્ટ્રેશન, VP માર્કેટિંગ, જનરલ મૅનેજર એકાઉન્ટ્સ, આસિસ્ટંટ નર્સિંગ, આસિસ્ટન્ટ સર્વિસિઝ જેવી મિડલ લેવલ પોસ્ટ હશે. પગાર મહિને રૂ. 50 હજારથી એક લાખ જેટલો મળશે.
- **જનરલ લેવલ :** આસિ. જનરલ મૅનેજર મટીરિયલ, પરચેઝ (ખરીદી), I.T. - AGM, સ્ટાફ ભરતી માટે HRD મૅનેજર, પબ્લિક રિલેશન મૅનેજર, ફ્રન્ટ મૅનેજર, ચીફ સિક્યુરિટી ઑફિસર, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ, એકાઉન્ટન્ટ, IT આસિસ્ટન્ટ જેવી અનેક જગ્યાઓ હશે. આ પ્રકારની જગ્યાઓ પર માસિક પગારનું ધોરણ રૂ. દસ હજારથી ચાલીસ હજાર સુધીનું હશે.
- **ડૉક્ટરી લાઈન :** MBBS, MD, MS, DM મેડિકલની પોસ્ટ ગ્રેજ્યુએટ કે માસ્ટર ડિગ્રી ધરાવનાર અન્ય ક્ષેત્રના ડૉક્ટર ગણવાના. ડેન્ટલ એટલે કે દાંતના ડૉક્ટરોમાં BDS, MDS દાંતના સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર હેલ્થકેરમાં ગણાય.
- **આયુર્વેદ ડૉક્ટર :** BAMS, MD આયુર્વેદ, આયુર્વેદના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર વગેરે માટે પણ ખૂબ સુંદર ભવિષ્ય છે. એ જ રીતે હોમિયોપથીના ડૉક્ટર BHMS પણ હેલ્થકેરમાં ગણાય.
- **પેરા મેડિકલ કોર્સ :** બેચલર ઑફ ફિઝિયૉથેરાપી, બેચલર ઑફ ઑક્યુપેશનલ થેરાપી જેવા મેડિકલ સાથે જોડાયેલ અભ્યાસક્રમો પેરામેડિકલ કોર્સ કહેવાય છે.
- **નર્સિંગનો કોર્સ :** 12 સાયન્સ પછી બી.એસસી. નર્સિંગનો કોર્સ સૌથી સારો. 12 કૉમર્સ કે આર્ટ્સના વિષયો હોય તો જનરલ નર્સિંગનો કોર્સ પણ છે. બહેનો માટે નર્સિંગમાં જવાબી તકો વધારે છે.
- **ફાર્મસીનો કોર્સ :** બેચલર ઑફ ફાર્મસી, માસ્ટર ઑફ ફાર્મસી અને ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીનું મહત્ત્વ વધશે. આયુર્વેદ ફાર્મસી અને ઔષધીય વનસ્પતિ (મેડિસિનલ પ્લાન્ટ્સ) વિજ્ઞાનના કોર્સની બોલબાલા થશે.

-: હૉસ્પિટલ મૅનેજમેન્ટ :-

મુંબઈમાં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિઝ હૉસ્પિટલ એડ્‌મિનિસ્ટ્રેશનના કોર્સમાં બેચલર ડિગ્રી પછી એડ્‌મિશન મળે છે. એ જ રીતે હેલ્થ એડ્‌મિનિસ્ટ્રેશનનો કોર્સ પણ છે. રાજસ્થાનમાં BITS પિલાની દ્વારા MBBS ડૉક્ટરો માટે કોરસપોન્ડન્સ પ્રકારનો હૉસ્પિટલ મૅનેજમેન્ટનો કોર્સ ચલાવવામાં આવે છે. આપણે ત્યાં હૉસ્પિટલ મૅનેજમેન્ટનો કોર્સ ચલાવતી બે-ત્રણ સંસ્થાઓ જ છે.

- **CEOની પોસ્ટ :** MBBS કર્યા પછી જો હૉસ્પિટલ મૅનેજમેન્ટનો કોર્સ કર્યો હોય તો પ્રાઈવેટ હૉસ્પિટલમાં CEOની પોસ્ટ પર પહોંચતાં ખાસ સમય ન લાગે. BE કે B.Tech. કરીને પછી હૉસ્પિટલ મૅનેજમેન્ટનો કોર્સ કરો તો પણ ખૂબ જ ઉજ્જવળ ભવિષ્ય છે. BAMS પછી પણ હૉસ્પિટલ મૅનેજમેન્ટનો કોર્સ કરી શકાય.
- **એન્જિનિયરિંગ ડાયરેક્ટર :** મોટી હૉસ્પિટલોમાં એન્જિનિયરિંગ વિભાગના ડાયરેક્ટરની જગ્યા હોય છે. BE પછી MBA કર્યું હોય તેમને આ જગ્યા મેળવવી સહેલી પડે છે.
- **MBBS/BDSમાં સરકારી સીટ :** સરકારી મેડિકલ/ડેન્ટલ કૉલેજમાં લેવામાં આવતી ફી અથવા ઓછી ફી ભરવાની હોય તેવી સીટ સરકારી સીટ કહેવાય છે. આ કૉલેજોમાં હૉસ્પિટલ તથા સ્ટાફની સગવડો સારી હોય છે અને ફી ઘણી વ્યાજબી હોય છે.
- **MBBS/BDSમાં પેમેન્ટ સીટ :** ગુજરાતમાં સ્વનિર્ભર મેડિકલ/ડેન્ટલ કૉલેજમાં આવેલી બેઠકો પેમેન્ટ સીટ કહેવાય છે. જેમાં કૉલેજ તેનો ખર્ચ વિદ્યાર્થીની ફીથી સરભર કરે છે. ગુજરાતમાં સ્વનિર્ભર સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે. અમુક સંસ્થાઓ જ વ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ, પૂરતા અધ્યાપકો તથા હૉસ્પિટલની સગવડો ધરાવે છે. ૭૫% સીટો પર કેન્દ્રીય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. ૧૫% એન.આર.આઈ. બેઠકો અને ૧૦% બેઠકો મેનેજમેન્ટ ક્વોટા છે. જેમાં પણ મેરીટ આધારે પ્રવેશ આપવાનો હોય છે. પ્રવેશ લેતા પહેલાં પૂરતી ચકાસણી કરવી. ફીના ધોરણો અતિ ઊંચા હોય છે.
- **જાહેરાત :** MBBS/BDS/BAMS/BHMS અને ફિઝિયૉથેરાપીમાં એડ્‌મિશન મેળવવા એક જ ફૉર્મ ભરવાનું હોય છે.
  ● મેડિકલ (MBBS) ● ડેન્ટલ (BDS) ● આયુર્વેદ (BAMS) ● હોમિયોપેથિક (BHMS)
  ફિઝિયૉથેરાપી/નર્સિંગનો કોર્સ પેરામેડિકલ કોર્સમાં ગણાય છે. વિદેશમાં આ અભ્યાસક્રમની માંગ વધુ છે.

આયુર્વેદમાં બેચલર ડિગ્રી : BAMSનો કોર્સ આયુર્વેદિક મેડિકલનો બેચલર ડિગ્રી કોર્સ છે. MBBSની જેમ આ કોર્સ પણ સાડા પાંચ વર્ષનો છે. એમાં પણ એક વર્ષ ઈન્ટર્નશિપનું હોય છે. સરકારમાં નોકરી મળે તો પગાર ડૉક્ટર જેટલો જ મળે છે. MBBSનો અભ્યાસ કર્યા પછી સરકારમાં 100% નોકરી મળે છે, જ્યારે BAMS કરનારને સરકારમાં નોકરી મળવાની શક્યતા અત્યારે ઓછી છે.

પાંચ વર્ષ પછી : બાયોટેક્નૉલોજીનો યુગ ઝડપથી આવી રહ્યો છે. હેલ્થકેર ઈન્ડસ્ટ્રી અત્યારે ટોપના સ્થાને છે. વનસ્પતિજન્ય દવાઓ અને હર્બલ કોસ્મેટિક ચીજવસ્તુઓની માંગ રોજરોજ વધતી જાય છે. વિશ્વની મલ્ટીનૅશનલ ફાર્માસ્યુટિકલ કંપનીઓને પણ હર્બલ પ્રોડક્ટ (વનસ્પતિજન્ય દવા)નું અલગ ડિવિઝન ઊભું કરવું પડેલ છે. મેડિકલ સાયન્સ અને હેલ્થકેર ઈન્ડસ્ટ્રીઝના વિકાસની દિશા જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે પાંચ વર્ષ પછી આયુર્વેદની અને આયુર્વેદના ડૉક્ટરોની ડીમાન્ડ સારી હશે.

12 સાયન્સ પછી BAMSમાં એડ્‌મિશન મળે. ધોરણ 10 અથવા ધોરણ 12 સાયન્સમાં સંસ્કૃત વિષય રાખેલ હોવો જોઈએ.

17 વર્ષની ઉંમર : MBBS//BAMS માટે 17 વર્ષ પૂરાં થયેલ હોવાં જોઈએ. જો 17 વર્ષ પૂરાં થતાં ન હોય તો પણ ફૉર્મ તો ભરવાનું જ. ભણવાનું તે પછીના વર્ષે શરૂ થાય છે. મેરિટ મુજબ જો BAMSમાં એડ્‌મિશન મળશે તો તમારું એડ્‌મિશન આવતા વર્ષ માટે પેન્ડિંગ રાખવામાં આવશે.

બેચલર ઑફ હોમિયોપથી મેડિસિન :

એલોપથી અને આયુર્વેદની જેમ હોમિયોપથી પણ એક ઉપચાર પદ્ધતિ છે. કેટલાક રોગોમાં હોમિયોપથીની સારવાર ખૂબ જ અસરકારક છે. હોમિયોપથીના ડૉક્ટર તરીકે સ્વતંત્ર પ્રૅક્ટિસ કરી શકાય છે. સાથે સાથે હોમિયોપથી દવાઓનો સ્ટોર પણ રાખી શકાય. એમ.ડી. હોમિયોપથી અભ્યાસક્રમ ગુજરાતમાં શરૂ થયો છે. હોમિયોપથીની સારવાર આજે વધુ ને વધુ લોકપ્રિય થતી જાય છે અને આવતાં ચાર-પાંચ વર્ષમાં વધુ ઉજ્જવળ ભવિષ્ય છે.

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ ઈ.સ. 1935માં સેન્ટર ફૉર એન્વાયરનમેન્ટલ પ્લાનિંગ ઍન્ડ ટેક્નૉલોજીની સ્થાપના કરેલી. ગુજરાત યુનિવર્સિટી રોડ પર યુનિવર્સિટીના મેઈન બિલ્ડિંગ તરફ જતાં રસ્તાની સામે કસ્તુરભાઈ લાલભાઈ કૅમ્પસ આવેલું છે. CEPT આ કૅમ્પસમાં છે. બિલ્ડિંગ સાયન્સ, કન્સ્ટ્રક્શન ટેક્નૉલોજી, પ્લાનિંગ આર્કિટેક્ચર અને ઈન્ટિરિયર ડિઝાઈનના ફિલ્ડમાં ભારતની સૌથી શ્રેષ્ઠ ઈન્સ્ટિટ્યૂટ તરીકે CEPTનું નામ છે. જેને સ્વાયત્ત યુનિવર્સિટી તરીકેનો દરજ્જો મળેલ છે.

સેન્ટર ફૉર એન્વાયરનમેન્ટલ પ્લાનિંગ ઍન્ડ ટેક્નૉલોજી પાસે ચાર કૉલેજો છે :

(1) સ્કૂલ ઑફ બિલ્ડિંગ સાયન્સ ઍન્ડ ટેક્નૉલોજી (2) સ્કૂલ ઑફ ઈન્ટિરિયર ડિઝાઈન
(3) સ્કૂલ ઑફ આર્કિટેક્ચર અને (4) સ્કૂલ ઑફ પ્લાનિંગ

આ ચારમાંથી પહેલી ત્રણ કૉલેજોમાં 12 પછી બેચલર ડિગ્રી સમકક્ષ અભ્યાસક્રમો ચાલે છે, જ્યારે સ્કૂલ ઑફ પ્લાનિંગ પોસ્ટ ગ્રૅજ્યુએટ એટલે કે બેચલર ડિગ્રી પછી માસ્ટર ડિગ્રી સમકક્ષના કોર્સ ચલાવે છે.

ડિપ્લોમા ઈન ઈન્ટિરિયર ડિઝાઈન

CEPTની સ્કૂલ ઑફ ઈન્ટિરિયર ડિઝાઈનમાં 12 પછી પાંચ વર્ષનો ડિપ્લોમા ઈન ઈન્ટિરિયર ડિઝાઈન કોર્સ ચાલે છે. આ કોર્સમાં બહેનો વધારે રસ ધરાવે છે. ઈન્ટિરિયર ડિઝાઈનના ક્ષેત્રનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. CEPTનો આ કોર્સ કર્યા પછી વધુ અભ્યાસ માટે ઘણા અમેરિકા જવાનું પસંદ કરે છે. આ કોર્સને પણ બેચલર ડિગ્રી સમકક્ષ કોર્સ તરીકે સરકારે માન્યતા આપેલ છે.

સેન્ટર ફૉર એન્વાયરનમેન્ટલ પ્લાનિંગ ઍન્ડ ટેક્નૉલોજી (CEPT), કસ્તુરભાઈ લાલભાઈ કૅમ્પસ, યુનિવર્સિટી બસ સ્ટૅન્ડ પાસે, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ 380 009. વેબસાઈટ : **www.ceptindia.org**

ગુજરાત સ્ટુડન્ટ માટે :

કેટલાકના મનમાં એવો ખ્યાલ છે કે NID અને IIMની જેમ CEPTમાં ગુજરાતના બહુ ઓછા સ્ટુડન્ટ છે, પરંતુ આ માન્યતા સાચી નથી. (1) કન્સ્ટ્રક્શન ટેક્નૉલોજીના કોર્સમાં કુલ 30 સીટ છે. એમાંથી 22 સીટ ગુજરાત HSC બોર્ડના સ્ટુડન્ટ માટે છે, 8 સીટ અન્ય બોર્ડના સ્ટુડન્ટ માટે છે (2) ઈન્ટિરિયર ડિઝાઈનના કોર્સમાં પણ 30માંથી 22 સીટ ગુજરાત બોર્ડના સ્ટુડન્ટ માટે છે. (3) આર્કિટેક્ચરમાં કુલ 40 સીટ છે. એમાંથી 30 સીટ ગુજરાતના સ્ટુડન્ટ માટે છે.

જનરલ કૅટેગરી માટે : 50% પ્રૅક્ટિકલના માર્ક્સ સહિત 12 ની પરીક્ષામાં જેટલા વિષયો હોય તે તમામ વિષયોના કુલ માર્ક્સના 50% કે તેથી વધારે માર્ક્સ હોય તો ફૉર્મ ભરી શકાશે.

અનામત કૅટેગરી માટે : (1) SEBCના ઉમેદવાર માટે 45% અને (2) SC અને ST કૅટેગરીના ઉમેદવાર માટે 40% કે તેનાથી વધારે માર્ક્સ હોય તો CEPTનું ફૉર્મ ભરી શકાય. સરકારના નિયમ મુજબ દરેક કોર્સમાં અનામત કેટેગરીની સીટ છે.

ગુજરાત બોર્ડ હોય તો : CEPTના અને આર્કિટેક્ચરના કોર્સમાં 75% સીટ ગુજરાત બોર્ડના સ્ટુડન્ટ માટે છે.

કુલ 800માંથી (1) જનરલ કૅટેગરીમાં 400 માર્ક્સ, (2) SEBC માટે 360 માર્ક્સ અને (3) SC અને ST કૅટેગરી માટે 320 માર્ક્સ અથવા તેનાથી વધારે માર્ક્સ હોય તો CEPTમાં અને આર્કિટેકટમાં ફૉર્મ ભરી શકશો.

૧૨ વિ.પ્ર.માં ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મૅથ્સ અને અંગ્રેજીના તથા સામાન્ય પ્રવાહમાં બિઝનેશ મેથ્સ અથવા સ્ટેટેસ્ટિક્સ વિષય રાખનાર માટે ગુજરાતમાં પ્રાપ્ય આર્કિટેક્ચરનો અભ્યાસ અને કૉલેજોની વિગત :

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ માટે ગુજરાતમાં ૩ (૧૨૦) + ૧૮ (૧૧૪૦) = ૨૧ (૧૨૬૦) આર્કિ. કૉલેજો આવેલી છે. ૧૮ કૉલેજો સેલ્ફ ફાઈનાન્સ તથા ૩ કૉલેજો ગવર્મેન્ટ છે.

NATA : (આર્કિ. એન્ટ્રન્સ માટે માત્ર NATA ટેસ્ટ લેવાનું શરૂ કર્યું છે.) **www.nata.in**

ગવર્મેન્ટ અને સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોમાં ઍડમિશન માટે નૅશનલ ઍપ્ટિટ્યૂડ ટેસ્ટ (NATA) કાઉન્સિલ આર્કિટેક્ચર દ્વારા લેવાશે, જેની વિગત નીચે મુજબ છે :

● M. S. UNIVERSITY, વડોદરા ● CEPT - અમદાવાદ ● સરદાર વલ્લભભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનૉલોજી, વાસદ ● સાર્વજનિક કૉલેજ ઑફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નૉલોજી, સુરત ● એ.વી.આઈ.ઈ.ડી. વિદ્યાનગર ● શ્રી ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઑફ આર્કિટેક્ચર, વી.વી.પી. કૅમ્પસ, રાજકોટ ● આર્કિટેક્ચર કૉલેજ, વડોદરા ● ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ● એલ.જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ચર, અમદાવાદ.

પરીક્ષા માટેના ફૉર્મ કાઉન્સિલની વેબસાઈટ **(www.nata.in)** ઉપરથી ડાઉનલોડ થઈ શકશે અથવા તો પરીક્ષાના કેન્દ્રો ઉપર જણાવેલ આર્કિટેક્ચર કૉલેજમાંથી મેળવી શકાશે.

પરીક્ષા વિશેની માહિતી નીચે મુજબ છે :

ટેસ્ટ બે ભાગમાં લેવાશે. જેમાં ડ્રોઈંગની બે કલાકની પરીક્ષા હશે અને ત્યાર બાદ એક કલાકની કમ્પ્યૂટર આધારિત ઑનલાઈન ટેસ્ટ આપવાની રહેશે. કમ્પ્યૂટર ટેસ્ટમાં જેમને ફક્ત માઉસ ક્લિક કરતાં ફાવતું હશે તેઓ પણ સહેલાઈથી આ ઑનલાઈન ટેસ્ટ આપી શકશે. પ્રવેશ માટે માર્ક્સની ગણતરીમાં બારમા ધોરણના માર્ક તેમજ નાટા ટેસ્ટના પચાસ પચાસ ટકા ધ્યાને લેવાશે.

૫.૨ નેવલ આર્કિટેક્ચર

નેવલ એન્જિનિયરિંગ, બી.ટેક. નેવલ આર્કિટેક્ચર : નેવલ આર્કિટેક્ટ શબ્દ તેના નામમાં જ પોતાનો અર્થ સમજાવી દે છે. નેવલ આર્કિટેક્ટ એક એવા વ્યવસાય સાથે જોડાયેલો શબ્દ છે જેને બહુ ઓછી વ્યક્તિ ઓળખે છે. આ વ્યવસાય નેવલ આર્કિટેક્ચર એક અલગ જ ક્ષેત્ર દર્શાવે છે. આ વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિનું કાર્ય મુખ્યત્વે શિપ ડિઝાઈન કરવી, શિપ કે બોટ, સબમરીન કે સ્ટીમર જેવા અનેક દરિયાઈ જહાજોની ડિઝાઈનો તૈયાર કરવાનું રહે છે, પછી તે વ્યવસાયિક ધોરણે હોય કે સેના સુરક્ષા માટે નેવીની જરૂરિયાત મુજબ ડિઝાઈન તૈયાર કરવાનું રહે છે.

તદ્ઉપરાંત મર્ચન્ટશિપ, દરિયાઈ ઓઈલ / ગૅસ ટૅન્કર, કાર્ગોશીપ, ક્રુઝ લાઈનર્સ વગેરે, પૅસેન્જર વ્હિકલ ફેરી બોટ, યુદ્ધજહાજોમાં ફ્રિગેટ્સ, ડિસ્ટ્રોયર્સ, એરક્રાફ્ટ કૅરિયર્સ, એમ્ફિશિયસ શિપ્સ વગેરે, સબમરિન તથા દરિયાઈ વાહનો, હોવરક્રાફ્ટ, મલ્ટી પુલ શિપ, હાઈડ્રોફોઈલ ક્રાફ્ટ વગેરે. ફિશિંગ બોટ, પાયલોટ વેશલ્સ, રેસ્ક્યુક્રાફ્ટ, પાવર બોટ વગેરેની ડિઝાઈન તૈયાર કરવી તેમજ તે ડિઝાઈન પ્રમાણે તેનું બાંધકામ કરવું તે તેમનું મુખ્ય કાર્ય હોય છે.

કારકિર્દીની તકો : અત્યારે નેવલ આર્કિટેક્ટને એન્જિનિયરીંગની કક્ષામાં મૂકવામાં આવે છે અને તેથી તેને એન્જિનિયરીંગ કહેવામાં આવે છે. નેવલ આર્કિટેક્ટનું નવું નામ નેવલ એન્જિનિયરિંગ તેથી જ રાખવામાં આવેલું છે અને તેની ભવ્યતાઓ આવા એન્જિનિયરોની કાબેલિયત અને સર્જનાત્મક બુદ્ધિના કારણે છે. તેથી જ આ ક્ષેત્રમાં કારકિર્દીની તકો ઘણી બધી છે. હાલમાં નેવલ આર્કિટેક્ટોની સંખ્યા આપણા દેશમાં ખૂબ જ ઓછી છે. તેનો રેશિયો વસ્તીના પ્રમાણે જોવા જઈએ તો ૮ લાખ વ્યક્તિએ એક બેસે છે. જ્યારે માંગ પૂરા વિશ્વમાં ખૂબ જ રહેલી છે. અત્યારે વિશ્વભરમાં નેવલ આર્કિટેક્ટની માંગ દર વર્ષે ૬ હજારની છે જ્યારે તૈયાર થાય છે ફક્ત સાડા ત્રણ હજાર ! અત્યારે શિપ બિલ્ડિંગ ઉદ્યોગ ખૂબ જ આગળ વધ્યો છે તેથી નેવલ આર્કિટેક્ટોની માંગ વધી જવા પામી છે. તેથી આવા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઘણી ઉત્તમ તક ઊભી થઈ છે.

નેવલ આર્કિટેક્ટોની ફરજોમાં શિપ કે સ્ટીમર વગેરેને જ્યાં પણ રિપેરિંગની જરૂરત હોય, ફેરફારોની જરૂરત હોય ત્યાં તેવા ફેરફારો કરવા, રીપેરિંગ કરાવવું, તેવા સંબંધી ક્ષેત્રોમાં રિસર્ચ કરવું તેમજ તેમાં ડેવલપમેન્ટ કરવું.

અભ્યાસક્રમ અને સંસ્થાઓ : ધોરણ ૧૨ પછી નેવલ આર્કિટેક્ચરના ચાર વર્ષીય ડિગ્રી કોર્સમાં એડમિશન લેવા માટે એન્ટ્રન્સ ટેસ્ટ આપવી પડે છે. તે ઉપરાંત ઇન્ડિયન નેવીના સ્નાતકો આ કોર્સ કરી શકે છે. તે માટે ટેકનિકલ કેડેટ એન્ટ્રી મેળવી શકે છે તે માટેની વ્યવસ્થા ગ્રેડિંગ પર આધારિત હોય છે. તે સિવાય ગ્રેજ્યુએટ એન્જિનિયરો જેમ કે મિકેનિકલ, એરોનૉટિક્સ, સિવિલ વગેરે નેવલ આર્કિટેક્ટનો કોર્સ કરી શકે છે.

- નેવલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ
  આઈ. એન. એસ. શિવાજી, લોનાવાલા - ૪૧૦૪૦૨.
  કોર્સ - નેવલ એન્જિનિયરિંગ
- કૉલેજ ઑફ એન્જિનિયરિંગ
  વોલ્ટેઈર - વિશાખાપટ્ટનમ - ૫૩૦૦૦૩
  કોર્સ - બી.ઈ. નેવલ આર્કિટેક્ટ

- કોચિન યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટેક્નૉલોજી
  ડિપાર્ટમેન્ટ ઑફ ટેક્નૉલોજી,
  થ્રીકારા કેમ્પસ, કોચિ - ૬૮૨૦૨૨.
  કોર્સ - બી.ટેક. નેવલ આર્કિટેક્ટ, બી. કે. શિપ બિલ્ડિંગ
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી
  ડિપાર્ટમેન્ટ ઑફ શિપ ટેક્નૉલોજી, ખડગપુર - ૭૨૧૩૦૨.
  કોર્સ - બી.ટેક. નેવલ આર્કિટેક્ચર.
- ઈન્સ્ટિટ્યૂટ ઑફ શિપ બિલ્ડિંગ ટેક્નૉલોજી
  મે ફેર હાઉસ, વાસ્કો-દી-ગામા - ગોવા
  કોર્સ - પોસ્ટ ડિપ્લોમા ઈન નેવલ આર્કિટેક્ચર
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી
  ચેન્નાઈ - ૬૦૦૦૩૬.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી
  ન્યૂ દિલ્હી, ૧૧૦૦૧૬.
  કોર્સ-પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન નેવલ આર્કિ.

ઉપરોક્ત સંસ્થાઓમાં એન્ટ્રન્સ ટેસ્ટ બાદ એડમિશન મળશે. ઈન્ડિયન નેવીમાં નેવલ આર્કિટેક્ચરનો કોર્સ કરી શકાય છે.

નેવલ આર્કિટેક્ચરનો કોર્સ કરાવતી ખાનગી સંસ્થાઓ :

- બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી ઍન્ડ સાયન્સ
  પિલાની - ૩૩૩૦૩૧ (મેરિટ પર આધારિત એડમિશન)
- અન્ના યુનિવર્સિટી
  ચેન્નાઈ - ૬૦૦૦૨૫.
- બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી
  પી.ઓ. મેસ્ત્રા - રાંચી - ૮૩૫૨૧૫.
- પંજાબ એન્જિનિયરિંગ કૉલેજ
  સેક્ટર-૧૨, ચંદીગઢ - ૧૬૦૦૧૨.

ખડગપુરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજીમાં ખૂબ જ વ્યવસાયિક ધોરણે અને ગંભીરતાથી અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

૫.૩ 'મર્ચન્ટ નેવી'ની આકર્ષક કારકિર્દી

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ પાસ મિત્રો IIT - JEE આપીને • 4 વર્ષના બેચલર ઈન મરીન એન્જિનિયરિંગ કોર્સમાં • ત્રણ વર્ષના બેચલર ઈન નોટિકલ સાયન્સ કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે.

કામગીરી :

'મર્ચન્ટ નેવી'માં શિપ પરના મુખ્ય વિભાગોમાં સૌપ્રથમ ડેક ડિપાર્ટમેન્ટ આવે છે, જેનું વડાપણું માસ્ટર, ચીફ મેટ કે કેપ્ટન પાસે હોય છે. ત્યારબાદ 'ફર્સ્ટ મેટ' આવે છે. આ બંને અધિકારીઓને સહાય માટે સેકન્ડ મેટ હોય છે. ત્યારબાદ થર્ડ મેટ અને હાર્બર માસ્ટર આવે છે અને ત્યારબાદ શિપનો પાયલોટ અને સેરંગ (Serang) આવે છે. એન્જિન ડિપાર્ટમેન્ટમાં ટોચ પર શિપ એન્જિનિયર હોય છે અને તેની સહાયમાં સેકન્ડ, થર્ડ, ફોર્થ એન્જિનિયર્સ તથા બીજો સ્ટાફ હોય છે. આ ડિપાર્ટમેન્ટમાં જ ઈલેક્ટ્રિકલ ઑફિસર, રેડિયો ઑફિસર અને 'સી કેન્ની' (Sea canny) હોય છે. આ Sea canny જહાજનું સ્ટીયરિંગ સંભાળે છે. ત્યારબાદ આવે છે સર્વિસ ડિપાર્ટમેન્ટ - તેમાં ચીફ સ્ટુઅર્ડ અને ચીફ કુક ટોચ પર હોય છે - સહાયમાં કુક મેકર્સ અને મેસ મેન હોય છે. અંતમાં નૉટિકલ સર્વેયર્સ, લાઈટ કીપર્સ, ડ્રેસ ડાઈવર્સ અને સ્કીન ડાઈવર્સ હોય છે.

પસંદગીની પ્રક્રિયા / તાલીમ :

મર્ચન્ટ શિપ પર નેવિગેટિંગ ઑફિસર તરીકે નિમણૂક મેળવવા, મર્કેન્ટાઈલ મરીનના માસ્ટર અને મેટ્સની પરીક્ષાને લગતા ભારતના કાયદાઓ પ્રમાણેનું 'સર્ટિફિકેટ ઑફ કોમ્પીટન્સી' (Competency) મેળવવું જરૂરી છે. T.S. 'ચાણક્ય' પરથી ક્વોલિફાય થનાર (નેવિગેટિંગ ઑફિસર તરીકે)નું ફર્સ્ટ કોમ્પીટન્સી સર્ટિફિકેટ 'સેકન્ડ મેટ' (ફોરેન ટ્રેડ)નું હોય છે. ટ્રેનિંગશિપ 'ચાણકય' પર નૉટિકલ સાયન્સના ત્રણ વર્ષના ડિગ્રી કોર્સ બાદ કેડેટ ઑફિસર મર્ચન્ટ શિપના ડેક ડિપાર્ટમેન્ટ પર એક વર્ષ તાલીમ દરમ્યાન સ્ટાઈપન્ડ ચૂકવવામાં આવે છે. ત્યારબાદ જ તેને 'સેકન્ડ મેટ' (ફોરેન ટ્રેડ)નું સર્ટિફિકેટ મળે છે. યુનિવર્સિટી ઑફ મુંબઈ દ્વારા B.Sc. (નૉટિકલ સાયન્સ)ની પરીક્ષા પાસ કરનારે સર્ટિફિકેટ ઑફ કોમ્પીટન્સી એકઝામમાંથી કેટલીક છૂટછાટો મળે છે. મરીન એન્જિનિયર્સ માટેની પરીક્ષા મિનિસ્ટ્રી ઑફ સરફેશ ટ્રાન્સપોર્ટ અંતર્ગત ડાયરેક્ટર જનરલ ઑફ શિપિંગ, મુંબઈ દ્વારા લેવામાં આવે છે.

B.Sc. (નૉટિકલ સાયન્સ), T.S. ચાણક્ય, નવી મુંબઈ (ત્રણ વર્ષ) તથા મરીન એન્જિનિયરિંગ ઍન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (MERI), કોલકતા, 4 વર્ષના મરીન એન્જિનિયરિંગ ડિગ્રી કોર્સમાં પ્રવેશ :

આ બંને અભ્યાસક્રમોમાં IITની દર વર્ષે મે માસમાં યોજાતી જોઈન્ટ એકઝામ (JEE) દ્વારા પ્રવેશ મળે છે. T.S. 'ચાણક્ય' (૯૦ બેઠક) અને MERI (૧૨૦)માં પ્રવેશ માટે કોઈ અલગ પરીક્ષા નથી. JEEમાં બેસવા માટે IITમાં અરજી કર્યા બાદ ઉમેદવારે ડાયરેક્ટર જનરલ ઑફ શિપિંગને આ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે એક અલગ અરજી પણ પહોંચાડવાની હોય છે.

TS ચાણકયના કોર્સ માટે ચશ્માધારી વિદ્યાર્થી ન ચાલે, પરંતુ તેનું નોર્મલ વિઝન 6/6 બંને આંખોમાં હોવું જરૂરી છે, MERI માટે ચશ્માધારી ઉમેદવારે ચાલે, પરંતુ તેની આંખના નંબર -2.5 અથવા + 2.5થી વધુ ન હોવા જોઈએ. વળી, ડિફેક્ટિવ કલર વિઝન ન હોવું જોઈએ.

(1) Director General of Shipping, Jahaz Bhavan, W. H. Marg, Mumbai 400001

(2) T. S. Chanakya, Karave, Nerul, Navi Mumbai 400706

(3) Marine Engineering & Research Institute, P-19, Taratola Road, Kolkatta 700088.

૫.૪ જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ : JEE

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા દેશની IIT અને NIT અને DTUમાં એડમિશન મેળવવા માટે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ(JEE) લેવામાં આવે છે. સંયુક્ત પ્રવેશ પરીક્ષા (Joint Entrance Exam-JEE) આ વર્ષથી બે તબક્કામાં થઈ રહી છે. JEE પરીક્ષા AIEEE જેવી જ હશે, જેમાં ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સ ત્રણેય વિષયોનું બનેલું માત્ર એક જ પ્રશ્નપત્ર હશે. જેમાં NCERTના ધોરણ-૧૧ અને ૧૨ના વિષયને આવરીને પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવશે. JEE બે ભાગમાં યોજાતી હોય છે. JEE મેઈન ઓફલાઈન અને ઓનલાઈન. આ પરીક્ષાઓના મેરીટના આધારે પહેલાં ૧.૫૦ લાખ વિદ્યાર્થીઓ JEE એડવાન્સ માટે એપીયર થઈ શકશે. તેની ઓફલાઈન JEE મેઈન દેશભરમાં યોજાશે. જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ(JEE)ની પરીક્ષા બે મોડમાં લેવાતી હોય છે - ઓફલાઈન અને ઓનલાઈન. આ બંનેમાંથી વિદ્યાર્થીઓ કોઈપણ એક મોડ પરીક્ષા આપવા માટે પસંદ કરી શકે છે.

નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ(NCERT)ના સિલેબસમાંથી ગુજરાત બોર્ડ ૮૫% અને CBSE ૯૦% સિલેબસ ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરાવે છે. NCERTના સિલેબસના આધારે ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સમાંથી એક ઓબ્જેક્ટીવ ટાઈપનું પેપર તૈયાર કરવામાં આવે છે. જેથી ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓએ ૧૫% અને સીબીએસઈના વિદ્યાર્થીઓએ ૧૦% વધારે અભ્યાસ પર ધ્યાન આપવું પડશે. આ પ્રશ્નોનું લેવલ ઊંચું હોવાથી તેના માટે તૈયારીઓ પણ વધુ કરવી પડશે.

ધોરણ-૧૨ પછી જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ મેઈન (JEE) આપવાની રહેશે. JEE મેઈનના ૬૦% અને બોર્ડના ૪૦%ના આધારે મેરીટ બનશે. જ્યારે ગુજરાતની કોઈ કોલેજમાં પ્રવેશ માટે ૫૦-૫૦%ને આધારે મેરીટ તૈયાર થશે. આ મેરીટના આધારે વિદ્યાર્થીઓને કોલેજમાં કાઉન્સેલીંગ માટે બોલાવવામાં આવશે. જેમણે આઈઆઈટીમાં અભ્યાસ કરવો હોય તેમને JEE મેઈન પરીક્ષાના પ્રથમ દોઢ લાખ ઉમેદવારોમાં સ્થાન મેળવવાનું રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થી બોર્ડમાં ટોપ ૨૦ પર્સેન્ટાઈલમાં હોવો જોઈએ તો જ તે JEE એડવાન્સ પરીક્ષા માટે લાયક ગણાશે. સાથોસાથ, ગુજરાતમાં એન્જીનિયરીંગના પ્રવેશ માટે GUJCET દાખલ કરવામાં આવી છે.

૧૭ I.I.T., ૨૦ N.I.T., ૮ I.I.I.T.ની ૯,૬૪૭ બેઠકો માટે ૧૪ લાખ વિદ્યાર્થીઓ બે સ્તરની પરીક્ષા આપશે, જેમાંથી ૧.૫૦ લાખ વિદ્યાર્થી જ JEE મેઈન્સ બાદ JEE એડવાન્સ આપી શકશે. ગયા વર્ષે ૪.૮૦ લાખ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો.

I.I.T.માં પ્રવેશ માટે બોર્ડના ટોપ ૨૦ પર્સેન્ટાઈલમાં સમાવેશ જરૂરી છે. જૂના વિદ્યાર્થીઓને આમાં રાહત અપાઈ છે. ગયા વર્ષે ૧૨મું પાસ કરનાર વિદ્યાર્થીઓને ટોપ ૨૦ પર્સેન્ટાઈલની ફોર્મ્યુલામાંથી બહાર રખાયા છે. આ વિદ્યાર્થીઓ ગયા વર્ષના નિયમોના આધારે જ I.I.T.-JEEમાં ભાગ લઈ શકશે. નવો નિયમ માત્ર ફ્રેશર્સ પર જ લાગુ પડશે. કોઈપણ વિદ્યાર્થીના પર્સેન્ટાઈલ સ્કોરની ગણતરી માટે મેરીટમાં તેની નીચેના ઉમેદવારની સંખ્યાને પરીક્ષાર્થીઓની કુલ સંખ્યાથી ભરવામાં આવશે ત્યારબાદ તેને ૧૦૦ ગણી કરાશે. એડવાન્સમાં પર્સેન્ટાઈલ ૮૦% અપ રખાતા વિદ્યાર્થીઓ માટે IITમાં પ્રવેશ થોડો કઠીન બનશે. JEE મેઈન પરીક્ષામાં હેતુલક્ષી પ્રકારના ૩૦ પ્રશ્નોને ૩ કલાકમાં પૂરા કરવાના હોય છે. પ્રશ્નો ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સ વિષયમાંથી પૂછવામાં આવે છે.

ટ્રીપલ આઈટીમાં પ્રતિ સેમેસ્ટર રૂા. ૭૦-૫૦ હજાર, I.I.T.માં રૂા. ૯૦ હજાર, N.I.T.માં રૂા. ૧૭,૫૦૦ અને IIMમાં મેનેજમેન્ટ કોર્સની વાર્ષિક ફી રૂા. ૮થી ૧૬.૫૦ લાખ છે.

I.I.T. પ્રવેશ પરીક્ષાની નવી વ્યવસ્થામાં જે બોર્ડમાં આકરી ચકાસણી થાય છે તે રાજ્યોના વિદ્યાર્થીઓને લાભ થશે. જેમ કે, ૧૨માની પરીક્ષામાં મેઘાલયમાં ૪૯% અને આંધ્રપ્રદેશમાં ૮૭% લાવનાર વિદ્યાર્થીઓ તેમના રાજ્યોના ટોચના ૨૦ પર્સેન્ટાઈલમાં સ્થાન મેળવશે. પરંતુ I.I.T.માં પ્રવેશ માટે બંનેએ I.I.T.-JEE એડવાન્સમાં ભાગ લેવો જ પડશે.

આ પરીક્ષામાં માત્ર ૨% વિદ્યાર્થીઓ જ પાસ થઈ શકે છે. I.I.T.માં ૧૦૦% અંક આજ સુધી કોઈ વિદ્યાર્થી લાવી શક્યા નથી, જ્યારે CBSEમાં ૧૨મા ધોરણમાં ૧૦૦% મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે. ૨૦૧૧માં અલગ અલગ વિષયોમાં ૧૦૦% લાવનાર વિદ્યાર્થીઓ લગભગ ૬,૪૫૦ હતા.

I.I.T.માં ૭૫% શહેરી અને ૨૫% ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતા વિદ્યાર્થીઓ હોય છે. તેમાંથી ૩૦થી ૩૫%નું કોમ્યુનિકેશન સ્કીલ નબળું હોય છે, પરંતુ બે વર્ષના કોમન ટેસ્ટ સ્ટડી પીરિયડમાં તેઓ અંગ્રેજીમાં પણ નિષ્ણાત થઈ જાય છે. I.I.T.ના બધા

જ વિદ્યાર્થીઓ ક્લાસમાં ૯૦% હાજરી ધરાવે છે. સંસ્થાન તરફથી તેમને વર્ષમાં માત્ર એક જ દિવસ સ્વૈચ્છિક રજા મળે છે. વી.આઈ.પી. વીઝીટથી ક્લાસ પર અસર થતી નથી. આંતરરાષ્ટ્રીય સ્તરના સેમિનાર દરમ્યાન પણ ક્લાસ ચાલતા રહે છે.

આજના વિદ્યાર્થીઓ કમ્પ્યુટરના એક્સપર્ટ હોય છે, તેથી આ પરીક્ષાથી ગભરાવાની જરૂર નથી. ઓફલાઈન પરીક્ષાના પેપર જોઈને તેને એનેલાઈઝ કરવા જોઈએ, કારણ કે ઓફલાઈન હોય કે ઓનલાઈન તેની પેટર્ન તો સરખી જ રહેવાની. જેટલી સરળતાથી સ્કુલની પરીક્ષા આપતા હોય તેમ જ આ પરીક્ષા આપવી જોઈએ. શાંતિથી અને ધ્યાનથી દરેક ઓપ્શન પર ક્લીક કરો, ઓપ્શન સિલેક્ટ કરવામાં જરા પણ બેદરકાર ન રહો.

ધ્યેય નક્કી કરી તૈયારી કરો તો સફળતા મળશે જ.

પરીક્ષા માટેનાં સૂચનો :

સતત ગતિ અને સર્તકતા જરૂરી છે. જેના દ્વારા પ્રશ્નો હલ કરી શકાય છે.

● JEEની પરીક્ષા આપતી વખતે સમયનો ખાસ ખ્યાલ રાખવો. સમય ઓછો પડે છે. સમયમર્યાદામાં પેપર પૂરું કરવો. ● સતત મહાવરો કર્યો હશે અને પ્રશ્નો હલ કરવાની પ્રૅક્ટીસ કરેલી હશે તો પરીક્ષાના સમયે કામ લાગે છે. ● પોતાની જાતે જ પ્રશ્નપત્ર હલ કરવાં. ● ઉતાવળમાં ભૂલ થવાની સંભાવના છે. ઉતાવળ કર્યા વિના સમયમર્યાદામાં પેપર લખવું. ● JEE કઠિન નથી પણ સહેલું પણ નથી, માત્ર જરૂર છે મહેનતની. ● JEEની પરીક્ષાની તૈયારી સમયે કેલ્ક્યુલેટરનો ઉપયોગ ટાળવો. પોતાની માનસિક શક્તિ અનુસાર જ ગણિતના કોયડા હલ કરવા. ● બુદ્ધિથી પ્રશ્નોના જવાબ આપવા. ● મેરિટમાં આવવા માટે મહેનત જરૂરી છે. ● વિવિધ ટિપ્સ ભેગા કરવા અને એના પર અમલ કરવો. આત્મવિશ્વાસ વધારવો, સકારાત્મક વિચારો દ્વારા સફળતા મેળવી શકાય છે.

પરીક્ષાનાં બે અઠવાડિયા પહેલાં બધા જ વિષયોના મહત્ત્વના પોઈન્ટની નોટ તૈયાર કરીને એ અનુસાર મુદ્દા તૈયાર કરવા અને વાંચવા.

● અત્યંત મહત્ત્વના મુદ્દાઓની અલગ નોંધ કરવી. ● બધો જ અભ્યાસક્રમ પરીક્ષા પહેલાં પૂરો કરી લેવો. જેમ જેમ પરીક્ષા નજીક આવે ત્યારે માત્ર રિવિઝન કરવું. ● પેપર લખવાનો મહાવરો ઘરે કરવો. ● માર્ક ટેસ્ટ આપવી.

પરીક્ષાના એક દિવસ પહેલાં :

● તનાવમુક્ત રહો, મગજને શાંત રાખો. ● આત્મવિશ્વાસ કેળવો, પોતાની જાત પર વિશ્વાસ રાખવો. ● હકારાત્મક વિચારો કરો. ● પોતાની જાતને કહો કે હું JEEમાં સફળ થઈશ. ● પોતાના મિત્રોને 'કેટલું વાંચશું' આવા પ્રશ્નો ના પૂછવા, આનાથી તનાવ ઉત્પન્ન થાય છે. ● ૬ થી ૭ કલાકની ઊંઘ લેવી. ● પરીક્ષા સ્થળ પર ૧ કલાક પહેલાં પહોંચી જવું.

૫.૫ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી, ગાંધીનગર હવે એનર્જી યુનિવર્સિટી

ધોરણ-૧૨ સાયન્સમાં એ ગ્રુપ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી માટે એન્જિનિયરીંગની ૪૫થી વધુ બ્રાન્ચ છે. તે પૈકીની પેટ્રોલિયમ એન્જિનિયરીંગની બ્રાન્ચને વિશિષ્ટ સ્થાન આપવું પડે તેવી બ્રાન્ચ છે. આપણા દેશમાં પ્રતિવર્ષ ૨૦૦ જેટલા જ પેટ્રોલિયમ એન્જિનિયરીંગની ડિગ્રી ધરાવતા સ્નાતકો બહાર પડે છે. જેની સામે આપણા દેશમાં પ્રતિવર્ષ ૫,૦૦૦થી વધુ પેટ્રોલિયમ એન્જિનિયરોની જરૂરિયાત છે. સમગ્ર વિશ્વમાં બેચલર ડિગ્રી અને માસ્ટર ડિગ્રી ધરાવતા પેટ્રોલિયમ એન્જિનિયરોની માંગ દિવસે-દિવસે વધી રહી છે. ધોરણ-૧૨ સાયન્સ પછી પેટ્રોલિયમ એન્જિનિયરીંગમાં બી.ટેક. કરનાર સ્ટુડન્ટને તેનું ભણવાનું પૂરું થાય તે પહેલાં જ જોબ મળી જાય છે.

પેટ્રોલિયમ એન્જિનિયરીંગનો સ્નાતક કોર્સ કર્યા બાદ તમે પેટ્રોલિયમ મેનેજમેન્ટનો બે વર્ષનો કોર્સ કરો એટલે વિશ્વમાં નંબર વન ગણાતી IIMમાંથી બહાર પડતા ઉમેદવાર કરતાં વધારે સારી ઓફર મળી શકે છે. આ દમદાર કોર્સનું નામ છે પેટ્રોલિયમ મેનેજમેન્ટ.

પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની મુખ્ય બે કોલેજો છે : (૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી (UG), (૨) ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ (PG).

ગાંધીનગર ખાતે પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના અંદરમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી(IPTG)નો પ્રારંભ થયો છે. સરકારી નાણાંથી ઊભી થયેલ આ સંસ્થામાં ફીનું ધોરણ ઊંચું છે.

આ યુનિવર્સિટીમાં IIM અને IIT કક્ષાના ટેકનોલોજી મેનેજમેન્ટ ક્ષેત્રના પાંચ અભ્યાસક્રમો અને ટેકનોલોજીના ૧૬ અભ્યાસક્રમો સ્નાતક, અનુસ્નાતક તથા ડોક્ટરેટ કક્ષાએ શરૂ થઈ ગયા છે. ઉચ્ચ ટેકનીકલ અભ્યાસક્રમોમાં પેટ્રોલિયમ એન્જિનિયરીંગ, ગેસ એન્જિનિયરીંગ, રિફાઈનરી એન્જિનિયરીંગ, પાઈપલાઈન એન્જિનિયરીંગ, પેટ્રોલિયમ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડકશન, પેટ્રોલ જીઓલોજી, જીઓ ફીઝીક્સ, પેટ્રો ફીઝીક્સ ઉપરાંત એનર્જી મેનેજમેન્ટ, પેટ્રોલિયમ મેનેજમેન્ટ સહિતના ડિગ્રી, Ph.D. અભ્યાસક્રમો પણ શરૂ થઈ રહ્યાં છે.

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે નીચે પ્રમાણે અભ્યાસક્રમો ઉપલબ્ધ છે :

B.Tech. Programme - ૪ વર્ષનો અભ્યાસક્રમ

(૧) પેટ્રોલિયમ એન્જિનિયરીંગ

M.Tech. Programme - ૫ વર્ષ માટેના અભ્યાસક્રમો

(૧) પેટ્રોલિયમ એન્જિનિયરીંગ, (૨) ન્યુક્લિયર એન્જિનિયરીંગ, (૩) સોલાર એન્જિનિયરીંગ

ગ્રેજ્યુએશન પછી પણ પેટ્રોલિયમ મેનેજમેન્ટનો કોર્સ શરૂ થયેલ છે.

પ્રવેશ લાયકાત :-

ધોરણ-૧૨ સાયન્સ મેથેમેટીક્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો સાથે પસાર કરેલી હોવી જોઈએ. ધોરણ-૧૨માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે અરજીને પાત્ર છે.

પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે JEE પરીક્ષા આપવી ફરજિયાત છે. આ ઉપરાંત, આ યુનિવર્સિટીની જાહેરાત આવે ત્યારે તેનું IPTGનું અલગથી ફોર્મ ભરવું. JEEના રેન્કના આધારે પ્રવેશ આપવામાં આવશે. IPTGમાં ૫૦% સીટ પર ગુજરાતના વિદ્યાર્થીઓને કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા GUJCET-ACPC Merit આધારે પ્રવેશ આપવાનું નક્કી થયેલ છે.

વિશેષ માહિતી માટે :-

ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી, ગાંધીનગર IPTGના ફોન નં. (૦૭૯) ૨૩૨૭૫૦૨૧ છે તથા વેબસાઈટ **www.iptg.ac.in**.

૫.૬ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (DAIICT)

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા શરૂ કરાયેલ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીને DAIICTના ટૂંકા નામથી ઓળખવામાં આવે છે. ઈ.સ. ૧૯૯૬થી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીનો આરંભ થતાંની સાથે જ ભારતદેશમાં આઈ.ટી. ક્ષેત્રે સુવર્ણ યુગનો પ્રારંભ થયો. ભારત સરકાર દ્વારા મધ્યપ્રદેશના ગ્વાલિયર શહેરમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ(IIITM)ની સ્થાપના થઈ ત્યારબાદ આંધ્રપ્રદેશના હૈદ્રાબાદ શહેરમાં IIIT અને ગુજરાતમાં આવી જ એક કોલેજનો ઈ.સ. ૨૦૦૧માં આરંભ થયો, જેનું નામ છે - ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT).

DAIICT એ ઈન્ફર્મેશન, કોમ્યુનિકેશન અને મલ્ટીમીડીયા ટેકનોલોજીના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ શિક્ષણ આપવાની નેમ ધરાવતી સંસ્થા છે. જ્યારે આઈ.ટી. ક્ષેત્રે મંદીની અસર હોય ત્યારે પણ IIITM ગ્વાલિયર, IIIT અલ્હાબાદના બી.ટેક.ની હાઈ ડિમાન્ડ રહે છે. આજે પણ આ બે કોલેજમાંથી બહાર પડેલા એન્જિનિયરોની દેશમાં અને વિદેશમાં ખૂબ જ માંગ છે. DAIICT પણ આવી જ ડિમાન્ડ ધરાવતા આઈ.ટી. ક્ષેત્રના એક્સપર્ટ એન્જિનિયરો તૈયાર કરવાના સ્વપ્નથી આગળ વધી રહી છે. આ સંસ્થામાંથી તૈયાર થનાર ઉમેદવારોને વિવિધ કંપનીઓની આકર્ષક ઓફરો મળે તેવી અદ્યતન તાલીમ પદ્ધતિ આ સંસ્થાની સૌથી મોટી અને મહત્ત્વની વિશેષતા બની રહેશે.

ઈન્ફર્મેશન, કોમ્યુનિકેશન, ટેલિકોમ્યુનિકેશન અને મલ્ટીમીડીયા ટેકનોલોજી આ ચારેય ટેકનોલોજી આજે ટોચ પર છે અને આવનારા સમય માટે પણ રહેશે. DAIICT આ ચારેય ટેકનોલોજીમાં પોતાના વિદ્યાર્થીઓ વિશ્વની કોઈપણ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓને ટક્કર મારે તેવી સઘન તાલીમ આપવાના ઈરાદા સાથે આગળ વધી રહી છે. આ ક્ષેત્રમાં આગળ વધવા તેમજ હાઈ-ફાઈ જોબ પ્રાપ્ત કરવા માંગતા વિદ્યાર્થીઓએ DAIICTમાં પ્રવેશ માટે પ્રયત્ન કરવા જેવો છે, કારણ કે આવનાર પાંચ વર્ષ પછીનો સમય આઈ.ટી. ક્ષેત્રની જાહોજલાલીનો હશે. DAIICT સમયની માંગને અનુરૂપ અભ્યાસક્રમો ઘડ્યા છે, તેથી આ સંસ્થામાંથી બહાર આવનાર ઉમેદવારની ડિમાન્ડ વધુ રહેશે.

ચાર વર્ષનો કોર્સ :

ગાંધીનગરની ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન ઍન્ડ કૉમ્યુનિકેશન ટેક્નૉલોજીમાં ધોરણ 12 સાયન્સના સ્ટુડન્ટ માટે ચાર વર્ષનો ડિગ્રી એન્જિનિયરિંગ કોર્સ છે. જેમાં ૫૦% બેઠકો JEE જ્યારે ૫૦% બેઠકો GUJCET અને ધોરણ-૧૨ના પરિણામના આધારે ગુજરાતની મેરીટ યાદીમાંથી કેન્દ્રીય પ્રવેશ સમિતિના આધારે પ્રવેશ મળશે.

કોર્સનું નામ : B.Tech. (Information & Communication Technology)

બેચલર ડિગ્રી સમકક્ષ : અમદાવાદ IIMના પોસ્ટ ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન મૅનેજમેન્ટની કિંમત અને પ્રતિષ્ઠા MBA કે MMS જેવી માસ્ટર ડિગ્રી ઈન મૅનેજમેન્ટ કરતાં પણ વધુ છે. એ જ રીતે DAIICTના ICT પ્રોગ્રામની કિંમત ઈન્ફર્મેશન ઍન્ડ કૉમ્યુનિકેશન ટેક્નૉલોજી સાથે BE કે B.Tech. કરતાં વિશેષ છે.

પ્રવેશ લાયકાત :-

ધોરણ-૧૨ સાયન્સ મેથેમેટીક્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો સાથે પાસ કરેલું હોવું જોઈએ. DAIICTમાં ૫૦% સીટ પર ગુજરાતના વિદ્યાર્થીઓને કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા GUJCET-ACPC Merit આધારે પ્રવેશ આપવાનું નક્કી થયેલ છે.

પ્રવેશ પદ્ધતિ :-

DAIICTમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ સાયન્સની ટકાવારીને ધ્યાનમાં લેવામાં આવતી નથી. માત્ર પાસ થાવ અને પ્રવેશ માટેની પરીક્ષા આપો. DAIICTમાં પ્રવેશ મેળવવા માટે JEEની પરીક્ષા આપવાની રહે છે. મિત્રો, એ પણ યાદ રાખજો DAIICTમાં પ્રવેશ મેળવવા JEE અને DAIICT બંનેના અલગ-અલગ ફોર્મ ભરવા પડે છે.

ફોર્મ ક્યારે ભરવાના હોય છે ? કોણ ભરી શકે ? :-

(૧) ધોરણ-૧૨ સાયન્સ પાસ કરેલ હોય તે વિદ્યાર્થીઓ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા આપવાની બાકી હોય તે વિદ્યાર્થીઓ પણ આ ફોર્મ ભરી શકે છે.

(૨) JEEનું ફોર્મ ડિસેમ્બર-જાન્યુઆરી માસની આસપાસ ભરવાનું થાય છે, તેની પરીક્ષા એપ્રિલની આખરમાં હોય છે.

(૩) DAIICTનું ફોર્મ ફેબ્રુઆરી-માર્ચ જ્યારે જાહેરાત આવે ત્યારે ભરવાનું હોય છે. DAIICTનું ફોર્મ ભરતા પહેલાં JEEનું ફોર્મ ભરવું ફરજિયાત છે.

- **નિરમા યુનિવર્સિટી**માં પ્રવેશ માટે ૫૦% બેઠકો પર ગુજરાતના વિદ્યાર્થીઓને કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવાનું નક્કી થયેલ છે. આ અંગે વધુ માહિતી માટે - **www.nirmauni.ac.in.**
- **બી.ટેક. પ્રવેશ પરીક્ષા માટે ખાસ મહિલાઓ માટે બનેલી યુનિવર્સિટી 'વનસ્થલી વિદ્યાપીઠ'**ની માહિતી
  વનસ્થલી વિદ્યાપીઠ વિશ્વવિદ્યાલય (મહિલા યુનિવર્સિટી) (બી.ટેક.)
  પસંદગીનો આધાર : પ્રવેશ પરીક્ષા
  યોગ્યતા : ધોરણ-૧૦-૧૨માં ૬૦% સાથે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને ગણિત.
  સચિવ, વનસ્થલી વિદ્યાપીઠ, પો.ઓ. વનસ્થલી વિદ્યાપીઠ-૩૦૪૦૨૨, રાજસ્થાન.
  પ્રવેશપત્ર અને પરિચય પુસ્તિકા કેમ્પસમાંથી રૂા. ૫૦૦ ચૂકવીને પણ મેળવી શકાય છે.
  વનસ્થલી વિદ્યાપીઠની વેબસાઈટ દ્વારા ઓનલાઈન અરજી પણ કરી શકાય છે.
  www.banasthali.org/banasthali/wcms/en/home/
  અભ્યાસક્રમની ફી : રૂા. ૬૦,૦૦૦ પ્રતિ વર્ષ
  અભ્યાસક્રમ : એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી બી.ટેક. (કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ/ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન/માહિતી અને ટેકનોલોજી/બાયોટેકનોલોજી/કેમિકલ એન્જિનિયરીંગ)
  વેબસાઈટ : **www.banasthali.org**

૫.૭ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (IICT), અમદાવાદ યુનિવર્સિટી

અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા અમદાવાદ યુનિવર્સિટી ખાનગી યુનિવર્સિટી તરીકે વર્ષ ૨૦૧૦થી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ યુનિવર્સિટી દ્વારા રાજ્યના ઈજનેરો માટે આકર્ષક અને હાઈડિમાન્ડ ધરાવતો ટેકનીકલ અભ્યાસક્રમ B.Tech. in ICT - 4 years અને ડ્યુઅલ ડિગ્રી B.Tech + M.Tech. in ICT - 5 years ૬૦ બેઠકો સાથે શરૂ કરવામાં આવેલ છે, જેમાં અન્ય બ્રાન્ચ પણ શરૂ કરવામાં આવી છે. કેન્દ્રીય પ્રવેશ સમિતિ (ટેકનીકલ) દ્વારા પ્રવેશ આપવામાં આવે છે.

www.ict.ahduni.edu.in

૫.૮ પ્લાસ્ટિક એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી(સિપેટ)ના અભ્યાસક્રમો

પરિવર્તનના એક ભાગ રૂપે આપણે આજે ઘરમાં, ઑફિસમાં સર્વત્ર પ્લાસ્ટિકનો બહોળો વપરાશ કરતા થયા છીએ. અરે, આપણા સ્કૂટરમાં, મોટરના કેટલાક પાર્ટ્સ પણ પ્લાસ્ટિકના બનેલા હોય છે. પ્લાસ્ટિકસના વધતા ઉપયોગ સાથે પ્લાસ્ટિક ક્ષેત્રે નોકરી તથા વિચાર - કારકિર્દીની તકો પણ વધુ ને વધુ ઉજ્જવળ થતી રહી છે. પ્લાસ્ટિક એન્જિનિયરિંગમાં કાચા માલ તરીકે ડામર, કોલસો, પેટ્રોલિયમ પદાર્થો, લાકડું, કુદરતી ગૅસ વગેરેનો ઉપયોગ કરી કૃત્રિમ (સિન્થેટિક) મટીરિયલ બનાવવામાં આવે છે. પ્લાસ્ટિક ટ્રેનિંગનાં વિવિધ પાસાં જોઈએ તો - શિક્ષણ, સંશોધન, ડિઝાઈનિંગ, ટેક્નિકલ સર્વિસ અને માર્કેટિંગ. આમ,

પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીની વિવિધ શાખાઓ - પ્લાસ્ટિક પ્રોસેસિંગ ટેક્નૉલોજી, પ્લાસ્ટિક ટેસ્ટિંગ, કન્વર્ઝન ટેક્નૉલોજી, પ્લાસ્ટિક મોલ્ડિંગ ટેક્નૉલોજી અને ડિઝાઈનિંગ - આપણે ગણાવી શકીએ.

પ્લાસ્ટિકના વિવિધ ઉપયોગો બાબતે ટ્રેનિંગ, સલાહ, ટેસ્ટિંગ માટે કાર્યરત એવી સંસ્થા છે - સિપેટ. પૂરું નામ છે સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાસ્ટિક એન્જિનિયરિંગ ઍન્ડ ટેક્નૉલોજી. આ સંસ્થાનું વડું મથક તો ચેન્નાઈમાં છે, પરંતુ તેનું એક કેન્દ્ર અમદાવાદમાં જ છે. અમદાવાદ ઉપરાંત અમૃતસર, ભોપાલ, પટણા, ભુવનેશ્વર, હૈદરાબાદ, હાવરા, ઈમ્ફાલ, લખનઉ અને મૈસૂર (કર્ણાટક) ખાતે બીજાં કેન્દ્રો આવેલાં છે. આ અભ્યાસક્રમો સ્વરોજગારી અને નોકરીની તકો પૂરી પાડે છે.

આ સિપેટ એ કેન્દ્ર સરકારની રસાયણો અને ખાતર મંત્રાલયની હેઠળ કામ કરતી રાષ્ટ્રીય સ્વાયત્ત સંસ્થા છે. સ્ટેટ ઑફ આર્ટ કમ્પ્યૂટરની સહાય સાથેનાં યંત્રો અને સાધનોની સહાય વડે અહીં પ્રૅક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

ફૉર્મ મેળવવાનું સરનામું :

Chief Manager (P), CIPET Extension Centre,
Plot No. 630, Phase IV, GIDC, Vatva, Ahmedabad 382 445.

૫.૯ કારકિર્દીનું ઝડપી વાહન ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ

એક જમાનામાં મોજશોખની ચીજ ગણાતી કાર એ હવે મોટાભાગના લોકોની જીવન જરૂરિયાતની વસ્તુ બની ગઈ છે, એમ કહેવું જરાય ખોટું નથી. અનાજ પકવવા ટ્રેકટર, અનાજ અને માલસામાન સહિત માણસોની હેરફેર માટે ટ્રક, રીક્ષા, બસ, સ્કુટર, કાર વગેરે ઓટોમોબાઈલનો ઉપયોગ હવે દિનપ્રતિદિન વધતો જઈ રહ્યો છે.

ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ એટલે શું ?

પેટ્રોલ, ડીઝલ, ગેસ કે બેટરીથી ચાલતાં તમામ પ્રકારનાં વાહનોને ઓટોમોબાઈલ કહે છે, અને તમામ પ્રકારનાં વાહનોની ડીઝાઈન, ઉત્પાદન, મેઈન્ટેનન્સ અને જાળવણીના કાર્યને ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ કહે છે. વાહનો રીપેર કરવાં એ તો ઓટોમોબાઈલ એન્જિનિયરિંગનું એક પાસું છે. આથી ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ એટલે માત્ર બ્લુ કોલર જોબ એમ સમજવું બિલકુલ ખોટું છે. ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ એ મૂળભૂત રીતે મિકેનીકલ એન્જિનિયરિંગની જ એક પેટા શાખા છે.

ઉપલબ્ધ અભ્યાસક્રમો :

જો કોઈ વ્યક્તિએ ઓટોમોબાઈલ ક્ષેત્રે કારકિર્દી બનાવવી હોય તો તે પોતાની ક્ષમતા અને જરૂરિયાત મુજબ જુદા જુદા અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે. જે વ્યક્તિએ ઓટોમોબાઈલ ક્ષેત્રે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટનું કાર્ય કરવું હોય તો તેવી વ્યક્તિએ બી.ઈ. (ઓટો) થઈ તેથી આગળ એમ.ઈ. તેમજ પીએચ.ડી.નો અભ્યાસ કરવો જોઈએ.

જે વ્યક્તિને ઓટોમોબાઈલ ડીઝાઈન, મેન્યુફેક્ચરીંગ વગેરે જેવા સંચાલકીય ઉત્પાદનલક્ષી કાર્યમાં રસ પડતો હોય તેમણે પણ બી.ઈ.(ઓટો)નો અભ્યાસક્રમ પંસદ કરવો પડે. ગુજરાતમાં ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ તેમજ ઈન્ડસ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને કરમસદ ખાતેની એ.ડી. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એમ ત્રણ કોલેજોમાં બી.ઈ. (ઓટો) ભણાવાય છે. આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ના પરિણામ પછી ગુજરાતમાં કેન્દ્રીય ધોરણે પ્રવેશ મેળવવા માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ ખાતે ઓનલાઈન અરજી કરવી પડે છે. તેના બાદ **ACPC** મેરીટ આધારે પસંદગી પ્રમાણે પ્રવેશ ફાળવણી કરે છે.

જો ધોરણ-૧૨ સાયન્સ પાસ થવામાં મુશ્કેલી હોય અને જેમણે ઓટોમોબાઈલ ક્ષેત્રે ઉત્પાદન તેમજ મેઈન્ટેનન્સમાં સુપરવાઈઝર સ્તરની કારકિર્દી બનાવવી હોય તો તેવા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ વિદ્યાર્થીઓ માટે ગુજરાતના ટેકનીકલ શિક્ષણ વિભાગ સંચાલિત ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ નામનો અભ્યાસક્રમ પણ ઉપલબ્ધ છે.

ધોરણ-૧૦ પછીના વિવિધ અભ્યાસક્રમો અંગે તેમજ તેની પ્રવેશવિધિ અંગે વિગતવાર માહિતી માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસની વેબસાઈટ **www.cdacgujarat.org** નો સંપર્ક કરી શકાય.

ઓટોમોબાઈલ ક્ષેત્રે મિકેનિક કે ફીટર વગેરે જેવા કુશળ કામ કરી ઓટોમોબાઈલ ક્ષેત્રે રોજગારીની તક ઝડપી શકાય. આ માટે રાજ્યભરમાં આવેલ આઈ.ટી.આઈ.માં ચાલતા મિકેનિક મોટર વ્હીકલ, મિકેનિક ડીઝલ, મિકેનિક ઓટો ઈલેકટ્રીકલ એન્ડ ઈલેકટ્રોનિક્સ, ડ્રાઈવર કમ મિકેનિક, સર્વિસીંગ ઓફ ન્યુ જનરેશન કાર જેવા ઓટોમોબાઈલ સંબંધિત તેમજ અન્ય મિકેનિકલ સંબંધિત અભ્યાસક્રમોમાં પણ પ્રવેશ લઈ શકાય. આ બધા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ધોરણ-૧૦ પાસ હોવું ફરજિયાત છે. પ્રવેશ અંગેની વધુ વિગત માટે નજીકની આઈ.ટી.આઈ.નો અથવા **www.talimrojgar.org**નો સંપર્ક કરી શકાય.

ઓટોમોબાઈલ ડિઝાઈન અંગે :

જેમણે ઓટોમોબાઈલ મેઈન્ટેનન્સને બદલે ઓટોમોબાઈલ ડિઝાઈન ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડવી છે તેમના માટે અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત સંસ્થા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન સંસ્થામાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઈન ટ્રાન્સપોર્ટેશન એન્ડ ઓટોમોબાઈલ નામનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમમાં ઓટોમોબાઈલ, મિકેનિકલ, મેકાટ્રોનિક્સ વગેરે વિષયમાં બી.ટેક. અથવા બી.ઈ.ની. પદવી ધરાવતા યુવાનો પ્રવેશપાત્ર છે. આ અભ્યાસક્રમ આશરે ૨થી અઢી વર્ષના સમયગાળાનો છે. આ અભ્યાસક્રમની વધુ માહિતી મેળવવા માટે સંસ્થાની વેબસાઈટ **www.nid.edu**નો સંપર્ક કરી શકાય.

નોકરીની તકો :

દેશમાં ઓટોમોબાઈલ ક્ષેત્રે નોકરીની તકો વધવાની છે. આજે વિવિધ પ્રકારનાં વાહનોનો વપરાશ વધ્યો છે અને વિદેશી કંપનીઓએ ભારતમાં આવી આ ક્ષેત્રમાં ઝુકાવ્યું હોવાથી નોકરીની તકો વધી છે. ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ કર્યા પછી સરકારી તેમજ ખાનગી સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર નોકરીની અનેક તકો ઉપલબ્ધ છે. આર.ટી.ઓ.માં આસી. મોટર વ્હીકલ ઈન્સપેકટર તરીકે રાજ્ય પરિવહન નિગમમાં હેડ મિકેનિક તરીકે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, પી.ડબલ્યુ.ડી., પોલીસ તેમજ ભારત સરકારના સંરક્ષણ ખાતામાં સરકારી નોકરી મળવાની શકયતાઓ છે. ખાનગી ક્ષેત્રે વાહનોનું ઉત્પાદન કરતી કે વાહનોના વિવિધ સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરતી કંપનીઓમાં મિકેનિક તરીકે નોકરી મળી શકે છે. પ્રખ્યાત કંપનીઓના ઓથોરાઈઝડ ડીલર્સને ત્યાં અને સર્વિસ સ્ટેશનોમાં પણ એક ઓટોમોબાઈલ એન્જિનિયર રાખવો જરૂરી હોય છે અને આવા ઢગલાબંધ માન્ય ડીલર્સ અને સર્વિસ સ્ટેશનો આજકાલ દિવસેને દિવસે વધતાં જાય છે. જ્યાં ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ થયેલા લોકો માટે નોકરીની તકો વધતી જાય છે. ગ્લોબલાઈઝેશન અને આર્થિક ઉદારીકરણની નીતિને કારણે ઘણી વિદેશી ઓટોમોબાઈલ જાયન્ટ ગણાતી કંપનીઓએ ભારતમાં ઘણા મોટા અને સારા ઉત્પાદન એકમો શરૂ કર્યાં છે ત્યારે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં નવા ધગશવાળા ટેલેન્ટેડ યુવાન એન્જિનિયરોની મોટી માંગ ઉભી થઈ છે.

સ્વરોજગારીની શકયતાઓ :

ઓટોમોબાઈલ ઉદ્યોગમાં રીપેરીંગ કામકાજના જાણકાર માણસને ‘હાથવગા હુન્નરનો માણસ’ કહેવાય છે. જે મિકેનિક વાહનનો ફોલ્ટ ઓળખી શકે, એ ઘડીના છઠ્ઠા ભાગમાં રૂપિયા રળી લઈ શકે છે. આ ક્ષેત્રમાં મિકેનિક તરીકે ખૂબ ઓછા મૂડીરોકાણ દ્વારા નાના પાયા પર પોતાનો સ્વરોજગાર ઉભો કરી શકાય છે. થોડા વધુ મૂડીરોકાણની વ્યવસ્થા કરી વ્હીલ બેલેન્સીંગ, વ્હીલ એલાઈન્મેન્ટ, ગેસ કીટ ફીટીંગ, કાર એરકન્ડીશનીંગ, એસેસરીઝ મેન્યુફેકચરીંગ અને માર્કેટીંગ જેવા સ્વરોજગાર ઉભા કરી શકાય છે. વાહનોના અકસ્માત બાદ ઈન્સ્યુરન્સ કલેઈમ મેળવવા માટે સર્વેયરનું પ્રમાણપત્ર અત્યંત જરૂરી હોય છે. આમ, ઈન્સ્યુરન્સ કંપની સાથે સર્વેયર કે લોસ એસેસર તરીકેનો સ્વતંત્ર વ્યવસાય કરી શકાય છે. એ જ રીતે ઓટો એડવાઈઝર, ડ્રાઈવિંગ સ્કુલ કે આર.ટી.ઓ. એજન્ટ તરીકેનો વ્યવસાય પણ કરી શકાય. ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ કર્યા પછી મિકેનિક તરીકે થોડો અનુભવ મેળવ્યા બાદ કોઈ જાણીતી કંપનીના ઓટોમોબાઈલ શો-રૂમનો ધીકતો ધંધો પણ શરૂ કરી શકાય છે.

૫.૧૦ ટ્રાન્સપોર્ટેશન અને ઓટોમોબાઇલ ડિઝાઇન

ભારતમાં ટ્રાન્સપોર્ટેશન મહદઅંશે ટેક્નોલૉજી ડ્રિવેન છે. ઑટોમોબાઇલની ડિઝાઇનમાં કંઝ્યુમરની જરુરિયાતો, એનર્જીની બચત, કલ્ચરલ સેન્સિટિવિટી અને પર્યાવરણ બાબતની ચિંતાઓ ઉપર ખાસ ધ્યાન અપાયુ નથી, પરંતુ ભારતની ગ્રોઈન્ગ ઇકોનૉમીમાં ટ્રાન્સપોર્ટેશનની ઝડપી માંગણીને જોતાં હવે આ બધા ફૅક્ટરો ઘણા મહત્વના થઈ ગયાં છે. દેશની કેટલીક ઈન્સ્ટિટ્યૂટોએ સમયની માંગને જોતાં ઘણા ટ્રાન્સપોર્ટેશન તથા ઑટોમોબાઇલ ડિઝાઇન કોર્સ શરુ કર્યાં છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન (એનઆઈડી) ટ્રાન્સપોર્ટેશન તેમજ ઑટોમોબાઇલ ડિઝાઇનમાં અઢી વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ચલાવે છે. કોર્સ કર્યા બાદ વિદ્યાર્થી ઈન્ડસ્ટ્રીઝવા ટ્રાન્સપોર્ટેશન તથા ઑટોમોટિવ સેક્ટરમાં પ્રોફેશનલ ડિઝાઈનર બની શકે છે. તેથી સ્ટુડન્ટ્સની ટ્રાસ્પપોર્ટેશન ડિઝાઇનની બાબતમાં સોશિયો-ઈકોનૉમિક, ઈકોલૉજિકલ, કલ્ચરલ તથા એન્વાયરમેન્ટસ મુદ્દાઓ સંબંધે સમજણ ડેવલપ થાય છે અને તેમને પ્રોફેશનલ ડિઝાઇનરની નૈતિક જવાબદારીઓ સમજવામાં મદદ મળે છે.

મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ટૂલ ડિઝાઇન કોર્સમાં છ માસનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઑફર કરે છે. કોર્સ કર્યા બાદ ઑટો ઈન્ડસ્ટ્રી કે કન્ઝ્યૂમર ઇલેક્ટ્રૉનિક્સ કંપનીઓમાં નોકરી મેળવી શકાય છે.

યોગ્યતા: બી.ઈ./બી.ટેક/બી.આર્ક/મેકેનિકલ કે પ્રોડક્શન એન્જિનિયરિંગમાં ડિપ્લોમા

કોર્સ ફી : ૧૫ લાખ રૂા. વાર્ષિક

ઈન્સ્ટિટ્યૂટસ્ : નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન (અમદાવાદ), મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી.

૫.૧૧ ફાયર ટેક્નોલોજી

ધરતીકંપ, પૂર, આગ, વાહન અકસ્માતો વિગેરે જેવી દુર્ઘટનાઓ બને ત્યારે બચાવ, રાહત અને પુનર્વસનનાં ત્રણ ક્રમિક પગલાં લેવા માટે જે મેનેજમેન્ટ કરવામાં આવે છે તેને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કહેવામાં આવે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં 'ફાયર ફાઈટીંગ'નું ચાવીરૂપ સ્થાન છે. આગ એક એવી દુર્ઘટના છે કે તેમાં ઝડપી અને ચોકસાઈપૂર્વક પગલાં ન લેવાય તો આર્થિક નુકસાનની સાથોસાથ જાનહાનિ પણ મોટાપાયે થાય છે. આજના યુગમાં સુરક્ષા અને સલામતીની જરૂરિયાતને લક્ષમાં લઈ ફાયર ટેકનોલોજી ક્ષેત્રને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આજે ફાયર ફાઈટીંગ ઉદ્યોગનું કદ ૧,૬૦૦થી ૨,૦૦૦ કરોડ થવા જાય છે, ત્યારે તાલીમબદ્ધ યુવાવર્ગની આ ક્ષેત્રે માંગ વધી રહી છે.

જે દેશમાં ઔદ્યોગિકીકરણની ઝડપી ગતિ અને નિરંકુશ વસ્તીમાં વધારો થઈ રહ્યો હોય, ત્યાં ફાયર સેફ્ટી એટલે કે અગ્નિ સામે સુરક્ષાનું મિકેનિઝમ પાછળ જતું રહ્યું છે. તેથી આપણે ફાયર રિસ્ક પ્રત્યે અગાઉ કરતા વધુ આશંકિત થઈ ગયા છીએ. આજે એવા ટ્રેન્ડ પ્રોફેશનલ્સની ભારે ડિમાન્ડ છે, જે ડિઝાસ્ટર મૅનેજમેન્ટ તથા પ્રિવેન્શનના ક્ષેત્રે કામ કરી શકે. ગુજરાતની કૉલેજ ઑફ ફાયર ટેક્નૉલૉજી (સીએફટી) દેશની એવી પ્રથમ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ છે, જે ફાયરમાં બી.એસસી.નો કોર્સ કરાવે છે. આ ઈન્સ્ટિટ્યૂટ ફાયરમૅન ઍન્ડ સેફ્ટી ઍન્ડ સિક્યુરિટીમાં સ્પેશિયલાઇઝ્ડ કોર્સ પણ ચલાવે છે. ફાયરમાં ત્રણ વર્ષનો બી.એસસી. કોર્સ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સ દરમ્યાન વિદ્યાર્થીઓને ફાયર ટેક્નૉલૉજી તેમજ ઇક્વિપમેન્ટ્સમાં નવીનતમ વસ્તુઓ શિખવાડવામાં આવે છે. સીએફટીનું બ્રિટનની લીડ્સ યુનિવર્સિટી સાથે ટાઈઅપ છે. "ઘણા વિદ્યાર્થીઓ લીડ્સથી માસ્ટર્સ ડિગ્રી કરી રહ્યા છે." પ્રૅક્ટિકલ ટ્રેનિંગની સુવિધાઓ તેમજ ફાયર બ્રિગેડ સ્ટેશનો જેવાં વિવિધ સંગઠનો સાથે ઈન્ટરેક્શન પણ આ કૉલેજ કરે છે, જેથી આ ઈન્ડસ્ટ્રીમાં થઈ રહેલ નવા વિકાસ તથા નવી માહિતીઓથી વિદ્યાર્થીઓ વાકેફ રહે. ટ્રેનિંગ દરમ્યાન કોઈ અકસ્માત ન થાય, તેના માટે દરેક વિદ્યાર્થીને અકસ્માત વીમા પૉલિસી અપાય છે.

સંરક્ષણ, રેલ્વે, એરપોર્ટ ઓથોરીટી, ઈલેક્ટ્રીસીટી બોર્ડ, પેટ્રોકેમિકલ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઈન્ડસ્ટ્રીઝ વિગેરેમાં ફાયર તજજ્ઞોની જરૂર પડે છે. અગ્નિશમનની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને આકર્ષક પગારથી જોબ પ્રાપ્ત થઈ શકે છે. આજના જમાનામાં ફાયર પ્રોટેક્શન, સેફ્ટી, ફાયર, ફાઇટિંગ ઍન્ડ ડિઝાસ્ટરમાં પ્રોફેશનલ એજ્યુકેશન જરૂરી થઈ ગયું છે. આ ટ્રેનિંગ બાદ ઘણી નોકરીઓ છે. વિદ્યાર્થીઓને ઍરપૉર્ટ, રિફાઈનરીઓ કે રિલાયન્સ, નિરમા કે ટાટા જેવી ટૉપ કંપનીઓમાં તકો મળી શકે છે.

આ ઉદ્યોગમાં માનવબળની જરૂરિયાત છે સામે ઉપલબ્ધ પૂરવઠો ઘણો જ ઓછો છે. ફાયરના ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકો છે. વધતી જતી વસ્તી, ઔદ્યોગિકરણ અને શહેરીકરણને લીધે આગ લાગવાનાં જોખમો વધતા જાય છે. આ ક્ષેત્રે અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીને સંરક્ષણ ક્ષેત્રે રેલ્વેઝ, એરપોર્ટ ઓથોરીટી, જુદા જુદા રાજ્યોમાં વિદ્યુતબોર્ડ તેમજ ઈલેક્ટ્રીક કંપનીઓ, ઓ.એન.જી.સી., તમામ મ્યુ. કોર્પોરેશન, નગરપાલિકાઓ તેમજ જીલ્લા પંચાયતો, ખાણ ખનિજ ક્ષેત્રે, રિફાઈનરી ક્ષેત્રે, ગેસ પ્લાન્ટ, સરકારી નિગમો વગેરેમાં નોકરીની તકો ઉપલબ્ધ બને છે.

આગ, અકસ્માતથી થયેલા નુકશાનનો અંદાજ મેળવવા તજજ્ઞોની જરૂર પડે છે. ભારતમાં સંરક્ષણ, રેલ્વે એરપોર્ટ, પેટ્રોકેમીકલ્સ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઓ.એન.જી.સી., કેન્દ્રીય ઈન્ડ્રસ્ટ્રીયલ ફોર્સ વગેરેમાં અગ્નિશમનની પદવી ધરાવતા યુવાનોને આકર્ષક પગારથી નોકરી મળી શકે છે. ફાયર સર્વેયર તરીકે ફાયર કન્સલટન્સી, પેટ્રોલિયમ કંપનીઓની લાયઝન ઓફિસર, ફાયર ફાઈટીંગ ઉપકરણોનાં ઉત્પાદન ક્ષેત્રે પણ પ્રેક્ટીસ કરીને વિપુલ આવક ઊભી કરી શકાય છે.

કોર્સનું નામ : B.Sc. (ફાયર ટેકનોલોજી) **સમયગાળો :** ૩ વર્ષ

કોર્સમાં સમાવિષ્ટ વિષયો :

(૧) ફન્ડામેન્ટલ ઓફ ફાયર, (૨) ફાયર ફાઈટીંગ, (૩) કોમ્યુનિકેશન, (૪) ઈલેકટ્રીકલ, (૫) મિકેનીકલ, (૬) ફીઝીક્સ, (૭) એપ્લાઈડ ફીઝીક્સ, (૮) પેરામેડીકલ ડીટેકશન, (૯) ફાયર પ્રિવેન્શન અને ઈન્વેસ્ટીગેશન, (૧૦) રેસક્યુ, (૧૧) ઈક્વીપમેન્ટ, (૧૨) ક્વોલીટી એશ્યોરન્સ, (૧૩) ફાયર લો, (૧૪) કોમ્પ્યુટર વિગેરે જેવા વિષયો આવરી લેવામાં આવેલ છે.

ફોર્મ અને પ્રોસ્પેક્ટર્સ મેળવના માટે નીચેના સરનામે સંપર્ક કરવો :

યોગ્યતા : (૧) ધોરણ-૧૨ સાયન્સ પાસ અથવા (૨) એન્જિનિયરીંગનો કોઈપણ બ્રાન્ચનો ડિપ્લોમા કોર્સ પાસ કરેલ હોય અને ફિટનેસ.

કોર્સ ફી : વાર્ષિક રૂ. ૫૦,૦૦૦

ઈન્સ્ટિટ્યૂટ : કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી, એ-૫, જયમંગલ હાઉસ, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશનની પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન નં. : (૦૭૯) ૨૬૫૮૪૦૮૦, ૨૬૫૮૭૦૦૯.

કેમ્પસ એડ્રેસ : ૮૬, ખોડા ગામ, સાણંદ-વિરમગામ હાઈવે, અમદાવાદ. **Website : www.firecollege.co.in**

૫.૧૨ વિદ્યાર્થીમાંથી ગણિતજ્ઞ બનાવતો અભ્યાસક્રમ

મેથેમેટિકલ ટ્રેનિંગ ઍન્ડ ટેલેન્ટ સર્ચ :

ગણિતમાં સ્વતંત્ર વિચાર વિકસાવવા અને પ્રતિભાશાળી યુવાનોને ગણિતના ઊંડાણપૂર્વકના અભ્યાસ માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે દર વર્ષે દેશની કોઈ ખ્યાતનામ સંસ્થામાં મેથેમેટિકલ ટ્રેનિંગ ઍન્ડ ટેલેન્ટ સર્ચ (એમટીટીએસ) પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. આ પ્રોગ્રામ ગણિતના પ્રતિભાવંત વિદ્યાર્થીઓને મંચ પૂરું પાડે છે. આમ આ રીતે ગણિતમાં કારકિર્દી બનાવવાનો પાયો નખાય છે. એમટીટીએસમાં ગણિત વિષય પરસ્પરના સંવાદ દ્વારા ભણાવાય છે. અહીં વિદ્યાર્થીઓ જાતે સમસ્યાઓની ફોર્મ્યુલા બનાવે છે. ધારણા, પૂર્વધારણા તૈયાર કરે છે અને તેને વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કરે છે. દરરોજનો અભ્યાસ લેક્ચર અને સમસ્યાના હલ વચ્ચે વહેંચાયેલો છે.

મેથેમેટિક્સ ટ્રેનિંગ ઍન્ડ ટેલેન્ટ સર્ચ (એમટીટીએસ)ના પ્રોગ્રામમાં ભણાવવા કોઈ એક નહીં પરંતુ દેશની અનેક અગ્રગણ્ય સંસ્થાઓમાંથી ફૅકલ્ટીને આમંત્રિત કરીને બોલાવવામાં આવે છે. આ અધ્યાપકો ગણિતના ક્ષેત્રે ખ્યાતનામ અને ગણિતને સમર્પિત હોય છે. આ પ્રોગ્રામનો સમયગાળો લગભગ એક મહિનાનો હોય છે.

અભ્યાસ માટેની લાયકાત : ગણિત વિષયમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ (બી.એસસી. વિથ મેથ્સ, બી.સ્ટેટ, બી.ટેક વગેરે) અથવા તો પહેલા કે બીજા વર્ષમાં એક વિષય તરીકે ગણિતનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ આમાં ભાગ લઈ શકે છે.

પ્રવેશ : એમટીટીએસ પ્રોગ્રામ અંગેની જાહેરાત લગભગ ડિસેમ્બર મહિનામાં દેશનાં મુખ્ય અખબારોમાં પ્રસિદ્ધ થાય છે. આ ઉપરાંત બી.એસસી. ગણિત સાથે જોડાયેલી સંસ્થાઓમાં પોસ્ટર મોકલાવાય છે.

પ્રવેશ મેળવવા માટેની અરજી સામાન્ય રીતે ફેબ્રુઆરીમાં કરાય છે. અરજીપત્રક અને તેને લગતી જાણકારી માટે યુનિવર્સિટીના ગણિત વિભાગના અધ્યક્ષનો સંપર્ક કરી શકો છો. આ કોર્સ માટે પસંદગી પામેલા ઉમેદવારોને માર્ચ સુધીમાં જાણ કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં કઈ કઈ સંસ્થાઓમાં આ પ્રોગ્રામ આયોજિત થયો છે ?

આઇઆઈટી - મુંબઈ, ચેન્નઈ, કાનપુર, ગુવાહાટી, ખડગપુર.

આરઆઈટી - મૈસૂર, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ ગોવા યુનિવર્સિટી, ફર્ગ્યૂસન કૉલેજ, પુણે, પોંડિચેરી યુનિવર્સિટી, જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા એસપી કૉલેજ, પુણે, ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી, મુંબઈ.

૫.૧૩ સમગ્ર એશિયાખંડની નં. ૧ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટની પ્રવેશ પરીક્ષા - I.I.T.-JEE (Advance)

ભારતની નંબર વન એન્જિનિયરીંગ કોલેજ ઓફ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી તેમજ અન્ય શ્રેષ્ઠ એન્જિનિયરીંગ કોલેજોમાં એડમિશન મેળવવા માટે એક પરીક્ષા આપવી પડે છે. આ પરીક્ષાનું નામ છે - JEE (Joint Entrance Examination).

JEE પાસ કરનાર વિદ્યાર્થીઓને I.I.T.માં એડમિશન મળે છે. JEE એક એવી એડમિશન ટેસ્ટ છે, જે ભારતની એક-એકથી ચઢિયાતી એન્જિનિયરીંગ કોલેજો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સેતુ છે. ધોરણ-૧૧-૧૨ સાયન્સના બે વર્ષ કઠિન સાધના સમજીને અભ્યાસ કર્યો હોય તેમજ ધોરણ-૧૧-૧૨ સાયન્સના અભ્યાસક્રમ કરતાં વધુ ઉચ્ચકક્ષાનાં અભ્યાસક્રમને તૈયાર કરવાની સમર્થતા ધરાવતા હોય તેવા અતિ હોંશિયાર તેમજ મહેનતુ વિદ્યાર્થીઓ જ JEEમાં પાસ થઈ શકે છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં નોકરીની પાછળ ઉમેદવારોએ દોડવું પડે છે. પરંતુ અહીં ઉલટું બને છે. I.I.T.માંથી બહાર આવતા એન્જિનિયરો માટે નોકરી આપનાર કંપનીઓની વચ્ચે સ્પર્ધા જામે છે. નોકરી ઉમેદવારોની પાછળ પડે છે. આ છે I.I.T.માં એડમિશનનો ચમત્કાર...! આશા રાખીએ સાક્ષાત્કાર માટે તમે તૈયારી કરશો જ.

I.I.T.ની કોલેજો નીચેના શહેરોમાં આવેલી છે :

મુંબઈ, દિલ્હી, ગુવાહાટી, કાનપુર, ખડગપુર, મદ્રાસ, રુરકી, હૈદ્રાબાદ, ગાંધીનગર (ગુજરાત), પટના, પંજાબ, રાજસ્થાન, વારાણસી (બનારસ હિન્દુ યુનિવર્સિટીને I.I.T.નો દરજ્જો મળેલ છે), ધનબાદ (India School of Minesને I.I.T.નો દરજ્જો મળેલ છે.)

ઉપરોક્ત ૧૪ કોલેજોમાંથી કોઈપણ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે JEEE (Advance) આપવી પડે છે. આ ૧૪ કોલેજોની પ્રવેશ પરીક્ષાનો કોઠો વિંધવો આસાન નથી. છતાં પરિશ્રમ, પ્રયત્ન અને પ્રારબ્ધ હશે તો પરિણામ તમારા પક્ષે હશે તે વાત પણ ભૂલવા જેવી નથી.

પરીક્ષા પદ્ધતિ :-

(૧) I.I.T.-JEEની પરીક્ષા વધુમાં વધુ બે વખત જ આપી શકાશે. ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા આપેલ હોય તે વર્ષ અને ત્યાર પછીના વર્ષે એમ સળંગ બે વર્ષ સુધી જ પરીક્ષા આપી શકાશે. (માર્ચ, ૨૦૦૬થી અમલમાં આવેલ નવા નિયમ મુજબ)

(૨) ફીઝીક્સ, કેમેસ્ટ્રીના અને મેથેમેટીક્સના ૩-૩ કલાકના બે પ્રશ્નપત્રો રહેશે.

(૩) પ્રશ્નપત્રો સંપૂર્ણ બહુ વિકલ્પ પ્રકારના (MCQ Based) રહેશે. દરેક પ્રશ્નનાં ચાર વિકલ્પ આપવામાં આવશે. જેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને mgs (Machine Gradable Sheet)માં HB પેન્સિલ વડે ઘાટો ભાગ કરવાનો રહેશે.

(૪) ખોટા જવાબ માટે નેગેટીવ માર્કીંગ સિસ્ટમ છે.

(૫) પ્રશ્નપત્રની ભાષા અંગ્રેજી અથવા હિન્દી વિદ્યાર્થી ઈચ્છે તે રાખી શકે છે. (પ્રવેશ ફોર્મમાં જ જણાવી દેવું ફરજિયાત છે.)

(૬) લોગ ટેબલ તેમજ કેલ્ક્યુલેટરના ઉપયોગ પર પ્રતિબંધ છે.

(૭) B.Arch. અને B.Dec. માટે એપ્લાય થવા ઈચ્છતા વિદ્યાર્થીઓને વધારામાં એપ્ટીટ્યુડ ટેસ્ટ પણ આપવાની રહેશે, જેની ભાષા માત્ર અંગ્રેજીમાં જ રહેશે.

પ્રવેશ ફોર્મ તથા પરીક્ષા :-

(૧) પ્રવેશ ફોર્મ મેળવવાની જાહેરાત સામાન્ય રીતે નવેમ્બર-ડિસેમ્બરમાં આવે છે. એપ્રિલના પહેલા કે બીજા અઠવાડિયાના રવિવારે પરીક્ષા યોજાય છે.

(૨) ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા પરીક્ષાના કેન્દ્રો છે. ગુજરાત I.I.T. Bombay Zoneમાં આવે છે.

(૩) સામાન્ય રીતે મે મહિનાના આખરમાં પરિણામ જાહેર થાય છે.

પ્રવેશ લાયકાત :-

(૧) ધોરણ-૧૨ સાયન્સમાં મેથ્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો હોવા જોઈએ.

(૨) ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ઓછામાં ઓછા ૬૦% ગુણ સાથે પસાર કરેલી હોવી જોઈએ. (અનામત કેટેગરીમાં આવતા ઉમેદવારો માટે આ ધોરણ ૫૫%નું રહેશે.)

Website : www.jeemain.nic.in

૫.૧૪ IISTમાં પ્રવેશ

IIST - Indian Institute of Space Science and Technology એ ભારત સરકારના અવકાશ વિભાગ દ્વારા સ્થાપિત સંસ્થા છે.

"God's own country" ગણાતા કેરાલા રાજ્યના પાટનગર થિરૂવનન્તપુરમ્થી ૨૦ કિ.મી. દૂર વલિયામાલા ખાતે IISTનું રમણીય કેમ્પસ આવેલ છે. આ કેમ્પસમાં ૪ શૈક્ષણિક બ્લોક્સ ઉભા કરવામાં આવ્યા છે. ક્લાસ રૂમ્સ, સંશોધન કાર્ય માટેની પ્રયોગશાળાઓ, કોમ્પ્યુટર સેન્ટર, પુસ્તકાલય, સ્ટુડન્ટ એક્ટીવીટી સેન્ટર, રમત-ગમતની સુવિધાઓ, હોસ્ટેલ અને સ્ટાફ માટેના ક્વાટર્સ કેમ્પસમાં ઉપલબ્ધ છે. IISTમાં પ્રવેશ મેળવીને B.Tech.ના ચાર વર્ષે સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારને ISRO તથા કોઈપણ અવકાશ સંશોધન સંસ્થામાં આકર્ષક પગારથી નોકરીની ગેરંટી મળી જાય છે. IISTમાં પ્રવેશ મેળવવા માટે IIST એડમિશન ટેસ્ટ એટલે કે ISAT પસાર કરવી પડે છે. IISTના ફોર્મની જાહેરાત નવેમ્બર માસમાં આવે છે. ફોર્મ ઓનલાઈન ભરવાનું હોય છે. ફોર્મ ભરવા માટે વેબસાઈટ www.iist.ac.inની મુલાકાત લેવી.

પ્રવેશ લાયકાત :-

ધોરણ-૧૨માં મેથેમેટીક્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો સાથે ઓછામાં ઓછા ૭૦% ગુણ હોવા જરૂરી છે. SC/ST/PD કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓ માટે આ ધોરણ ૬૦%નું રહેશે.

ઉપલબ્ધ અભ્યાસક્રમો :-

(1) B.Tech. in Aerospace Engineering (59 Seats)
(2) B.Tech. in Avionics (58 Seats)
(3) B.Tech. in Physical Sciences (39 Seats)

IISTના કેન્દ્રો :-

પરીક્ષાઓ કુલ ૨૩ કેન્દ્રો પરથી લેવામાં આવે છે. ગુજરાત માટે અમદાવાદ કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે.

પરીક્ષા ક્યારે હોય ? :-

પરીક્ષા સામાન્ય રીતે એપ્રિલ માસમાં લેવાય છે.

પરીક્ષા ફી :-

GEN અને OBC કેટેગરીમાં આવતા વિદ્યાર્થી માટે ફી રૂા. ૬૦૦. SC/ST/PD અને તમામ કેટેગરીમાં વિદ્યાર્થીનીઓ માટે ફી રૂા. ૩૦૦.

પરીક્ષા પદ્ધતિ :-

પ્રશ્નપત્ર બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો ધરાવતું હોય છે. ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથેમેટીક્સના પ્રશ્નો પૂછાય છે. દરેક પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પોમાંથી ખરો વિકલ્પ નક્કી કરીને ખાસ તૈયાર કરાયેલી Optical Response Sheet(ORS)માં HB પેન્સિલનો ઉપયોગ કરી બબલ્સ ભરવાના હોય છે. દરેક સાચા જવાબ માટે ૩ ગુણ છે, જ્યારે ખોટા જવાબ માટે ૧ માર્ક માયનસ કરવામાં આવે છે.

૫.૧૫ વેલ્લોર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (VIT)

VITએ ચેન્નાઈથી ૧૨૦ કિ.મી. દૂર તીરૂવલ્લમથી કાટપડી જતાં હાઈવે પર આવેલી ખ્યાતનામ કોલેજ છે. આ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ સાયન્સમાં ઓછામાં ઓછા ૬૦% હોવા જરૂરી છે.

VITEE (Vellore Institute of Technology Entrance Examination)ની જાહેરાત પ્રતિવર્ષ ડિસેમ્બર માસમાં પ્રસિદ્ધ થાય છે. ફોર્મ ભરવાનો સમયગાળો લગભગ દોઢથી બે માસ જેટલો હોય છે. પરીક્ષા એપ્રિલ માસમાં યોજાય છે અને પરિણામ મે માસમાં જાહેર કરવામાં આવે છે. પરીક્ષાનું પેપર MCQ based હોય છે. નેગેટીવ માર્કિંગ સિસ્ટમ નથી એટલે દિલથી પેપર ભરી દેવું.

પ્રવેશ ફોર્મ :-

પ્રવેશ ફોર્મ મેળવવા માટે રૂા. ૭૫૦નો ડિમાન્ડ ડ્રાફટ ઈન ફેવર ઓફ VIT University, Payable at Vellore - 632014 નામનો કઢાવીને પોસ્ટ દ્વારા મોકલવો. ડિમાન્ડ ડ્રાફટની પાછળ તમારું નામ, સરનામું ખાસ લખવું. VITમાં ઓનલાઈન અરજી કરવાની સુવિધા નથી.

જો VITEEના મોડલ પેપર્સ મેળવવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૦નો વધારાનો ડિમાન્ડ ડ્રાફટ મોકલવો તથા ડ્રાફટની સાથે રૂા. ૨૫ની સ્ટેમ્પ લગાડેલું A/4 સાઈઝનું કવર મોકલવું.

સુવિધાઓ :-

VIT Campusમાં બોયસ/ગર્લ્સ માટે અલગ-અલગ હોસ્ટેલની સુવિધા છે. આ ઉપરાંત, કેમ્પસમાં જ બેન્ક, ATM, પોસ્ટ ઓફિસ, રેસ્ટોરન્ટ અને ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ પણ આવેલ છે. જે-તે રાજ્યના બોર્ડ ફર્સ્ટ વિદ્યાર્થીને પ્રથમ વર્ષે સંપૂર્ણ ફી માફી આપવામાં આવે છે. VITEEના મેરીટમાં પ્રથમ ૫૦ ક્રમાંક સુધીના વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂા. ૨૫,૦૦૦ની સ્કોલરશીપ આપવામાં આવે છે.

VITની વિશેષ જાણકારી માટે વેબસાઈટ **www.vit.ac.in**.

કોંગ્રેસ નેતૃત્ત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા દેશના વિકાસ માટે ઐતિહાસિક કાયદો....
''પ્રાથમિક શિક્ષણ દરેક બાળકનો મૂળભૂત અધિકાર''
બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિમય-૨૦૦૯
(ગુજરાત સરકાર ક્યારે અસરકારક અમલ કરશે ?)

કૉંગ્રેસ નેતૃત્ત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા દેશના વિકાસ માટે ૬થી ૧૪ વર્ષના બાળકો માટે શિક્ષણની ખાત્રી આપતાં ઐતિહાસિક કાયદાથી ભારત દેશને એક નવી દિશા મળશે. શિક્ષણ દ્વારા સમાજના વિકાસ માટે પ્રતિબદ્ધ કેન્દ્ર સરકાર શિક્ષણ ક્ષેત્ર આમૂલ પરિવર્તનની દિશામાં જઈ રહી છે. શિક્ષણનો અધિકારથી દેશના બાળકોને અને ખાસ કરીને લાખો પરિવાર કે જેમની પાસે બાળકોને ભણાવવા માટે નાણાંની વ્યવસ્થા નથી તેમના બાળકોને શિક્ષણ મૂળભુત અધિકાર તરીકે પ્રાપ્ત થશે.

કૉંગ્રેસની નેતૃત્ત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા એજ્યુકેશન લોન પર વ્યાજની સબસીડી, એજ્યુકેશન લોન સરળતાથી ઉપલબ્ધ થાય અને વિવિધ યોજના હેઠળ મેરીટ સ્કોલરશીપની જોગવાઈ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા કોઈપણ સંસ્થા કેપીટેશન ફી લઈ શકશે નહીં આ બાબતે તાજેતરમાં કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે જેના કારણે દેશમાં શિક્ષણનું વ્યાપારીકરણ કરતા તત્ત્વો પર રોક લાગુ પડશે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. કેન્દ્ર સરકાર દ્વારા દસમી પંચવર્ષીય યોજના કરતાં અગિયારમી પંચવર્ષીય યોજનામાં પાંચ ગણા નાણાંની ફાળવણી કરવામાં આવી હતી. તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહનસિંહજી અને યુપીએના ચેરપર્સન શ્રીમતી સોનિયા ગાંધીએ કટિબદ્ધતાથી સૌને માટે શિક્ષણ, શિક્ષણ દ્વારા રાષ્ટ્રનો વિકાસના નારાને સાર્થક કરવા કામગીરી કરી.

રાજ્ય સરકારની જવાબદારી છે કે રાજયના ૬થી ૧૪ વર્ષના બાળકોને શિક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે વ્યવસ્થા તંત્ર ઊભું કરે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ગુણવત્તાની દૃષ્ટિએ સર્વત્ર ટીકાપાત્ર બન્યું છે ત્યારે **રાજ્ય સરકાર ગંભીર બનીને પ્રાથમિક શિક્ષણમાં કેન્દ્ર દ્વારા દાખલ થયેલ આમૂલ સુધારા અમલમાં મૂકે તો જ ગુજરાતના શિક્ષણની દશા અને દિશા બદલાશે.**

- દરેક બાળકને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર ૮ ધોરણ સુધી મફત શિક્ષણનો અધિકાર.
- દરેક બાળકને ઉત્તમ ભણતર માટે જરૂરી તમામ સગવડો કરવાની જવાબદારી હવેથી સરકાર માટે ફરજીયાત બને છે.
- પાંચમાં ધોરણ સુધીની નિશાળ એક કિમી. અને આઠ ધોરણની નિશાળ ત્રણ કિમી.ની અંદર હશે.
- ખાનગી શાળાઓમાં ૨૫% પ્રવેશ આર્થિક રીતે નબળા તેમજ વંચિત સમાજના બાળકો માટે અનામત રહેશે.
- ખાનગી શાળાઓમાં કોઈપણ પ્રકારનું ડોનેશન લેવા પર પ્રતિબંધ.
- પ્રવેશ સમયે ઈન્ટરવ્યૂ પ્રથા પર પ્રતિબંધ
- દરેક શાળામાં શાળા સંચાલન સમિતિ બનાવવામાં આવશે.

૫.૧૬ ધોરણ-૧૨ પાસ માટે વિવિધ પ્રવેશ કસોટીની સંક્ષિપ્ત વિગતોનું પત્રક

Sr.	Test Name	Course Branch	Quality Entry	Testing Month	Advt. Month	Test Nature	Avail of Forms	Contact Point
1	NEET	MBBS/ BDS + All India 15% seats	HSC PCB + Eng passed or appeared mini age 17 yrs.	May	October/ November each yr.	I Object II Non-objective	Nationalized Bank Prescribed by Government	CBSE Preetvihar 2, Com. Centre, New Delhi-110002 **www.cbseneet.nic.in**
2	JEE-IIT	7IIT+ass-ciated Navy Mines	HSE PCM or AICTE Tech Dip pass appear Age upto 25	April	Nov./Dec every year	I Object II Non-objective	"	**www.iit.ac.in/jee** Every year One IIT to conduct JEE Exam
3	JEE	BE B.Tech B.Archit B.Pharm of NEC & others	HSC PCM pass appear Age upto 24	May	Dec./Jan every year	Objective	Nationalized Bank Prescribed by Government	**www.jeemain.ac.in**
4	AFMC	MBBS Army Doctor	HSC PCB 60% I Div pass/appear or BSC P/A Age 17 to 22 (24 for B.Sc.) Male/Female	May	"	"	Head Post-office of Dist.	Armed Forces Medical College Pune (Maha.)
5	NID	NID Grad Program	HSC or Graduate pass appear	December	Sept. Oct. Every year	"	Download or Person/ post	National Inst. of design Paldi, Ahmedabad-6, Ph. (079)26639622 **www.nid.edu**
6	NATA For All	CEPT Prog. Architect Gujarat and other Arch. college (Guj.)	HSC PCM pass appear	May/June June/July	April May every yr. each yr. May/June	"	"	CEPT Navrangpura Ahmedabad-9 ph. (079)26302470 **www.cept.ac.in** concerned college
7	GNUCET	BABCOM BSCLLB integrated Advocate 5 yrs.	HSC Pass/ appeared	"	"	"	"	Gujarat National Law University Sect 25 GIDC Gandhinagar 382028 (Guj.) **www.gnu.edu**
8	GUJCET	Guj. State Engi./para med. seats	HSC PCB HSC PCM	"	"	" MCQ	Prescribed by Govt.	**www.gseb.gov.in**
9	ISAT	Aerospace	HSC 70% + MPC	April	November	Objective		**www.iist.ac.in**
10	VIT		HSC 60%	April	December	MCQ		**www.vit.ac.in**

૯. રાષ્ટ્રીય સંસ્થામાં વિશિષ્ટ અભ્યાસક્રમ

૯.૧ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-5 વર્ષનો ઈન્ટિગ્રેટેડ LL.B. (Hons.) પ્રોગ્રામ

ગુજરાત લૉ યુનિવર્સિટીમાં પાંચ વર્ષના સમયગાળાના ત્રણ અભ્યાસક્રમ છે :

(1) B.A., LL.B. (Honours), (2) B.Sc., LL.B. (Honours), (3) B.Com., LL.B. (Honours)

દરેક અભ્યાસક્રમ માટે 60-60 બેઠકો છે.

- **કોણ આ કોર્સમાં પ્રવેશ મેળવી શકે ?**
  ઓછામાં ઓછા 50% માર્ક્સ સાથે 10 + 2 એક્ઝામ. જે તે વિષયજૂથમાં પાસ કરી હોવી જોઈએ. આ ક્વૉલિફાઈંગ 10 + 2ની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી પણ ઉપર્યુક્ત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજી કરી શકે.
- **વયમર્યાદા :** જે તે શૈક્ષણિક વર્ષની 1લી જુલાઈના રોજ ઉમેદવારની વય 20 વર્ષથી ઓછી હોવી જોઈએ. (SC/ST ઉમેદવારો માટે 22 વર્ષથી ઓછી.)

આ અભ્યાસક્રમોમાં પ્રવેશ All India Entrance Test અને Pre Admission ઈન્ટરવ્યૂને આધારે આપવામાં આવશે. પ્રવેશ પરીક્ષા મે માસમાં અમદાવાદ, વડોદરા, ચેન્નાઈ, દિલ્હી, જયપુર, કોલકતા, મુંબઈ, રાજકોટ અને સુરત કેન્દ્રો પર લેવામાં આવશે. આ પ્રવેશ પરીક્ષા અંતર્ગત ઉમેદવારોનો કાયદાને કારકિર્દી તરીકે અપનાવવા માટેનો અભિગમ, જનરલ નોલેજ તથા વર્ણનાત્મક/analytical જવાબો આપવાની ઉમેદવારની આવડત ચકાસવામાં આવશે. Entrance Testને 80% તથા ઈન્ટરવ્યૂને 20% weightage આપવામાં આવશે.

સરનામું : Registar, Gujarat National Law University, Old NIFT Campus, E-4, GIDC, Electronic Zone, Gandhinagar 382 028. વેબસાઈટ : **www.gnlu.ac.in**

૯.૨ કોમન લો એડમિશન ટેસ્ટ (કલેટ)

યોગ્યતા અંડર ગ્રેજ્યુએટ માટે :

બારમા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% મેળવેલા હોવા જોઈએ.

એસસી/એસટી/ઓબીસી અને વિકલાંગોએ ૪૫% સાથે બારમું ધોરણ પાસ કરેલું હોવું જોઈએ.

બારમા ધોરણની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ પણ કલેટની પરીક્ષા આપી શકે છે.

સામાન્ય વર્ગના ઉમેદવારો માટે મહત્તમ વયમર્યાદા ૨૦ વર્ષ.

એસસી/એસટી અને વિકલાંગ ઉમેદવારો માટે મહત્તમ વયમર્યાદા ૨૨ વર્ષની છે.

પોસ્ટ ગ્રેજ્યુએટ માટે :

કોઈપણ માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટીમાંથી એલએલ.બી./બી.એલ.ની ડિગ્રી હોવી જોઈએ.

એલએલ.બી./બી.એલ.માં ઉમેદવારે ૫૫% કરતાં ઓછા માર્ક મેળવેલા ન હોવા જોઈએ.

એસસી/એસટી/ઓબીસી અને વિકલાંગોએ ઓછામાં ઓછા ૫૦% મેળવેલા હોવા જોઈએ.

કલેટ પરીક્ષાની પદ્ધતિ : અંડર ગ્રેજ્યુએટ માટે

કુલ ૨૦ માર્કની પરીક્ષા હોય છે, જેમાં ૪૦ માર્ક અંગ્રેજી અને કોમ્પ્રીહેન્સન, ૫૦ માર્કનું સામાન્ય જ્ઞાન તથા કરંટ અફેર્સ, ૨૦ માર્કનું ગણિત, ૪૫ માર્કનું લોજીકલ રીઝનીંગ અને ૪૫ માર્કના કાયદાકીય જાગૃતિ સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવે છે.

પરીક્ષામાં કુલ ૨૦૦ પ્રશ્નો પૂછાય છે. પરીક્ષાનો સમય બે કલાકનો હોય છે.

પોસ્ટ ગ્રેજ્યુએટ માટે :

પરીક્ષામાં લો ઓફ કોન્ટ્રેક્ટ્સ, લો ઓફ ટોર્ટ્સ, ક્રિમિનલ લો, બંધારણીય કાયદો અને લીગલ થિયરી સાથે જોડાયેલા સવાલ પૂછવામાં આવે છે.

પરીક્ષામાં ૧૦૦ પ્રશ્નો વૈકલ્પિક હોય છે. જેમાં દરેકનો ૧ માર્ક હોય છે. બે નિબંધ પૂછાય છે, જેમાં દરેકના ૫૦ માર્ક હોય છે.

પરીક્ષાનો કુલ સમય બે કલાકનો હોય છે.

ફોર્મ ક્યાં મળશે ?

કલેટ પરીક્ષા માટે ઓએમઆર અરજીપત્ર, બ્રોશર સાથે રૂા. ૧૫૦ આપીને દેશની બધી જ પોસ્ટ ઓફિસોમાંથી કે દેશની ૧૨ નેશનલ લો યુનિવર્સિટીઓમાંથી પ્રાપ્ત કરી શકાય છે. **www.clat.ac.in**

ક્લેટ (CLAT) ૨૦૨૩

દેશની ૧૪ નેશનલ લો ઈન્સ્ટીટ્યુટ યુનિવર્સિટીઝના અન્ડર ગ્રેજ્યુએટ (યુજી) અને પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) ડીગ્રી પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે મે મહિનામાં કોમન લો એડમિશન ટેસ્ટ(CLAT)નું આયોજન થતું હોય છે.

યુજીની ૧,૬૮૫ બેઠકો માટે અંદાજે ૩૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે તેવી શક્યતા છે. જેમાં જનરલ માટે ૪૫% સાથે ૧૨મું અને ૨૦ વર્ષથી ઓછી વય તથા અ.જા./જ.જા. માટે ૪૦% અને વય ૨૨ વર્ષથી ઓછી હોવી જોઈએ. પીજીની ૩૯૮ બેઠક માટે ૧,૩૮૫ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. જેમાં જનરલ માટે ૫૫% સાથે LL.B. પાસ કર્યું હોવું જરૂરી છે તથા અ.જા./જ.જા.ના વિદ્યાર્થી માટે ૫૦% જરૂરી છે. દેશની બધી જ નેશનલ લો ઈન્સ્ટીટ્યુટોમાં સરેરાશ વાર્ષિક ફી રૂા. ૪૦ હજાર જેટલી છે. ખાનગી લો ઈન્સ્ટીટ્યુટ સિમ્બાયોસીસમાં વાર્ષિક ફી રૂા. ૧.૪૬ લાખ જેટલી છે.

દેશની ટોચની ૫ લો ઈન્સ્ટીટ્યુટમાં NLIU, બેંગ્લોર, નેશનલ એકેડેમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ યુનિવર્સિટી, હૈદ્રાબાદ, NLIU, ભોપાલ, કેમ્પસ લો સેન્ટર, નવી દિલ્હી તથા સિમ્બાયોસીસ સોસાયટી લો કોલેજ, પૂણેનો સમાવેશ થાય છે.

અન્ડર ગ્રેજ્યુએટમાં ૨૦૦ માર્ક્સના પ્રશ્નપત્રમાં મલ્ટીપલ ચોઈસવાળા ૨૦૦ પ્રશ્ન પૂછાશે. તેમાં અંગ્રેજીના ૪૦, જનરલ નોલેજના ૫૦, ન્યુમેરિકલ એબિલીટીના ૨૦, લીગલ એપ્ટીટ્યુડના ૫૦ અને લોજીકલ રીઝનીંગના ૪૦ માર્ક્સ હશે. પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૧૫૦ માર્ક્સના પ્રશ્નપત્રમાં કોન્સ્ટીટ્યુશનલ લો અને જ્યુરીસપ્રૂડેન્સ સંબંધિત ચાર પ્રશ્ન ૨૫-૨૫ માર્ક્સના હશે, જેનો જવાબ વિસ્તારથી આપવાનો રહેશે.આ ઉપરાંત ૫૦ મલ્ટીપલ ચોઈસવાળા પ્રશ્ન હશે. પરીક્ષાનો સમય બે કલાકનો હશે.

એક ગણતરી પ્રમાણે ભારતમાં એક લાખ લોકો પર એક કાયદાકીય સલાહકાર છે, જ્યારે અમેરિકામાં તેની સંખ્યા ૨૫૬ લોકોએ એકની છે. ભારતભરમાં દર વર્ષે ૬૦-૭૦ હજાર જેટલા લો ગ્રેજ્યુએટ પાસ થાય છે, જ્યારે અમેરિકામાં દર વર્ષે ૪૫ હજાર જેટલા લો ગ્રેજ્યુએટ પાસ થાય છે.

૬.૩ ક્લેટ પરીક્ષા આયોજિત કરતી નેશનલ લો યુનિવર્સિટીઓ

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર (જીએનએલયુ)
ધ વેસ્ટ બંગાલ નેશનલ યુનિવર્સિટી ઓફ જ્યુડીશીયલ સાયન્સીસ, કોલકાતા (ડબલ્યુબીએનયુજેએસ)
નેશનલ લો સ્કુલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી, બેંગાલુરુ (એનએલએસઆઈયુ)
એલએએલએસએઆર યુનિવર્સિટી ઓફ લો, હૈદરાબાદ (એનએએલએસએઆર)
નેશનલ લો ઈન્સ્ટીટ્યુટ યુનિવર્સિટી, ભોપાલ (એનએલઆઈયુ)
ધ વેસ્ટ બંગાલ નેશનલ યુનિવર્સિટી ઓફ જ્યુડીશીયલ સાયન્સીસ, કોલકાતા (ડબલ્યુબીએનયુજેએસ)
નેશનલ લો યુનિવર્સિટી, જોધપુર (એનએલયુ)
હિદાયતુલ્લા નેશનલ લો યુનિવર્સિટી, રાયપુર (એચએનએલયુ)
ડો. રામમનોહર લોહિયા, નેશનલ લો યુનિવર્સિટી, લખનઉ (આરએમએલએનએલયુ)
રાજીવ ગાંધી નેશનલ યુનિવર્સિટી ઓફ લો, પટિયાલા (આરજીએનયુએલ)
ચાણકય નેશનલ લો યુનિવર્સિટી, પટના (સીએનએલયુ)
નેશનલ યુનિવર્સિટી ઓફ એડવાન્સ્ડ લીગલ સ્ટડીઝ, કોચી (એનયુએએલએસ)
નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી (એનએલયુડી)

વકીલાતનો વ્યવસાય :

ઘરમાં, સ્કુલ-કોલેજમાં કે ઓફિસમાં પોતાના હક્કની રજૂઆત ન કરી શકતી વ્યક્તિ માટે જો આપણે રજૂઆત કરીએ તો આપણને ઘણીવાર 'એના બદલે તું કેમ વકીલાત કરે છે ?' એવું કહેવામાં આવે છે, ખરુંને ! બસ, આ રીતે કોઈકના હક્ક માટે કે કોઈકને થયેલ અન્યાય કે નુકસાનને કાયદાની પરિભાષામાં તર્કબદ્ધ દલીલો સાથે અસરકારક રીતે રજૂઆત કરી નિવેડો લાવી આપનાર વ્યક્તિને વકીલ, એડવોકેટ કે લોયર કહે છે, અને તેમના દ્વારા કરવામાં આવતી કામગીરીને વકીલાત તરીકે ઓળખવામાં આવે છે. એ રીતે, એડવોકેટ ન્યાય પ્રણાલી તેમજ દેશમાં પ્રવર્તમાન વિવિધ બાબતોના કાયદાનો જાણકાર નિષ્ણાત છે. એડવોકેટ તેના અસીલની વાત ધ્યાનથી સાંભળે છે, બરાબર સમજે છે અને તેને લાગુ પડતા કાયદા તેમજ ભૂતકાળના સંબંધિત ચુકાદાઓને ટાંકીને વ્યક્તિને ન્યાય અપાવવા ભારતીય ન્યાય પ્રણાલી અનુસાર યોગ્ય સ્તરે યોગ્ય રીતે રજૂઆત કરે છે.

કાયદા ક્ષેત્રે અભ્યાસક્રમો

કાયદાના ક્ષેત્રે કારકિર્દી ઘડવા એલએલ.બી.ની ડિગ્રી મેળવવી આવશ્યક છે. કોઈપણ ફેકલ્ટીમાં ગ્રેજ્યુએટ થયા પછી એલએલ.બી.ના અભ્યાસક્રમમાં જોડાઈ શકાય. આ અભ્યાસક્રમ ગ્રેજ્યુએટ પછી ત્રણ વર્ષનો છે, જેના બે ભાગ પડે છે,

શરૂઆતના બે વર્ષને એલએલ.બી. જનરલ અને પાછળના એક વર્ષને એલએલ.બી. સ્પેશ્યલ તરીકે ઓળખવામાં આવે છે. એટલે એમ કહી શકાય કે ત્રણ વર્ષમાં બે ડિગ્રી મળે છે. એલએલ.બી. સ્પેશ્યલમાં ખાસ કરીને ન્યાય પ્રણાલીની પ્રક્રિયાના કાયદા તેમજ વિવિધ અંગેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવે છે. આમ, ગ્રેજ્યુએટ થવાના ત્રણ વર્ષ અને એ પછી એલએલ.બી.ના ત્રણ વર્ષ ગણીએ તો એ રીતે કારકિર્દી શરૂ કરવા માટે કુલ છ વર્ષ લાગે છે. એના બદલે જે યુવાનોએ કાયદાના ક્ષેત્રે જ પોતાની કારકિર્દી ઘડવી છે, તેમના માટે પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ બી.એ. એલએલ.બી.નો અભ્યાસક્રમ એ ઉત્તમ વિકલ્પ ગણી શકાય. કોઈપણ પ્રવાહમાં ૪૫% સાથે ધોરણ-૧૨ પાસ કરનાર વિદ્યાર્થી આ પાંચ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા જુદા જુદા રાજ્યોમાં નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના કરી છે, જે અંતર્ગત ગાંધીનગર ખાતે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી આવેલી છે. આ ઉપરાંત એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા તેમજ સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન આણંદ લો કોલેજ સહિત અમદાવાદની નિરમા યુનિવર્સિટી ખાતે ગુજરાતમાં માત્ર ચાર જ જગ્યાએ પાંચ વર્ષનો આ ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

પાંચ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નેશનલ લેવલ ઉપર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ યોજાય છે. જેના પરિણામને આધારે પ્રવેશ ફાળવવામાં આવે છે. એલએલ.બી. થયા પછી આગળ એલએલ.એમ. પણ કરી શકાય છે. એલએલ.એમ.માં કોર્પોરેટ લો, ઈન્ટરનેશનલ લો, ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી લો, સિવિલ લો, ક્રિમીનલ લો વગેરે વિષયોમાંથી કોઈ એક પસંદ કરી કોઈ એક ચોક્કસ કાયદાના સ્પેશ્યાલીસ્ટ થઈ શકાય છે. એલએલ.એમ. પ્રમાણમાં અઘરું છે, અને દર વર્ષે તેનું પરિણામ ખૂબ જ નીચું આવે છે. જો કે, એ વાત મહત્ત્વની છે કે, એલએલ.એમ. કરનારનું સ્ટેટસ ખાસ્સું ઉચું ગણાય છે.

સફળ કેમ થવું ? : માત્ર કાયદાની ડિગ્રી મેળવવાથી 'એડવોકેટ' જરૂર થઈ શકાય છે, પરંતુ સફળ એડવોકેટ બની શકાતું નથી. કાયદાના ક્ષેત્રે સફળ કારકર્દી ઘડવી હોય તો તમારામાં માહિતી વાંચીને તેનું સચોટ અર્થઘટન કરવાની આવડત હોવી અત્યંત જરૂરી છે. કોઈપણ કિસ્સાની વિગતવાર છણાવટ કરીને વિશ્લેષણાત્મક વિચાર કરવાની ક્ષમતા તમને બીજા એડવોકેટ કરતાં જુદા પાડે છે. કોર્ટરૂમમાં કેસ ચાલતો હોય ત્યારે અપીલ કરવા, વ્યવસ્થિત વિરોધ કરવા તેમજ અમુક કિસ્સામાં અન્યાય સામે ભાંગી પડ્યા હોવાનો અભિનય કરવાની આવડત વ્યક્તિને પ્રસિદ્ધ એડવોકેટ બનાવે છે. અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવનાર વ્યક્તિ પોતાનું કાર્યક્ષેત્ર સ્થાનિક સ્તરેથી રાષ્ટ્રીય સ્તરે વિકસાવી શકે છે.

નોકરી કે સ્વ-વ્યવસાય : LL.B. કે LL.M. થયા પછી નોકરી અને સ્વતંત્ર વ્યવસાય બંનેની તકો છે. એલએલ.એમ. થયેલા યુવાનોને કોલેજોમાં અધ્યાપક તરીકે નોકરી મળી શકે છે. વકીલાતના થોડાક અનુભવ પછી ગવર્મેન્ટ પ્લીડર તેમજ બહોળા અનુભવ પછી દેશમાં મહત્ત્વના ગણાતા એડવોકેટ જનરલ, એટર્ની જનરલ, સોલીસીટર જનરલ, જસ્ટીસ વગેરે હોદ્દાઓ ઉપર પણ કાનુની સેવાઓ આપવાનું સૌભાગ્ય મળી શકે છે. એલએલ.બી. સ્પેશ્યલ પાસ થયેલા યુવાનો જી.પી.એસ.સી.ની જાહેરાત અન્વયે અરજી કરી પરીક્ષા પાસ કરે તો ફર્સ્ટ કલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ પણ થઈ શકે છે. ખાનગી ક્ષેત્રે પણ કેટલાક નામાંકિત વકીલોની પેઢીમાં તેમજ કેટલીક મલ્ટીનેશનલ કંપનીઓમાં પણ કંપની વતી કાયદાકીય પ્રશ્નો હલ કરવા માટે LL.B. કે LL.M. થયેલા થોડા અનુભવી વ્યક્તિઓને નોકરી મળી શકે છે. કોઈ નામાંકિત એડવોકેટ સાથે ટ્રેનિંગ લઈ સ્વતંત્ર વ્યવસાય કરનાર એડવોકેટ વ્યવસાયમાં માન અને મોભા સાથે ઘણી સારી આવક ઉભી કરી શકે છે. એલએલ.બી. એ એક પ્રોફેશનલ ડિગ્રી હોઈ LL.B. કે LL.M. કરનાર યુવાનો નોકરી કરતાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરે તે વધુ ઈચ્છનીય છે.

૬.૪ LL.B.ની સાથે અન્ય ડિગ્રી/ડિપ્લોમા કોર્સ

LL.B.ની સાથે અન્ય ડિગ્રી/ડિપ્લોમા કે સર્ટીફીકેશન હોય, તો કારકિર્દીમાં વધુ મદદરૂપ થાય. ચાલુ વર્ષનો ટ્રેન્ડ જોતાં આગામી વર્ષોમાં નીચેના અભ્યાસક્રમ સોનામાં સુગંધ ભેળવે તેવા છે.

(૧) **Diploma in IPR (Intra Actual Property Rights) :** પેટન્ટ, કોપીરાઈટ, ગુડવિલ વગેરેનું વેલ્યુએશન કરવાનું શીખવતો અભ્યાસક્રમ.

(૨) **Certificate in Space Law :** અવકાશી કાયદાનો અભ્યાસક્રમ.

(૩) **Certificate/Diploma in Energy Law :** પેટ્રોલિયમ પ્લાન્ટ, સોલાર એનજી, વિન્ડ એનર્જીના કાયદાનું જ્ઞાન મેળવવા માટે કરવા જેવો અભ્યાસક્રમ.

(૪) **Certificate in Cyber Criminology :** પ્રોફેશનલ્સ તેમજ નોકરીયાતોએ કરવા જેવો અભ્યાસક્રમ.

(૫) **Diploma/Certificate in DNA Finger Print :** પ્રોફેશનલ્સ તેમજ નોકરીયાતોએ કરવા જેવો અભ્યાસક્રમ.

(૬) **Management Field :** માર્કેટીંગ, એચ.આર., પ્રોડકશન, ફાઈનાન્સ જેવા પરંપરાગત ક્ષેત્રો ઉપરાંત મીડીયા મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલ મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, ટુર્સ એન્ડ ટ્રાવેલિંગ મેનેજમેન્ટ, ઈમેજ મેનેજમેન્ટ વગેરે.

૬.૫ પેટન્ટ લો

ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી અથવા બૌદ્ધિક સમ્પત્તિ બિઝનેસ કૉમ્પીટન્સના મુખ્ય ક્ષેત્ર તરીકે ઊપસ્યું છે. પાંચ વર્ષના ગાળા, ૧૯૯૭-૨૦૦૧ દરમ્યાન યુનાઈટેડ સ્ટેટ્સ પેટન્ટ ઍન્ડ ટ્રેડમાર્ક ઑફિસ (યુએસપીટીઓ)એ લગભગ ૫ લાખ પેટંટો આપ્યાં છે. આ આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે સમગ્ર વિશ્વમાં કંપનીઓમાં પેટન્ટિંગની પ્રવૃત્તિ પુરજોશમાં ચાલી રહી છે.

દિલ્હી સ્થિત ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી (જીઆઈઆઈપી)માં ઈન્ટરનેશનલ પેટન્ટ અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટીમાં છ માસનો પોસ્ટ ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ચલાવાય છે. આ કોર્સમાં પેટન્ટ કાનૂન તથા કૉપીરાઈટ કાનૂન જેવા પરંપરાગત આઈપી કોર્સિસ ઉપરાંત ફાર્માસ્યુટિકલ્સ, આઈટી, મિકેનિકલ, કેમિકલ અને બાયોટેક્નૉલૉજી પેટન્ટ પ્રૅક્ટિસ જેવા વધુ એડવાન્સ કોર્સિસ પણ ભણાવાય છે. આંતરરાષ્ટ્રીય એકેડમિશિયન, આઈપી એટૉર્ની, પેટન્ટ એજન્ટ અને રેસિડન્ટ ફૅકલ્ટી આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમોથી વાકેફ કરાવવા તાલીમ આપે છે. તેમાં પેટન્ટ અને આઈપીના પ્રૅક્ટિકલ, બિઝનેસ અને કાનૂની પાસાઓ પર ખાસ ધ્યાન અપાય છે. આ પ્રોગ્રામમાં ભાગ લેનારા મેન્ટરિંગ સેશન વડે અમેરિકી અને યુરોપિયન પ્રૅક્ટિશનર તેમજ એટૉર્ની દ્વારા શીખે છે. આ કોર્સ સાઈંસ તથા એન્જિનિયરિંગ કે તેનાથી સંબંધિત વિષયના બૅકગ્રાઉન્ડ ધરાવતા વિદ્યાર્થીઓ માટે તૈયાર કરાયો છે.

આઈઆઈટી-ખડગપુરની રાજીવ ગાંધી સ્કૂલ ઑફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી લૉમાં ત્રણ વર્ષનો ફુલ ટાઈમ રેસિડેન્શિયલ એલએલબી પ્રોગ્રામ ચલાવાય છે, જેનાથી ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સમાં સ્પેશિયલાઈઝેશન બાદ બૅચલર ઑફ લૉની ડિગ્રી અપાય છે. બીજી બાજુ એકૅડેમી ઑફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી સ્ટડીઝમાં એક વર્ષનો પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમાનો કોર્સ ચલાવવામાં આવે છે.

કોર્સ કર્યા બાદ વ્યક્તિ પાસે એવી યોગ્યતા હોય છે કે તે કોઈ પણ આઈપી અને પેટન્ટ સાથે સંકળાયેલ કામ કરી શકે છે. ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટીમાં કૅરિયર સલામત છે. ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી પ્રોફેશનલ ઉચ્ચાભ્યાસ તેમજ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટીના વિવિધ ક્ષેત્રોમાંથી કોઈ એકમાં વિશેષજ્ઞતા હાંસલ કરવાનો વિકલ્પ પસંદ કરી પોતાનું ભાગ્ય પોતે જ બદલી શકાય છે.

ભારતીય કંપનીઓ સમગ્ર વિશ્વમાં સફળ થવા માટે સંશોધન અને વિકાસમાં રોકાણ વધારી રહી છે. આ રોકાણોના અસરકારક કૉમર્શિયલ વળતર માટે આઈપીમાં શાર્પ સ્કિલ્સની જરૂરિયાત છે. ઈન્ટરનેશનલ પેટન્ટ્સ તેમજ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટી રાઈટ્સના કોર્સ આ મહત્ત્વની અને વધતી જરૂરિયાતને પૂર્ણ કરે છે.

યોગ્યતા : ગ્રેજ્યુએટ (એઆઈપીએસ) સાયન્સ/અંગ્રેજી. ગ્રૅજ્યુએટ (જીઆઈઆઈપી)

કોર્સ ફી : રૂ. ૧.૫ લાખ (એઆઈપીએસ) રૂ. ૩.૯૫ લાખ (જીઆઈઆઈપી)

ઈન્સ્ટિટ્યૂટ : એઆઈપીએસ-મુંબઈ, જીઆઈઆઈપી-દિલ્હી, આઈઆઈટી-ખડગપુર (એલએલબી)

૬.૬ પ્રિન્ટ મિડિયા અથવા ટેલિવિઝનના જર્નાલિસ્ટ બનવા માટે ઉપયોગી કોર્સ

શું તમે રેડિયો, ટેલિવિઝન કે પ્રિન્ટ મીડિયામાં જર્નાલિસ્ટ (પત્રકાર) બનીને કારકિર્દીની શરૂઆત કરવા માંગો છો ? જો હા, તો તે કોર્સ કરવા માટે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ માસ કૉમ્યુનિકેશન' બેસ્ટ ગણાય.

આઈઆઈએમસી (IIMC) ૨૦૨૩

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન(આઈઆઈએમસી)ના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સીસમાં પ્રવેશ માટે પરીક્ષા મે મહિનામાં યોજાશે. આઈઆઈએમસીના ઢેંકનાળ કેમ્પસમાં જર્નાલિઝમ(ઉડિયા)ની પરીક્ષા મે મહિનામાં યોજાશે અને તેનું પરિણામ જૂનના પ્રથમ સપ્તાહમાં આવશે. આ મીડિયા કોર્સમાં પ્રવેશ માટેની લાયકાત ગ્રેજ્યુએશનની ડિગ્રી અથવા ૨૦૨૧માં ત્રીજા વર્ષની પરીક્ષા આપી હોવા તેવા વિદ્યાર્થી છે. આ કોર્સની કુલ ૩૮૫ બેઠકો માટે અંદાજે ૪,૦૦૦ હજાર વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લેશે. (૧) અંગ્રેજી જર્નાલિઝમ, (૨) હિન્દી જર્નાલિઝમ, (૩) રેડિયો એન્ડ ટેલિવિઝન જર્નાલિઝમ, (૪) એડવર્ટાઈઝીંગ એન્ડ પબ્લિક રિલેશન્સ અને (૫) જર્નાલિઝમ (ઉડિયા) એમ પાંચ પીજીડીએમ કોર્સીસમાં પ્રવેશ મેળવવા માટેની આ પરીક્ષા છે. આ કોર્સમાં કોર્સ ૧ અને ૨ માટે રૂા. ૫૦ હજાર, કોર્સ ૩ માટે રૂા. ૯૨ હજાર, કોર્સ ૪ માટે રૂા. ૭૦ હજાર અને કોર્સ ૫ માટે રૂા. ૨૮ હજાર વાર્ષિક ફી છે. જામિયા મિલિયા ઈસ્લામિયાના એજેકે માસ કોમ્યુનિકેશન રિસર્ચ સેન્ટરમાં બે વર્ષના એમએ(જર્નાલિઝમ)ની ફી અંદાજે રૂા. ૧.૩૦ લાખ જ્યારે માખનલાલ ચતુર્વેદી યુનિવર્સિટીમાં અંદાજે રૂા. ૩૪ હજાર જેટલી ફી છે. ૨ કલાકની આ પ્રવેશ પરીક્ષામાં વૈકલ્પિક અને વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પૂછાય છે. તેમાં સામાન્ય જાગૃતિ, આંતરરાષ્ટ્રીય ડેવલપમેન્ટ, સામાજિક ઈતિહાસ, સામાજિક અભિગમબ, એપ્ટીટ્યુડ અને મેન્ટલ મેકઅપ, લેંગ્વેજ કેપેબિલિટી, એનાલિટિકલ કોમ્પ્રિહેન્શન સ્કિલ્સ, એડવર્ટાઈઝીંગ અને પબ્લિક રિલેશન્સ, બ્રાંડ અવેરનેસ અને રિકોલ તથા ક્વોન્ટિફીકેશન સ્કીલના પ્રશ્નો પૂછાશે. આઈઆઈએમસીના બે નવા પ્રાદેશિક સેન્ટર્સ-અમરાવતી(મહારાષ્ટ્ર) અને આઈઝોલ(મિઝોરમ)માં વર્ષ ૨૦૧૧માં શરૂ થયા હતા. આ બંને સેન્ટર પર ક્ષેત્રોમાં મીડિયા ઈન્સ્ટીટ્યુટની ખોટ પૂરી કરવા માટે શરૂ કરાયા છે. આ ઉપરાંત આઈઆઈએમસીના અન્ય સેન્ટર દિલ્હી, જમ્મુ-કાશ્મીર, કોટ્ટાયમ (કેરળ) અને ઢેંકનાળ(ઓરિસ્સા)માં છે. **વેબસાઈટ : www.iimc.nic.in**

રાજ્યની મોટાભાગની યુનિવર્સિટીમાં સ્નાતક પછી પત્રકારત્વનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. ગુજરાત યુનિવર્સિટી ખાતે CDC/MDCનો વિશેષ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. ભવન્સ એચ.બી. ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્યુનિકેશન, અમદાવાદ ખાતે પણ પત્રકારત્વનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે પણ ધોરણ-૧૨ પછી પત્રકારત્વનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

આ અભ્યાસક્રમમાં કોઈ પણ વિદ્યાશાખાની પદવી ધરાવતા યુવા મિત્રો જોડાઈ શકે છે. આ વર્ષે સ્નાતક ડિગ્રીના છેલ્લા વર્ષની (ટી.વાય.)ની પરીક્ષા આપવાની હોય તેઓ પણ કોર્સમાં જોડાવા માટે અત્યારે ફૉર્મ ભરી શકે છે.

The Registrar, Indian Institute of Mass Communication, Aruna Asaf Ali Marg, JNU Campus. New Delhi - 110067 વેબસાઈટ : **www.iimc.gov.in**

૬.૭ એવિએશન ઉદ્યોગમાં નોકરીની વિશાળ તકો

ભારતમાં એરોનોટીકલ એન્જિનિયરીંગની સીટ માંગના પ્રમાણમાં ઓછી છે. ગુજરાતમાં એરોનોટીકલ એન્જિનિયરનો કોર્સ એકમાત્ર વાસદની કોલેજમાં છે, જેની ૬૦ સીટ છે.

ભારતમાં I.I.T.ની ચાર કોલેજોમાં એરોસ્પેસ એન્જિનિયરીંગનો કોર્સ ચાલે છે. I.I.T.માં એડમિશન મેળવવું એ લોઢાના ચણા ચાવવા જેટલું અઘરું છે. ગુજરાતના વિદ્યાર્થીઓ એન્ટ્રન્સ ટેસ્ટની અવેરનેસના અભાવે બહુ માર ખાય છે અને એટલે જ I.I.T.માં ટોપ રેન્ક મેળવવો ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સ્વપ્ન સમી વાત રહી છે.

એરોનોટીકલ એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવવાનો બીજો રસ્તો છે. Joint Entrance Examination અર્થાત્ JEE આ પરીક્ષામાં ટોપ રેન્ક મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રતિષ્ઠિત કોલેજોના દરવાજા ખૂલે છે.

એરોનોટીકલ એન્જિનિયરોની જગતભરમાં ડીમાન્ડ છે. કદાચ ઓછી ટકાવારીને કારણે અથવા મર્યાદિત સીટને કારણે એરોનોટીકલ એન્જિનિયરીંગના કોર્સમાં ધોરણ-૧૨ સાયન્સ પછી સીધો પ્રવેશ ન મળી શકે તો મૂંઝાવા જેવું નથી. વિમાનના મેઈન્ટેનન્સ એન્જિનિયરીંગનો ૩ વર્ષનો કોર્સ કરીને મહિને રૂા. ૩૫,૦૦૦/-થી રૂા. ૪૦,૦૦૦/-ના પગારની નોકરી આરામથી મળી શકે છે.

એવિયેશન ઉદ્યોગમાં ખૂબ મહત્ત્વના એક કોર્સનું નામ છે એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ એન્જિનિયરીંગ (AME).

AMEનું કાર્ય વિમાન ઉડવાની તૈયારી કરે તે પહેલાં તે ઉડવા માટે સંપૂર્ણ જોખમરહિત છે, તેનું પ્રમાણપત્ર આપવાનું છે. AMEની પરમિશન વગર કોઈપણ વિમાન ઉડાડી શકાતું નથી. નો ત્રણ વર્ષનો કોર્સ કરવા માટે તમારે ત્રણ લાખ રૂપિયા જેટલો ખર્ચ આવે છે. ધોરણ-૧૨ સાયન્સ મેથ્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો સાથે ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે પાસ કરવું જરૂરી છે. AMEમાં પ્રવેશ લેવા માટે સંસ્થાઓની યાદી આગળના પાના પર આપેલ છે.

Aircraft Maintenance Engineering (AME)માં પ્રવેશ મેળવવા માટે સામાન્ય રીતે ફેબ્રુઆરીમાં તેની પ્રવેશ જાહેરાત આવે છે. Indian Institute Aeronautical, Payable at Delhiના નામનો રૂા. ૧,૫૦૦/-નો ડ્રાફ્ટ મોકલવાથી રૂબરૂ અથવા રોકડેથી ફોર્મ મેળવી શકાશે. આ ફોર્મ ધોરણ-૧૨માં ભણતા હોય તે વર્ષે પણ ભરી શકાય છે. ફોર્મ ભર્યા પછી મે માસમાં તેની પ્રવેશ પરીક્ષા યોજાય છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને AMEના કોર્સમાં એડમિશન આપવામાં આવે છે.

એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી કે વિમાન નિર્માણમાં ઈન્ફોટેકના એન્જિનિયરો, એરોસ્પેસ એન્જિનિયરો અને એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ એન્જિનિયરોના નોકરી માટેના સ્કોપ વધતા જ જાય છે, કારણ કે આજે ઉતારુ વિમાન કંપનીઓની સંખ્યા અને ઉડ્ડયનો બંનેમાં ધરખમ વધારો થયો છે. આથી પાઈલટોની પણ ખૂબ જરૂર રહેવાની છે. ઓરિએન્ટ ફલાઈટ સ્કુલ, ચેન્નાઈ ખાતે ઉડ્ડયનની તાલીમ આપવામાં આવે છે.

વિમાનોની સંખ્યા વધે એટલે પાઈલટોની જરૂર તો પડે જ. આ ઉપરાંત તેના મેઈન્ટેનન્સ માટે કુશળ એન્જિનિયરોની માંગ વધે તે સ્વાભાવિક છે. માત્ર એક બોઈંગ કંપનીની જ વાત કરીએ તો આજે ૧૪૫ દેશોમાં બોઈંગ વિમાનો વેચાય છે, તેનું વાર્ષિક વેચાણ ૨૭,૬૭,૫૦૦ કરોડ રૂપિયાનું છે. તેનો નફો ૧૦૦ અબજથી વધુ છે. આ કંપનીમાં ૧,૫૫,૯૩૮ કર્મચારીઓ કામ કરે છે. જો તમારી પાસે એરોનોટીકલ એન્જિનિયરીંગની ડિગ્રી હોય કે પછી મિકેનીકલ એવિએશનની એન્જિનિયરીંગની ડિગ્રી હોય તો અમેરિકામાં દોઢ-બે લાખના માસિક પગારથી નોકરી પાકી થઈ જાય છે.

૬.૮ એવિએશન મેનેજમેન્ટ

ભારતીય એવિએશન ઈન્ડસ્ટ્રીઝ આગામી બે વર્ષોમાં ૨૫ ટકાની દરે ગ્રોથ કરશે. આ અનુમાનને જોતાં તેમાં પ્રવેશ કરવા આનાથી બહેતર સમય ન હોઈ શકે. તકને ઝડપી લેવા ઘણી સંસ્થાઓએ એવિએશન મૅનેજમેન્ટમાં કોર્સિસ શરૂ કર્યા છે. ડિપ્લોમા કોર્સ છ માસથી બે વર્ષ સુધીના હોઈ શકે છે.

કિંગફિશર ટ્રેનિંગ એકેડેમીએ એવિએશન મૅનેજમેન્ટમાં છ માસનો કોર્સ તથા એવિએશન એન્ડ હૉસ્પિટાલિટી મૅનેજમેન્ટમાં એક વર્ષનો ઈન્ટેન્સિવ કોર્સ શરૂ કર્યો છે. એકેડેમીના બધા સેંટરો એકદમ લેટેસ્ટ ઍર બસ ૩૨૦ મૉક અપ, સુંદર ડાઈનિંગ સૂટ તથા ગ્રૂમિંગ લૅબથી સજ્જ છે. છ માસના કોર્સની ફી રૂ. ૧ લાખ અને બાદના કોર્સની ફી રૂા. ૧.૨૫ લાખ છે.

ઍર હોસ્ટેસ એકેડેમી એક વર્ષનો એવિએશન એન્ડ હૉસ્પિટાલિટી મૅનેજમેન્ટ ડિપ્લોમા તથા બે વર્ષનો ગ્લોબલ એવિએશન ઍન્ડ હૉસ્પિટાલિટી ઑફર કરે છે. આ કોર્સની કિંમત ૧,૧૮,૦૦૦ રૂ. છે. કોર્સ હેઠળ કેબિન ક્રૂ, એવિએશન ટર્મિનૉલૉજી, ઈમર્જન્સી હૅંડલિંગ તથા બૉમ્બના ખતરા જેવી આપાતકાલીન પરિસ્થિતિઓને પહોંચી વળવાની તાલીમ આપવાનો સમાવેશ થાય છે. કૉમ્યુનિકેશન સ્કિલ્સ તથા બિઝનેસ એટિકેટમાં દક્ષતા લાવવા પર્સનાલિટી ઈન્હેસમેન્ટ પર ભાર મૂકવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીઝના ઝડપી વિસ્તરણને જોતાં એક ટેલેન્ટેડ કૅન્ડિડેટ માટે અહીં સારી જૉબ મેળવવામાં કોઈ સમસ્યા નથી. સ્ટુડન્ટ્સ ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનૅશનલ ઍરલાઈન્સમાં કેબિન ક્રૂ તરીકે કામ કરી શકે છે. તેઓ ઍરપોર્ટમાં ગ્રાઉન્ડ સ્ટાફ તરીકે સામેલ થઈ શકે છે.

સ્ટુડન્ટ્સની ભરતી કરવા વર્જિન એટલાન્ટિક, અમેરિકન ઍરલાઈન્સ, સ્પાઈસ જેટ, ઈન્ડીગો, કિંગફિશર ઍરલાઈન્સ જેવી વિખ્યાત કંપનીઓ લાઈનમાં ઊભી છે. દેશની ટૉપ-હોટેલોમાં આપ ફ્રન્ટ ઑફિસ એક્ઝિક્યુટિવ્સ તેમજ ગેસ્ટ રિલેશન્સ એક્ઝિક્યુટિવ્સ તરીકે કામ કરી શકો છો. કોર્સ આપને બીપીઓની સ્કિલ્સથી પણ સજ્જ કરે છે. આ રીતે જૉબની અસામાન્ય તકો મોજૂદ છે. ''એવિએશન ઈન્ડસ્ટ્રીઝમાં બૂમ આવ્યા બાદ આ સૌથી વધુ ગ્લૅમરસ કેરિયર વિકલ્પ છે.''

યોગ્યતા : ૧૦+૨, સારી કૉમ્યુનિકેશન સ્કિલ્સ

કોર્સ ફી : રૂ. ૧થી ૨ લાખ

ઈન્સ્ટિટ્યૂટ્સ : કિંગફિશર ટ્રેનિંગ એકેડેમી, ફ્રૅંકલીન, મૅપલ્સ, ઍરહોસ્ટેસ ટ્રેનિંગ એકેડેમી

૨૦૧૧ સુધી ભારતમાં ૧૦ ટકા વાર્ષિકના દરે ઈન્ટરનૅશનલ પૅસેન્જર ટ્રાફિકમાં વૃદ્ધિ થશે. એશિયા-પૅસિફિક રિજયન માટે અંદાજિત ગ્રોથ રેટ ૬ ટકાની સરખામણીમાં ઘણો વધુ છે. તેથી કોમ્પીટ અને ટ્રેઈન્ડ લોકોની ભારે માંગ રહેશે.

૬.૯ ઝળહળતી કારકિર્દીનું આકર્ષક ક્ષેત્ર એડવર્ટાઈઝિંગ

ટેલિવિઝન ઉપર આવતી એડવર્ટાઈઝ નાના-મોટા સહુ કોઈના દિલ પર ગજબનો જાદુ કરે છે. જાહેરખબરમાં જે કંઈ દેખાડાય છે તે વાસ્તવિક છે. તેવું આપણે બધા માની લઈએ છીએ. એડવર્ટાઈઝિંગના ક્ષેત્રે કારકિર્દી ઘડવા માગતા વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ તક રહેલી છે. તેમાં કૉપી રાઈટરથી માંડીને રિસર્ચનું કામ કરનારા લોકો માટે સોનેરી તક સાંપડે છે. તેમાં સર્જનાત્મક વૃત્તિ ધરાવનારા લોકો માટે અઢળક તક મળી રહે છે.

એડવર્ટાઈઝિંગમાં મુખ્યત્વે પાંચ વિભાગ છે. ક્લાયન્ટ સર્વિસિંગ, એકાઉન્ટ પ્લાનિંગ, ક્રિએટિવ, માર્કેટ રિસર્ચ અને મીડિયા એમ પાંચ વિભાગ છે. આ બધા વિભાગમાં કામ કરનારની કાર્યક્ષમતા અલગ અલગ હોવા છતાં તે બધાની જ કામ કરવાની રીત સંપૂર્ણપણે સર્જનાત્મક હોય છે.

અભ્યાસ ક્યાં કરશો ?

- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, અમદાવાદ (ગુજરાત)
- મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્યુનિકેશન્સ, અમદાવાદ (ગુજરાત)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ માસ કૉમ્યુનિકેશન, નવી દિલ્હી
- એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા, (ગુજરાત)
- સર જે.જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ એપ્લાઈડ આર્ટ, મુંબઈ (મહારાષ્ટ્ર)
- ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

૬.૧૦ ફેશન તથા ડિઝાઈનિંગ ક્ષેત્ર

વૈશ્વિક દૃષ્ટિકોણ ધરાવતા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા દેશના વિકાસ માટે જરૂરી માનવ સંસાધન તૈયાર કરવા માટે સ્થાપેલ રાષ્ટ્રીય સંસ્થાઓ ગુજરાતમાં આવેલી છે. (૧) નૅશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ ડિઝાઈન (૨) નૅશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ ફેશન ટેક્નૉલોજી. ડિઝાઈન એ આપણા જીવનનો આંતરિક ભાગ છે. પ્રક્રિયાનું પરિણામ વસ્તુ, પ્રોડક્ટ કે પર્યાવરણ માટે હોઈ શકે. ડિઝાઈન એ એવી જવાબદારીપૂર્વકની પ્રવૃત્તિ છે કે જેમાં સર્જનશક્તિનો સમાવેશ થયેલો છે. જે આકાર આપવાનો છે તે માટે તે વસ્તુ કોના માટે ? શા માટે ? શામાંથી બનાવવી ? આ સમજવાળી વ્યક્તિ એવી હોવી જોઈએ કે જેને ઉપયોગિતાની જાણકારી, મટીરિયલ અને ટેક્નૉલોજીનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન સાથે સમાજઉપયોગી હોય તેવું જવાબદારીપૂર્વક કામ કરવાનું હોય છે. જેથી મોટા ઔદ્યોગિક એકમોમાં, ફૅશન ઈન્સ્ટિટ્યુટમાં તેમજ ભારત સરકારના સાહસોમાં ફૅશન ડિઝાઈનરોની માંગ દિવસે દિવસે વધતી જાય છે.

ફેશનના ક્ષેત્રે ભારત સરકારની સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નૉલોજી : (NIFT)

વર્તમાન યુગની સ્પર્ધાનો મુખ્ય વિષય બની ચૂકેલી ફેશન કલ્પનાશીલતા અને સર્જનાત્મકતાથી ભરપૂર છે. આવી ફેશનમાં જો ભણતરથી યોગ્ય માર્ગદર્શન ભળે તો સફળતા રહેલી છે. વિશ્વના અન્ય દેશોની જેમ ભારતમાં છેલ્લા ઘણાં વર્ષોથી ફેશન પ્રત્યે લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાતો જાય છે.

NIFT એ ભારત સરકારના ટેક્ષટાઈલ મંત્રાલયના નેજા હેઠળ ચાલતી ફેશન ટેકનોલોજીની અગ્રગણ્ય સંસ્થા છે. NIFTમાં ડિઝાઈન, મેનેજમેન્ટ અને ટેકનોલોજીનો ત્રિવેણી સંગમ થયેલો છે. ફેશનની દુનિયા જેટલી રંગીન છે, તેના કરતાં પણ NIFTના કોર્સ વધારે સંગીન છે. ફેશનની દુનિયામાં ઉજ્જવળ અને ફેશનેબલ કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવક-યુવતીઓમાં આભને આંબવાની મહત્ત્વકાંક્ષા, દુનિયા પર છવાઈ જવાની ઊંડી ઝંખના, તીવ્ર અવલોકન શક્તિ, નવા પ્રવાહોનું પૂર્વાનુમાન કરવાની દૃષ્ટિ, ટેકનીકલ માઈન્ડ તેમજ સર્જનશક્તિ જેવા મહત્ત્વના ગુણો ખૂબ જ જરૂરી છે.

NIFTની કોલેજો :-

NIFTની સમગ્ર ભારતમાં સાત કોલેજો છે. દિલ્હી, મુંબઈ, કોલકત્તા, હૈદ્રાબાદ, બેંગ્લોર, ચેન્નાઈ તેમજ ગુજરાતમાં ગાંધીનગર ખાતે NIFTની કોલેજ આવેલી છે. સમગ્ર દેશમાં ગાંધીનગરની કોલેજ પ્રથમ સ્થાન ધરાવે છે.

NIFTની અગત્યતા :-

NIFTમાં પ્રવેશ મેળવવો એટલે 'સમય સે આગે ચલના' જેવી ગૌરવરૂપ વાત બને છે. NIFTની શિક્ષણ આપવાની પદ્ધતિ અને તાલીમને ફેશન જગતની કોઈપણ સંસ્થા પડકારી શકે તેમ નથી. NIFTના બધા જ કોર્સ સારા છે. NIFTમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરીની વિપુલ તકો ઉપલબ્ધ છે, અલબત્ત તમે આર્થિક રીતે સદ્ધર હોવ તો તમારો પોતાનો મેન્યુફેક્ચરીંગ પ્રોજેક્ટ શરૂ કરીને તમારા જેવા દસને નોકરીએ રાખી શકો એટલી મોટી કમાણી થઈ શકે છે.

પ્રવેશ પદ્ધતિ :-

NIFTના પ્રવેશની જાહેરાત સામાન્ય રીતે ડિસેમ્બર માસમાં આવે છે. NIFTની કોલેજોમાંથી પ્રવેશ ફોર્મ મળે છે અથવા વેબસાઈટ પરથી મેળવી શકાય છે. NIFT દ્વારા પ્રવેશ પરીક્ષા લેવાય છે. પ્રવેશ પરીક્ષામાંથી Short List કરેલા ઉમેદવારોને સિચ્યુએશન ટેસ્ટ અને ગ્રુપ ડીસ્કશન માટે રૂબરૂ ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે છે. ઉમેદવારની ફેશન અંગેની જાણકારી, રસ, રુચિ, આત્મવિશ્વાસ, ફેશન અંગેના ખ્યાલો, અભિગમ વિગેરે જેવી બાબતોની ચકાસણી ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવે છે.

નોંધ :- લેખિત પરીક્ષામાં ઓબ્જેક્ટીવ પ્રકારના પ્રશ્નો હોય છે, નેગેટીવ માર્કિંગ સિસ્ટમ નથી.

અભ્યાસક્રમો :

(૧) **અંડર ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ડિઝાઈન (૪ વર્ષ)**
- (એ) **ફૅશન ઍન્ડ એપેરલ :** ● ફેશન ડિઝાઈન ● લેધર ડિઝાઈન
- (બી) **ફૅશન ઍન્ડ લાઈફસ્ટાઈલ એસેસરીઝ :** ● ફેશન ઍન્ડ લાઈફસ્ટાઈલ એસેસરીઝ ડિઝાઈન ● પર્સનલ પ્રોડક્ટ્સ ઍન્ડ ઈન્ટિરિયર એસેસરીઝ ● ફૂટવેર ઍન્ડ લેધર પ્રોડક્ટ્સ ● જ્વેલરી પ્રોડક્ટ્સ ● ઈન્ટિરિયર પ્રોડક્ટ્સ, હેન્ડિક્રાફ્ટ્સ, મિક્ષ મીડિયા એન્ડ ગ્લાસ
- (સી) **ફૅશન ઍન્ડ ટેક્ષ્ટાઈલ :** ● નીટવેર ડિઝાઈન ● ટેક્ષ્ટાઈલ ડિઝાઈન
- (ડી) **ફૅશન કોમ્યુનિકેશન**

(૨) **અંડર ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ફૅશન ટેકનોલોજી (૪ વર્ષ)**

(૩) **પોસ્ટ ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ફૅશન મૅનેજમેન્ટ (૨ વર્ષ)**

(૪) **પોસ્ટ ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ફૅશન ટેક્નૉલોજી (૨ વર્ષ)**

પ્રવેશ લાયકાત :

- અંડર ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ડિઝાઈનમાં માન્ય એજ્યુકેશન બોર્ડ દ્વારા ધો. ૧૨ (૧૦+૨) પાસ.
- અંડર ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ફૅશન ટેક્નૉલોજીના અભ્યાસક્રમમાં માન્ય એજ્યુકેશન બોર્ડ દ્વારા ધો. ૧૨ (૧૦+૨) પાસ. ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથ્સ સાથે ફરજિયાત.
- પોસ્ટ ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ફેશન મેનેજમેન્ટમાં માન્ય યુનિ.ના સ્નાતક અથવા નિફ્ટ સંસ્થા દ્વારા ચાલતા એસેસરી કે ફેશન ડિઝાઈન કે એફ.આઈ.ટી.માં ડિપ્લોમા પ્રાપ્ત કરનાર.
- પોસ્ટ ગ્રૅજ્યુએટ પ્રોગ્રામ ઈન ફૅશન ટેક્નૉલોજીમાં બી.ઈ. / બી.ટેક. (ટેક્ષ્ટાઈલ્સ / એપેરલ્સ / મિકેનિકલ / ઈન્ડસ્ટ્રિયલ / પ્રોડક્શનના ઈલેક્ટ્રોનિક્સ / કમ્પ્યૂટર / ઈન્ફર્મેશન ટેક્નૉલોજી).

Website : www.nift.ac.in

૬.૧૧ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ અને હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રે વિશાળ તકો

સેવા જેનો મૂળ મંત્ર છે અને અતિથિ દેવો ભવઃના સૂત્ર સાથે હોસ્પિટાલિટી તેજીથી આગળ વધતું ક્ષેત્ર છે, જેમાં નિષ્ણાત લોકોની હંમેશા જરૂરિયાત રહેશે. ભારતમાં પૂરતી પ્રતિભા છે. ભારતના લોકો હંમેશા અતિથિ દેવો ભવઃના સૂત્રને સાર્થક કરે છે. હોસ્પિટાલિટી ક્ષેત્ર ભારતમાં તેજીથી આગળ વધતું ક્ષેત્ર છે. અનેક વિદેશી ગ્રુપો હોસ્પિટાલિટી વ્યવસાયમાં ભારતમાં રોકાણ કરી રહ્યા છે. ભારતમાં હોસ્પિટાલિટી ક્ષેત્રે ૨ લાખથી વધુ વ્યવસાયિકોની દર વર્ષે માંગ છે, જેની સામે માત્ર ૧૮ હજાર હોસ્પિટાલિટી ગ્રેજ્યુએટ ઉપલબ્ધ થઈ રહ્યા છે. હોસ્પિટાલિટી ક્ષેત્રમાં કુશળ બુદ્ધિપ્રતિભાની માંગ રહી છે. આ ક્ષેત્રમાં હોટલ ઓપરેશન અને તેનું મેનેજમેન્ટ અગત્યનું હોય છે. સાથોસાથ હોટલ સાથે જોડાયેલ રેસ્ટોરન્ટ પણ એટલું જ મહત્ત્વનું હોય છે. હોસ્પિટાલિટી ક્ષેત્રે ૨૪ કલાક ગ્રાહકોને સેવા આપવા માટે તત્પર રહેવું પડે છે. હોસ્પિટાલિટી અથવા હોટલ મેનેજમેન્ટ સ્નાતક અભ્યાસક્રમમાં ચાર બાબતોનો સમાવેશ થાય છે.

૧. ફુડ પ્રોડક્શન - જ્યાં ભોજન તૈયાર થાય છે.

૨. ફુડ એન્ડ બેવરેજ સર્વિસ - જ્યાં રેસ્ટોરન્ટ અથવા ઓફિસ કેફેટેરિયામાં અતિથિઓની જરૂરિયાત પૂરી કરવામાં આવે છે.

૩. ફ્રન્ટ ઓફિસ - જ્યાં અતિથિના સ્વાગત સાથે હોટલમાં ઉપલબ્ધ વ્યવસ્થા વિષેની જાણકારી આપવાની હોય છે.

૪. એકોમોડેશન મેનેજમેન્ટ - જ્યાં કર્મચારીઓની જવાબદારી હોય છે કે, અતિથિઓને તેમના ઘર જેવી સહજતા ઉપલબ્ધ કરાવવામાં આવે.

હોટલને 'Commercial Hospitality'ના વ્યવસાય તરીકે ઓળખવામાં આવે છે. હોટલનું પ્રાથમિક કાર્ય જોઈએ તો જેઓ ઘરથી દૂર છે તેમને રહેવાની સગવડ પૂરી પાડવાની સાથે સાથે તેમની મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ કરવાનું છે. આ ઉપરાંત વ્યવસાયિક કારણોસર મિટિંગ્સ, કૉન્ફરન્સીઝનું આયોજન હોટલમાં થાય છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં આપણે ત્યાં હોટલ ઉદ્યોગમાં જબરદસ્ત પ્રગતિ થઈ છે. આપણા અર્થતંત્ર/અર્થનીતિમાં આવેલ પરિવર્તનની વિધાયક અસર આ વ્યવસાય પર પડી છે.

અભ્યાસક્રમો :

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા 'નેશનલ કાઉન્સિલ ફૉર હોટલ મૅનેજમેન્ટ ઍન્ડ કેટરિંગ ટેક્નૉલોજી' (NCHMCT)ની સ્થાપના વ્યવસાયિકોની તાલીમ આપવા કરવામાં આવી છે. આ NCHMCT એક સંયુક્ત પ્રવેશપરીક્ષા લે છે અને આ પ્રવેશપરીક્ષા દ્વારા ત્રણ વર્ષના ''બૅચલર ઑફ સાયન્સ પ્રોગ્રામ ઈન હૉસ્પિટાલિટી ઍન્ડ હોટલ એડ્મિનિસ્ટ્રેશન''ના કોર્સમાં પ્રવેશ મળે છે. આ અભ્યાસક્રમ અમદાવાદ, બૅંગલોર, જયપુર, મુંબઈ, દિલ્હી, ગોવા સહિત 24 જેટલાં સ્થળોએ ગવર્નમેન્ટ સ્પોન્સર્ડ હોટલ મૅનેજમેન્ટ સંસ્થાઓમાં ચાલે છે. ગાંધીનગર ખાતે પણ આ ઈન્સ્ટિટ્યૂટની શાખા છે જ. **www.nchmct.org** પરથી પણ માહિતી મળી શકે છે. આ B.Sc. કોર્સમાં સંયુક્ત પ્રવેશ પરીક્ષા JEE દ્વારા પ્રવેશ મળે છે.

શૈક્ષણિક લાયકાત : અંગ્રેજી વિષય સાથે ધોરણ 12 અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

વય : 1લી જુલાઈના રોજ 22 વર્ષથી વધુ ન હોવી જોઈએ. SC/ST ઉમેદવારો માટે આ મહત્તમ વયમર્યાદા 25 વર્ષની છે.

કુલ બેઠકોની 15% બેઠકો SC ઉમેદવારો માટે અને 7.5% બેઠકો ST ઉમેદવારો માટે અનામત છે.

આ વર્ષમાં 10 + 2ની પરીક્ષા આપી રહેલા મિત્રો પણ અરજી કરી શકે છે.

JEE-CELL, National Council for Hotel Management & Catering Technolgoy, Library Avenue, Pusa Complex, New Delhi 110 012.

Main Courses of Hospitality Institutes

Course	Institute	Period	Eligibility	Selection Procedure	Website
Bachelor of Science Program in Hospitality and Hotel Administration	IHM (30 Campus) / 15 Private Institute (Recognized : NCHMCT/IGNOU)	3 years	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
BSC in Hospitality and Hotel Administration (Specialization)	IHM (Chennai, Goa, Hydrabad, Calcutta, Mumbai)	3 years	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
MSC in Hotel Administration	IHM (Lucknow, Pusa, Chennai, Bangalore)	2 years	Graduation / Diploma in Hotel Management	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
Diploma in Food Production	IHM (8 Campus)	1 year	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in

Diploma in Food and Beverages Service	IHM (Hajipur, Jaipur, Pusa, Shimla, Shrinagar)	1 year	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
Diploma in Front Office Operation	IHM (2 Campus)	1 year	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
Diploma in House Keeping	IHM (Guwahati, Jaipur)	1 year	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
Diploma in Bakery and Confessionary	IHM (Jaipur, Shrinagar)	1 year	10+2	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
Craftsmanship Certificate Course in Food and Beverages Service	IHM (Bhubaneshwar, Goa)	1.5 years	10th Pass	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
Craft Certificate Course in Food Production and Patisserie	IHM (14 Campus)	1.5 years	10th Pass	NCHMCT JEE Entrance Exam	www.nchm.nic.in
BSC in Hospitality Studies and Catering Services	APJ Institute of Hospitality, New Mumbai	3 years	10+2	Online Test + PI	www.aih.edu.in
BSC (Hospitality Studies)	APJ Institute of Hospitality, New Mumbai	3 years	10+2	Online Test + PI	www.aih.edu.in
Bachelor of Catering Technology and Catering Arts	Usmania University, Hydrabad	3 years	10+2	All India Entrance Exam + GD + PI	www.iactchefacademy.com
BSC in Catering Science and Hotel Administration	Merit Swiss Asian School of Hotel Management, Ooty	3 years	10+2	Not Applicable	www.meritworldwide.com
BSC/BA in Hotel Management, Catering & Tourism	IIHM (6 Campus)	3 years	10+2	E-Chat + GD + PI	www.iihm.ac.in
Welcome Legionnaire Program (for Gents)	ICT Hospitality Management Institute	4.5 years	10+2	Test + PI	www.itchotels.in/itchmi/WelcomLegionnaire-programme.html
BA (Honors) Hotel Management	IHM, Aurangabad	4 years	10+2	Test + GD + PI	www.ihma.ac.in
BA (Honors) Culinary Arts	IHM, Aurangabad	4 years	10+2	Test + GD + PI	www.ihma.ac.in

૬.૧૨ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન ક્ષેત્ર (CSIR)

સપ્ટેમ્બર, ૧૯૪૨ની સાલમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક ક્ષેત્રે સંશોધનને વેગ મળે તે માટે ભારતમાં એક સંસ્થા શરૂ કરવામાં આવી. એને નામ અપાયું કાઉન્સિલ ઓફ સાયન્ટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ. આ સંસ્થાનો એ ઉદ્દેશ રહ્યો છે કે, તેના દ્વારા સમગ્ર દેશમાં જાતજાતની લોકોપયોગી શોધખોળો માટે અલગ-અલગ વિસ્તારમાં સંશોધન કેન્દ્રોની સ્થાપના કરવી. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું. એ સમયે આ સંસ્થાને ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની સીધી દેખરેખ હેઠળ મૂકવામાં આવી. આજે આ સંસ્થાની રાહબરી હેઠળ જમ્મુ-કાશ્મીરથી લઈને ચેન્નાઈ સુધી, આસામથી લઈને ભાવનગર સુધી સમગ્ર દેશમાં ઓગણચાલીસ સંશોધન સંસ્થાઓ તથા અન્ય કેન્દ્રો કામગીરી કરી રહ્યા છે.

આઝાદી બાદ ખૂબ જ ટૂંકાગાળામાં ભાવનગર ખાતે સેન્ટ્રલ સોલ્ટ, બેંગ્લોરમાં નેશનલ એરોસ્પેસ લેબોરેટરી, ગોવામાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓશનોગ્રાફી વગેરે સંશોધનકાર્ય કરતી સંસ્થાઓની સ્થાપના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની રાહતબરી હેઠળની કામગીરી કરતી CSIR સંસ્થા દ્વારા થઈ. હવે કોઈપણ એક સંસ્થા શરૂ થાય એટલે એમાં કામગીરી કરવા માટે અનેક પ્રકારના માણસોની જરૂર ઉભી થાય. આમાં સામાન્ય મજુરથી માંડીને ટેકનોલોજીના નિષ્ણાત હોય એવા તજજ્ઞોનો સમાવેશ થાય છે. આમ, તે દરેક સંશોધન સંસ્થાઓ સ્વાયત્ત સંસ્થાઓ છે. પણ તે ભારત સરકારના CSIRના નિયંત્રણ હેઠળ ગણાય છે. આ સંસ્થા માત્ર કેન્દ્ર કે રાષ્ટ્રીય પ્રયોગશાળાઓનું નિયમન જ કરે છે એવું નથી, એ પોતે પણ સંશોધનક્ષેત્રે કામગીરી કરી રહી છે.

રાષ્ટ્રીય નીતિ અને ઉજ્જવળ ભવિષ્યની તરફ મીટ માંડીને, નિકાસને પ્રોત્સાહન મળે, દેશમાં ઉત્પાદન વધારી શકાય અને આયાતનું પ્રમાણ ઘટાડી શકાય, દેશમાં બનાવવામાં આવેલી વસ્તુની ગુણવત્તા જળવાઈ રહે અને કિંમત ઓછી રહે, ઉર્જાના

પરંપરાગત અને બિનપરંપરાગત સ્રોતોનો ઉપયોગ થઈ શકે, નકામી વેડફાતી ચીજો ફરી ઉપયોગમાં લઈ શકાય, નવી નવી ટેકનોલોજીનો, નવી નવી પદ્ધતિઓનો વિકાસ થાય એ માટેનું સંશોધનકાર્ય આ સંસ્થાની રાહબારી હેઠળ થાય છે. ટેકનોલોજીના વિકાસ ઉપરાંત આ સંસ્થા દ્વારા દેશના ઉદ્યોગોને જરૂરી જાણકારી પુરી પાડવામાં આવે છે.

આ સંસ્થાના દિલ્હીમાં આવેલા મુખ્ય મથકના ટેકનોલોજી યુટીલાઈઝેશન ડિપાર્ટમેન્ટ (TUD) દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતી જાણકારી સેવાઓનું આયોજન કરવામાં આવે છે. ટેકનોલોજીનો ઉપયોગ યોગ્ય રીતે થાય તે માટે અલગ અલગ વિભાગ છે, જે TUD તરીકે ઓળખાય છે. આ વિભાગ દ્વારા દેશભરમાં દસ જેટલાં પોલીટેકનોલોજી ટ્રાન્સફર સેન્ટર ચલાવવામાં આવે છે. એક જગ્યાએ ઉપયોગમાં લેવાયેલી ટેકનોલોજીનો બીજી જગ્યાએ પણ ઉપયોગ થઈ શકે તેમ હોય ત્યારે આવા કેન્દ્રની મદદથી ટેકનોલોજીની જાણકારી મળે છે. ટેકનોલોજીનો ઉપયોગ થાય તે વિભાગમાં પેટન્ટ વિભાગ પણ છે. અહીં પેટન્ટ અરજીઓની દરખાસ્તો આવે છે. અરજીની ચકાસણી કરીને પછી પેટન્ટ આપવામાં આવે છે. આ સંસ્થાની પ્રયોગશાળાઓ ઉદ્યોગો સાથે ટેકનોલોજીના નિષ્ણાતો તેમજ નાણાંકીય સહયોગથી કામ કરે છે. CSIR ન્યુ દિલ્હી હસ્તકની બધી જ રાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓ આધુનિક સાધનો, યંત્રસામગ્રી અને કુશળ તજજ્ઞોથી સુસજ્જ છે. તેથી બહારના ઉદ્યોગોનું પરીક્ષણ અને પૃથક્કરણ અંગેનું કામ કરી આપવા માટે પણ તે સમર્થ છે. કેટલાક એકમો એવા હોય છે કે જેમાં તાલીમની જરૂર રહે છે. ટેકનોલોજી અંગેની વિશિષ્ટ તાલીમ મેળવવા માટેની સગવડો પણ આ સંસ્થાની પ્રયોગશાળાઓમાં છે.

CSIRના નેજા હેઠળ ઘણાં સામયિકોનું પ્રકાશન થાય છે. વિજ્ઞાનની વાત સામાન્ય જન સમાજ સુધી સરળતાથી પહોંચી શકે તેવા તેમજ સંશોધનને લગતાં જુદી જુદી વિગતોના સામયિકો પ્રગટ કરવામાં આવે છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો વ્યવહારમાં ઉપયોગ થાય તો જ લોકોને એનો લાભ મળી શકે. વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવા માટે નવા નવા સંશોધનો અને તેના ઉપયોગો અંગેના સચિત્ર લેખો લોકો સમજી શકે એવી સરળ ભાષામાં આ સંસ્થા દ્વારા જુદી જુદી ત્રણ ભાષામાં પ્રગટ થાય છે : (૧) સાયન્સ રિપોર્ટર-અંગ્રેજી માસિક, (૨) વિજ્ઞાન પ્રગતિ-હિન્દી માસિક, (૩) સાયન્સ કી દુનિયા-ઉર્દૂ ત્રિમાસિક. આ પ્રકાશનો અંગેની વિશેષ માહિતી મેળવવા માટે સિનિયર સેલ્સ એન્ડ ડીસ્ટ્રીબ્યુશન ઓફિસર, પબ્લિકેશન્સ એન્ડ ઈન્ફર્મેશન ડાયરેકટર, CSIR, હિલ સાઈડ રોડ, ન્યુ દિલ્હી-૧૨ને અંગ્રેજી અથવા હિન્દીમાં લખવાથી મળી શકે છે. આ ઉપરાંત, વિજ્ઞાનને લગતાં જુદા જુદા વિષયોના પુસ્તકોનું પ્રકાશન પણ સમયાનુસાર થતું રહે છે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરતી યુવાપ્રતિભાને સંશોધનકાર્ય માટે પ્રોત્સાહન મળી રહે એ હેતુથી સી.એસ.આઈ.આર. યંગ સાયન્ટીસ્ટ એવોર્ડ આપે છે. આ ઉપરાંત, સી.એસ.આઈ.આર. સાથે સંકળાયેલી સંસ્થામાં રહીને સંશોધન કરનારા વિદ્યાર્થીઓને આ સંસ્થા દ્વારા જુનિયર રિસર્ચ ફેલોશીપ અને સિનિયર રિસર્ચ ફેલોશીપ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જેમાં બેથી ત્રણ વર્ષના સમયગાળા માટે સંશોધન કરનારને નિયમિત રીતે દર મહિને ચોક્કસ રકમ મળતી રહે છે. એવી જ રીતે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કર્યા પછી આગળ સંશોધન કાર્ય કરનારને પ્રોત્સાહન મળી રહે એ માટે પોસ્ટ ડોકટરલ ફેલોશીપ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આધુનિક શોધખોળોમાં મોખરે રહેવામાં આ સંસ્થા પ્રેરકબળ પૂરું પાડનારી છે.

સી.એસ.આઈ.આર.ની સિદ્ધિઓ :

- ભારતમાં સૌપ્રથમ ડીએનએ ફિંગરપ્રિન્ટની શરૂઆત કરી.
- કુદરતી રીતે વાંસમાં વીસ વર્ષે ફુલ આવે તેની જગ્યાએ અઠવાડિયામાં ફુલ એવા તેવા વાંસની જાત વિકસાવી.
- અઠવાડિયે એક જ વાર લેવી પડે તેવી કુટુંબ નિયોજનની સ્ટેરોઈડ વગરની ગોળી 'સહેલી' શોધ કરી.
- મોલેકયુલર ડિસ્ટીલેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને દેશની સો વર્ષ જૂની દિગ્બોઈ રિફાઈનરી રીનોવેટ કરી.
- ચૌદ જણ બેસી શકે તેવા 'સારસ' વિમાનની રચના કરી.
- હળદર અને લીમડાના ગુણોની અમેરીકન પેટન્ટને સફળતાપૂર્વક ચેલેન્જ કરી. વિકસતા દેશોમાં, પેટન્ટમાં, પ્રથમ ત્રણના ક્રમમાં સ્થાન મેળવ્યું. યુએસ પેટન્ટમાં મોખરાના સ્થાને રહી.

કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા અભ્યાસની સાથોસાથ દેશના યુવાનો વ્યવસાયિક કારકિર્દી ઘડી શકે તે માટે વર્ષ ૨૦૧૨-૧૩ માટે દેશની કુલ ૪૩૨ કોલેજો માટે રૂા. ૭,૧૩૨ લાખ, વર્ષ ૨૦૧૩-૧૪ માટે રૂા. ૧૦,૩૭૨ લાખ તથા વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂા. ૧૩,૪૦૦ લાખ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વ્યવસાયિક અભ્યાસક્રમોનો ફાયદો થાય તે માટે ૧૩ કોલેજોમાં વર્ષ ૨૦૧૨-૧૩ માટે રૂા. ૨૧૬ લાખ, વર્ષ ૨૦૧૩-૧૪ માટે રૂા. ૩૪૬ લાખ તથા વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂા. ૪૫૬ લાખની ફાળવણી કરવામાં આવી હતી. હાલની કેન્દ્રની ભાજપ સરકારે શિક્ષણ માટે નાણાંકીય ફાળવણીમાં કાપ મૂકીને ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણથી વંચિત રાખવાનો પ્રયત્ન શરૂ કરી દીધો છે.

૭. સંરક્ષણ ક્ષેત્રે આગવી કારકિર્દી

૭.૧ ઈન્ડિયન આર્મી - 10 + 2 ટેક્નિકલ એન્ટ્રી સ્કીમ

ધોરણ 12 (સાયન્સ) 70% સાથે પાસ થયેલા માટે એક કાંકરે બે પક્ષી મારવા જેવી વાત.

ભારતીય લશ્કરી દળોમાં જોડાવાની એક વધુ તક આપને જણાવીએ. જેઓ ધોરણ 12 (ફિઝિક્સ-કેમિસ્ટ્રી-મૅથ્સ) વિજ્ઞાન વિષયો સાથે અને ઓછામાં ઓછા 70% માર્ક્સ સાથે પાસ થયા છે, તેમને માટે આ તક બહુ જ મહત્ત્વની છે. આ કોર્સ અંતર્ગત આપને એન્જિનિયરિંગ ડિગ્રી પણ મળે છે અને તાલીમ પૂરી થતાં જ લેફટનેન્ટની રૅન્ક અને તે પદ પર મળતાં પગાર-ભથ્થાં તો ખરાં જ. આમ, જેઓને એન્જિનિયર બનવાનું સ્વપ્ન છે અને આર્મીમાં જોડાઈને કાર્ય કરવાની ધગશ પણ છે, એવા મિત્રો માટે 'એક કાંકરે બે પક્ષી' મારવા જેવી આ વાત છે. **એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા બાદ નોકરી કે કામ શોધવાની ફિકર પણ નહીં.**

કોણ અરજી કરી શકે ? ઈન્ડિયન આર્મીમાં ટેક્નિકલ એન્ટ્રી (10 + 2 સ્કીમ) અંગેની જાહેરાત વર્ષમાં બે વાર એપ્રિલ અને ઑક્ટોબર માસ દરમિયાન આવે છે. અપરિણીત પુરુષ નાગરિક જ અરજી કરી શકે. **વય :** સાડાસોળથી સાડાઓગણીસ વર્ષ વચ્ચે હોવી જોઈએ.

શિક્ષણ : ધોરણ 12 (ફિઝિક્સ, મૅથ્સ, કેમિસ્ટ્રી વિષયો સાથે) અને ઓછામાં ઓછા 70% માર્ક્સ સાથે પાસ હોવા જોઈએ.

પસંદગીની પ્રક્રિયા :

પ્રાપ્ત થયેલા એપ્લિકેશનમાંથી ચૂંટેલા ઉમેદવારોને જ SBS (સર્વિસ સિલેકશન બોર્ડ)ના ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. આ SBS ઈન્ટરવ્યૂ અંગેની માહિતી નીચે મુજબ છે.

- PSYCHOLOGICAL TESTS
- GROUP TESTING OFFICER'S TEST
- PRESIDENT'S INTERVEIWS
- PILOT APTITUTDE TEST

SSB ઈન્ટરવ્યૂનો ગાળો 5 દિવસનો રહેશે.

સમગ્ર તાલીમનો ખર્ચ - પુસ્તકો - વાચનસામગ્રી, ભોજન અને પહેરવેશ સહિત - આર્મી દ્વારા કરવામાં આવશે.

કેટલીક અગત્યની વાત : આ માટેની અરજી સામાન્ય રીતે આ સરનામે મોકલવાની હોય છે :

ADG Recruiting, 10 + 2 (TES), West Block - III, R. K. Puram, New Delhi 110 066.

એપ્લિકેશન સાથે ધોરણ 10 પાસ કર્યાના સર્ટિફિકેટની પ્રમાણિત નકલ (જન્મતારીખની સાબિતી માટે) તથા ધોરણ 12ની માર્કશીટની / સર્ટિફિકેટની પ્રમાણિત નકલ (શૈક્ષણિક લાયકાતની સાબિતી અર્થે) જરૂર મોકલવા.

ઉત્તમ નોકરી - ઉત્તમ પગાર - સાથે દેશસેવા તો ખરી જ.

૭.૨ સંરક્ષણ ક્ષેત્રે એરમેનની કારકિર્દી

રાષ્ટ્રની સલામતી વિશે અભ્યાસપૂર્ણ દૃષ્ટિબિંદુ વ્યક્ત કરતાં કેન્દ્ર સરકારે દ્વારા સંરક્ષણ બજેટમાં ૩૪%નો વધારો કરતાં જણાવ્યું કે, યુદ્ધ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવી અને તેને વધારવી એ રાષ્ટ્ર માટે અનિવાર્ય બાબત છે. ભારતની નીતિ હંમેશાં સંરક્ષણાત્મક રહી છે. આપણે કોઈ દેશ પર હુમલો કરવાની મેલી મુરાદ ન ધરાવીએ પરંતુ હુમલા સામે રક્ષણ થઈ શકે તે માટે પણ મજબૂત, વિશાળ અને અદ્યતન શસ્ત્રસરંજામથી સજ્જ એવું સૈન્ય અનિવાર્ય છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં યોજાતા ભરતી મેળાઓમાં અસંખ્ય ઉમેદવારો ઊમટી પડે છે. પરંતુ માત્ર સૈનિક ક્લાસમાં જ જોડાય એટલું પૂરતું નથી. NDA તેમજ CDSC અને અન્ય ડાયરેક્ટ એન્ટ્રી સ્કીમ દ્વારા ઑફિસર (લેફ્ટેનન્ટ કેડર)માં જોડાય તે માટે સહિયારા પરિણામસભર પ્રયત્નો જરૂરી છે.

રિટાયર્ડ કર્નલ શ્રી પ્રકાશ વિશ્વે પ્રસિદ્ધ કરેલ પુસ્તક Career in The Army, Navy and Air Force માં જણાવ્યા અનુસાર ભારતીય સૈન્યમાં આશરે ૪૦ થી ૪૫ પ્રકારે એન્ટ્રી મળી શકે છે. જ્યાં તબીબી ક્ષેત્ર, એન્જિનિયરિંગ ક્ષેત્ર, કાયદા ક્ષેત્રના વિશેષજ્ઞોથી માંડીને ક્લાર્ક, પટાવાળા કે ચોકીદાર સુધીની જગ્યાઓ પર કારકિર્દીની તક મળે છે, પરંતુ જરૂર હોય છે દેશદાઝની, નિશ્ચિત થયેલાં શારીરિક ધોરણો - શૈક્ષણિક લાયકાતો વગેરેને પુરવાર કરવાની.

ભારતીય હવાઈ દળના મુખ્યતઃ ત્રણ વિભાગ છે. (૧) ફ્લાઈંગ બ્રાંચ (૨) ટેકનિકલ બ્રાંચ (૩) ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાંચ

એરફોર્સમાં પણ ઑફિસર કેડરમાં એનસીએ અથવા સીડીએસઈ અથવા યુનિવર્સિટી એન્ટ્રી સ્કિમ (બહેનો માટે સ્પેશ્યલ વુમન્સ એન્ટ્રી સ્કિમ) દ્વારા ભરતી થાય છે. પરંતુ એરમેન એટલે કે વાયુ સૈનિકમાં ભરતી થવા માટે બે પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવે છે.

www.careerairforce.nic.in

૭.૩ નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં પ્રવેશ

નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એ ભારતીય નૌકાદળ દ્વારા સંચાલિત લોનાવાલા ખાતે આવેલી સંસ્થા છે. આ કોલેજ સમગ્ર એશિયા ખંડની શ્રેષ્ઠ એન્જિનિયરીંગ કોલેજ ગણાય છે. આ કોલેજમાં ભારતીય નૌકાદળની મરીન, એરોનોટીકલ, ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનિક એન્જિનિયરીંગ તથા નેવલ આર્કિટેકચરની બ્રાન્ચ માટે ઓફિસરોને તૈયાર કરવામાં આવે છે. શ્રેષ્ઠ શિક્ષણની સાથોસાથ શિસ્ત, રમતગમત, ઈતર પ્રવૃત્તિઓ તેમજ વ્યાવસાયિકતા આ બધા જ ક્ષેત્રોમાં આ કોલેજ આગવું સ્થાન ધરાવે છે.

સ્વિમીંગ, રાઈડીંગ, ગોલ્ફ જેવી રમત રમવાની તમામ સુવિધાઓ તેમજ સાહસવીરો માટે પર્વતારોહરણ, હોટ એર બલુનિંગ, રીવર રાફટીંગ, વિન્ડ સર્ફીંગ વિગેરે જેવી સાહસિક રમતો શીખવાની તક પણ નૌકાદળના ખર્ચે તમને મળી શકે છે. આ કોલેજમાં એડમિશન મેળવનાર તમામ વિદ્યાર્થીઓને સમગ્ર કોર્સ દરમ્યાન પુસ્તકો, રહેવા-જમવા, કપડાં સહિતનો તમામ ખર્ચ ભારતીય નૌકાદળ દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત કોર્સ પૂર્ણ થયા બાદ જોબ ગેરંટી પણ ખરી. તો આ કોલેજની પ્રવેશ લાયકાત અને પ્રવેશ પદ્ધતિ વિષે જાણકારી મેળવી લઈએ.

પ્રવેશ લાયકાત :-

(૧) ધોરણ-૧૨માં મેથ્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો હોવા જરૂરી છે. (એ અથવા એબી ગ્રુપ)

(૨) ધોરણ-૧૨માં આ ત્રણ વિષયોની ટકાવારી ૭૫% કે તેથી વધુ હોવી જરૂરી છે.

(૩) ધોરણ-૧૦ કે ધોરણ-૧૨માં અંગ્રેજીમાં ઓછામાં ઓછા ૫૦ ગુણ હોવા જરૂરી છે.

(૪) ૧૬.૫થી ૧૯.૫ વર્ષની વચ્ચેની ઉંમર હોવી જરૂરી છે.

પરીક્ષા પદ્ધતિ :-

નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગની વર્તમાનપત્રોમાં જાહેરાત આવે છે. આ જાહેરાતોમાં છપાયેલા અરજીપત્રકને વ્યવસ્થિત રીતે ભરીને નિયત કરેલ તારીખ સુધીમાં તેમાં દર્શાવેલા સરનામે પહોંચાડવાનું હોય છે.

આ અરજીપત્રકો પૈકીના કેટલાક ઉમેદવારોને ભોપાલ અથવા બેંગ્લોર ખાતે સર્વિસ સિલેકશન બોર્ડ સમક્ષ રૂબરૂ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. સતત પાંચ દિવસ સુધી અલગ-અલગ પ્રકારની પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને મેરીટ મુજબ ટ્રેનિંગ માટેનો ઓર્ડર આપવામાં આવે છે. આમ, પ્રવેશ કામગીરી પ્રમાણમાં અઘરી છે, પરંતુ પસંદગી પામનાર વિદ્યાર્થીની લાઈફ સ્ટાઈલ બદલી જાય છે એ પણ હકીકત છે.

પ્રવેશ મેળવ્યા બાદ :-

ટ્રેનિંગ મો સિલેક્ટ થનાર વિદ્યાર્થીઓને પ્રારંભમાં છ માસ નેવલ એકેડેમી, ગોવા ખાતે નેવલ ઓરિએન્ટેશન કોર્સ એટેન્ડ કરવાનો રહેશે અને ત્યારબાદ નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, લોનાવાલા ખાતે ૪ વર્ષનો ડિગ્રી એન્જિનિયરીંગનો અભ્યાસ કરવાનો રહેશે. અહીં વિદ્યાર્થીઓને જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીની બી.ટેક.ની ડિગ્રી મળે છે અને ભારતીય નૌકાદળમાં ટેકનિકલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

આ અભ્યાસક્રમની કેટલીક વિશેષ વાત :-

(૧) અહીં શિસ્ત અને અભ્યાસની નિયમિતતા અનિવાર્ય હોવાથી ચાર વર્ષના અભ્યાસગાળા દરમ્યાન દર છ માસે વિદ્યાર્થીને ત્રણ અઠવાડિયાની ફિક્સ એક સાથે જ રજા આપવામાં આવે છે. તે રજાઓમાં વિદ્યાર્થીઓ પોતાના ઘરે જઈ શકે છે.

(૨) અભ્યાસક્રમના સાડા ત્રણ વર્ષ બાદ અભ્યાસની સાથોસાથ દર મહિને રૂા. ૮,૦૦૦/- જેટલું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

(૩) ચાર વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૫૦૦/-ના સ્ટાર્ટીંગ પગારથી સર્વિસ આપવામાં આવે છે અને ત્યારબાદ નિયમોનુસાર પગાર વધતો જ રહે છે.

(૪) પગાર ઉપરાંત સમગ્ર દેશમાં લીલ ટ્રાવેલ કન્સેશનનો લાભ, પોતાના માટે તથા પોતાના કુટુંબ માટે ફ્રી મેડીકલ સર્વિસ, પ્રતિવર્ષે ૬૦ દિવસની રજાઓ ઉપરાંત ૨૦ પરચૂરણ રજાઓ એટલે કે વાર્ષિક પોણા ત્રણ માસની રજાઓ જેવા સંખ્યાબંધ લાભો મળે છે.

૭.૪ ઈન્ડિયન આર્મીમાં એન્જિનિયર

રાષ્ટ્રપ્રેમ ધરાવતી કોઈપણ વ્યક્તિ માટે પોતાના દેશની સુરક્ષા સર્વોપરી હોય છે. દેશની સુરક્ષા માટે નવી નવી ટેકનોલોજીનું સંશોધન કરવું અને તેનું આર્મીમાં ઈમ્પ્લીમેન્ટેશન કરવું એ સાયન્સ લાઈનમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી આર્મીની અપેક્ષા હોય છે, તેથી એન્જિનિયરીંગની ખાસ કોલેજો આર્મી વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે. આ કોલેજોમાં એડમિશન મેળવવું એટલે દેશની સેવા કરવાનો ઉત્તમ અવસર પામવો સાથોસાથ એન્જિનિયર બનવાનું સ્વપ્ન સાકાર કરવું અને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ

નોકરી મેળવવા માટે કોઈ જગ્યાએ ફાંફાં મારવાની ઝંઝટમાંથી ૧૦૦% મુક્તિ, કારણ કે અહીં એન્જિનિયરીંગ પૂર્ણ થતાંની સાથે જ નોકરીનો ઓર્ડર તૈયાર હોય છે.

પ્રવેશ લાયકાત :-

(૧) ધોરણ-૧૨માં મેથ્સ, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષયો હોવા જરૂરી છે. (એ અથવા એબી ગ્રુપ)

(૨) ધોરણ-૧૨માં આ ત્રણ વિષયોની ટકાવારી ૭૦% કે તેથી વધુ હોવી જરૂરી છે.

(૩) ધોરણ-૧૦ કે ધોરણ-૧૨માં અંગ્રેજીમાં ઓછામાં ઓછા ૫૦ ગુણ હોવા જરૂરી છે.

(૪) ૧૬.૫થી ૧૯.૫ વર્ષની વચ્ચેની ઉંમર હોવી જરૂરી છે.

પ્રવેશ લાયકાત :-

ઈન્ડિયન આર્મીમાં ટેકનીકલ એન્ટ્રી અંગેની જાહેરાત વર્તમાનપત્રોમાં વર્ષમાં બે વખત આવતી હોય છે. જેના અનુસંધાને વિદ્યાર્થીએ પ્રવેશ પરીક્ષા માટેની અરજી કરવાની હોય છે. ત્યારબાદ સર્વિસ સિલેક્શન બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને રૂબરૂ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. સતત પાંચ દિવસ સુધી ચાલનારા આ ઈન્ટરવ્યુમાં સફળ થનાર ઉમેદવારોને ગુણવત્તા યાદીને આધારે ટ્રેનિંગનો લેટર આપવામાં આવે છે.

૭.૫ ગર્લ્સ : આર્મી ઓફિસર તરીકે

આર્મીમાં બહેનોની ભરતી કરવાનો નિર્ણય લેવાતાં સાહસિક યુવતીઓ મોટા પ્રમાણમાં આર્મીમાં જોડાઈ રહી છે. બહેનોને આર્મીમાં ઓફિસર તરીકે નિમણુંક આપવામાં આવે છે. બહેનોને લશ્કરી જવાનોની માફક યુદ્ધ મોરચે લડવા જવાનું કે સીયાચીન જેવી બર્ફીલી પહાડી સરહદો પર પેટ્રોલિંગ માટેનું કાર્ય કરવાનું હોતું નથી. બહેનોને આર્મી હેડક્વાર્ટર અથવા બ્રિગેડ હેડ ક્વાર્ટરની વહીવટી જગ્યાઓ પર પોસ્ટીંગ આપવામાં આવે છે. એન્જિનિયરીંગમાં સ્નાતક થયેલ બહેનોને એન્જિનિયરીંગ રેજીમેન્ટમાં પોસ્ટીંગ અપાય છે.

બહેનો માટે આર્મીમાં ઓફિસર તરીકે બે રીતે પસંદગી કરવામાં આવે છે.

(૧) ટેકનીકલ એન્ટ્રી સ્કીમ :

(૧) B.E./B.Tech. (ઈલેક્ટ્રોનિક, ટેલિકોમ, મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સિવિલ પૈકી કોઈપણ બ્રાન્ચમાં), B.Arch., B.Sc. સાથે પસાર કરેલ હોય તેવા બહેનોને જ આ સ્કીમ હેઠળ અરજી કરવાની હોય છે.

(૨) આ સ્કીમ હેઠળ જોડાવા ઈચ્છતી બહેનોને ટકાવારીનું કોઈ ધોરણ લાગુ પડતું નથી. એન્જિનિયરીંગના પાસિંગ માર્ક્સ મળ્યા હોય તો પણ અરજી કરી શકાય છે.

(૨) નોન ટેકનીકલ એન્ટ્રી સ્કીમ :

(૧) B.A., B.Com., B.B.A., B.Sc. સાથે પસાર કરેલ હોય તેવી બહેનો આ સ્કીમ હેઠળ જોડાઈ શકે છે.

(૨) સ્નાતક પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ ધરાવતી બહેનો જ અરજી કરી શકશે.

N.C.C.ની સર્ટીફીકેટ બી-ગ્રેડ સાથે મેળવેલ હોય તો ૧૦%ની છૂટ આપવામાં આવે છે.

(૩) માસ્ટર ડિગ્રીમાં ૫૦% ગુણ મેળવનાર વિદ્યાર્થી બહેનો અરજીને પાત્ર છે.

બંને સ્કીમ હેઠળ નીચેની બાબતો સામાન્ય રહેશે :

(૧) વય મર્યાદા : ઉમેદવારોની વય ૧૯થી ૨૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ.

(૨) શારીરિક યોગ્યતા : ઊંચાઈ ઓછામાં ઓછી ૧૫૨ સેમી અને વજન ૪૨ કિ.ગ્રા.

(૩) પગારધોરણ : માસિક ૧૮થી ૨૦ હજારનો પ્રારંભિક પગાર આપવામાં આવે છે.

(૪) અન્ય લાભો :

(અ) વર્ષમાં ૬૦ દિવસની હક્ક રજા + ૨૦ દિવસની કેઝ્યુઅલ લીવ.

(બ) વિવિધ પ્રકારના એલાઉન્સીસ

(ક) વીમાની મુસાફરીમાં ૫૦% કન્સેશન

(ડ) નોકરીના સાત વર્ષ અથવા ૩૭ વર્ષની વય બેમાંથી જે વહેલું પૂર્ણ થતું હોય તે ગણીને સ્વૈચ્છિક નિવૃત્તિની તક.

(૫) પસંદગીની પ્રક્રિયા :

એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં પ્રતિવર્ષ જૂન-જુલાઈમાં ખાસ જાહેરાત આવે છે. સામાન્ય રીતે જાહેરાતમાં જ અરજીપત્રકનો નમૂનો આપેલો હોય છે.

ભરેલું ફોર્મ મોકલવાનું સરનામું :

Additional Directorate General Recruiting (Women Entry Section)

West Block, 3, R.K.Puram, New Delhi - 110 066.

નિયત સમયગાળામાં અરજી કરનારે અલ્હાબાદ, ભોપાલ અથવા બેંગ્લોર ખાતે સાયકોલોજી અને ગ્રુપ ટેસ્ટ માટે બોલાવવામાં આવે છે. ત્યારબાદ મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવે છે. આ બંને તબક્કામાંથી સફળ થનાર યુવતીઓનું મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવે છે. ફીટનેસ ટેસ્ટમાંથી પસાર થનાર યુવતીઓને નિમણુંક આપવામાં આવે છે.

૭.૬ નેશનલ ડીફેન્સ એકેડમી NDAમાં પ્રવેશ

લશ્કરની ત્રણેય પાંખ આર્મી, નેવી અને એરફોર્સમાં ઓફિસર બનવા માટે તમારે નેશનલ ડીફેન્સ એકેડમી(NDA)ની પરીક્ષા પાસ કરવી પડે છે. આ પરીક્ષા UPSC દ્વારા વર્ષમાં બે વખત લેવામાં આવે છે. રોમાંચક, સાહસપૂર્ણ અને ગૌરવપ્રદ કારકિર્દી ઘડવા માંગતા તેજસ્વી વિદ્યાર્થીઓને NDAમાં જોડાવાનો વિચાર કરવો જ જોઈએ.

આર્મી, નેવી અને એરફોર્સ ત્રણ વીંગ પૈકી નેવી અને એરફોર્સ માટે સાયન્સ લાઈન હોવી જોઈએ, કારણ કે આજના સમયમાં એરફોર્સ અને નૌકાદળને અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ કરવામાં આવેલ છે. અદ્યતન ટેકનોલોજી ધરાવતા શસ્ત્રો, રડાર, કોમ્પ્યુટરાઈઝડ પ્લેન, જહાજો વિગેરેનું ટેકનીકલ નોલેજ ધરાવતા કુશળ એન્જિનિયરો તૈયાર કરવાનું અને ત્યારબાદ તેમને ઓફિસર બનાવવાનું કાર્ય NDA દ્વારા થાય છે. આથી, આ ક્ષેત્રમાં સાયન્સના ટેલેન્ટેડ યુવાનોની તીવ્ર માંગ રહે છે.

NDAની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પૂણે નજીક ખડકવાસલા ખાતે NDA દ્વારા ઉભા કરાયેલા વિશાળ અને અતિરમણીય કેમ્પસમાં રહીને તાલીમ મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. તાલીમ દરમ્યાન એન્જિનિયરીંગનું હાઈફાઈ એજ્યુકેશન ઉપરાંત ઓફિસર ટ્રેનીંગ પણ આપવામાં આવે છે. આમ, ટ્રેનીંગ પૂર્ણ થતાની સાથે જે શાખામાં પ્રવેશ મેળવ્યો હોય તે શાખાના સ્નાતકની ડિગ્રી મળે છે. સાથોસાથ એક ઉચ્ચકક્ષાના ઓફિસરની કાબેલિયત પણ પ્રાપ્ત થાય છે. તાલીમ પૂર્ણ થયે નોકરીની ૧૦૦% ગેરંટી છે. તાલીમ દરમ્યાન રહેવા, જમવા, પુસ્તકો, અભ્યાસ વિગેરેનો તમામ ખર્ચ સરકાર તરફથી આપવામાં આવે છે. આવી તક પ્રારબ્ધ અને પુરુષાર્થનો સમન્વય થાય ત્યારે જ મળે છે.

પ્રવેશ લાયકાત :-

(૧) એરફોર્સ અને નેવી આ બે વિંગ માટે ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ જ પ્રવેશપાત્ર છે. (૨) ધોરણ-૧૨ સાયન્સ મેથ્સ અને ફીઝીક્સ વિષયો સાથે પાસ કરેલું હોવું જોઈએ. (ગુજરાતના વિદ્યાર્થીઓ માટે એ અથવા એબી ગ્રુપ હોવું જોઈએ.) (૩) ધોરણ-૧૨ સાયન્સમાં ભણતા વિદ્યાર્થીઓ પણ ફોર્મ ભરી શકે છે. **(૪) ઉંમર** ૧૯ વર્ષ જરૂરી છે.

પ્રવેશ ફોર્મની વિગત :-

(૧) નેશનલ ડીફેન્સ એકેડેમીની જાહેરાત UPSC દ્વારા સામાન્ય રીતે એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં પ્રસિદ્ધ થતી હોય છે. NDAની જાહેરાત સામાન્ય રીતે ઓક્ટોબર-નવેમ્બરમાં આવે છે. (૨) પ્રવેશ ફોર્મ દરેક શહેરની હેડ પોસ્ટ ઓફિસમાંથી રૂા. ૨૦ ચૂકવવાથી મળે છે. જાહેરાત તથા ફોર્મની સાથેના માહિતીપત્રકનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ફોર્મ ભરવું.

The Secretary, Union Public Service Commission (UPSC), Dholpur House, Shahjahan Road, New Delhi - 110 069.

પરીક્ષા પદ્ધતિ :-

નેશનલ ડીફેન્સ એકેડેમી (NDA) એકઝામમાં કુલ બે પેપર આપવાના હોય છે : (૧) પેપર-૧ - મેથેમેટીક્સ - ૩૦૦ ગુણ - સમય-અઢી કલાક, (૨) પેપર-૨ - જનરલ એબિલીટી - ૬૦૦ ગુણ - સમય-અઢી કલાક. બંને પેપર અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં આપવામાં આવે છે. બંને પ્રશ્નપત્રો ઓબ્જેક્ટીવ પ્રકારના જ છે. દરેક પ્રશ્નની નીચે આપેલ વિકલ્પોમાંથી ખરો વિકલ્પ પસંદ કરીને દર્શાવવાનો હોય છે.

૮. ધો.૧૨ પછી નોકરી સંલગ્ન સ્પર્ધાત્મક પરીક્ષા

- **પોસ્ટલ આસિ./સોર્ટિંગ આસિ.:** આ પ્રકારની જગ્યાઓ ખાલી પડે તે સમયે વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ભરતીની પ્રક્રિયા શરૂ થાય છે. જે-તે ડિવિઝનના સુપ્રિન્ટેન્ડન્ટને અરજી કરવાની હોય છે.
  ધો.૧૨ પાસ હોય તેવા ૧૮ થી ૨૫ વર્ષના ઉમેદવારો આ માટે અરજીપાત્ર હોય છે.(SC/ST ને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની તથા OBCને ત્રણ વર્ષની છૂટ મળે છે.) ઉમેદવારે રોજગાર કચેરીમાં નામની નોંધણી કરાવેલી હોવી જરૂરી છે.
  આ ભરતીની પસંદગી ધો.૧૨ના ગુણ, કમ્પ્યૂટરનું જ્ઞાન, ટાઈપની જાણકારી, સ્પર્ધાત્મક પરીક્ષાના ગુણના આધારે થાય છે.પરીક્ષામાં સામાન્ય જ્ઞાન, બુદ્ધિચાતુર્યના પ્રશ્નો પુછાય છે.
- **સ્પેશ્યલ કલાસ રેલવે એપ્રેન્ટિસ (SCRA) :** UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા આ પરીક્ષા વર્ષમાં એક વાર અમદાવાદ કેન્દ્રમાં હોય છે.
  લાયકાત : પ્રથમ કે દ્વિતીય વર્ગ સાથે ધો.૧૨ ગણિત ઉપરાંત ભૌતિક કે રસાયણ પૈકી એક વિષય સાથે ધો.૧૨ પાસ અથવા મુખ્ય ગણિત તથા ભૌતિક કે રસાયણ વિજ્ઞાન ગૌણ વિષય સાથે B.Sc. કરેલ અથવા છેલ્લા વર્ષની પરીક્ષા દેનાર અરજીપાત્ર છે અથવા પ્રથમ કે દ્વિતીય વર્ગ સાથે પ્રથમ કે દ્વિતીય વર્ષ બી.એસ.સી. ગણિત તથા એક વિષય ભૌતિક અને રસાયણ સાથે પાસ અરજીપાત્ર છે.
  ઉમેદવારની ઉંમર પ્રવેશ વર્ષના ઑગસ્ટમાં ૧૭ થી ૨૧ વર્ષની હોવી જરૂરી છે. SC/STને પાંચ વર્ષની તથા OBCને ત્રણ વર્ષની છૂટ મળે છે.
  અંગ્રેજી માધ્યમમાં ત્રણ પ્રશ્નપત્રો હેતુલક્ષી સ્વરૂપે હોય છે. પ્રશ્નપત્ર-૧ માં જનરલ નૉલેજ અને સાયકૉલોજી ટેસ્ટ પ્રશ્નપત્ર-૨માં ફિઝિકલ સાયન્સના તથા પ્રશ્નપત્ર-૩માં કેમિસ્ટ્રીના સવાલો હોય છે.
- **LIC તથા GIC માં આસિસ્ટન્ટ :** લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પો. તથા જનરલ ઈન્સ્યોરન્સ કૉર્પોરેશનમાં આસિસ્ટંટ (સહાયક)ની ભરતી : જ્યારે જગ્યાઓ ખાલી પડે તે સમયે વર્તમાનપત્રોમાં આ માટેની જાહેરાત આવે છે.
  હિન્દીનું જ્ઞાન આવશ્યક છે.(ધો.૧૦ કે ૧૨ માં હિન્દી વિષય જરૂરી) આ જ રીતે ટાઈપિસ્ટની પણ ભરતી થાય છે.પરીક્ષા હિન્દી/અંગ્રેજીમાં હોય છે.
- **ધી શિપિંગ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા, પો.બો.નં.૯૪૨૯, મુંબઈ-૪૦૦૦૯૩**
  લાયકાત : ધો.૧૨ વિજ્ઞાનમાં ભૌતિક, રસાયણ તથા ગણિતના વિષયોમાં ૬૦% (૨૦ વર્ષથી ઓછી ઉંમર) ધરાવતા કે B.Sc. (૨૨ વર્ષથી ઓછી ઉંમરના) થયેલ ઉમેદવાર અરજીપાત્ર છે.(SC/ST ઉમેદવારને પાંચ વર્ષની છૂટ). ત્રણ માસની આ ટ્રેનિંગ દરમિયાન રૂ.૪૦ હજાર ખર્ચ આવે છે. ત્યારબાદ તેઓને ટ્રેઈની નેવિગેટિંગ ઑફિસર કેડેટ (TNOC) તરીકે શિપિંગ કૉર્પો. માં નોકરી મળે છે. આગળ જતાં માસ્ટર (કૅપ્ટન)ના પદ સુધી પહોંચી શકાય છે.
  જાહેરાત સામાન્ય રીતે માર્ચ માસમાં આવે ત્યારે અરજીપત્ર ભરવું. પરીક્ષા ડિસેમ્બર દરમિયાન દિલ્હી, મુંબઈ , કલકત્તા, ચેન્નાઈ ખાતે લેવાય છે. જેમાં અંગ્રેજી ભાષા તથા જનરલ નૉલેજ, એપ્ટિટ્યૂડના પ્રશ્નો હોય છે. ત્યારબાદ મૌખિક તથા તબીબી ટેસ્ટ હોય છે.
- **કોઈમ્બતૂર મરીન કૉલેજ :** ડી.જી.શિપિંગ,ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા દ્વારા માન્ય BE-મરીન એન્જિ.નો ચાર વર્ષનો અભ્યાસક્રમ આ કૉલેજમાં ચાલે છે. ધો.૧૨ માં ભૌતિક, ગણિત અને રસાયણમાં ૬૦ % અને અંગ્રેજીમાં ૫૦% ગુણ ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર હોય છે. Coimbatore Marine College, Coimbatore.
  વેબ: **www.coimbatororemarinecollege.com** ઈ-મેઈલ : **cmcmarine@vsnl.net**
- **ઈન્ટરનૅશનલ મેરીટાઈમ ઈન્સ્ટિટયૂટ :** પ્રી-સી ડેક કેડેટ કોર્સ માટે ૬૦% સાથે ધો.૧૨ પાસ હોય તેવા ૨૦ થી ૨૩ વર્ષની ઉંમરના ઉમેદવારો અરજીપાત્ર છે.જાહેરાત આવે ત્યારે તેમાં દર્શાવ્યા પ્રમાણે રૂ.૫૦૦ નો ડિમાન્ડ ડ્રાફ્ટ International Maritime Institute Ltd., 13,Institutional Area, Surajpur Kasna Road, Greater Noida-201306(U.P.) **Web site : http://www.imiindia.com** અંગ્રેજી છાપામાં જાહેરાત જોવા મળે છે.
- **નૅશનલ ફાયર સર્વિસ કૉલેજ નાગપુર :** ૨૪ જગ્યા માટે નૅશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુર (મહારાષ્ટ્ર) ખાતે ૩૩ અઠવાડિયાનો સબઑફિસર્સ કોર્સ થાય છે. ૨૧ અઠવાડિયા કૉલેજમાં તથા ૧૨ અઠવાડિયા દેશનાં મોટાં ફાયર સ્ટેશનોમાં ટ્રેનિંગ લેવાની હોય છે. પરીક્ષા મુંબઈ ખાતે ઑક્ટોબર માસમાં લેવાય છે. જેમાં સામાન્ય જ્ઞાન,અંગ્રેજી,સામાન્ય વિજ્ઞાન તથા ગણિતના પ્રશ્નો હશે. પ્રશ્નપત્ર હિન્દી તથા અંગ્રેજી માધ્યમમાં ધો.૧૨ ની કક્ષાના હેતુલક્ષી સ્વરૂપના હોય છે. પાસ થનાર માટે તબીબી પરીક્ષા યોજાય છે.

લાયકાત : ઉમેદવાર ધો.૧૨ પાસ ઉપરાંત હિન્દી-અંગ્રેજી બન્નેમાં વાંચવા,લખવા તથા બોલવાની ક્ષમતા ધરાવતો હોવો જરૂરી છે.૧૬૫ સે.મી.ઊંચાઈ , ૫૦ કિ.ગ્રા.વજન ,૮૧ સે.મી.છાતી તથા પાંચ સે.મી.છાતીનો ફુલાવો જરૂરી છે.૧૮થી ૨૩ વર્ષની ઉંમર જાન્યુ.માં જરૂરી છે.(SC/ST ને પાંચ વર્ષની છૂટ મળે છે.) આ અંગેની જાહેરાત જૂન-જુલાઈમાં આવે તે સમયે અરજીપત્ર ભરવું. વર્તમાનપત્રોમાં જાહેરાત આવે છે.

- **સીમા સુરક્ષા દળ(બી.એસ.એફ.) :** ધો.૧૨ પાસ ઉમેદવારોની ભરતી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (કલાર્ક)ની જગ્યા માટે થાય છે. સ્ત્રી-પુરુષ બન્ને ઉમેદવાર અરજીપાત્ર હોય છે. પગારધોરણ ઉપરાંત અન્ય ભથ્થાં તથા લાભ મળે છે. શૈક્ષણિક લાયકાત ઉપરાંત ૧૬૭.૫ સે.મી. ઊંચાઈ તથા ૮૧ સે.મી.છાતી તથા પાંચ સે.મી.છાતીનો ફુલાવો જરૂરી છે વજન ૪૩ કિ.ગ્રા. જરૂરી છે. ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની હોવી જોઈએ. લેખિત પરીક્ષા, ટાઈપિંગ સ્પીડ ટેસ્ટ તથા પર્સનલ ઈન્ટરવ્યૂ,મેડિકલ ટેસ્ટ લેવાય છે.લેખિત પરીક્ષામાં હિન્દી-અંગ્રેજી ભાષા, જનરલ આઈ.ક્યુ, ન્યૂમેરિકલ એપ્ટિટયૂડ, કલેરિકલ એપ્ટિટયૂડના હેતુલક્ષી પ્રશ્નો હોય છે. ડિસેમ્બરમાં જાહેરાત આવે છે.
- **એકચ્યુઅરી :** એકચ્યુઅરિસ્ટનું કાર્ય જુદાજુદા પ્રકારના આંકડા એકઠા કરીને તેનું પૃથક્કરણ કરી તેને સરળ અને સીધી-સાદી ભાષામાં રજૂઆત કરવાનું છે. સામાન્યતઃ વીમા કૉર્પોરેશનમાં એકચ્યુઅરિસ્ટનું કાર્ય લોકોના આયુષ્યના આંકડા,બીમાર, પડવું, વાગવું વિ. બાબતો ધ્યાનમાં લઈ તેનું પૃથક્કરણ કરી જીવન વીમાના પ્રીમિયરના દર નક્કી કરવાનું રહે છે. તેમજ મિલકતોને આગ, ભાંગફોડ,લૂંટ વિગેરેથી થતા નુકસાનના આંકડા ઉપરથી મિલકતો ઉપરના વીમાના દર નક્કી કરવાના હોય છે. વિશેષમાં સરકારી વિભાગોમાં સ્ટૉક એક્સચેન્જ વગેરે જગ્યાઓએ તેના જ્ઞાનનો ઉપયોગ થઈ શકે છે. સામાન્યતઃ શક્ય-અશક્યતાના સિદ્ધાંતને અનુસરીને પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, શેરની કિંમત, શેરમાં વ્યાજ વગેરેની ગણતરી કરી તેના દર નક્કી કરવામાં એકચ્યુઅરિસ્ટ તેના જ્ઞાનનો ઉપયોગ કરી શકે છે.એકચ્યુઅરીના વ્યવસાયમાં પ્રવેશવા ઈચ્છનાર વ્યક્તિને ખૂબ જ ઊંચા પ્રકારનું ગણિતશાસ્ત્રનું અને આંકડાશાસ્ત્રનું જ્ઞાન હોવું જરૂરી છે. વિશેષમાં તેની યાદશક્તિ ઘણી સારી હોવી જોઈએ અને ઉચ્ચ પ્રકારના પૃથક્કરણ માટે બુદ્ધિઆંક પણ ઊંચો હોવો જોઈએ. આ માટે ઘેરબેઠાં પરીક્ષા આપી શકાય. જે વર્ષમા એપ્રિલ/મે તથા સપ્ટેમ્બર /ઑક્ટોબર માસમાં યોજાય છે. જેમાં ગણિતનાં બે તથા અંગ્રેજીનું એક પેપર હોય છે. (૧) પ્રવેશ પરીક્ષા (ધો.૧૨ પછી)(૨) ગ્રુપ 'એ' પરીક્ષા (૩) ગ્રુપ'બી' પરીક્ષા એકચ્યુઅરિઅલ સોસાયટી ઑફ ઈન્ડિયા, C/o. લાઈફ ઈન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા,સેન્ટ્રલ ઑફિસ,યોગક્ષેમ જીવન વીમા માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૧.
- **ઈન્ડિયન બેંક્સ એસોસીએશન (IBA) :** ઈન્ડિયન બેંક્સ એસોસીએશન એ તમામ ભારતીય બેંકોની સ્વૈચ્છિક કેન્દ્રિય સંસ્થા છે. આઈ.બી.એ તમામ બેંકો અને બેંકોમાં ભરતી પ્રક્રિયામાં સંકળાયેલ Institute of Banking Personnel Selection (IBPS) આ તમામ સંસ્થાનોએ સાથે મળીને બેંકોમાં હાલ ચાલતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોના હિતમાં એક ખૂબ જ મહત્ત્વનો નિર્ણય કર્યો છે. આ અનુસાર ઉમેદવારે હવે એકેએક બેંકમાં અરજી કરી, ફી ભરી અને દર રવિવારે લેખિત કસોટી નહિ આપવી પડે. **www.iba.org.in**

  આ નવી સૂચિત પદ્ધતિ હેઠળ હવે આઈ.બી.પી.એસ. વર્ષમાં બે વાર લેખિત કસોટી લઈ ઉમેદવારને એના પરફોર્મસ પ્રમાણે સ્કોર કાર્ડ્સ ઈસ્યુ કરશે. આ પરીક્ષા લેવા બાબતે IBPSની જાહેરાત ઉમેદવારે મિડીયા દ્વારા જોવાની રહેશે. જે બેંકને ભરતીની જરૂરિયાત ઉભી થશે એ પોતાની જાહેરાત આપશે. જેમાં બેંક ઉંમર, શૈક્ષણિક લાયકાત, જગ્યાએ વિગેરેની વિજ્ઞપ્તિ કરશે. ઉમેદવાર એના અનુસંધાનમાં જે તે બેંકને અરજી કરશે તથા સાથે સાથે આઈબીપીએસ દ્વારા એને ઈસ્યુ કરેલ સ્કોર કાર્ડ્સની નકલ પણ સમ્મિલીત કરશે. ટૂંકમાં કોઈપણ બેંક હવે પોતાની આગવી લેખિત પરીક્ષા નહિ લે. કેટલા સ્કોરથી ઉપરા ઉમેદવારોને ઈન્ટરવ્યૂ, ગ્રુપ ડિસ્કશન વિગેરે માટે બોલાવવા એ બેંક પોતે જ નક્કી કરી શકશે. આ નવી પદ્ધતિ ૧ જૂન ૨૦૧૧થી અમલી બને ત્યાં સુધી જે બેંકોમાં અધવચ્ચેની પ્રક્રિયા હાલની પદ્ધતિ પ્રમાણે સંપન્ન કરાશે.

  સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા આ સૂચિત પ્રક્રિયામાં સામેલ નથી. તેથી સ્ટેટ બેંકમાં આઈબીપીએસનું સ્કોર કાર્ડ સ્વીકૃત નહીં રહે. આઈબીપીએસ દ્વારા જારી સ્કોરકાર્ડની વેલિડીટી એક વર્ષની રહેશે.
- **સ્ટાફ સિલેકશન કમિશન (SSC) :** સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા કેન્દ્ર સરકારનાં જુદા જુદા ખાતાઓમાં કલાર્ક, આસિસ્ટન્ટ કે ઓફિસરની પરીક્ષાઓ લઈ તેમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારના ઈન્ટરવ્યૂ લઈ પસંદગી કરવામાં આવે છે. જેની જાહેરાતો સમાચારપત્રો, એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં આવે છે. જેની વેબસાઈટ : **http://ssc.nic.in**

બેંકમાં નોકરી પ્રાપ્ત કરવા જુદી જુદી બેંકોમાં જુદી જુદી પરીક્ષા લેવામાં આવતી જે હવે IPBS દ્વારા વર્ષમાં બે વખત લેવાશે. અને તેનું સ્કોરકાર્ડ જે તે બેંકની જાહેરાત સમયે તે જોડવાનું રહેશે.

ઉપરોક્ત તમામ રેલ્વે, બેંક, સ્ટાફ સિલેકશન, UPSC, GPSC દરેક પરીક્ષામાં ઉપયોગી પુસ્તકો અને મેગેઝીનો હોય છે. તૈયારી સમયે ખૂબ જ ઉપયોગી સાબિત થયા છે. ઉપરોક્ત પરીક્ષાની તૈયારી શરૂ કરતા વિદ્યાર્થીઓ માટે શરૂઆતમાં

(૧) નવનીત, કુમાર, કિરણ પ્રકાશનના જનરલ નોલેજનાં પુસ્તકો વાંચવા સરળ પડશે.

(૨) રોજગાર સમાચાર, ગુજરાતી લેટેસ્ટ ફેક્ટ, યોજના, ગુજરાતી, પ્રતિયોગિતા કિરણ (હિન્દી) મેગેઝીન વાંચવા સરળ પડશે.

ત્યારબાદ થોડા સમય પછી નીચેના પુસ્તકો ઉપયોગમાં લઈ શકાય છે.

(૧) ભારત એક ખોજ (૨) વિઝાર્ડ (૩) જનરલ સ્ટડી મેન્યુઅલ ટાટા પ્રકાશન (૪) જનરલ સ્ટડી મેન્યુઅલ, એસ.ચાંદ પ્રકાશન (૫) રિઝનીંગ વર્બલ-નોન વર્બલ, આર.એસ.અગ્રવાલ, એસ.ચાંદ પ્રકાશન (૬) ઓબ્જેક્ટિવ એરિથમેટિક્સ, આર.એસ.અગ્રવાલ, એસ.ચાંદ પ્રકાશન (૭) જનરલ નોલેજ લ્યુસન્ટ (૮) ધોરણ ૭ થી ૧૦ ઈતિહાસ, વિજ્ઞાન, ભૂગોળ, બંધારણ. (CBSC નો અભ્યાસક્રમ) (૯) ઈંગ્લીશ ફોર કોમ્પિટિટીવ એકઝામ ગુપ્તા, હિમાલય પબ્લિશર્સ (૧૦) હાઈસ્કૂલ ઈંગ્લીશ ગ્રામર એન્ડ કોમ્પિટીશન, રેન એન્ડ માર્ટિન, એસ.ચાંદ પ્રકાશન

મેગેઝીન : (૧) CSR (૨) ક્રોનીકલ (૩) પ્રતિયોગીતા દર્પણ (૪) યોજના અંગ્રેજી (૫) રિડર ડાઈજેસ્ટ (૬) એમ્પ્લોયમેન્ટ ન્યુઝ

વિદ્યાર્થી મિત્રો ઉપરોક્ત પુસ્તકો/મેગેઝીન દરેક વ્યક્તિ સાથે ખરીદી ના શકે એટલે ગ્રુપમાં વહેંચીને ખરીદી શકાય અથવા તો તમને અનુકૂળ આવે તેવા પુસ્તકો કે મેગઝીન મેળવી વાંચી શકાય. તમામ પુસ્તકો કે મેગેઝીન એકસાથે ખરીદવા તે ઉચિત નથી.

ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ

૧. ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ ૦૭૯-૨૬૩૦૧૩૪૧ - **www.gujaratuniversity.edu**
૨. એમ.એસ. યુનિવર્સિટી, ફતેગંજ, વડોદરા ૦૨૬૫-૨૭૯૫૬૦૦ - **www. msub.edu**
૩. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૦૨૬૯૨-૨૩૧૧૨૨ - **www.spvuvv.edu**
૪. નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ૦૨૬૧-૨૩૨૨૭૧૪૧ - **www.soughtgujaratuni.edu**
૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, કાલાવડ રોડ, રાજકોટ ૦૨૮૧-૨૫૭૮૫૦૧ - **www. saurashtra.uni.edu**
૬. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર ૦૨૭૮-૨૪૩૦૦૦૬ - **www.bhavuni.edu**
૭. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ૦૨૭૬૬-૨૨૦૯૩૨ - **www.ngu.ac.in**
૮. ક્રિષ્ણા વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ ૦૨૮૩૨-૨૩૫૦૦૧ - **www.kskvku.digitaluniversity.ac.in**
૯. ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ ૦૭૯-૨૭૫૪૦૭૪૬ - **www.gujrat vidyapith.org**
૧૦. સેપ્ટ યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ, ૦૭૯-૨૬૩૦૨૪૭૦ - **www.cept.in**
૧૧. ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, સેકટર ૨૫, ગાંધીનગર ૦૭૯-૨૩૨૪૩૩૦૮ - **www.gnlu.ac.in**
૧૨. ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી, એલ.ડી.એન્જિ. કૉલેજ કેમ્પસ અમદાવાદ - **www.gtu.ac.in**
૧૩. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, અમદાવાદ - **www.ignoi.ac.in**
૧૪. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ - **www.baou.org**
૧૫. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર - **www.cug.ac.in**
૧૬. નિરમા યુનિવર્સિટી, એસ.જી. હાઈવે, અમદાવાદ ૦૨૭૧૭ -૨૪૧૯૧૧ - **www.nirmauni.ac.in**
૧૭. ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી, ઇંદ્રોડા સર્કલ, ગાંધીનગર, ૦૭૯-૨૩૦૫૨૦૦૦ - **www.da.ict.org**
૧૮. ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ, ખેડા ૦૨૬૮-૨૬૦૫૦૨ - **www.ddit.ernet.in**
૧૯. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ - **www.ahduni.edu.in**
૨૦. ચરોતર યુનિવર્સિટી, ચાંગા - **www.charusat.ac.in**
૨૧. કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર - **www.ksvuniversity.org.in**
૨૨. રક્ષાશક્તિ યુનિવર્સિટી, અમદાવાદ - **www.rakshashaktiuniversity.edu.in**
૨૩. ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર - **www.university4children.com**
૨૪. કામધેનુ યુનિવર્સિટી, જુનાગઢ - **www.jau.in**
૨૫. ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર ૦૨૮૮-૨૬૭૭૩૨૪ - **www.ayurvedauniversity.org**
૨૬. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ - **www.shreesomnathsanskrituniversity.org**

ગુજરાતની વિવિધ યુનિવર્સિટીની સંપૂર્ણ યાદી માટે ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની વેબસાઈટ પર ચકાસણી કરવી.

૯. UPSC દ્વારા IAS / IFS / IRS ઓફિસર બનવું છે ?

રેલવે, ઈન્કમટેક્સ, રેવન્યૂ, એકાઉન્ટ-ઑડિટ, કસ્ટમ્સ-સેન્ટ્રલ એક્સાઈઝ જેવા કેન્દ્ર સરકારના તેમજ રાજ્ય સરકારોમાં ઈન્સ્પેક્ટર, ક્લાર્ક, સુપરવાઈઝર વગેરે હોદ્દાઓ માટે યુ.પી.એસ.સી. દ્વારા વિવિધ ભરતી પરીક્ષાઓ યોજાતી હોય છે. પરંતુ આવા દરેક વિભાગોમાં વહીવટી અમલદારોની ભરતી માટે ભારતભરમાં ફક્ત એક જ એવી આ બધી જ પરીક્ષાઓમાં શિરમોર એટલે સિવિલ સર્વિસ પરીક્ષા લેવામાં આવે છે. જેને આપણે આઈ.એ.એસ. પરીક્ષા તરીકે ઓળખીએ છીએ.

આ પરીક્ષા દ્વારા દેશની સર્વોપરી ગણાતી ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (IAS), ઈન્ડિયન પોલીસ સર્વિસ (IPS), ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS), ઈન્ડિયન રેવન્યૂ સર્વિસ (IRS), ઈન્ડિયન ઈન્ફર્મેશન સર્વિસ (IIS) જેવી અનેક સેવાઓમાં ગૌરવવન્તુ સ્થાન મેળવી શકાય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા ચાલુ રાખવા પાછળ સરદાર વલ્લભભાઈ પટેલના ખાસ પ્રયત્ન રહ્યા હતા.

શા માટે કૉલેજના અભ્યાસ સાથે આઈ.એ.એસ.ની તૈયારી ?

ઉત્તર ભારતના રાજ્યમાં યુવાનો ધો. ૧૦ થી જ આઈ.એ.એસ. બનવાની તૈયારી શરૂ કરતા હોય છે. ગ્રેજ્યુએશન વખતે તેઓ સાથોસાથ સિવિલ સર્વિસ પરીક્ષા માટે વાંચન, ચર્ચાઓ વગેરેમાં ગળાડૂબ હોય છે. જેથી સ્નાતક થયા પછી તેમને સિવિલ સર્વિસ પરીક્ષામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત થાય. દિલ્હીની કેટલીક યુનિવર્સિટીઓમાં દેશભરમાંથી સંખ્યાબંધ યુવાનો અને યુવતીઓ આઈ.એ.એસ. બનવાની અભિલાષા સાથે આવે છે અને દિવસરાત તૈયારીમાં લાગ્યા હોય છે.અહીં તૈયારી માટેના સુંદર સ્ટડી મટીરિયલ્સ પણ મળી રહે છે અને આવી પરીક્ષાની તૈયારી માટેનું વાતાવરણ પ્રાપ્ત થાય છે. એથી જ દિલ્હીને આઈ.એ.એસ. ઉમેદવારોના કાશી તરીકે ઓળખવામાં આવે છે.

યુ.પી.એસ.સી. (UPSC) ૨૦૨૩

સિવિલ સર્વિસીસના ખાલી પદો માટે યોજાતી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન(UPSC)ની પ્રાથમિક પરીક્ષા મે મહિનામાં યોજાતી હોય છે. તેમાં સફળ થનાર વિદ્યાર્થી મેઈન અને ત્યારબાદ ઈન્ટરવ્યુ માટે ક્વોલીફાઈ થશે. પ્રાથમિક પરીક્ષા બાદ ડિસેમ્બરના રોજ મેઈન પરીક્ષા થશે, તેમાં વેકેન્સી કરતાં ૧૩ ગણા વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ પરીક્ષામાં ૧,૦૦૦ બેઠકો માટે આશરે ૫ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ પરીક્ષા માટે ૨૧-૩૦ વર્ષની વય, ગ્રેજ્યુએશનની ડિગ્રી અથવા ૨૦૨૧માં ગ્રેજ્યુએશનના ફાઈનલ વર્ષમાં પ્રવેશતા વિદ્યાર્થી પ્રાથમિક લાયકાત છે. સિવિલ સર્વિસીસ મેઈન પરીક્ષામાં આ વર્ષે નવની જગ્યાએ સાત પેપર હશે. વધુમાં પર્સનલ ઈન્ટરવ્યુના માર્ક્સ ૩૦૦થી ઘટાડીને ૨૭૫ કરાયા છે. પહેલા જનરલ સ્ટડીઝના બે પેપર હતા, પરંતુ હવે ચાર પેપર હશે, જેમાં પ્રત્યેક પેપર ૨૫૦ માર્ક્સનું હશે. પહેલાં બે વૈકલ્પિક પેપર હતા, હવે એક જ વૈકલ્પિક પેપર હશે.

પ્રિલિમિનરી પરીક્ષામાં ૨૦૦ માર્ક્સના પ્રશ્નપત્રમાં મલ્ટીપલ ચોઈસવાળા ૨૦૦ પ્રશ્ન પૂછાશે. આ પ્રશ્નપત્ર હિન્દી અને અંગ્રેજીમાં હશે. જો કે, અંગ્રેજી સેકશનના પેસેજમાં હિન્દી ટ્રાન્સલેશન નહીં અપાય. ખોટો જવાબ આપવા બદલ ૦.૩૩ માર્ક્સ કપાશે. મેઈન પરીક્ષામાં ૨૦૭૫ માર્ક્સના પ્રશ્નપત્રમાં જનરલ સ્ટડીઝ, અંગ્રેજી કોમ્પ્રિહેન્સન, બે વૈકલ્પિક વિષયો અને પર્સનાલીટી ટેસ્ટ હશે. તેમાં લેખિત પરીક્ષા ૧૮૦૦ માર્ક્સની અને પર્સનાલિટી ટેસ્ટ ૨૭૫ માર્ક્સની હશે.

૧૯૫૦માં યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ૨૪,૬૮૦ લોકોએ અરજી કરી હતી, જ્યારે ૨૦૧૧માં આ સંખ્યા ૨૧ લાખ ૨ હજાર ૧૩૧ની હતી. ૧૯૫૧માં માત્ર ૯,૮૬૭ વિદ્યાર્થી જ ઈન્ટરવ્યુ સુધી પહોંચ્યા હતા, જ્યારે ૨૦૧૧માં ૧૫,૩૦૩ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા.

લેખિત પરીક્ષાનું સ્વરૂપ અને કૉલેજમાં આયોજનબદ્ધ તૈયારી ....

સિવિલ સર્વિસ પરીક્ષા મુખ્ય બે તબક્કાઓમાં વહેંચાયેલી છે. (૧) પ્રિલિમિનરી પરીક્ષા અને (૨) મુખ્ય પરીક્ષા.

(૧) મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોની પસંદગી માટે પ્રિલિમિનરી પરીક્ષા, કે જે હેતુલક્ષી પ્રકારની હોય છે. (૨) મુખ્ય પરીક્ષા (લેખિત અને મૌખિક).

પ્રિલિમિનરી પરીક્ષામાં બે બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી પ્રશ્નપત્રો આવે છે, જેમાં એપ્ટિટ્યુડ ટેસ્ટનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણનું અને સામાન્ય અભ્યાસ પ્રશ્નપત્ર ૨૦૦ ગુણનું હોય છે. આમ પ્રિલિમિનરી પરીક્ષા ૪૦૦ ગુણની હોય છે. પ્રિલિમિનરી પરીક્ષા માત્ર સ્ક્રીનિંગ ટેસ્ટ છે. આ પરીક્ષામાં મેળવેલા ગુણ એ મેરિટ લિસ્ટમાં ગણવામાં આવતા નથી. પ્રિલિમિનરી પરીક્ષાનો હેતુ મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારની ગુણવત્તા તપાસવા માટેનો જ હોય છે. અહીં મુખ્ય પરીક્ષામાં બેસવું હોય તો પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરવી આવશ્યક હોય છે.

મુખ્ય પરીક્ષા બે તબક્કાઓમાં વહેંચાયેલી છે. (૧) લેખિત પરીક્ષા (૨) ઈન્ટરવ્યૂ (મૌખિક પરીક્ષા).

લેખિત પરીક્ષાત્મક પ્રકારના ૯ (નવ) પ્રશ્નપત્ર હોય છે. જે ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં યુ.પી.એસ.સી.એ નક્કી કરેલા માર્ક્સ મેળવ્યા હોય તેમને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. આમ ધારો કે ૫૦૦ ઉમેદવારોની ભરતી થવાની હોય તો ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવનાર ઉમેદવારની સંખ્યા લગભગ ૧૦૦૦ થી ૧૫૦૦ રાખવામાં આવે છે.

મુખ્ય પરીક્ષાના નવ વર્ણનાત્મક પ્રશ્નપત્રો પૈકી ભારતીય ભાષા અને અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રોમાં માત્ર ક્વોલિફાય જ થવાનું હોય છે. ઈન્ટરવ્યૂ (મૌખિક પરીક્ષા) ૩૦૦ ગુણ ધરાવે છે. લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂના ગુણોનો સરવાળો કરીને અંતિમ મેરિટ લિસ્ટ બનાવવામાં આવે છે. આ મેરિટ લિસ્ટમાં આવેલા ક્રમ મુજબ ઉમેદવારોને તેની પસંદગી પ્રમાણે વિવિધ સેવાઓમાં સ્થાન આપવામાં આવે છે.

પ્રિલિમિનરી પરીક્ષામાં એક અને મુખ્ય પરીક્ષામાં કુલ બે વૈકલ્પિક પેપરો હોય છે. જેની પસંદગી અગાઉથી કરવી જરૂરી છે અને તે પ્રમાણે તેની તૈયારીઓ રૂપે સિવિલ સર્વિસ પરીક્ષામાં આપ જે વિષય કૉલેજમાં ભણવાના હો તે જ વિષય રાખવો.

જનરલ સ્ટડીઝની તૈયારી માટે દિલ્હીના કોઈ પણ સ્ટાન્ડર્ડ પ્રકાશન ગૃહની અંગ્રેજી ગાઈડ તેમજ નેશનલ કાઉન્સિલ ફૉર એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેઈનિંગ (NCERT) ના ધો. ૧૦ થી ૧૨ ના ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, બંધારણ, સામાન્ય વિજ્ઞાન, સ્વાતંત્ર્ય સંગ્રામ ઉપરનાં પુસ્તકો મેળવવાં જરૂરી છે.

પ્રિલિમ્સ પરીક્ષાના માર્ક્સ પરીક્ષાની મેરિટમાં ગણતરીમાં લેવામાં આવતા નથી. પરંતુ મુખ્ય પરીક્ષામાં બેસવાની લાયકાત મેળવવા માટે ખૂબ જ અનિવાર્ય છે. આથી જનરલ સ્ટડીઝ અને ઓપ્શનલનું તલસ્પર્શી વાંચન અને ગહન તૈયારી કૉલેજ દરમ્યાન જ થઈ જાય એ વધુ ફાયદાકારક છે.

ઈન્ટરવ્યૂનું મહત્ત્વ અને આયોજન :

ઉમેદવારની પ્રમાણિકતા, સિવિલ સર્વિસ એક્ઝામ પ્રત્યેનો અભિગમ તથા આત્મવિશ્વાસ, બુદ્ધિ-કુશાગ્રતા, ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા, વિવેકબુદ્ધિ જેવા ગુણો જાણવાનો પ્રયત્ન ઈન્ટરવ્યૂમાં થતો હોય છે. સિવિલ સર્વિસમાં જે તે કક્ષાએ એડમિનિસ્ટ્રેટર એટલે કે વહીવટદારની પોસ્ટ હોય છે.

સિવિલ સર્વિસ પરીક્ષામાં ઉત્તરની ભાષા ગુજરાતી રાખી શકાય છે.

ભારતીય બંધારણના આઠમા શેડ્યુલમાં આવેલ ભાષાઓમાંથી કોઈ પણ ભાષામાં પ્રશ્નપત્રો લખવાની ઉમેદવારોને યુ.પી.એસ.સી.એ છૂટ આપેલી છે. આથી ગુજરાતના વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસીઝ પરીક્ષા ગુજરાતીમાં આપી શકે છે. મોટાભાગના વિદ્યાર્થીઓના મગજમાં એવી ગ્રંથિ ઘર કરી ગઈ હોય છે કે ફાંકડું અંગ્રેજી આવડે તો અને તો જ આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. અધિકારી થઈ શકાય. આથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને નાસીપાસ થયા વિના વ્યવસ્થિત તૈયારી કરીને સફળ થવાય છે.

વર્ષ ૨૦૧૨-૧૩થી સિવિલ સર્વિસ પરીક્ષામાં માળખાકીય મહત્ત્વનો ફેરફાર દાખલ થયો છે. સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પ્રિલિમ પરીક્ષામાં પૂછાતા હેતુલક્ષી પ્રશ્નો માટે હવેથી નેગેટિવ માર્કિંગ દાખલ કરાયું છે. આ પદ્ધતિમાં દરેક ખોટા જવાબ માટે એક તૃતીયાંશ માર્ક કપાઈ જશે. આથી હવે માત્ર યાદશક્તિના આધારે અથવા તુક્કાના આધારે જવાબો ટીક કરનાર નુકસાનમાં રહેશે. જેણે ખરેખર વિષય અને વાંચન આત્મસાત્ કર્યું હશે અને મહત્તમ જવાબો સાચા હશે તેઓ જ મેરિટમાં આવી શકશે.

આઈ.એ.એસ. પરીક્ષામાં બેસવા અંગેની લાયકાત :

રાષ્ટ્રીયતા : ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ અને ઈન્ડિયન પોલીસ સર્વિસ માટે ઉમેદવાર માટે ભારતીય નાગરિકત્વ હોવું ફરજિયાત છે. અન્ય સર્વિસ માટે ઉમેદવારે યુ.પી.એસ.સી.નો સંપર્ક કરવો.

ઉંમર : ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષની હોવી જોઈએ અથવા ૩૦ વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ. જેનો આધાર જે તે વર્ષના ઑગસ્ટની ૧લી તારીખ રહેશે. પાછલી વયમર્યાદામાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પાંચ વર્ષ અને અન્ય પછાત વર્ગોના ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટ આપવામાં આવશે.

ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત : ઉમેદવારે ભારત સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલ કોઈ પણ વિશ્વ વિદ્યાલયમાંથી સ્નાતકની પદવી હાંસલ કરેલ હોવી જોઈએ.

પ્રયત્નોની સંખ્યા : સિવિલ સર્વિસ પરીક્ષામાં દરેક ઉમેદવારને મહત્તમ ચાર પ્રયત્નો મળશે. અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે પ્રયત્નોની કોઈ મર્યાદા નથી. અન્ય પછાત વર્ગોના ઉમેદવારો માટે સાત પ્રયત્નો રહેશે. તેનો અર્થ એ સરે કે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ૩૫ વર્ષ સુધી ધારે તેટલી વખત પરીક્ષામાં બેસી શકે છે. જ્યારે અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓ ૩૩ વર્ષ સુધી મહત્તમ સાત પ્રયત્નો આપી શકે છે.

જરૂર છે માત્ર તમારામાં પડેલી તમારી અંદર રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખવાની. રસ્કિને કહ્યું છે કે નબળામાં નબળા માણસને પણ ઈશ્વરે કોઈ ને કોઈ વિશિષ્ટ શક્તિઓનો પુંજ આપ્યો જ હોય છે. જરૂર છે માત્ર આપણી જાતને ઓળખવાની. "If you can not love a person whom you see than how can you love your self whom you never seem."

- **સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન** **email : spipa.gujarat.gov.in**
  ઈસરો સામે, જોધપુર-સેટેલાઈટ રોડ, અમદાવાદ.
- **આઈએએસ કોચીંગ સેન્ટર્સ** **email : vajiramandravi79@gmail.com**
  વાજીરાવ એન્ડ રવિ ઈન્સ્ટીટ્યુટ ફોર સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન : ૭૯, ઓલ્ડ રાજેન્દ્ર નગર માર્કેટ, દિલ્હી.
- **શ્રી રામ આઈએએસ** **e-mail : sriias@gmail.com, info@sriramsias.com**
  ૧૧એ/૨૨, પહેલો માફ, ઓલ્ડ રાજીન્દર નગર માર્કેટ, નવી દિલ્હી - ૧૧૦ ૦૬૦. **www.sriramsias.com**
- ઉજ્જવલ આઈએએસ અકાદમી **www.ujjwaliasacademy.com**
  બી-૧૮, ટોપ ફ્લોર, સતીજા હાઉસ, ડો. મુખર્જી નગર, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૯.
- ઓપી સિંહ આઈએએસ અકાદમી **e-mail : sushyandsing841986@gmail.com**
  બી-૧૩, પહેલો માફ, મેરઠ સ્વીટ શોપ, ડો. મુખર્જી નગર, દિલ્હી - ૧૧૦ ૦૦૯.
- કલાસિક આઈએએસ અકાદમી **www.classiciasacademy.com**
  યુજી ૩૩-૩૪, અંસલ ચેમ્બર-૧, ભીકાજી કામા પ્લેસ, નવી દિલ્હી - ૧૧૦ ૦૬૬.
- આઈએએસ ટૂડે **e-mail : karanshawn@yahoo.co.in**
  ૨૧૯, ગ્રાઉન્ડ ફલોર, સેકટર-૧૫-એ, પંજાબ યુનિવર્સિટી રોડ, ચંદીગઢ.
- લક્ષ્ય આઈએએસ સ્ટડી સર્કલ **e-mail : cseupsc@gmail.com**
  એસસીઓ ૨૧૦, ટીએફ સેકટર-૩૬-ડી, ચંદીગઢ.

યુ.જી.સી.ની નેટ પરીક્ષા દ્વારા અધ્યાપક બનવાનું સપનું સાકાર કરો

અભ્યાસમાં તેજસ્વી હોય તેવા ઘણા યુવામિત્રો કોલેજમાં પ્રાધ્યાપક (લેક્ચરર) બનવાનું વિચારે છે. આ માટે યુ.જી.સી. એટલે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દર વર્ષે બે વાર NETની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે, જે પરીક્ષા ૮૩ જેટલા અલગ અલગ વિષયો માટે લેવામાં આવે છે. હ્યુમેટી (આર્ટ્સ, મનોવિજ્ઞાન, સાયન્સ વગેરે) માટે CSIR-NETનું આયોજન પણ કરવામાં આવે છે. જો તમે બંને પરીક્ષા પાસ ન કરવા માંગતા હોવ તો SLET - સ્ટેટ લેવલ એલીજીબીલીટી ટેસ્ટ પરીક્ષા આપી ઉત્તીર્ણ થઈ પ્રાધ્યાપક બનવાનું સપનું સાકાર કરી શકો છો. આ પરીક્ષાના આયોજનની કામગીરી વડોદરા સ્થિત મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીને સોંપવામાં આવી છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એ આપણા દેશની યુનિવર્સિટીઓ અને ત્યાંના શિક્ષણનું નિયમન કરતી સંસ્થા છે. NET અને CSIR-NETનું આયોજન વર્ષમાં બે વાર થાય છે, જેમાં અનુસ્નાતકમાં અભ્યાસ કરી રહેલા અને એક વર્ષમાં માર્કશીટ આવી જવાની સંભાવના હોય તેઓ નિર્ધારિત ટકાવારી લાવવાની અપેક્ષાએ આ પરીક્ષામાં બેસી શકે છે. NET પરીક્ષા માટે ફોર્મ ભરવાની, પરીક્ષા આપવા અને પરિણામ બાદ NET સર્ટીફીકેટ મેળવવા સુધીની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન થાય છે. આ માટેની વેબસાઈટ ugcnet.nta.nic.in છે. આ પરીક્ષા માટે ફોર્મ ભરવા માટે અનુસ્નાતકમાં ઓછામાં ઓછા ૫૫% હોવા ફરજિયાત છે. UGC-NET પરીક્ષાનું પેપર ૩૦૦ માર્ક્સનું હોય છે, જેમાં ૧૫૦ પ્રશ્નો આવે છે. એક પ્રશ્નના સાચા જવાબ માટે બે માર્ક્સ મળે છે. તમામ પ્રશ્નો ઓબ્જેક્ટીવ પ્રકારના હોય છે, જેમાં કોઈ નેગેટીવ માર્કીંગ હોતું નથી.

યુજીસી નેટ (UGC-NET) ૨૦૨૩

યુનિવર્સિટીમાં ટીચીંગ જોબ કે Ph.D.માં એડમિશન માટે ક્વોલીફાઈંગ એક્ઝામ નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ (NET) જુન મહિનામાં યોજાશે અને તેનું પરિણામ નોટીફીકેશનમાં આપેલ નિર્ધારિત સમય કે તે પહેલાં આવતું હોય છે. આ પરીક્ષા દર વર્ષે અંદાજીત ૭ લાખ પરીક્ષાર્થીઓ આપે છે, જેમાંથી માત્ર ૬% પરીક્ષાર્થીઓને ક્વોલીફાય જાહેર કરવામાં આવે છે. આ તમામ પરીક્ષાર્થીઓને ડીજીટલ NET સર્ટીફીકેટ UGC દ્વારા આપવામાં આવે છે. સાથોસાથ ક્વોલીફાય થયેલા ૬% પરીક્ષાર્થીઓમાંથી UGC ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને જુનિયર રીસર્ચ ફેલોશીપ (JRF) આપવામાં આવે છે. જેમાં ૩૫૦૦૦ રૂપિયા પ્રતિ મહિને રીસર્ચ કામગીરી માટે UGC દ્વારા આપવામાં આવે છે. આ માટે આપની વયમર્યાદા ૨૮ વર્ષ નક્કી કરવામાં આવેલ છે. S.C./S.T. અને O.B.C. વિદ્યાર્થીઓને મળતી વયમર્યાદાની છૂટ મળે છે. લેક્ચરશીપ માટે કોઈ વયમર્યાદા નથી. જુનિયર રીસર્ચ ફેલોશીપ માટેની નિર્ધારિત સ્ટાઈપેન્ડ મેળવવા માટે M.Phil. કે Ph.D.માં પ્રવેશ મેળવવો ફરજિયાત છે. ડીસેમ્બર-૨૦૧૯માં ૭.૫ લાખ વિદ્યાર્થીઓએ UGC-NET ની પરીક્ષા આપી હતી, જેમાંથી માત્ર ૬૦ હજાર વિદ્યાર્થીઓ ક્વોલીફાય થયા હતા. જેમાંથી ૧%થી પણ ઓછા વિદ્યાર્થીઓએ જુનિયર રીસર્ચ ફેલોશીપ મેળવી હતી.

૧૦. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના વિશિષ્ટ અભ્યાસક્રમો

ઈન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નો) દ્વારા ઘેર બેઠા અભ્યાસ કરી શકાય તેવા અનેક સ્નાતક કક્ષાના, પોસ્ટ ગ્રૅજ્યુએટ, ડિપ્લોમા તેમજ પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. તાજેતરમાં ઇગ્નોનો ડિપ્લોમા મૅનેજમન્ટ અને એમ.બી.એ. અભ્યાસક્રમ સારો એવો લોકપ્રિય બન્યો છે. ખાસ કરીને નોકરીની સાથોસાથ વધુ અભ્યાસ કરી સુદૃઢ કારકિર્દી બનાવવા માંગતા યુવા મિત્રો માટે આ અભ્યાસક્રમો ઉપયોગી થઈ પડે છે.નીચે મુજબના માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમોનો એમાં સમાવેશ થાય છે. બી.એ., બી.કૉમ. અંગે 'ઇગ્નો'ની કચેરીનો સંપર્ક સાધીને માહિતી મેળવવી.

સ્નાતક અભ્યાસક્રમો : બી.એ., બી.કૉમ કરવા માટેના પ્રિપેરેટરી પ્રોગ્રામ ઉપલબ્ધ છે. આ કોર્સ બી.પી.પી. તરીકે ઓળખાય છે. આ તૈયારીનો કોર્સ કર્યા પછી તમે ગ્રૅજ્યુએટની પરીક્ષામાં સીધા બેસવાની લાયકાત મેળવી શકો છો.

કમ્પ્યૂટર અને લાયબ્રેરી સાયન્સ : ૧. માસ્ટર ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન (MCA) ૨. પી.જી. ડિપ્લોમા ઇન લાયબ્રેરી ઓટોમેશન ઍન્ડ નેટવર્કિંગ ૩. સર્ટિફિકેટ ઇન કમ્પ્યૂટિંગ (CIC) ૪. પી.જી. ડિપ્લોમા ઇન ઓડિયો પ્રોગ્રામ પ્રોડકશન (PGDAPP)

પત્રકારિત્વ અને કોમ્યુનિકેશન : ૧. ડિપ્લોમા ઇન ક્રિએટિવ અંગ્રેજી (DCE) ૨. ડિપ્લોમા ઇન ક્રિએટિવ હિન્દી (DCH) ૩. પી.જી. ડિપ્લોમા ઇન ટ્રાન્સલેશન (PGDT) ૪. પી.જી. ડિપ્લોમા ઇન રેડિયો પ્રસારણ (PGDRP) - ઑલ ઈન્ડિયા રેડિયોના સહયોગથી ૫. પી.જી. ડિપ્લોમા જર્નાલિઝમ ઍન્ડ માસ કોમ્યુનિકેશન (PGJMC)

હેલ્થ ન્યુટ્રિશન અને ચાઈલ્ડ કેર : ૧. બેચલર ઓફ સાયન્સ ઇન નર્સિંગ (B.Sc. (N)) ૨. પી. જી. ડિપ્લોમા ઇન જિરીયાટ્રિક મેડિસિન ૩. ડિપ્લોમા ઇન હૉસ્પિટલ ઍન્ડ હેલ્થ મૅનેજમેન્ટ (PGDHM) ૪. ડિપ્લોમા ઇન ન્યુટ્રિશન ઍન્ડ હેલ્થ એજ્યુકેશન (DNHE) ૫. ડિપ્લોમા ઇન એચઆઇવી ઍન્ડ ફેમિલી એજ્યુકેશન (DAFE) ૬. સર્ટિફિકેટ ઇન એચઆઇવી ઍન્ડ ફેમિલી એજ્યુકેશન (CAFE)

એન્જિનિયરિંગ અને ગ્રામ વિકાસ : ૧. બેચલર ટેક્નૉલોજી ઇન સિવિલ (કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ) (BTCM) ૨. બેચલર ટેક્નૉલોજી ઇન સિવિલ (વૉટર રિસોર્ટ એન્જિનિયરિંગ) ૩. પી. જી. ડિપ્લોમા ઇન રૂરલ ડેવલપમેન્ટ (PGDRD) ૪. એડવાન્સ ડિપ્લોમા ઇન વોટર રીસોર્સ એન્જિનિયરિંગ (ADWRE)

ટુરિઝમ મૅનેજમેન્ટ : ૧. પી.જી. ડિપ્લોમા ઇન ઇન્ટરનૅશનલ બિઝનેસ ઑપરેશન (PGDIBO) ૨. ડિપ્લોમા ઇન ટુરિઝમ સ્ટડી (DTS) ૩. સર્ટિફિકેટ ઇન ટુરિઝમ સ્ટડી (CTS)

મહિલા અને યુવા વિકાસ : ૧. સર્ટીફીકેટ ઇન એમ્પાવરીંગ વુમન થ્રુ સેલ્ફ હેલ્થ ગ્રુપ. (CWDL) ૨. સર્ટીફીકેટ ઇન એમ્પ્રોવમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (CWED) ૩. સર્ટીફીકેટ ઇન યુથ ઇન ડેવલપમેન્ટ વર્ક (CCYP) ૪. ડિપ્લોમા ઇન યુથ ઇન ડેવલપમેન્ટ વર્ક (DCYP)

આ ઉપરાંત પર્યાવરણ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, માનવ અધિકારો, ગ્રાહક સુરક્ષા, લૅબોરેટરી, ટેકનિક જેવાં અનેકવિધ પ્રમાણપત્ર કોર્સ 'ઇગ્નો' માં ઉપલબ્ધ છે.

ઇગ્નોના ઉપર દર્શાવેલા તમામ અભ્યાસક્રમો અંગે માહિતી આપતા વિગતવાર પ્રોસ્પેક્ટસ માટે Director (SR & E) IGNOU, Maidan Garhi, New Delhi-110066 ને રૂ. ૮૦ નો પોસ્ટલ ઑર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ (IGNOU ના નામે) મોકલવાથી મળી શકશે. ગુજરાતના યુવાનો નીચેના સરનામેથી કાર્યક્રમ અંગેની માહિતી અને પ્રોસ્પેક્ટસ રૂબરૂ રૂ. ૨૦ ની ચુકવણી કરીને મેળવી શકશે.

ઈન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી, પ્રાદેશિક કેન્દ્ર (ગુજરાત રાજ્ય),
નિરમા ઇન્સ્ટિટ્યૂટની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧.

www.ignou.ac.in

૧૧. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમો

શૈક્ષણિક, સામાજિક, આર્થિક, ભૌગોલિક તેમજ વ્યવસાયિક સંજોગોને લીધે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેલ તમામ લોકોને પોતપોતાની પસંદગીના અભ્યાસક્રમનું શિક્ષણ પોતાના અનુકૂળ સમયે, પોતાની બુદ્ધિ અનુસાર, પોતાની ઝડપે ઘેર બેઠાં પ્રાપ્ત કરવાની ઉત્તમ તક આપતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નવા-નવા અભ્યાસક્રમો વિકસાવે છે ને દેશની અન્ય યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલી હોઈ, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય જ્ઞાન પૂરું પાડે છે.

૪૦ થી વધુ અભ્યાસક્રમો શીખવતી આ ઓપન યુનિવર્સિટી રાજ્યભરમાં ૭૫ થી વધુ અભ્યાસ કેન્દ્રો દ્વારા વિદ્યાર્થીઓને ઘર આંગણે અભ્યાસ કરવાની સોનેરી તક પૂરી પાડે છે. ધીમે ધીમે આ અભ્યાસક્રમો લોકપ્રિય થઈ રહ્યા છે.

જે તે અભ્યાસક્રમની નિયત ફી લઘુતમ સમયગાળા માટે ભરવાની હોય છે. મહત્તમ સમયગાળો વિદ્યાર્થીને અભ્યાસ પોતાની અનુકૂળતાએ પૂરો કરવાની સગવડ તરીકે રાખવામાં આવે છે. તે માટે કોઈ વધારાની ફી લેવામાં આવતી નથી.

❖ **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી. ટેકનિકલ કૉલેજ કૅમ્પ્સ, હાઈકોર્ટ સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૬૦.** **www.baou.org**

- **એફ.વાય. થી ટી.વાય. :** આર્ટ્સ ગ્રૅજ્યુએટ થવું હોય તો બીપીપીમાં આર્ટ્સના વિષયો ભણવાના આવે. બીપીપી પાસ કરો એટલે તમે એફ.વાય.બી.એ.માં એડ્‌મિશન મેળવો અને છેલ્લે ટી.વાય.બી.એ.ની એકઝામ આપી શકો. આ જ રીતે કૉમર્સ ગ્રૅજ્યુએટ થવું હોય તો (1) એફ.વાય.બી.કૉમ. (2) એસ.વાય.બી.કૉમ. અને (3) ટી.વાય.બી.કૉમ. તમે આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કરી શકશો.
- **ફૉર્મ ભરે તેને એડ્‌મિશન :** (1) બીપીપીના કોર્સમાં જે ફૉર્મ ભરે તેને એડ્‌મિશન મળે. (2) જો તમે ધોરણ 12 આર્ટ્સ કરેલ હોય તો તમને એફ.વાય.બી.એ.માં અને (3) ધોરણ 12 કૉમર્સવાળાને એફ.વાય.બી.કૉમ.માં એડ્‌મિશન મળે. (4) ઓપન યુનિવર્સિટી હોવાથી જેટલાં ફૉર્મ ભરે તેટલાને એડ્‌મિશન મળે છે. પ્રવેશ સમસ્યા રહેતી નથી.

❖ **સરકાર દ્વારા માન્ય કોર્સ :** આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકારે કરેલી છે. ભારત સરકારે સ્થાપેલી ઈન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી જે રીતે અંગ્રેજીમાં અને હિંદીમાં ભણાવે છે તે રીતે આંબેડકર ઓપન યુનિવર્સિટી ગુજરાતીમાં ભણાવે છે. એમાં બી.એ. કે બી.કૉમ. કરો તો એની કિંમત બીજા યુનિવર્સિટીના બી.એ. અને બી.કૉમ. જેટલી જ છે.

- **વધુ ઉપયોગી કોને ?** જો તમે ધોરણ 12 પાસ કરેલ ન હોય અથવા દસમા ધોરણથી ઓછું ભણેલા હો તો ગ્રૅજ્યુએટ સુધી ભણવા માટે આંબેડકર ઓપન યુનિવર્સિટી સૌથી સારી છે. ઘેર રહીને, ધંધો કે નોકરી કરતાં કરતાં બી.એ. પાસ કરી શકો અથવા બી.કૉમ. કરી શકો. બીજા સર્ટિફિકેટ કોર્સ પણ આ યુનિવર્સિટીમાં ચલાવવામાં આવે છે.
- **ફૉર્મ ક્યાં મળે છે ?** બીપીપીના કોર્સમાં અથવા બી.એ. કે બી.કૉમ.માં એડ્‌મિશન લેવું હોય તો એ માટેના અરજીફૉર્મની કિંમત રૂ. 50 છે. તમારા ગામમાં કે શહેરમાં આંબેડર ઓપન યુનિવર્સિટીનાં અભ્યાસ કેન્દ્રો છે. જો ના હોય તો નજીકના ગામમાં હશે. કોઈ પણ અભ્યાસકેન્દ્ર પર ફૉર્મ અને માહિતી પૂરી મળે છે.

❖ **ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ અભ્યાસક્રમો :**

● ડૉક્ટરેટ ઑફ ફિલૉસોફી (Ph.D.) ઈન હ્યુમૅનિટિઝ ● માસ્ટર ઑફ આર્ટ્સ - અંગ્રેજી (MEG) ● માસ્ટર ઑફ આર્ટ્સ - હિન્દી (MHD) ● માસ્ટર ઑફ આર્ટ્સ - સમાજશાસ્ત્ર (MSO) ● સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ (BPP) ● બેચલર ઑફ આર્ટ્સ (B.A.) ● બેચલર ઑફ કૉમર્સ (B.Com.) ● પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન (PGDDE) ● ડિપ્લોમા ઈન ક્રિએટિવ રાઈટિંગ ઈન ઈંગ્લિશ (DCE) ● ડિપ્લોમા ઈન ક્રિએટિવ રાઈટિંગ ઈન હિન્દી (DCH) ● ડિપ્લોમા ઈન ફાયનાન્સિયલ મૅનેજમેન્ટ (DFM) ● ડિપ્લોમા ઈન ટૅક્ષ પ્રૅક્ટિસ (ડાયરેક્ટર ટેક્ષીસ) (DDT) ● ડિપ્લોમા ઈન ઈનડાયરેક્ટર ટેક્ષીસ (DIT) ● ડિપ્લોમા ઈન ઈન્સ્યોરન્સ (DIN) ● ગ્રામ આરોગ્ય કાર્યકરનો ડિપ્લોમા (DVHW) ● સર્ટિફિકેટ ઈન ફૂડ ઍન્ડ ન્યુટ્રિશન (CFN) ● સર્ટિફિકેટ ઈન કમ્પ્યૂટિંગ (CIC) ● સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ માર્કેટિંગ (CTM) ● સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ મૅનેજમેન્ટ (CMT) ● સર્ટિફિકેટ ઈન પર્સનલ કમ્પ્યૂટર સૉફ્ટવેર (CPCS) ● સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઑફ ઈંગ્લિશ (CTE) ● સર્ટિફિકેટ ઈન એન્વાયરનમેન્ટ સ્ટડીઝ (CES) ● સર્ટિફિકેટ ઈન કન્ઝ્યુમર પ્રૉટેક્શન (CCP) ● સર્ટિફિકેટ ઈન પાર્ટીસિપેટરી ફોરેસ્ટ મૅનેજમેન્ટ (CPFM) ● સર્ટિફિકેટ ઈન નેચરોપથી (CIN) ● સર્ટિફિકેટ ઈન હૅન્ડલૂમ વિવર (CIHV) ● સર્ટિફિકેટ ઈન કેન વર્કર (CINC) ● સર્ટિફિકેટ ઈન મોટર રિવાઈન્ડર (CIMR) ● સર્ટિફિકેટ ઈન કાર્પેન્ટર (CICP) ● સર્ટિફિકેટ ઈન મિકેનિક (CIJM) ● સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ (CHR)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનો અભ્યાસક્રમ ગત વર્ષથી શરૂ કરવામાં આવ્યો છે.

૧૨. વિદેશમાં ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ

ભારતમાંથી ઘણા વિદ્યાર્થીઓ ઉપરના દેશોમાં ઉચ્ચ અભ્યાસઅર્થે જાય છે. ત્યાં જવા માટે અંડર ગ્રેજ્યુએટ SAT (સ્કોલેસ્ટિક એપ્ટિટ્યૂડ ટેસ્ટ), TOEFL વગેરે તથા પોસ્ટ ગ્રેજ્યુએટ માટે GRE (ગ્રેજ્યુએટ રેકોર્ડ એક્ઝામિનેશન), GMAT (ગ્રેજ્યુએટ મૅનેજમેન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ) વગેરે IELTS (ઇન્ટરનેશનલ ઇંગ્લિશ લેગ્વેઝ ટેસ્ટ) એક્ઝામ પાસ કરવી જરૂરી છે. પાસપોર્ટ હોવો જરૂરી છે.

૧૨.૧ વિઝા માટે કયા દસ્તાવેજો જોઇએ ?

● એક કરતાં વધારે વર્ષ માટે અધિકૃત હોય તેવો પાસપોર્ટ ● અનકન્ડિશનલ્ડ લેટર ઑફ એડમિશન અથવા ઇ-20 ● અસલ એજ્યુકેશનલ સર્ટિફિકેટ્સ, માર્ક શીટ્સ, ટ્રાન્સ્ક્રિપ્ટ વગેરે ● IELTS અથવા તો TOFEL સ્કોર ● GMAT અથવા તો GRE સ્કોર અથવા તો બીજા એલિજિબિલિટી સર્ટિફિકેટ ● અભ્યાસક્રમના કુલ ખર્ચ કરતાં વધારે નાણાકીય વ્યવસ્થા હોવાના પુરાવા.

૧૨.૨ વિદેશ અભ્યાસ માટેની પ્રાથમિક લાયકાત

1. International English Language Testing System - IELTS - **www.ielts.org**
2. Scholastic Aptitude Test (SAT) - **www.collegeborad.com** (for undergraduate in US)
3. Graduate Management Admission Test (GMAT) - **www.mba.com** (for MBA abroad)
4. Graduate Record Examination (GRE) (for Master programme abroad)
5. TOFEL - Testing of English as foreign language
6. Test De Evolution of French (TEF) - **www.fiaf.org**

૧૨.૩ વિદેશ અભ્યાસ અર્થે અગત્યના સરનામા અને વેબસાઇટો

- **અમેરિકા માટે :**
  www.unitedstates visas.gov
  www.lisembassy.state.gov/mumbai
  78, Bhulabhai Desai Road,
  Lincoln House, Mumbai-400 026. India.
  admit@bridgeport.edu
- **કેનેડા માટે :**
  cic.g.ca (canada immigration) www.cic.gc.ca
  Canada High Commission, Immigration
  Section, Chanakyapuri, P.O.Box
  No. 5209, New Delhi-110021
- **જર્મની માટે :**
  www.hrk.de • www.germany campus.de
- **બ્રિટિશ માટે :**
  On education in the U.K.
  http://www.educationuk.org
  information about
  British Education online.
- **U.K. Universities, Colleges**
  http:/www.sici.w/u.ac.uk/ukinfo/
  uk.map.html
  British High Commission,
  Churchgate, Mumbai India
  For Scholarship : **www.dada.de**
- **ઑસ્ટ્રેલિયા માટે :**
  www.immi.gov.au

● **IELTS :** IELTS (International English Language Testing System)નો ઉપયોગ યુકેની યુનિવર્સિટીઓ પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષા ઉપરના પ્રભુત્વને ચકાસી તેમની પ્રવેશ યોગ્યતા નક્કી કરવા માટે થાય છે. આ ટેસ્ટ દ્વારા વિદ્યાર્થી યુકેમાં રહેવા અને ભણવા માટે અંગ્રેજીમાં અસરકારક રીતે કોમ્યુનિકેશન કરી શકે છે કે નહીં તે ચકાસવામાં આવે છે. ટેસ્ટ એકેડેમીક અને જનરલ ટ્રેનિંગ મોડ્યુલ એમ બે ભાગમાં વિભાજિત હોય છે. દરેક મોડ્યુલમાં ચાર વિભાગ હોય છે : લીસનીંગ, રીડીંગ, રાઈટીંગ અને સ્પીકીંગ.

IELTS પરીક્ષાનું ફોર્મ ભરવા તથા ટેસ્ટના દિવસે પાસપોર્ટનો “I-Card” તરીકે ઉપયોગ થતો હોય છે. તેના સિવાય પ્રવેશ મળશે નહીં. The British Council, IDP Education Australia અને University of Cambridge Examination દ્વારા ભેગા મળીને વૈશ્વિક સ્તરે આ પરીક્ષા કન્ડકટ કરવામાં આવે છે. બધા જ ટેસ્ટ University of Cambridge ESOL (English for Speakers of Other Languages) દ્વારા વિકસાવવામાં આવ્યા છે.

www.britishcouncil.org.in/ielts **www.learnenglish.org.uk**
www.ielts.org **www.ieltsindia.com**

● ગ્રેજ્યુએટ રેકોર્ડ એક્ઝામીનેશન (GRE) :

ગ્રેજ્યુએટ રેકોર્ડ એક્ઝામીનેશન (GRE) ટેસ્ટ, અમેરિકામાં ગ્રેજ્યુએટ લેવલે મેનેજમેન્ટ સિવાયના ક્ષેત્રોમાં પ્રવેશ માટે આપવી આવશ્યક છે. આ ટેસ્ટમાં તમારી શૈક્ષણિક કારકિર્દીમાં તમે વર્બલ, કવોન્ટીટેટીવ અને એનાલીટીકલ રાઈટીંગ ક્ષેત્રોમાં કેવી સ્કીલ્સ ડેવલપ કરી છે તે ચકાસવામાં આવે છે. આ ટેસ્ટમાં તમે મેળવેલો સારો સ્કોર સારી ગ્રેજ્યુએટ સ્કુલમાં પ્રવેશ કાર્યને આસાન બનાવી શકે છે. અત્યારે આ ટેસ્ટ કોમ્પ્યુટર ઉપર લેવાય છે અને 'કોમ્પ્યુટર બેઝડ GRE' તરીકે ઓળખાય છે. આ ટેસ્ટ જનરલ અને સબ્જેકટ એમ બે અલગ રીતે લેવામાં આવે છે. કેટલીક ગ્રેજ્યુએટ સ્કુલો GRE સબ્જેકટનો સ્કોર માંગતી હોય છે. GRE સબ્જેકટ ૧૪ વિષયોમાં આ ટેસ્ટ લેવામાં આવે છે : (૧) બાયોકેમેસ્ટ્રી, (૨) બાયોલોજી, (૩) કેમેસ્ટ્રી, (૪) કોમ્પ્યુટર સાયન્સ, (૫) ઈકોનોમિકસ, (૬) એન્જિનિયરીંગ, (૭) જીઓલોજી, (૮) હીસ્ટ્રી, (૯) લીટરેચર ઈન ઈંગ્લિશ, (૧૦) મેથેમેટીકસ, (૧૧) મ્યુઝીક, (૧૨) ફિઝીકસ, (૧૩) સાઈકોલોજી, (૧૪) સોશીયોલોજી.

કોમ્પ્યુટર બેઈઝડ GRE : જનરલ ટેસ્ટમાં ત્રણ અથવા ચાર સેકશન હોય છે.

વર્બલ એબીલીટી : આ સેકશનમાં આવતા ૩૦ પ્રશ્નો નીચેના ચાર વિભાગોમાં વિભાજીત હોય છે :

(૧) એન્ટોનીમ : શબ્દભંડોળ (વોકેબ્યુલરી) સાથે સીધી રીતે સંકળાયેલા આ પ્રશ્નોમાં જે-તે શબ્દની સામે પાંચ શબ્દો આપેલ હશે, તેમાંથી શ્રેષ્ઠ વિરોધી શબ્દ તમારે પસંદ કરવાનો હોય છે. આમાંથી ઘણા બધા શબ્દોથી તમે બિલકુલ અપરિચિત હશો. તમારું વિશાળ વાંચન અને વિશાળ શબ્દભંડોળ તમને મદદરૂપ થઈ શકે છે.

(૨) એનલોજી : એન્ટોનીમની જેમ એનલોજી સાથે સંકળાયેલા પ્રશ્નો પણ શબ્દભંડોળ સાથે સંકળાયેલા હોય છે. અહીં શબ્દ અને વિચાર વચ્ચેનો સંબંધ તમારે સમજવાનો હોય છે. તમને શબ્દોની એક જોડી આપેલી હશે. તમારે બીજા એવા જ સંબંધવાળી જોડી શોધવાની હશે. અહીં ઘણી બધી અલગ-અલગ પ્રકારની રીલેશનશીપ હોય છે. મોટેભાગે સમાનાર્થી અને કારણ તથા અસર સાથે સંકળાયેલ જોડીઓ વધારે આપવામાં આવે છે.

(૩) સેન્ટેન્સ કમ્પ્લિશન : અહીં તમારી 'રીડીંગ કોમ્પ્રિહેન્શન' અને 'વોકેબ્યુલરી' બંને સ્કિલ્સની ભેગી ચકાસણી કરવામાં આવે છે. આપેલ વાકયનું લોજીક, સ્ટાઈલ અથવા ટોન સમજવો ખૂબ જરૂરી છે. વિકલ્પોમાંથી વાકયને પૂર્ણ કરતો શ્રેષ્ઠ વિકલ્પ શોધવાનો હોય છે.

(૪) રીડીંગ કોમ્પ્રિહેન્શન : અહીં તમારી પદ્ધતિસર વાંચનની, સમજવાની અને અર્થઘટન કરવાની ક્ષમતાની ચકાસણી કરવામાં આવે છે. તમારા અભ્યાસમાં અને પછી વ્યવહારિક જીવનમાં પણ આ આવડત ખૂબ જ ઉપયોગી છે. જુદાં જુદાં ક્ષેત્રોનું વાંચન તમને મદદરૂપ થઈ શકે છે. **www.ets.org**

● એક નવું આકાશ : અમેરિકામાં અભ્યાસ :

અમેરિકામાં ન રહેતા હોય, ત્યાંના નાગરિક ન હોય છતાં અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ F-1 (નોન-ઈમિગ્રન્ટ) સ્ટુડન્ટ વિસા મેળવીને અમેરિકાની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકે છે. F-1 સિવાય પણ અન્ય કેટલાક પ્રકારના વિસા મેળવીને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ અમેરિકા જઈ શકે છે.

અભ્યાસ માટે અપાતા વિવિધ પ્રકારના વિસા કયા કયા છે ?

F-1 અથવા તો સ્ટુડન્ટ વિસા : યુ.એસ.ના અભ્યાસક્રમમાં જોડાવા માંગતા બહારના દેશના વિદ્યાર્થીઓ માટે આ સૌથી સામાન્ય વિસા છે. અમેરિકાની અધિકૃત યુનિવર્સિટી અને કોલેજમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓએ આ વિસા મેળવવા જરૂરી છે.

J-1 અથવા તો એકસચેન્જ વિઝીટર વિસા : યુ.એસ.માં ચાલતા એકસચેન્જ વિઝીટર પ્રોગ્રામમાં સામેલ થવા માંગતા વિદ્યાર્થીઓ માટે J-1 વિસા છે. શૈક્ષણિક અને સાંસ્કૃતિક એકસચેન્જ પ્રોગ્રામ માટે 'J-1' વિસા આપવામાં આવે છે.

M-1 અથવા સ્ટુડન્ટ વિસા : આ વિસા યુ.એસ.ની સંસ્થાઓમાં બિનશૈક્ષણિક અથવા વ્યવસાયિક અભ્યાસ કે તાલીમ પ્રાપ્ત કરવા માંગતા હોય તેવા લોકો માટે છે.

ધ્યાનમાં રાખવા જેવી બાબત : જો તમારે યુ.એસ.ના રાજદૂતાવાસના વિસા માટેની અરજી કરવી હોય તો સૌપ્રથમ SEVIS (સ્ટુડન્ટ એન્ડ એકસચેન્જ વિઝીટર ઈન્ફર્મેશન સિસ્ટમ) અંતર્ગત જરૂરી એવા દસ્તાવેજ જેવા કે I-20 અથવા તો DS-2020 હોવા જોઈએ. આ દસ્તાવેજ અમેરિકાની યુનિવર્સિટી કે કોલેજ કે પછી જે ખાતામાં તમે જવા માંગતા હો તેનો અધિકૃત પત્ર તમારી પાસે હોવો જરૂરી છે. વિદ્યાર્થીઓએ વિસાની અરજી કરતી વખતે સાથે આ સ્પોન્સ પત્ર બીડવો જરૂરી છે. કોઈપણ એકસચેન્જ પ્રોગ્રામ અથવા સંસ્થા કે કોલેજમાં શૈક્ષણિક પ્રવેશ મેળવી લીધા પછી જ વિદ્યાર્થીઓને SEVIS હેઠળ પત્ર મળી શકે છે. એટલા માટે વિસાની અરજી કરતાં પહેલાં સંસ્થા કે અભ્યાસક્રમમાં જોડાવા માટેની જરૂર પ્રવેશ કાર્યવાહી પૂરી કરવી જોઈએ.

જો તમે એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ ભાગ લેવા માંગતા હો તો સંસ્થા કે કોલેજ તરફથી સંમતિપત્ર મેળવવો જરૂરી છે. તમને સ્પોન્સર કરનારી સંસ્થા કે કોલેજ પણ તમને વિસા મેળવવા માટેની યોગ્ય માહિતી પૂરી પાડે છે. આ ઉપરાંત અમેરિકામાં અભ્યાસ વિશેનું જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડે છે. વિસા મેળવવા માટેની અરજી કરતી વખતે જરૂરી દસ્તાવેજની સાથોસાથ SEVIS ફી અને વિસા પ્રોસેસીંગ ફી ચૂકવવી જરૂરી છે.

યુ.એસ. એમ્બેસી, કોન્સ્યુલેટની અહીં જણાવેલી પ્રક્રિયા જુદી પણ પડી શકે છે માટે યુ.એસ. એમ્બેસીની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવી. જેથી કરીને તમે વેબસાઈટ પરથી વિસા માટેના ઈન્ટરવ્યુનો ચોક્કસ સમય અને તારીખ મેળવી શકો. ફરી એકવાર આ પ્રક્રિયા પણ અલગ હોઈ શકે છે માટે યુ.એસ. એમ્બેસીની વેબસાઈટ પર ક્લિક કરો.

વિદ્યાર્થીઓ જયારે વિસાના ઈન્ટરવ્યુ માટે જાય ત્યારે જરૂરી દસ્તાવેજો જેવા કે વિસા કવોલીફાઈંગ દસ્તાવેજ (I-20/DS-2020), શૈક્ષણિક પ્રમાણપત્રો, નાણાંકીય સપોર્ટ માટેના દસ્તાવેજ, વિસા પ્રોસેસીંગ ફી અને SEVIS ફીની રસીદ અને સંપૂર્ણ વિગતો ભરેલું વિસા અરજી ફોર્મ સાથે હોવું અનિવાર્ય છે. વિદ્યાર્થીઓએ ખાતરીપૂર્વક ચકાસી લેવું જોઈએ કે તેમણે જે વિગતો વિસા અરજીપત્રકમાં ભરી છે તે સંપૂર્ણપણે સાચી છે.

● વિદેશમાં શિક્ષણની પહેલી કસોટી : TOEFL :

દેશની યુનિવર્સિટીમાં ખાસ કરીને અમેરિકામાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓએ ટેસ્ટ ઓફ ઈંગ્લિશ એઝ એ ફોરેન લેંગ્વેજ (TOEFL) પરીક્ષા આપવી પડે છે. TOEFL જે વિદ્યાર્થીની પ્રથમ ભાષા અંગ્રેજી નથી તેમણે આ પરીક્ષા આપવી પડે છે. દ્વારા એ જાણી શકાય છે કે વિદ્યાર્થી અમેરિકન ઉચ્ચારણોવાળું અંગ્રેજી બરાબર સાંભળતા, વાંચતા, લખતાં અને બોલતાં કેટલું આવડે છે ? TOEFLમાં મેળવેલા ગુણ વિશ્વના ૧૧૦ દેશની ૬,૦૦૦ કરતાં વધુ કોલેજ માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થામાં સ્વીકૃત છે.

સપ્ટેમ્બર ૨૦૦૬થી TOEFL એકઝામ ઈન્ટરનેટ બેઝડ ટેસ્ટ (iBT) બની છે. જયાં ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં iBT ઉપરાંત પેપર બેઝડ ટેસ્ટ દ્વારા પણ TOEFL આપી શકાય છે.

ઈન્ટરનેટ બેઝડ ટેસ્ટ :

TOEFL ઈન્ટરનેટ બેઝડ ટેસ્ટ અંગ્રેજી ભાષાની પકડને ચકાસે છે. ભાષાના પ્રભુત્વમાં લખવું, વાંચવું, બોલવું અને સાંભળવું એમ ચારેય બાબતોનો સમાવેશ થાય છે.

ઈન્ટરનેટ બેઝડ ટેસ્ટ અધિકૃત ગણાય છે અને અભ્યાસ દરમ્યાન કોલેજ કે સંસ્થામાં બોલાતી, લખાતી, વંચાતી અને સંભળાતી ભાષા પર ભાર મૂકવામાં આવે છે. ઈન્ટરનેટ બેઝડ ટેસ્ટ (iBT)ના કુલ ચાર વિભાગ છે :

૧. વાંચન ક્ષમતા ચકાસવી : વિદ્યાર્થી શિક્ષણ સામગ્રી બરાબર વાંચી શકે એ ક્ષમતા ચકાસવા માટેનો આ વિભાગ છે.

૨. શ્રવણ ક્ષમતા ચકાસવી : કોલેજ કે સંસ્થામાં અંગ્રેજીમાં અપાતા પ્રોફેસરના લેકચર વિદ્યાર્થી બરાબર સમજી શકે છે કે કેમ ? એ ચકાસવા માટેનો આ વિભાગ છે.

૩. બોલવાની ક્ષમતા ચકાસવી : વિદ્યાર્થીની અંગ્રેજીમાં બોલવાની ક્ષમતા આ વિભાગ દ્વારા ચકાસવામાં આવે છે.

૪. લેખન ક્ષમતા ચકાસવી : કોલેજ, યુનિવર્સિટીમાં ભણાવાતા અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થી અંગ્રેજીમાં કેટલું અને કેવી રીતે લખી શકે છે તે આ વિભાગ વડે ચકાસવામાં આવે છે.

TOEFLના કેન્દ્રો : ઈન્ટરનેટ બેઝડ : અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ **પેપર બેઝડ :** બેંગ્લોર, હૈદ્રાબાદ, ત્રિવેન્દ્રમ

TOEFL માટેની યોગ્યતા : કોઈપણ વ્યક્તિ TOEFL આપી શકે છે. તેમાં કોઈ ઉંમરનો બાધ નડતો નથી કે ચોક્કસ ડિગ્રીની આવશ્યકતા નથી. TOEFLમાં મેળવેલા ગુણ બે વર્ષ સુધી માન્ય ગણાય છે.

કેવી રીતે એપ્લાય કરી શકાય ? ઈન્ટરનેટ બેઝડ ટેસ્ટીંગ (iBT) : તમારા શહેરમાં કે આસપાસના વિસ્તારમાં પસંદ કરેલા અધિકૃત એજ્યુકેશન ટેસ્ટીંગ સર્વિસ (ETS) કેન્દ્રો TOEFL iBT આપી શકાય છે. iBTની ટેસ્ટ ફી ૧૫૦ અમેરિકન ડોલર છે. પેપર બેઝડ (PBT)ની ફી ૧૪૦ અમેરિકન ડોલર છે. ટેસ્ટના નિર્ધારીત દિવસે તમારું યોગ્ય ઓળખપત્ર (ID) સાથે લઈ જવું અનિવાર્ય છે. iBT માટે તમે ઓનલાઈન નોંધણી કરાવી શકો છો. આ ઉપરાંત ફોન દ્વારા પણ નોંધણી કરાવી શકાય છે, અથવા તો ઈ-મેઈલ દ્વારા પણ નોંધાવી શકાય છે.

● નેશનલ મેરીટ સ્કોલરશીપ :

નેશનલ મેરીટ સ્કોલરશીપ કોર્પોરેશન (NMSC) તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના આધારે ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ પૂરી પાડે છે. આ પ્રતિષ્ઠિત સંસ્થા ખૂબ જૂની છે. ૧૯૬૪થી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપે છે. નેશનલ મેરીટ પ્રોગ્રામ અંતર્ગત પસંદગી પામેલા હાઈસ્કૂલ લેવલના ૫૫,૦૦૦ વિદ્યાર્થીઓને તથા નેશનલ એચીવમેન્ટ પ્રોગ્રામ હેઠળ કોલજના અંડર ગ્રેજ્યુએટ્સ ૧૦,૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપે છે. કોલેજના અભ્યાસ પાછળ દર વર્ષે કુલ ૫૦ મિલિયન ડોલર (૫ કરોડ રૂપિયા)ની સ્કોલરશીપ જાહેર કરે છે. NMSCની આ સ્કોલરશીપ મેળવવા માટે અમેરિકાના નાગરિક બનવું જરૂરી છે. જે વિદ્યાર્થીએ કાયમી ધોરણે નિવાસી બનવા માટે અરજી કરી હોય તે પણ આ સ્કોલરશીપ મેળવવા માટેની પરીક્ષા આપવાને પાત્ર બની શકે છે. સ્કોલરશીપ મેળવવા માટેના કવોલીફાઈંગ ટેસ્ટમાં દર વર્ષે અંદાજે ૧,૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લે છે. તેમાંથી ફકત ૪,૬૦૦ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવે છે. નેશનલ મેરીટ સ્કોલરશીપ કોર્પોરેશન, ૧૫૬૦, શેરમન એવન્યુ, સ્યુટ ૨૦૦, ઈવેન્સ્ટન, ઈલીનોઈસ ૬૦૨૦૧-૪૮૯૭. **www.nationalmerit.org**

૧૩. કોંગ્રેસ સરકારની ઉચ્ચતર અભ્યાસ માટે શૈક્ષણિક લોનની યોજના

વિવિધ બૅંક મારફત સમગ્ર ભારતમાં તથા વિદેશમાં અભ્યાસ માટે ઉચ્ચતર અભ્યાસ માટેની શૈક્ષણિક લોન યોજના અમલમાં છે. વિવિધ રાષ્ટ્રીયકૃત બૅંકો-સંસ્થામાંથી આ લોન મેળવી શકાય છે. આ અંગે કોઈ પણ બૅંકના સંપર્ક દ્વારા જરૂરી માહિતી મળી શકે છે. કૉંગ્રેસ પક્ષની કેન્દ્ર સરકાર દ્વારા પ્રવર્તમાન સમયમાં બૅંક દ્વારા આ લોન મંજૂરી માટેના નિયમો ઉદાર બનાવાયા છે અને એજ્યુકેશન લોન માટે થનાર વ્યાજની સબસીડી ભારત સરકાર ચૂકવશે.

લોન મળી શકે તેવા અભ્યાસક્રમો :

- ૧૦ + ૨ની પદ્ધતિમાં શાળા કક્ષાએ
- બી.એ., બી.કૉમ., બી.એસસી. વગેરે અભ્યાસક્રમ માટે
- અનુસ્નાતક અને પીએચ.ડી. અભ્યાસ અર્થે
- એન્જિનિયરિંગ, મેડિકલ, ઍગ્રિકલ્ચર, વેટરનરી, લૉ, ડેન્ટલ, મૅનેજમેન્ટ, કમ્પ્યૂટર જેવા પ્રોફેશનલ કોર્સીસ માટે
- ICWA, CA, CFA વગેરેના અભ્યાસ માટે
- IIM, IIT, IISC, XIRI, NIFT જેવી સંસ્થાઓમાં અભ્યાસ માટે
- ડિપ્લોમા, ડિગ્રી જેવા UGC, AICTE, ICMR, MCI/DCI/CCN દ્વારા માન્ય કોર્સ માટે

વિદેશ અભ્યાસ માટે માન્ય અભ્યાસક્રમો :

- સ્નાતક કક્ષાએ : માન્ય યુનિ.ના રોજગારલક્ષી પ્રોફેશનલ કોર્સીસ માટે
- અનુસ્નાતક કક્ષાએ : MBA, MS માટે
- CIMA - London, CPA in USA વગેરે દ્વારા ચાલતા અભ્યાસક્રમો માટે
- ધોરણ ૧૦ (એસ.એસસી) અને તેથી ઉપરના ધોરણ પાસની માર્કશીટ
- ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા અંગેના પત્રની નકલ

લોન માટે જરૂરી દસ્તાવેજ :

- ધો.૧૦ અથવા ધો.૧૨ પાસની માર્કશીટ
- પ્રવેશપત્રની નકલ
- અભ્યાસક્રમ દરમિયાન થનારા સંભવિત ખર્ચની વિગત
- બે પાસપોર્ટ ફોટોગ્રાફ્સ - અરજદાર તથા સહ અરજદાર (વાલી, પિતા, માતા સહ અરજદાર બની શકે)
- અરજદાર - સહ અરજદારના બૅંક સ્ટેટમેન્ટની (લેવડ-દેવડ)ની છેલ્લા છ માસની વિગત
- છેલ્લાં ૩ વર્ષના આવકવેરા રીટર્ન - એસેસમેન્ટ ઑર્ડરની નકલ
- બે બૅંક ગૅરન્ટર, તેનાં નામ, સરનામાં, રહેઠાણના જરૂરી પુરાવા સહિત તેની આવકના પુરાવા, પગાર સ્લીપ વગેરે
- લોનની રકમ અન્વયે જરૂરી માર્જીન મની ધરાવતા હોવાના પુરાવા બૅંક બૅલેન્સ વગેરે
- અન્ય કોઈ પણ બૅંક, સંસ્થા, પેઢીમાંથી લોન ન મેળવ્યા અંગેનું અને ગૅરન્ટર ન બન્યા હોવા અંગેનું કબૂલાતનામું.
- લોનની રકમ વધુ હોય ત્યારે જરૂરી સિક્યુરિટી માટે સ્થાવર મિલકત - મકાન, જમીન વગેરેના દસ્તાવેજ ગીરો મૂકવા જરૂરી રહે છે.
- સ્થાવર મિલકત અંગે - ટાઈટલ ક્લીયરન્સ સર્ટિ. વેલ્યુએશન રિપોર્ટ રજૂ કરવાના રહે છે.
- આ ઉપરાંત લોન મંજૂર કરનાર સંસ્થા / બૅંકના નિયમોનુસાર જરૂરી અન્ય દસ્તાવેજ. શૈક્ષણિક લોન મેળવવા જરૂરી કેટલીક વિગતો આપની જાણ-માહિતી માટે દર્શાવેલ છે તેમ છતાં સમયાંતરે બૅંક સંસ્થાઓ દ્વારા અમલી બનતા ફેરફારોને આધીન કાર્યવાહી કરવાની રહે છે.

- State Bank of India - **www.statebankofindia.com**
- IDBI Bank - **www.idbibank.com**
- Punjab National Bank - **ww.punjabnationalbank.org**
- Vijaya Bank - **www.vijaybank.com**
- Bank of Baroda - **www.bankofbaroda.com**
- State Bank of Hyderabad - **www.sbhyd.com**

● **કારકિર્દીની સંજીવની એજ્યુકેશન લોન (કેન્દ્રની કોંગ્રેસ સરકારનું શિક્ષણ માટેનું ઉત્તમ પગલું) :**

કારકિર્દીને ચોક્કસ ઊંચાઈ પર લઈ જવા માટે ઉચ્ચ કે ટેકનીકલ શિક્ષણ અનિવાર્ય છે, પરંતુ બીજી બાજુ આ શિક્ષણ ખૂબ જ મોંઘું બન્યું છે. કેટલીક પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા લેવાતી વિવિધ ફીની રકમ એટલી મોટી હોય છે કે મધ્યમ વર્ગના મોટાભાગના લોકો પાસે તેટલી પૂરી રકમ એકસામટી હોવી અશકય છે. મોટાભાગની તમામ રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો તેમજ ખાનગી બેંકો દ્વારા વિવિધ એજ્યુકેશન લોન મળી શકે છે. ભારત સરકારે એજ્યુકેશન લોન માટે વિશેષ જોગવાઈ કરેલ છે. ભારત સરકારની સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ફોર એજ્યુકેશન લોન અન્વયે લોન તરીકે મળવાપાત્ર મહત્તમ રકમ ગણવા માટે, અભ્યાસ કરવા માટે સ્કૂલ, કોલેજ, હોસ્ટેલ, લાયબ્રેરી તેમજ લેબોરેટરીને ચૂકવવાની સંપૂર્ણ ફી સહિત અભ્યાસ માટે જરૂરી પુસ્તકો, સાધનો, ઉપકરણો, યુનિફોર્મ લાવવા માટેના ખર્ચ ઉપરાંત અભ્યાસ અર્થે ભરવી પડતી જરૂરી કોશન મની કે રીફન્ડેબલ ડીપોઝીટ, વિદેશમાં અભ્યાસના કિસ્સામાં પેસેજ મની તેમજ હવાઈ સફરનો ખર્ચ વગેરે ખર્ચાઓનો સમાવેશ કુલ અભ્યાસખર્ચમાં કરી શકાય છે. લોન લેનાર વ્યક્તિની પરત ચૂકવણીની ક્ષમતાને ધ્યાને રાખી લોન માટે ગણનાપાત્ર કુલ અભ્યાસ ખર્ચ અથવા એજ્યુકેશન લોનની મહત્તમ મર્યાદા એ બેમાંથી જે રકમ ઓછી હોય તેટલી લોન મંજૂર થઈ શકે છે.

ભારત સરકારે રાષ્ટ્રીય બેંકો દ્વારા અભ્યાસ અર્થે રૂા. ૪ લાખની લોન સુધી માર્જીન મની શૂન્ય રાખવામાં આવી છે એટલે કે અભ્યાસ માટે જરૂરી તમામ ખર્ચ જેટલી પૂરી રકમની લોન મળી શકે છે.

અભ્યાસ માટે લોન લીધા પછી વિદ્યાર્થીનો અભ્યાસ પૂરો થાય ત્યાં સુધી લોન પરના વ્યાજની ચૂકવણી સબસીડીરૂપે ભારત સરકાર આપશે. મોટાભાગની તમામ રાષ્ટ્રીયકૃત બેંકો લોનની પરત ચૂકવણીનો સમય, અભ્યાસક્રમનો સમયગાળો ૧ વર્ષ અથવા વિદ્યાર્થીને નોકરી મળ્યાના છ માસ, એ બેમાંથી જે વહેલું હોય તે નક્કી કરે છે. દેશમાં અભ્યાસક્રમ માટે મહત્તમ રૂા. ૧૦ લાખ અને વિદેશમાં અભ્યાસ માટે મહત્તમ રૂા. ૨૦ લાખ સુધીની જોગવાઈ કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રાપ્ત સરકારી સહાય

- ધોરણ -૧૧ સામાન્ય પ્રવાહ (વિજ્ઞાનપ્રવાહ સિવાય)માં દાખલ થનાર વિદ્યાર્થીઓને ટયુશન માટે પ્રથમ વર્ષ રૂ. ૮,૦૦૦ અને બીજા વર્ષે રૂ. ૪,૦૦૦ સહાય આપવામાં આવે છે. તથા ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને ટયુશન માટે પ્રથમ વર્ષે રૂ. ૧૫,૦૦૦ અને બીજા વર્ષે રૂ. ૧૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.
- કૉલેજ સાથે સંકળાયેલા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ફંડમાંથી ભોજન બીલ સહાય તરીકે દર મહિને રૂ. ૬૦૦ વિદ્યાર્થી દીઠ આપવામાં આવે છે.
- સિવિલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, આર્કિટેક, પ્લાસ્ટિક અને ફાઈન આર્ટના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને રૂ. ૩,૦૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે.
- પુસ્તક બૅંક યોજના હેઠળ મૅડિકલ, એન્જિનિયરિંગ, એગ્રિકલ્ચર, વેટરીનરી, પોલિટેકનિક, લૉ, સી.એ., એમ.બી.એ., બાયોસાયન્સ જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકોની કિંમતના પાંચ ટકા ડિપોઝિટ લઈને બે વિદ્યાર્થી દીઠ એક સેટ આપવામાં આવે છે. અનુસ્નાતકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ એક સેટ આપવામાં આવે છે.
- કૉમર્શિયલ પાયલોટ લાયસન્સની તાલીમ મેળવવા ઈચ્છતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રૂ. ૨૦ લાખ સુધીની લૉન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે.
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માગતા વિદ્યાર્થીઓને રૂ. ૧૦ લાખની ૪ ટકા વ્યાજે લૉન આપવામાં આવે છે.
- ડૉ. આંબેડકર સરકારી છાત્રાલયોમાં મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તમામ સવલતો વિના મૂલ્યે આપવામાં આવે છે.
- મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓમાં અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને રહેવા, ભણવાની વિના મૂલ્યે સગવડ એક જ કેમ્પસમાં મળી રહે તે માટે રાજ્યમાં ૧૮ આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે.
- એસ.એસ.સી. બૉર્ડની પરીક્ષામાં પ્રથમ ક્રમ મેળવતા તેજસ્વી વિદ્યાર્થીઓને અનુક્રમે ધોરણ-૧૦ અને ૧૨માં તમામ પ્રવાહમાં આવનારને ઈનામ આપવામાં આવે છે.
- પસંદ થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- એસ.સી.એસ.ટી. વિદ્યાર્થીઓને શૈક્ષણિક લૉન પર વ્યાજ સબસીડી મળશે. સરકારી માન્યતા પ્રાપ્ત કૉલેજોમાં ઉચ્ચ શિક્ષણ મેળવનાર અને આર્થિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શૈક્ષણિક લૉન પર વ્યાજ સબસીડી આપવાનું કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે.

૧૪. શિષ્યવૃત્તિ

ભારત સરકારના સહયોગથી ગુજરાત રાજ્યમાં નીચે મુજબની શિષ્યવૃત્તિ તથા લોન આપવામાં આવે છે,જેના અરજીપત્રક (ક્રમ ૧થી ૯) વિદ્યાર્થી જે જિલ્લામાં ભણતો હોય તે જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી તેમાં લખેલ નિયત સમયે (દર વર્ષે જૂન-જુલાઈ માસમાં) નીચેના સરનામે મોકલી દેવા.

હિસાબી અધિકારશ્રી, ૨, શિષ્યવૃત્તિ શાખા, ઉચ્ચ શિક્ષણ નિયામક કચેરી, બ્લોક નં.૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જે વિદ્યાર્થી ગુણવત્તાના ધોરણે મળતી આ શિષ્યવૃત્તિને પાત્ર હશે તેની જાણ તે જે સંસ્થામાં ભણતો હોય ત્યાં કરવામાં આવશે.વિદ્યાર્થીના માતા-પિતા કે વાલીની વાર્ષિક આવક ગયા વર્ષના એપ્રિલથી આ વર્ષના માર્ચ વચ્ચેની ગણવી. ધો.૧૦ પછી જેને સ્કૉલરશિપ મળી હોય તેમણે ધો.૧૨ પછી ફરી અરજી કરવાની રહેશે.

(૧) ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ : (૯૦૨ વિદ્યાર્થીઓ માટે)
(૨) ગુ.રા.વ્યાજમુક્ત લોન : (૬૨૬)
(૩) શિક્ષકના બાળકને શિષ્યવૃત્તિ : (૩૬)
(૪) ગુજરાત રાજ્ય પોસ્ટ એસ.એસ.સી. આંતર રાજ્ય યોજના : (૩૦)
(૫) ગુજરાત રાજ્ય ટ્રાઈબલ તાલુકાના વતની માટે ઉચ્ચ શિક્ષણની યોજના : (૧૫)
(૬) કેન્દ્ર સરકારની લોન : (૧૦૦)
(૭) હિન્દીના અભ્યાસ માટે : (૧૩૫)
(૮) નૅશનલ-મેરિટ શિષ્યવૃત્તિ : (૧૪૪૪)
(૯) સંસ્કૃત સ્કૉલરશિપ : (૧૦૦)
(૧૦) **અન્ય અભ્યાસ માટે**
(૧) ચાણક્ય ટ્રેનિંગ શિપ(ડફરીન) તાલીમ માટે ૬ વિદ્યાર્થીઓને સહાય અપાય છે. (૨) શ્રી વનસ્થલી વિદ્યાપીઠ, રાજસ્થાનમાં ભણવા જતી બે બહેનોને સહાય મળે છે. (૩) ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ, પૂના ભણવા જતા ૫ વિદ્યાર્થીઓને માસિક ૨૫૦ રૂ. અપાય છે. (૪) જૂના સૌરાષ્ટ્ર વિભાગના વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સહાય મળે છે.
(૧૧) Director,Centre for Cultural Resources and Training, Bahawalpur house, Bhagwandas Road, New Delhi-1: (૩૦૦ બાળકો)
(૧૨) **રાષ્ટ્રીય પ્રતિભા ખોજ પરીક્ષા :** ભારત સરકાર દર વર્ષે ૭૫૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને વર્ષે રૂ. ૨૦૦૦ થી ૨૭૦૦ સ્કૉલરશિપ રૂપે આપે છે. પ્રથમ સ્ક્રીનિંગ પરીક્ષા (ગુજરાત) રાજ્ય પરીક્ષા બોર્ડ, દિલ્હી ચકલા, અમદાવાદા દ્વારા ડિસેમ્બર માસમાં લેવાય છે. જેના દ્વારા પ્રવેશપત્રો ઑકટોબરમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી લઈ ભરવાનાં હોય છે. આ અંગે બે પેપર હોય છે. ૧૦૦ ગુણ અભ્યાસના વિષયના હોય છે. દોઢ કલાકનાં પેપર ગુજરાતી કે ગમે તે ભાષામાં આપી શકાય છે.
(૧૩) **કામદારોનાં સંતાનો માટે :** ભારત સરકાર ઑફિસ ઑફ વેલ્ફેર ઍન્ડ શ્રમ કમિશ્નર, શ્રમ મંત્રાલય, ત્રિલોક ભવન, ગાંધીનગર, ભીલવાડા-૩૧૧ ૦૦૧ (રાજસ્થાન) તરફથી ખાણ, બીડી કે સીને કામદારોનાં બાળકોને શિષ્યવૃત્તિ, પુસ્તકો, નોટ તથા ડ્રેસની સહાય અપાય છે. ઑકટોબર માસમાં વેલફેર એડમિનિસ્ટ્રેટર, બળિ યા કાકા રોડ, કાંકરિયા, અમદાવાદ અરજી કરવી.
(૧૪) **નૅશનલ ઓવરસીઝ :** ૬૦ તેજસ્વી અનુ.જાતિ/જનજાતિના ઉમેદવારોને ઉચ્ચ શિક્ષણ માટે સરકારી સહાય મળે છે. ઉપસચિવ, કલ્યાણ મંત્રાલય, રૂમ નં. ૨૪૦, એ-વિંગ, શાસ્ત્રીભવન, ન્યૂ દિલ્હી-૧.
(૧૫) **ડે.જનરલ મેનેજર એન્જિનિયર્સ ઈન્ડિયા લિ. એન્જિ. ઈન્ડિયા ભવન, ચોથા માળે, ૧ બી.કે. પ્લેસ, દિલ્હી-૬૬.** ઈજનેરીમાં ભણતા કે પ્રવેશ લેનાર ૨૫ SC/ST ને મહિને રૂ. ૭૫૦ આપે છે.
(૧૬) **ONGC તેલભવન, દહેરાદૂન :** એન્જિનિયરિંગના બીજા વર્ષમાં કે MBA કે MSC (જિઓફિઝિક્સ કે જિઓલોજી)ના પ્રથમ વર્ષના SC/ST એવા ૫૦ વિદ્યાર્થીઓને મહિને રૂ. ૬૦૦ થી ૧,૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ મળશે.
સંપૂર્ણ બાયોડેટા તથા જરૂરી ગુણપત્રકો સાથેની અરજી ૨૮ ફેબ્રુઆરી પહેલા પહોંચાડવી.
(૧૭) **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોર :** સંસ્થા દ્વારા ૧૨ વિજ્ઞાનના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને જેઓ બી.એસસી. કરી સંશોધન કરવા વિચારે છે તેમને મદદ કરે છે.

(૧૮) **રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, ૫૬,૫૭ ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, જનકપુરી, ન્યૂ દિલ્હી-૫૮ :** કૉલેજમાં જેઓ સંસ્કૃત/પાલી ભાષા સાથે અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેઓને ડૉક્ટરેટ સુધીની શિષ્યવૃત્તિ અપાય છે. એમ્પલોયમેન્ટ ન્યૂઝમાં જાહેરાત આવે અરજી કરવી.

(૧૯) **સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન લૅંગ્વેજ, માનસ ગંગોત્રી, મૈસૂર-૫૭૦ ૦૦૬ :** ભારતીય ભાષાના સંશોધન અર્થે જેઓ આગળ ધપવા ઈચ્છતા હોય તેવા પી.જી. વિદ્યાર્થીઓએ સંપૂર્ણ બાયોડેટા સાથે સાદા કાગળમાં જૂન-જુલાઈમાં અરજી કરવી. પ્રતિમાસ રૂ. ૬૦૦ આપવામાં આવે છે.

(૨૦) **ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅથેમૅટિકલ સાયન્સ (IMSc.) CIT કૅમ્પસ, તારામલી, ચેન્નઈ અથવા ધમરેતા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅથેમૅટિક્સ એન્ડ મૅથેમૅટિક્સ ફિઝિક્સ (MRI), ૧૦ કસ્તુરબા ગાંધી માર્ગ, અલ્હાબાદ :** ગણિત, ભૌતિક કે કમ્પ્યૂટરના વિશેષ અભ્યાસ માટે ઉમેદવારોએ રૂ. ૫ ની ટિકિટ ચોંટાડેલ ૨૫x૧૧ સેમી. કદનું કવર મોકલી ઉપરના કોઈ પણ સરનામેથી ડિસેમ્બરમાં પ્રવેશપત્ર મેળવવું. આ માટેની પ્રવેશપરીક્ષા ફેબ્રુઆરીમાં અમદાવાદમાં લેવાય છે.

(૨૧) **સેક્રેટરી, એરોનૉટિક્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ બોર્ડ, જૂન-૩૩૨, બી-વિંગ, સેના ભવન, ન્યૂ દિલ્હી-૧૧**. એરોનૉટિક્સ, ઈજનેરીમાં IIT કે પંજાબમાં અભ્યાસ કરનારને સહાય આપવામાં આવે છે.

(૨૨) **રમતવીર માટે :** આ માટે જિલ્લા રમતગમત અધિકારી મારફતે નિયામક શ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, બ્લોક-૧૧,ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ઉપર એપ્રિલના અંત પહેલાં મોકલવું.

(૨૩) **ગુજરાત બહાર અભ્યાસ માટે :** ગુજરાતના રહેવાસી તથા ગુજરાતમાં ન હોય તેવા ઈજનેર ડિગ્રી (માટે ૭) કે ડિપ્લોમા (માટે ૨) કોર્સ માટે સ્કૉલરશિપ રૂપે ગુજરાત સરકાર આપે છે. આ માટે સપ્ટેમ્બર માસમાં ટેક્નિકલ શિક્ષણ નિયામક,ગુજરાત રાજ્ય, બ્લૉક-૨, બીજા માળે, ગાંધીનગર પત્રવ્યવહાર કરવો.

(૨૪) **સમાજકલ્યાણ ખાતા તરફથી અસ્વચ્છ વ્યવસાય માટે :** ચામડું કમાવવા કે માથે મેલું ઉપાડનારાનાં બાળકોને,આદર્શ શાળામાં ભણતા ધો.૧ થી ૧૦ માટે શિષ્યવૃત્તિ અપાય છે. વારસાગત રીતે અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા હોય તેવા સફાઈ કામદારનાં બાળકોને પણ આ શિષ્યવૃત્તિ મળે છે. એક ઘરનાં બે બાળકોને આપી શકાય તેવી આ શિષ્યવૃત્તિ માટે જિલ્લા પંચાયત હસ્તકના સમાજકલ્યાણ અધિકારી (ગામડા માટે)કે શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીનો જુલાઈમાં સંપર્ક કરવો.

(૨૫) **કચ્છ જિલ્લાના વતની માટે :** આઈ.ટી.આઈ. ઈજનેરી, કૃષિ જેવા અભ્યાસ કરતા હોય તેમણે જાન્યુઆરીમાં શિક્ષણાધિકારી, ભૂજની કચેરીથી તથા મેડિકલ, ફાર્મસી, આયુર્વેદિક શાળામાં ભણતા હોય તેમણે સિવિલ સર્જન, સિવિલ હૉસ્પિટલ, ભૂજથી પ્રવેશપત્ર મંગાવી ભરી દેવું.

(૨૬) **હુસેની યાવર મેમોરિયલ ટ્રસ્ટ સ્કૉલરશિપ :** ઉચ્ચ અભ્યાસ કે પરદેશમાં ભણવા જવા માટે જૂના ખંભાતના વતનીઓનાં સંતાનોને વર્ષે રૂ. ૮૦૦૦/- આપવામાં આવે છે. આ માટે ટેક્નિકલ શિક્ષણ નિયામક, ગાંધીનગરને લખવું.

(૨૭) **તેજસ્વી વિદ્યાર્થી ફેલોશીપ :** વાર્ષિક રૂ. ૧૮,૦૦૦ ની આવકમર્યાદા ધરાવનાર વિદ્યાર્થીઓને ધો. ૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ હશે તો ૧૦૦૦ ઉમેદવારો (૨૦૦-ST, SC, ૧૫૦-SEBC, ૬૦૦-OPEN)ને ગુણવત્તાના ધોરણે આપવામાં આવશે. આ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, મરાઠા મહોલ્લો, શીંદે કોલોની, વડોદરા, શાળા મારફતે પ્રવેશપત્ર મંગાવી ભરી દેવું.

(૨૮) **સમાજ કલ્યાણ ખાતું :** પ્રાથમિકથી કૉલેજ સુધીના અભ્યાસક્રમો ભણતા SC/ST/SEBC વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાય છે. તે માટે જિલ્લા સમાજકલ્યાણ કચેરી ખાતેથી કાર્યવાહી કરવી.

(૨૯) **માજી સૈનિક કલ્યાણ કચેરી :** લાલ બંગલા, જામનગર પરથી માજી સૈનિકોનાં બાળકોને કોઈ પણ અભ્યાસ માટે ઑક્ટોબર માસમાં અરજીપત્ર મેળવવાથી શિષ્યવૃત્તિ મળશે.

(૩૦) **આદિજાતિ વિકાસ :** ધો.૧૦ કે ધો.૧૨માં દરેક પ્રવાહમાંથી વધુ ગુણ મેળવનાર પૈકી ધો.૧૦માં પાંચ તથા ધો.૧૨માં ત્રણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. આ માટે અનુ.જનજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષાના પરિણામની નકલ તથા જાતિનો દાખલો મોકલી નીચેના સરનામે અરજી કરવી. પાયલોટની ટ્રેનિંગ માટે ચાર લાખ રૂપિયાની લોન ૪ ટકાના દરે મળે છે. નિયામક, આદિજાતિ વિકાસ, બ્લૉક નં. ૪, ત્રીજે માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

(૩૧) **સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગર :** અનુસૂચિત જાતિના યુવાનો કે જે CA તથા ICWA ના કોર્સ કરે છે, તેઓને માસિક મદદ મળે છે.

(૩૨) **સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર :** ધો. ૧ થી ૯ નાં અપંગ-બહેરા-મૂંગા, અંધ, અપંગ કે મંદબુદ્ધિનાં બાળકોને નિયમ મુજબ શિષ્યવૃત્તિ મળે છે. અરજી ઑગસ્ટના પ્રથમ અઠવાડિયા સુધીમાં કરવી.

(૩૩) **ડે.ડાયરેક્ટર, સ્ટીલ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ખેલ વિભાગ, હિમાચલ હાઉસ, નવમા માળે, કસ્તુરબા માર્ગ, દિલ્હી-૧ :** રાષ્ટ્રીય કક્ષાએ રમતગમતમાં ઝળકનારને ઉચ્ચ શિક્ષણ માટે સહાય મળે છે.

(૩૪) **સચિવશ્રી, લલિતકલા અકાદમી, બ્લૉક નં. ૧૧, ગ્રાઉન્ડ ફ્લોર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

(ક) કલાકારોને વૈયક્તિક કે સામૂહિક કલા પ્રદર્શન યોજવા ઇચ્છતા હોય તેમને રાજ્યમાં કલા પ્રદર્શન માટે રૂ. ૨૦૦૦ અને રાજ્ય બહાર પ્રદર્શન યોજવા માટે રૂ. ૪૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવે છે.

(ખ) લલિત કલા વિષયક એટલે કે ચિત્રકલા, શિલ્પકલા, વ્યવહારિક કલા, ગ્રાફિક કલા કે છબીકલાને લગતાં પુસ્તક પ્રકાશન કરવા માટે ખરેખર ખર્ચના ૫૦% (વધુમાં વધુ રૂ. ૨૦,૦૦૦) સુધીની નાણાકીય સહાય આપવાની યોજના છે.

(ગ) લલિત કલાના ક્ષેત્રમાં ડિગ્રી અથવા ડિપ્લોમા મેળવ્યા બાદ જો કોઈ કલાકાર ઘનિષ્ઠ તાલીમ લેવા ઇચ્છતા હોય તેવા કલાકારને માસિક રૂ. ૩૦૦ અને ગુરુને માસિક રૂ. ૧૦૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અરજીપત્રક નિયમો વગેરે મેળવવા એપ્રિલ માસમાં ૧૧x૨૫ માપનું રૂ. ૫ નું કવર ટિકિટ લગાવી પોતાનું સરનામું લખી સાથે મોકલવું.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) : આ યોજના અંતર્ગત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૦% કે તેથી વધુ મેળવી ડીગ્રી એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી કે જેના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૬ લાખથી ઓછી હોય તેમને સરકારશ્રી દ્વારા વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂા. ૫૦ હજાર પૈકી જે ઓછી રકમ હોય તેટલી સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે. શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ જ્યારે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ પોતે હેલ્પ સેન્ટર ખાતે નિયત સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા ડોક્યુમેન્ટ્સની ખરાઈ કર્યા બાદ ૨-૩ માસના સમયગાળામાં વિદ્યાર્થીને બેંક એકાઉન્ટમાં સ્કોલરશીપની રકમ સીધી જમા થઈ જશે. રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ ન મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને રહેવા જમાવ માટે પ્રતિ માસ રૂા. ૧,૨૦૦/-ની સહાય મળવાપાત્ર છે. જ્યારે પ્રથમ વર્ષે એકવાર સાધન-પુસ્તક પેટે રૂા. ૫,૦૦૦/-ની સહાય મળવાપાત્ર છે. જો વિદ્યાર્થી નાપાસ થાય અથવા ૫૦% ઓછા માર્ક આવે તો તે સેમેસ્ટરમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ મળે નહીં.

SC/ST (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) : આ કેટેગરીના તમામ વિદ્યાર્થીઓ કે જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૨.૫ લાખથી ઓછી હોય તેમને સરકારશ્રી દ્વારા ટ્યુશન ફીની ૧૦૦% રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા સ્કોલરશીપની રકમ જ્યારે કોલેજને આપવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ ભરેલ ફી પરત કરવામાં આવે છે. એસસી કેટેગરીના વિદ્યાર્થીએ પ્રવેશ મળ્યા બાદ જો ફ્રી શીપ કાર્ડ કઢાવેલ હશે તો કોલેજ ખાતે ટ્યુશન ફી ભરવાની રહેતી નખથી. પ્રવેશ મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

NT/DNT (વિચરતી અને વિમુક્ત જાતિ) : આ જાતિઓના વિદ્યાર્થીઓ કે જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૨ લાખથી ઓછી હોય તેમને સરકાર દ્વારા રૂા. ૫૦ હજરની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે. પ્રવેશ મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

મેરીટ-કમ-મીન્સ સ્કોલરશીપ : ભારત સરકાર દ્વારા લઘુમતી જ્ઞાતિ જેવી કે મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, પારસી વગેરેના વિદ્યાર્થી જેમના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૨.૫૦ લાખ કરતાં ઓછી હોય અને છેલ્લી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% ગુણ મેળવેલ હોય તેમને આ સ્કોલરશીપનો લાભ મળે છે. રૂા. ૨૦ હજાર અથવા ટ્યુશન ફી પૈકી જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર છે. નિભાવખર્ચ માટે હોસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૧૦ હજાર અને અન્યને રૂા. ૫ હજાર મળવાપાત્ર છે. આ સ્કોલરશીપ મેળવવા માટે શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ નિયત સમયમર્યાદામાં www.minorityaffairs.gov.in પર અરજી કરવાની હોય છે. ૧૨મી પંચવર્ષીય યોજના પ્રમાણે દર વર્ષે દેશભરમાંથી ૬૦ હજાર વિદ્યાર્થીઓને આ સ્કોલરશીપનો લાભ મળે છે, જેમાંથી ગુજરાતના ૧૬૯૭ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે છે, ૩૦% સ્કોલરશીપ વિદ્યાર્થીનીઓ માટે અનામત રાખવામાં આવે છે. બીપીએલ કુટુંબના વિદ્યાર્થીઓને આવકના પ્રમાણમાં પ્રાથમિકતા આપવામાં આવે છે.

સ્કોલરશીપ સ્કીમ ફોર ગર્લ્સ ફોર ટેકનીકલ એજ્યુકેશન : MHRD દ્વારા 'એમ્પાવરીંગ વુમન થ્રુ ટેકનીકલ એજ્યુકેશન' માટે સ્કોલરશીપ શરૂ કરવામાં આવી છે જે AICTE દ્વારા મેનેજ થાય છે. દર વર્ષે ૪૦૦૦ ગર્લ્સને આ સ્કોલરશીપનો લાભ મળે છે. આ સ્કોલરશીપ મેરીટના ધોરણે આપવામાં આવે છે. રૂા. ૩૦ હજાર અથવા ટ્યુશન ફી પૈકી જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થાય છે. નિભાવખર્ચ પેટે દર મહિને રૂા. ૨ હજાર મળવાપાત્ર છે. TFWSમાં એડમિશન મેળવનાર ગર્લ્સ પણ આ સ્કોલરશીપ માટે હક્કદાર છે, જેમાં સ્કોલરશીપની રકમ બુક્સ, સાધનો, સોફ્ટવેર, કોમ્પ્યુટર, વાહન વગેરે ખરીદવા માટે વાપરી શકાય છે.

પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ : સરકાર દ્વારા SEBC અને વિચરતી/વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ શરૂ કરવામાં આવી છે. જે માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફતે વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજનામાં વિવિધ પ્રકારની કેટેગરી હોવાથી જે કેટેગરી લાગુ પડતી હોય તેની માહિતી વિદ્યાર્થીએ કોલેજમાંથી મેળવી નિયત સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. અંદાજીત રૂા. ૫ હજારની રકમ ફાળવવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ વિદેશ માટે :

(૧) **એરકોટ મુદ્લીએટ ફાઉન્ડેશન, કેનસિંગ્ટન, ૮૫૭, પૂનામલી હાઈ રોડ, ચેન્નાઈ-૧૦.**
માસ કોમ્યુનિકેશન, ઈન્ફર્મેશન ટેક, MBA, બેઝિક મેડિકલ, જીવ વિજ્ઞાન કે અન્ય ટેક્નૉલોજીના અનુસ્નાતક ડૉક્ટરેટ કોર્સ માટે પ્રથમ વર્ગના ઈજનેરો, ડૉકટરો, નર્સ વગેરેને દેશ/પરદેશમાં ભણવા માટે વ્યાજમુક્ત લોન મળશે. રૂ. ૫ ની ટિકિટવાળું સ્વ-સરનામાવાળું કવર મોકલી પ્રવેશપત્ર મેળવી લેવું, જે ભરીને ૩૧ જુલાઈ પહેલાં પરત કરવું.

(૨) **બ્રિટિશ લાઈબ્રેરી, લૉ ગાર્ડન, અમદાવાદ.** ● બ્રિટિશ શેવનીંગ શિષ્યવૃત્તિ - કાયદા તથા પત્રકારત્વના ક્ષેત્રે ૫-૭ વર્ષથી કામ કરતાં હોય તેઓ માટે છે. ● આર્ટ્સ વિષયવાળા માટે હ્યુમન રાઈટ્સ સ્કૉલરશિપ મળી શકે છે. એપ્રિલ-મેમાં સંપર્ક કરવો.

(૩) **ઈલેક્સ ફાઉન્ડેશન, પો.બો. ૨૧૦૮, દિલ્હી-૭.** યુરોપ, અમેરિકા કે બ્રિટનમાં સ્નાતક પછી આગળ ભણવા નબળા તેજસ્વીઓ માટે શિષ્યવૃત્તિ મળે છે. ૧૯-૩૦ વર્ષના ઉમેદવારોએ ૧૦ x ૨૩ સે.મી. કદનું રૂ. ૬ ની ટિકિટવાળું કવર મે-જૂનમાં મોકલવું. વેબસાઈટ : **www.ilaksfoundation.org.**

(૪) **શિક્ષા વિભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય (કૉમનવેલ્થ સ્કૉલરશિપ), કર્જન રોડ, બેરસ્ક, કસ્તુરબા ગાંધી માર્ગ, દિલ્હી-૧૧)** બ્રિટનમાં વિજ્ઞાન, ટેક્નૉલોજી કૃષિ કે મેડિકલ ક્ષેત્રે જવા અપાય છે.

(૫) **USEFI (યુ.એસ. એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઈન ઈન્ડિયા)**
દર વરસે અલગ વિષયો માટે શિષ્યવૃત્તિ બહાર પાડે છે. WSEFI, 12, Haily Road, New Delhi - 110 001.

(૬) **રહોડ્સ સ્કૉલર ડૉ. મૃદુલા શાસ્ત્રી મેમોરિયલ ટ્રસ્ટ, ૧૪૧, કાળીદાસ સાયન (પશ્ચિમ), મુંબઈ-૨૨**
૧૫ માર્ચ પહેલાં ૨૫ રૂ. નો મ.ઓ. M.D. / M.S. પછીના ઉચ્ચ અભ્યાસ કરવા તબીબી ક્ષેત્રની શિષ્યવૃત્તિ મેળવવી.

(૭) **રહોડ્સ સ્કૉલરશિપ, સેન્ટર સ્ટીફન્સ કૉલેજ, દિલ્હી-૭**
યુનિ. ઑફ ઑક્સફર્ડમાં વિજ્ઞાન, કાયદો, આર્ટ્સ કે તબીબીમાં ઉચ્ચ શિક્ષણ લેવા જવા ઈચ્છનારે રૂ. ૫ ની ટિકિટવાળું ૧૦ x ૨૩ સે.મી. કદનું સ્વ-સરનામાવાળું કવર સપ્ટેમ્બરમાં મોકલી પ્રવેશપત્ર મેળવી લેવું.

(૮) **કેમ્બ્રિજ સોસાયટી બૉમ્બે સ્કૉલરશિપ ફંડ, ટ્રસ્ટીશ્રી, ૯૧, લેન્ડ માર્ક, દહાણુકર માર્ગ, મુંબઈ-૨૬.**
જેઓએ કેમ્બ્રિજમાં પ્રવેશ લીધો હોય તેની સાબિતી સાથે રૂ. ૧ લાખની શિષ્યવૃત્તિ મેળવવા માંગતા (ગુજરાત / મહારાષ્ટ્ર કે ગોવાના ઉમેદવારોએ, ઑક્ટોબરમાં કેમ્બ્રિજમાં ભણવા જતાં પહેલાં સંપૂર્ણ વિગત સાથે અરજી કરવી.

(૯) **કેમ્બ્રિજ નહેરુ સ્કૉલરશિપ :** Ph.D. ના અભ્યાસ માટે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ઈચ્છતા ૨૬ વર્ષથી નાના વિદ્યાર્થીઓએ ઑગસ્ટ માસમાં અરજીમાં સંપૂર્ણ માહિતી મોકલી અરજીપત્રક મંગાવવું. દર વર્ષે ૧૦ ઉમેદવારોને ભાડું તથા ફી તથા તમામ ખર્ચ આપવામાં આવે છે. જોઈન્ટ સેક્રેટરી, નહેરુ ટ્રસ્ટ ફૉર કેમ્બ્રિજ યુનિવર્સિટી, તીનમૂર્તિ હાઉસ, ન્યૂ દિલ્હી-૧૧.

(૧૦) **ઈન્ડો સોવિયેત ફાઉન્ડેશન :** ૧૨, ભારતી આર્ટિસ્ટ કોલોની (પ્રતિવિહાર), ન્યૂ દિલ્હી-૯૨ તરફથી દર વર્ષે ૨૫૦ વિદ્યાર્થીઓને રશિયામાં કોઈ પણ પ્રકારના અભ્યાસ માટે પસંદ કરવામાં આવે છે. આ માટે સંપૂર્ણ માહિતી સાથે જૂન માસમાં અરજી કરવી.

ટ્રસ્ટ દ્વારા મળતી સહાય

(૧) સર સયાજીરાવ ડાયમંડ જ્યુબીલી ટ્રસ્ટ કુમાર છાત્રાલય, ગુ.યુ. હેલ્થ સેન્ટર પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯, જૂના વડોદરા રાજ્યના ગરીબ તથા તેજસ્વી વિદ્યાર્થીઓ જે અમદાવાદમાં ઉચ્ચ અભ્યાસ કરવા જતા હોય તેમની માટે મફત રહેવા-જમવાની (કુમાર / કન્યા) વ્યવસ્થા છે. ધો. ૧૨નું પરિણામ આવે પછી ૧૦ દિવસમાં ૬૦ ટકા માર્ક્સ ઉપરના વિદ્યાર્થીએ ૫ રૂ. નો મ.ઓ. કરવો.

(૨) સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારકનિધિ, ફતેહગંજ પોસ્ટ ઑફિસની બાજુમાં, નિઝામપુરા જવાના રસ્તે, વડોદરા-૩૯૦૦૦૨ માં પણ ઉપર મુજબની વ્યવસ્થા છે.

(૩) આર. એચ. પાટુક એજ્યુકેશન ટ્રસ્ટ, જે. જે. સર્કલ બિલ્ડિંગ, ત્રીજે માળે, ૨૦૯, ડી.એન. રોડ, ફોર્ટ, મુંબઈ-૧. દેશમાં ઈજનેરી શાખામા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ૩૦ જૂન પહેલાં રૂ. ૫ ની ટિકિટ મોકલી અરજીપત્રક મંગાવવું.

(૪) જે. એમ. ટાટા એન્ડાઉમેન્ટ ફૉર એજ્યુકેશન, ૨૪, હોમી મોદી સ્ટ્રીટ, બૉમ્બે હાઉસ, મુંબઈ-૧, ૩૧ જાન્યુ. સુધીમાં ૧૦ નો મ.ઓ. (પરદેશની લોન તથા ઉચ્ચ અભ્યાસ માટે) કરવો.

(૫) શ્રી બૃહદ ભારતીય સમાજ, ઈન્ટરનૅશનલ હાઉસ, ૧૭૮, બેકબે રેક્લેમેશન, મુંબઈ-૧. આ સમાજ દ્વારા સરકારી શિષ્યવૃત્તિ ન લેતા હોય તેવા ૨૫૦૦ થી ઓછી આવકવાળાને ઉચ્ચ અભ્યાસ માટે સહાય અપાશે. ૩૧ ઑગસ્ટ પહેલાં ૫ રૂ. ની ટિકિટવાળું લાંબું કવર મોકલી પ્રવેશપત્ર મંગાવી લેવું.

(૬) પછાત, બક્ષીપંચ તથા આર્થિક પછાત વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવાની ઘણા જિલ્લામાં સરકારી છાત્રાલયમાં વ્યવસ્થા છે. તે માટે જે તે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીની કચેરીમાં ફૉર્મ ભરવું.

(૭) જોષી સાંકળેશ્વર આશારામ ટ્રસ્ટ, ૨૮૧૨, પીપરડી પોળ, રાયપુર, અમદાવાદ-૧, ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદમાં જ ભણતા બ્રાહ્મણ-વિદ્યાર્થીઓને સહાય કરે છે.

(૮) મોંઘીબાઈ મણિભાઈ ટ્રસ્ટ, લોહાણા ઉદ્યોગ શાળા, અમર ભુવન, ભાવનગર (લોહાણા માટે).

(૯) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ., ઉદ્યોગ ભવન, સચિવાલય સામે, ગાંધીનગર. (દેશની કોઈ પણ માઈનિંગ કૉલેજમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીને નોકરીની ખાતરીસાથે શિષ્યવૃત્તિ આપે છે.)

(૧૦) નારાયણ વિશ્વનાથ માંડલિક ટ્રસ્ટ, નરીમાન સંતોક, મુલ્લા ઍન્ડ સોલિસિટર્સ, જહાંગીર વાડિયા બિલ્ડિંગ, એમ. જી. રોડ, મુંબઈ.

(૧૧) વિમેન્સ ગ્રૅજ્યુએટ યુનિયન, C/o. શ્રીમતી ડોલીબેન મસાણી, ૧૪૬, ક્વિન્સ રોડ, મુંબઈ-૨૦ (ફક્ત બહેનો માટે).

(૧૨) શ્રી મહારાજા ફતેહસિંહરાવ ચેરિટીઝ, ઈન્દુમતિ પૅલેસ, રાજમહેલ રોડ, વડોદરા. (ફક્ત વડોદરાના રહીશો માટે).

(૧૩) શ્રી વિઠ્ઠલદાસ ગોપાળજી તથા ઠાકરશી ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી વિઠ્ઠલદાસ ચેમ્બર્સ, ૧૬, એપોલો સ્ટ્રીટ, મુંબઈ-૧.

(૧૪) મહાલક્ષ્મી ટેમ્પલ ટ્રસ્ટ, મહાલક્ષ્મી મંદિર, બાબુલનાથ રોડ, મુંબઈ-૭.

(૧૫) વસનજી ગંગાધર ચેરિટેબલ ટ્રસ્ટ, ગોકળદાસ દેવજીની વાડી, કેનેડા બ્રિજ, ન્યૂ બિલ્ડિંગ, મુંબઈ-૭.

(૧૬) ગંગાધર વ્રજભૂષણદાસ ટ્રસ્ટ, ગંગાવાડી, બાબુલનાથ રોડ, મંદિર પાસે, મુંબઈ-૭.

(૧૭) શેઠ મફતલાલ ચેરિટી ટ્રસ્ટ, શ્રી યોગેન્દ્ર એન. મફતલાલ હાઉસ, ચર્ચગેટ, રેક્લેમેશન, મુંબઈ-૨૦.

(૧૮) શ્રી વલ્લભદાસ કે. સ્મારક નિધિ, કચ્છ કેશવ, એસ. વી. રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪.

(૧૯) IPCL વડોદરા દ્વારા ઈજનેરી કે તબીબીમાં ભણતા અને ૫૦% ઉપર માર્ક્સ મેળવનાર પછાત વર્ગના વિદ્યાર્થીઓને દર મહિને રૂ. ૬૦૦ મળશે. આ માટે ૩૧મી મે પહેલાં સંપૂર્ણ માહિતી સાથે કૉલેજના વડાની સહી સાથે અરજી કરવી.

(૨૦) ધ કેનેરા બૅંક સિલ્વર જ્યુબિલી એજ્યુકેશન ફંડ, ૧૧૨, જૈમામ, રાજેન્દ્ર રોડ, બેંગ્લોર.

(૨૧) દામોદર કલ્યાણજી મેમોરિયલ ટ્રસ્ટ, ૧૪, નેતાજી સુભાષ રોડ, કલકત્તા-૧.

(૨૨) ધ લોટસ ટ્રસ્ટ, ધ ચેરમેન, લિબર્ટી ચેરિટેબલ ટ્રસ્ટ, જે. પી. લાહોર ચાલ, ડાયમંડ બિલ્ડિંગ, મુંબઈ-૨.

(૨૩) લાલભાઈ દલપતભાઈ ચેરિટી ટ્રસ્ટ, પાનકોર નાકા, અમદાવાદ.

(૨૪) શ્રી રાજકોટ લોહાણા બોર્ડિંગ હાઉસ, રજપૂતપરા, શેરી નં. ૮, રાજકોટ-૧.

(૨૫) નાનજીભાઈ કાલીદાસ મહેતા સહાયક ટ્રસ્ટ, મહારાણા મિલ્સ લિ., પોરબંદર.

(૨૬) જૈન વિદ્યોત્તેજક ફંડ, ૨૨, એપોલો સ્ટ્રીટ, મુંબઈ-૧.

(૨૭) શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, ૪૭, ડૉ. એન. વી. વેલકર ટ્રસ્ટ, પ્રથમ માળે, કોલાભદ્ર લેન, કાલબાદેવી રોડ, મુંબઈ-૨.

વણિક સમાજ માટે :

(૨૮) વૈશ્વિક મોઢ ફેડરેશન, ''શ્રદ્ધા'' દત્તાત્રેય મંદિર પાસે, વી.બી. શેઠ રોડ, જામનગર-૩૬૧૦૦૮ દ્વારા એજ્યુકેશન લોન જ્ઞાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

(૨૯) મોઢ વણિક વિદ્યાર્થીભવન, ૫, રાજપૂતપરા, રાજકોટ ખાતે મોઢવણિક વિદ્યાર્થીઓને રહેવા-જમવાની વ્યવસ્થા સાથે મેરિટ આધારે સ્કૉલરશિપ/ફી માફી યોજના છે.

(૩૦) મોઢ વણિક કન્યા છાત્રાલય, કોટેચા સ્કૂલની બાજુમાં, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે મોઢવણિક વિદ્યાર્થિનીઓને રહેવા-જમવાની વ્યવસ્થા સાથે મેરિટ આધારે સ્કૉલરશિપ/ફી માફી યોજના છે.

(૩૧) શ્રી ઘોઘારી વિસા ઓશવાળ શુભેચ્છક મંડળ, ૭૦, સુતાર ચાલ, મુંબઈ-૨.

(૩૨) શ્રી ધનજી દેવજી કચ્છી વીસા ઓશવાળ કેળવણી ફંડ, ૮૩૧, ક્લાઈવ રોડ, દાણાબંદર, મુંબઈ-૯.

(૩૩) શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન એજ્યુકેશન સોસાયટી, મસીનાથ સ્ટ્રીટ, મુંબઈ-૯.

(૩૪) શ્રી વિશાશ્રીમાળી વણિક વિદ્યોત્તેજક સંસ્થા, ગ્રેઈન માર્કેટ, જામનગર.

(૩૫) શ્રી મુક્તિધામ જૈન વિદ્યાપીઠ, થલતેજ ચાર રસ્તા, ગાંધીનગર હાઈ-વે, અમદાવાદ તરફથી નિવાસી પ્રાથમિક શાળામાં વિના મૂલ્યે પ્રવેશ અપાય છે.

(૩૬) શ્રી સ્થાનિક જૈન વિદ્યાર્થી સહાયક ફંડ, ક્રિષ્ના કુંજ, ખોજાખાનાવાળી શેરી, રાજકોટ.

(૩૭) શ્રી વિસનગર વણિક જ્ઞાતિ ઉન્નતિ મંડળ, ચેરિટેબલ ટ્રસ્ટ, ૧, મરીન સ્ટ્રીટ, ધોબી તળાવ, મુંબઈ.

(૩૮) શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સેવા સંઘ, રણવીર બિલ્ડિંગ, ત્રીજો માળ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪.

(૩૯) શ્રી ચૂડા સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, તારાચંદ વોરા, મોડર્ન ટ્યૂબ ઍન્ડ સ્ટેશનરી માર્ટ, ૫૮, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ-૩.

(૪૦) સરસ્વતી એજ્યુકેશન સોસાયટી, શેઠ ગોવિંદદાસ ભવન, મ્યુ. માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ. શ્રી દશા શ્રીમાળી ૪૨ જ્ઞાતિના વિદ્યાર્થીઓએ સપ્ટેમ્બરના અંત સુધીમાં શિષ્યવૃત્તિ માટે જ પ્રવેશપત્રો ભરી દેવા.

(૪૧) યશોવિજયજી જૈન ગુરુકુળ, ગુરુકુળ ચેમ્બર્સ, ૧૮૭/૧૮૯, મુમ્બાદેવી રોડ, મુંબઈ. સંસ્થા દ્વારા ૫ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીને વાર્ષિક રૂ. ૩૦૦ ની સહાય મળે છે.

(૪૨) શેઠ ગોરધનદાસ રણછોડદાસ ભગત એજ્યુ. ટ્રસ્ટ ફંડ, ૧૨૭, ભગત બિલ્ડિંગ, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ-૨. દશા મેવાડા વણિક જ્ઞાતિના કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ ૧૫ ફેબ્રુઆરી પહેલાં પ્રવેશપત્ર મેળવી લેવું.

ફક્ત બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે :

(૪૩) શ્રી વડનગર નાગર ફંડ, એ/૫૮, પન્નાલાલ ચેરિટીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૭.

(૪૪) બ્રહ્મસભા, ૧૯૦, રાજા રામમોહનરાય રોડ, મુંબઈ-૪.

(૪૫) શ્રીમાળી બ્રાહ્મણ સર્વોદય સમાજ, ૨૯, ગુલવાડી, મુંબઈ-૪.

(૪૬) શ્રી કેવલરામ માવજી દવે, શ્રીમતી જયલક્ષ્મી જયશંકર પાઠક સ્મારક બ્રાહ્મણ બોર્ડિંગ, ૬, રાજપૂતપરા, રાજકોટ.

(૪૭) શ્રી એમ. એચ. જોષી વિદ્યાર્થી ભવન, ૬, ત્રિભુવન રોડ, મુંબઈ-૪.

ફક્ત લોહાણા વિદ્યાર્થીઓ માટે :

(૪૮) શ્રી દેવચંદ પ્રાગજી, ૧૦૬, ભંડારી સ્ટ્રીટ, મુંબઈ-૩.

(૪૯) શ્રી કચ્છી લોહાણા મહાજન, ૩૩, હરીયાસ્થાન, વડગાદી, મુંબઈ-૩.

(૫૦) શેઠ આર.સી.સી. લોહાણા બાલાશ્રમ, ૬૩, પટેલ રોડ, ચીંચપોકલી, મુંબઈ-૩.

(૫૧) શ્રી રાજકોટ લોહાણા સેવા ટ્રસ્ટ બાલાશ્રમ, ૬૩, બસ સ્ટેશન પાછળ, રાજકોટ.

(૫૨) ઘોઘારી લોહાણા મહાજન, ૪, નેલગલી વિઠ્ઠલવાડી, મુંબઈ-૪.

(૫૩) શ્રી મહિરવા લોહાણા બોર્ડિંગ હાઉસ, માણિકરાવ રોડ, રાવપુરા, બરોડા.

ફક્ત પાટીદાર પટેલ વિદ્યાર્થી માટે જ :

(૫૪) શ્રી કડવા પાટીદાર કેળવણી સંસ્થા, પ્રમુખલાલ મેન્શન, કડવા પોળ, અમદાવાદ.

(૫૫) શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, C/o. શ્રી કાળિદાસ લલ્લુભાઈ પટેલ, જુડાખડી, મહિધરપુરા, સુરત.

(૫૬) કડવા પાટીદાર કુળદેવી, શ્રી ઉમિયા માતાજી પરિવાર, ઊંઝા-૩૮૪૧૭૦. ઉચ્ચ શિક્ષણ માટે મે માસમાં પ્રવેશપત્ર ભરવું.

ફક્ત પંચાલ વિદ્યાર્થી માટે જ :

(૫૭) શ્રી પંચાલ યુવક મંડળ, ઘી કાંટા રોડ, અમદાવાદ.

(૫૮) ચરોતર મનુ પંચાલ કેળવણી ટ્રસ્ટ, C/o. સિમ્પલેક્ષ એન્જિ. વર્ક્સ, ગોળ લીમડા બસ સ્ટૅન્ડ પાસે, આસ્ટોડિયા, અમદાવાદ-૧.

ફક્ત બ્રહ્મક્ષત્રિય વિદ્યાર્થી માટે જ :

(૫૯) બ્રહ્મક્ષત્રિય ટ્રસ્ટ ફંડ, ૩૨, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

(૬૦) શેઠ મોનાજી બોધાભાઈ બ્રહ્મક્ષત્રિય વિદ્યોત્તેજક ફંડ, ગિરધરલાલજી મોરારજી બિલ્ડિંગ, બીજો માળ, ભૂલેશ્વર, મુંબઈ-૧.

(૬૧) ધ સેક્રેટરી, વિદ્યોત્તેજક મંડળ, સુખદવાળા બિલ્ડિંગ, હોર્મલી રોડ, કોર્ટ, મુંબઈ (ભાટિયા જ્ઞાતિના વિદ્યાર્થી માટે).

અન્ય જ્ઞાતિ :

(૬૨) ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળ, ટ્રાન્સવાલ ભવન, ગણદેવી રોડ, લુન્સીકુઈ, નવસારી, વલસાડ, નવસારી, ભરૂચ તથા સુરત (દ.ગુજરાત)ના કોળી વિદ્યાર્થીઓને ધો. ૧૦ પછી ઉચ્ચ શિક્ષણ માટે લોન / શિષ્યવૃત્તિ મળશે. બંને પ્રવેશપત્રો અલગ ભરવા માટે દરેકને રૂ. ૬ ની ટિકિટ ૧૫ સપ્ટેમ્બર પહેલાં મોકલવી.

(૬૩) મોચી જ્ઞાતિ ચેરિટેબલ ટ્રસ્ટ, એમ.જી. રોડ, યુનિયન બૅંક સામે, પોરબંદર.

- **કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન :**
કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી, બ્લૉક નં. ૪, પ્રથમ માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા એસ.ટી. કૅટેગરીના યુવાન ભાઈ-બહેનોને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે ૪ ટકાના દરે રૂ. ૪,૦૦,૦૦૦ (ચાર લાખ) સુધીની લોન આપવામાં આવે છે. આ માટે ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ સાથે પાસ થયેલ ૧૮ વર્ષની (પૂરા થયેલ) ઉંમરના ઉમેદવારો અરજીપાત્ર છે. જેમને ફ્લાઈંગ ક્લબ અથવા એવિયેશન ટ્રેનિંગ સ્કૂલમાં પ્રવેશ મળેલ છે અથવા પ્રવેશ અપાશે તેવી બાંહેધરી મળે તો જ આ લોન મળવાપાત્ર છે. ગુજરાતમાં ફ્લાઈંગ ક્લબ સિવિલ એરોડ્રામ, હરણી એરપૉર્ટ, વડોદરા તથા શાહીબાગ, અમદાવાદ ખાતે છે. અરજી જુલાઈ-ઑગસ્ટમાં સાદા કાગળ પર કરવી.

ઉચ્ચ શિક્ષણ વિદેશ માટે :

- **વિકાસ વર્તુળ ટ્રસ્ટ :** ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ એટલે કે ઈજનેરી, મેડિકલ, ફાર્મસી, ફિઝિયૉથેરાપી, કમ્પ્યૂટર જેવા અભ્યાસક્રમમાં ધો. ૧૨ પછી પ્રવેશ મેળવી ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને ધો. ૧૨ વિજ્ઞાનમાં ૮૦ ટકા ઉપર ગુણ હોય અને આર્થિક સ્થિતિ નબળી હોય તેવા વિદ્યાર્થીઓએ આવકનું પ્રમાણપત્ર, રૂા. ૫ ની ટિકિટ સાથે વિકાસ વર્તુળ ટ્રસ્ટ, પો.બો.૧, ભાવનગર ઉપર જૂનના અંત સુધીમાં પત્ર લખવો જેથી શિષ્યવૃત્તિ માટેનું અરજીપત્ર મોકલાશે. આ શિષ્યવૃત્તિ અમેરિકાની BREAD સંસ્થાના સહયોગથી અપાશે.
- **વિકલાંગ શિષ્યવૃત્તિ - સાધન સહાય :** સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર દ્વારા અંધ, બહેરામૂંગા તથા મંદબુદ્ધિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રતિવર્ષ અપાય છે. નોકરી ન કરતા હોય તેવા ઉમેદવારોએ શાખા / સંસ્થા / કૉલેજમાં અભ્યાસ કરતા હોય તે લેખિત આધાર ફૉર્મ મેળવવા માટે સાથે રાખવો. જેમાં વિદ્યાર્થી કયા ધોરણમાં અભ્યાસ કરે છે તથા કયા પ્રકારની વિકલાંગતા ધરાવે છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો. અરજીપત્ર જૂનમાં ઉપર મુજબ અરજી કરવાથી વિના મૂલ્યે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મળી શકશે. અરજી શાળા-સંસ્થા મારફત પરત કરવાની હોય છે. આ માટે છેલ્લી પરીક્ષા ૪૦% કે તેથી વધુ ગુણથી પાસ કરી હોવી જરૂરી છે. વિકલાંગતાનું પ્રમાણ ૨૫% હોવું જોઈએ.
- **માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા :** રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા લેવાતી પ્રાથમિક તથા માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા સપ્ટેમ્બર માસમાં લેવાય છે. ગુજરાતના તમામ તાલુકા મથકે આ પરીક્ષા લેવાય છે. ધો. ૫ તથા ધો. ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અરજીપાત્ર છે. અરજીપત્ર પ્રાથમિક માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની તથા માધ્યમિક માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી પરથી જુલાઈ માસની શરૂઆતમાં મળશે. આ શિષ્યવૃત્તિમાં કોઈ પણ જાતની આવકને ધ્યાનમાં લીધા સિવાય મેરિટના ધોરણે અપાય છે.
- **PPL ટ્રેનિંગ શિષ્યવૃત્તિ :** સિવિલ એવિએશન ડિપાર્ટમેન્ટ, નવી દિલ્હી દ્વારા PPL (પ્રાયવેટ પાયલોટ લાયસન્સ)માં એડમિશન મેળવેલ હોય તેવા ૪૦ SC/ST ઉમેદવારોને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ઉંમર ૧૭ થી ૨૦ વર્ષની હોય તથા ધો. ૧૨ વિજ્ઞાન પાસ હોય તેવા SC/ST કૅટેગરીના ઉમેદવારો મે માસમાં જાહેરાત આવે તે પ્રમાણે અરજી કરી શકે છે. જાહેરાત અંગ્રેજી એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં જોવા મળે છે. આ શિષ્યવૃત્તિ અંતર્ગત PPL માટેનો પૂરો ખર્ચ સરકાર ભોગવે છે. પ્રવેશપરીક્ષા અમદાવાદ ખાતે યોજાય છે. Director General of Civil Aviation (Training Section), Technical Centre, Opposite Sardarjang, Airport, New Delhi - 110 003.
- **કામદારોનાં સંતાનો માટે :** ઑફિસ ઑફ વેલફેર ઍન્ડ શ્રમ કમિશ્નર, શ્રમ મંત્રાલય, ત્રિલોક ભવન, ગાંધીનગર, ભીલવાડા-૩૧૧ ૦૦૧ (રાજસ્થાન) તરફથી ખાણ, બીડી, ડોમલાઈટ તેમજ ચલચિત્ર ઉદ્યોગના કામદારોનાં બાળકો માટે શિષ્યવૃત્તિ; પુસ્તકો, નોટ તથા ટ્રેડ માટે સહાય અપાય છે. જે માટે જુલાઈથી ઑક્ટોબર વચ્ચે અરજી કરવી. વેલફેર એડમિનિસ્ટ્રેટર, બળિયાકાકા રોડ, કલ્યાણબાગ, કાંકરિયા, અમદાવાદ ખાતેથી અરજીપત્ર મળશે અથવા સારસા, પાટણ, બોરસદ, વડનગર, રણવાવ, ડુંગરપુર, ક્વારી, છોટાઉદેપુર, ગડુ ખાતેના દવાખાનાના ચિકિત્સકનો સંપર્ક કરવો.
- **ઈન્ડિયન ઓઈલ સ્કૉલરશીપ :** ઈન્ડિયન ઓઈલ કૉર્પોરેશન લિ. દ્વારા ધો. ૧૦ પછી ITI તથા ધો. ૧૨ પછી એન્જિ. / MBBS અભ્યાસ માટે કુલ ૩૫૦ સ્કૉલરશિપ આપવામાં આવે છે. જે માટે ધો. ૧૦ કે ધો. ૧૨ માં ૬૫ ટકા (SC/ST ૬૦% તથા PC/PH ૫૦%) જરૂરી છે. કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧ લાખથી વધુ ન હોવી જોઈએ. મેરિટના ધોરણે સ્કૉલરશિપ આપવામાં આવે છે. ઉંમર ૧૫ થી ૩૦ વર્ષ વચ્ચે જરૂરી છે. અરજીપત્ર **www.iocl.com** પરથી મેળવવું. જાહેરાત સપ્ટેમ્બર આસપાસ જોવા મળે છે. ABC Assessment Services Private Ctd., Post Box No. 007, Srinivaspuri Post Office, New Delhi-110065.

૧૫. નોકરીઓમાં નવી પેઢી

સોશ્યલ મિડીયાગ્રસ્ત અને ટેકસેવી એવા આ યુગમાં એમ્પ્લોયર્સ/કંપનીઓની જરૂરિયાતો અને કર્મચારીઓની આકાંક્ષાઓ-અપેક્ષાઓમાં ધરખમ બદલાવ આવ્યો છે. આજકાલના યુવાનો કારકિર્દી પરત્વે વધારે સતર્ક અને સજાગ બન્યા છે. ઘણાં યુવાનો જુની પ્રસ્થાપિત પેઢીઓના બદલે નવી કંપનીઓમાં ઝુકાવવાનું પસંદ કરે છે. ભારતની આ નવી પેઢીના ભાવિ કર્મચારીઓ સલામત નોકરી અને ઊંચા પગાર સિવાયની બાબતો વિચારવા લાગ્યા છે. કોર્પોરેટ ઈન્ડિયામાં, હવે, આ નવી પેઢીની આકાંક્ષાઓ-અપેક્ષાઓ ધ્યાનમાં રાખવી પડે છે. આ નવી પેઢીના યુવાનો પોતે વિશિષ્ટ હોવાનું માને છે અને તેમની સાથે વિશિષ્ટ વ્યવહાર-વર્તન થવા જોઈએ તેવી આશા-અપેક્ષા રાખે છે. તેમનામાં ઊંચા જોખમની તૈયારી સાથે એક પાયાની સલામતીના સમન્વયની ખેવના છે. આ તમામ બાબતો વર્તમાન એમ્પ્લોયર્સ માલિકો માટે નવા જ પડકારો સર્જે છે.

કર્મચારીની કંપની પાસેથી અપેક્ષાઓમાં ધરખમ બદલાવ આવ્યો છે. હવેના સરેરાશ કર્મચારી માટે પણ સારો પગાર-જીવનની ગુણવત્તા અને નોકરી વચ્ચે સંતુલન, સહભાગિતાની ભાવના વગેરે બાબતો આવશ્યક છે. આજના જ્ઞાનઆધારિત માર્કેટમાં શ્રેષ્ઠ કુશળતાવાળા કર્મચારીઓ મેળવવા માટે તેમને જાળવી રાખવા એ ચાવીરૂપ બાબત બની છે. સ્પર્ધામાં ટકી રહેવા માટે આ અનિવાર્ય છે. કંપની-સંગઠનની સમૃદ્ધ કાર્ય સંસ્કૃતિમાં હવે નવી દિશા છે. હવે પારદર્શી અને પ્રોત્સાહક કામગીરીનું વાતાવરણ, કર્મચારીના સ્વાસ્થ્ય ઉપર ધ્યાન રાખવાની તેમજ તેમની કુશળતાઓ વધારવાની તક અને સમાજને પણ કાંઈક મળવાની તક, આ બધી બાબતો જરૂરી બની છે.

કંપનીઓ માટે પણ હવે વલણ બદલાયું છે. હવે કંપનીમાં મેનેજર્સ નહીં, પરંતુ ભાવિ નેતાઓ શોધે છે. અત્યંત તીક્ષ્ણ વિચારશક્તિ, સર્જનશીલતા, વાતાચીતમાં કુશળતા અને સહયોગ આ બધી બાબતો કંપનીને સફળતા ભણી દોરી જશે એવી નવી ફિલસૂફી કંપનીઓએ સ્વીકારી છે. હવે કંપનીને વિકાસમાં મદદરૂપ બને તેવા લિડર્સને કંપની શોધે છે. કર્મચારીની નિમણૂંકમાં હવે, વ્યક્તિની પ્રેરણાશક્તિ, વિકાસ-પ્રગતિની ઝંખના અને વર્તમાન વ્યવસ્થાને પડકારવાની ક્ષમતા વગેરે બાબતો નિર્ણાયક બની છે.

વર્તમાન તેમજ ભાવિ વલણો જોતાં, ૨૦૧૪નું વર્ષ નોકરીના ઉમેદવારો માટે ઘણું સારું અને આશાસ્પદ બની રહેશે. એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, રિટેઈલ, હોસ્પિટાલિટી, ફાર્મા, હેલ્થકેર અને બેંકીંગ ક્ષેત્રે તો ઘણો વધારો જોવા મળી રહ્યો છે. ઈ-કોમર્સ અને રિટેઈલમાં પણ ઘણી નવી તકો ઉભી થનાર છે. હવે કંપનીઓ નિમણુંકો આપવામાં બીબાઢાળ પદ્ધતિમાંથી બહાર આવી ગઈ છે અને કામગીરીના સ્થળે વૈવિધ્યને પ્રોત્સાહન મળે છે. જેમ કે, માનવ સંસાધન વિભાગની જગ્યા માટે મનોવિજ્ઞાનની ડિગ્રી ધરાવતાં ઉમેદવારને માનવ સંસાધનમાં એમબીએ થયેલા ઉમેદવાર જેટલું જ મહત્ત્વ આપવામાં આવશે. હવે આર્ટ્સ અને કોમર્સના સ્નાતકો માટે પણ, પહેલાં કરતાં તકો ઘણી વધારે ઉજળી બની છે.

બીજું, કંપનીઓ હવે ભાવિ કર્મચારી કંપની માટે યોગ્ય છે કે નહીં તે જાણવા માટે તેના ઓનલાઈન વર્તનની ચકાસણી કરી છે અને સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ઉપર તેની સઘન તપાસ કરવામાં આવે છે. પ્રથમ શ્રેણીની સંસ્થાનો ૪.૦ જીપીઓ સ્કોર ધરાવતાં ઉમેદવાર, વાસ્તવિક દુનિયામાં તેમના કૌશલ્યનો ઉપયોગ કેવી રીતે કરે છે તે બાબતને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવે છે. ટૂંકમાં, માત્ર કાગળ ઉપરનો સ્કોર હવે પૂરતો નથી. ઘણી કંપનીઓ વર્તમાન તેમજ ભાવિ કર્મચારીઓ સાથે સંપર્ક બનાવી રાખવા માટે લિન્કડઈન, ફેસબુક, ટ્વિટર અને ગ્લાવર્ક જેવી સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સનો ઉપયોગ કરે છે.

અલબત્ત, હજુ પ્રણાલિકાગત ભરતી-સ્વરૂપોનો અંત આવી ગયો નથી અને હજુ પણ એકબીજાના સંદર્ભથી નોકરીઓ મળવાનું, નોકરીએ રાખવાનું એટલું જ ચાલુ છે. પરંતુ તેમાં પણ આ નવું પરિમાણ ઉમેરાયું છે. વિશેષતઃ જુનિયર અને મિડલ લેવલ ઉપર સંદર્ભજૂથો દ્વારા ભરતી મહત્ત્વની અને અસરકારક નીવડે છે. આવી ભરતીમાં કર્મચારીઓ જળવાઈ રહેવાનું પ્રમાણ પણ સારું એવું જોવા મળે છે.

આમ તો, ભારતને કૌશલ્ય અથવા તો કુશળ કર્મચારીઓ માટેની સોનાની ખાણ ગણવામાં આવે છે, પરંતુ સાથે સાથે, કોર્પોરેટ ક્ષેત્રની અપેક્ષાઓની સાથે ઉમેદવારો-નવા નવા સ્નાતકોની વાસ્તવિક ઉપયોગિતા ઉણી ઉતરે છે, તે બાબત ચિંતાજનક છે. યોગ્ય વલણની સાથે ટેકનિકલ કુશળતામાં પણ એટલી જ જરૂરી છે.

નવા નોકરી ઈચ્છુક ઉમેદવારોમાં નવી નવી, હજુ જામેલી નહીં એવી કંપનીઓમાં જોડાવાનું વલણ નોંધપાત્ર બન્યું છે. ભારતમાં કામ કરતાં લોકોના વયજૂથની વસ્તી અત્યંત ઝડપથી વધી રહી છે અને આવતાં ૨૦ વર્ષ સુધી દર મહિને દસ લાખ કામદારોનો વધારો થતો રહેશે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ, ૨૦૧૦ અને ૨૦૫૦ની વચ્ચે ભારતની શહેરી વસ્તીમાં ૪૯૭ મિલિયનનો વધારો થશે. આમ છતાં, કોર્પોરેટ ઈન્ડિયાને, કંપનીની ગ્રતિ માટે જરૂરી એવી કુશળતાવાળા કર્મચારીઓ મેળવવામાં મુશ્કેલીઓ પડી રહી છે. ગયા વર્ષે ભારતના ૮૧% જેટલાં સી.ઈ.ઓ. દ્વારા અત્યંત ચાવીરૂપ કુશળ કર્મચારીઓનો અભાવ એ બાબતને તેમના ધંધા સામેના ભાવિ ખતરા તરીકે ગણાવી હતી. અલબત્ત, ઉમેદવારોની ભારે છત અને જરૂરી કુશળતાવાળા કર્મચારીઓના અભાવ વચ્ચેના આ અંતરને દૂર કરવા નોંધપાત્ર પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. 'એડપ્ટ ટુ સર્વાઈવ' નામના

એક સંશોધનમાં, વિવિધ દેશોની કૌશલ્ય અનુકૂલનશીલતા તપાસવાનો અભિગમ આપવામાં આવ્યો છે. ટેલેન્ટ એડપ્ટેબિલિટીમાં, નેધરલેન્ડ્સ, યુકે અને કેનેડા મોખરાના સ્થાને હતા. જ્યારે ભારત ૩૪ના સ્કોર સાથે આવા ૧૧ રાષ્ટ્રો પૈકી દસમા સ્થાને હતો. અત્યંત રસપ્રદ બાબતરૂપે, ભારતીય કંપનીઓમાં ભરતી પ્રક્રિયામાં સોશ્યલ મિડીયાના ઉપયોગનું પ્રમાણ ઘણું વધારે છે.

આ સમગ્ર પરિસ્થિતિમાં, સરકારે શિક્ષણની રોજગારલક્ષિતા વધારવા માટે કૌશલ્ય નીતિઓ અંગે વિગત-પ્રચૂર અભિગમ અપનાવવાની જરૂર છે. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સીલ એન્ડ પ્લાનિંગ કમિશન જેવા પગલાં આ દિશામાં શરૂ કરવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રે ઉદ્યોગ ક્ષેત્ર સાથે વધારે નિકટતાથી કામ કરીને આવી કુશળતાના અંતરને ઘટાડવાના અને શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી તાલીમ વચ્ચે સંતુલન સાધવાના પ્રયાસો જરૂરી છે. કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા વધારે અનુકૂળ કુશળતાનું સર્જન કરવા આંતરમાળખું અને પ્રોત્સાહન પૂરા પાડવામાં આવે તે જરૂરી છે. જ્યારે વ્યક્તિગત કક્ષાએ, દરેક વ્યક્તિએ કારકિર્દી અંગે લાંબાગાળાની દૃષ્ટિએ વિચારવું જોઈએ, અને એક કરતાં વધારે કુશળતાઓ પ્રાપ્ત કરીને અનુકૂલનશીલતા વધારીને પોતાનું ભાવિ સુરક્ષિત કરવું જોઈએ.

હવે, કંપનીઓ મહિલાઓની નોકરીની સલામતીનું આયોજન કરે છે

નોકરી કરતી મહિલાઓ માટે લગ્ન, માતૃત્વ અને ઘરની પળોજણ એ તેમની કારકિર્દી માટે અંતરાયરૂપ બાબતો બનતી હતી તે ઘટના હવે ભૂતકાળ બની ગઈ છે. હવે તો વધુને વધુ કંપનીઓ એવી નીતિઓ અપનાવી રહી છે કે જેથી મહિલાઓ તેમની કારકિર્દી સાથે સમાધાન કર્યા વગર તેમનું કૌટુંબિક જીવન પણ જાળવી શકે. જેમ કે, ટ્રાન્સફર એટલે કે બદલી કરતી વખતે મહિલા કર્મચારીઓના કુટુંબની સ્થિતિને ધ્યાનમાં રાખવામાં આવે છે. એક કંપનીમાં સિનિયર મેનેજમેન્ટ કક્ષાના એક મહિલા કર્મચારીને અમેરિકા બેઠાં-બેઠાં કામ કરવાની અને જ્યારે જરૂર હોય ત્યારે જ ભારત આવવાની છૂટ આપવામાં આવી છે.

ઘણી કંપનીઓ અંગત જીવનની જવાબદારીઓને લીધે નોકરી છોડી દેનાર મહિલાઓને ફરીથી નોકરીમાં રાખવા સક્રિયાત્મક ભૂમિકા ભજવે છે. પ્રસૂતિની લાંબી રજાઓ અને કામગીરીના પરિવર્તનશીલ કલાકો ઉપરાંત, મેનેજરોને મહિલા કર્મચારીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવા વિશેષ સૂચના આપવામાં આવે છે. કેટલીક કંપનીઓ તો મહિલા કર્મચારીઓની કારકિર્દીની પ્રગતિને તેમના જીવનની ઘટનાઓથી સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરે છે. એક કંપનીએ તો નવી નવી માતા બનેલી મહિલા કર્મચારીઓ માટે માર્ગદર્શિકા તૈયાર કરી છે. પરિણામે, પ્રસૂતિ બાદ નોકરી પર પુનઃ પાછી ફરતી મહિલાઓનું પ્રમાણ વધ્યું છે. ઘણી કંપનીઓ તો, જરૂર પડ્યે, સમજાવટ અને ખાતરી માટે, મહિલા કર્મચારીઓના જીવનસાથીને રૂબરૂ બોલાવીને ચર્ચા કરે છે. એટલું જ નહીં પરંતુ ઉચ્ચકક્ષાની મહિલા કર્મચારીના માર્ગદર્શન હેઠળ મહિલા કર્મચારીઓ શોધવાની અને તેમને જાળવી રાખવાની પદ્ધતિઓ વિકસાવવામાં આવે છે.

એક મોજણી અનુસાર અત્યારે યુવાનોના નોકરીના વિવિધ ક્ષેત્રો અંગે નીચે મુજબની પસંદગી જોવા મળી હતી :

નોકરીનું ક્ષેત્ર	પુ (%)	સ્ત્રી (%)	નોકરીનું ક્ષેત્ર	પુ (%)	સ્ત્રી (%)	નોકરીનું ક્ષેત્ર	પુ (%)	સ્ત્રી (%)
બેન્કિંગ અને ફાયનાન્સ	૨૬	૨૬	શિક્ષણ	૩	૮	ફેશન અને લાઈફસ્ટાઈલ	૫	૫
ઈન્ફર્મેશન અને ટેકનોલોજી	૧૭	૧૬	એન્ટરટેઈનમેન્ટ-મિડીયા	૫	૫	એનજીઓ	૨	૧
હોસ્પિટાલિટી	૮	૮	એવિએશન	૩	૩	ફીટનેસ	૧	૨
ઉત્પાદન	૭	૫	રિટેઈલ	૪	૨	ટુરિઝમ	૧	૨
બાંધકામ	૭	૪	હેલ્થકેર	૨	૪	ઈન્સ્યોરન્સ	૧	૧
એડવર્ટાઈઝીંગ	૬	૪	ટેલિકોમ	૨	૩			

- ★ ગત વર્ષની સરખામણીએ, આ વર્ષે ૩૫% એચ.આર. મેનેજર્સ એન્ટ્રી લેવલ(પ્રારંભિક તબક્કા)ના ઉમેદવારોની વધારે ભરતી કરશે.
- ★ ૪૨% લોકો અનુભવી લોકોની વધુ ભરતી કરશે.
- ★ ૮૦% લોકોનું કહેવું છે કે દેશમાં કુશળ કર્મચારીઓની ઉપલબ્ધિ સંતોષકારક છે.
- ★ ૪૮% લોકોનું કહેવું છે કે સોશ્યલ મિડીયા યોગ્ય ઉમેદવાર શોધવામાં મદદ કરે છે.

આ વર્ષે નીચે મુજબના ક્ષેત્રોમાં નોકરીઓની તકો સર્જાશે :

બેન્કિંગ ક્ષેત્રે	૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦	એન્ટરટેઈનમેન્ટ-મિડીયા ક્ષેત્રે	૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦
આઈ.ટી. ક્ષેત્રે	૧,૨૫,૦૦૦	હેલ્થકેર ક્ષેત્રે	૧,૦૦,૦૦૦
રિટેઈલ ક્ષેત્રે	૯૦,૦૦૦	હોસ્પિટાલિટી ક્ષેત્રે	૮૦,૦૦૦
શિક્ષણ ક્ષેત્રે	૫૦,૦૦૦		

અગત્યની વેબસાઇટો

Ahmedabad Management Association	www.amaindia.org
CEPT University	www.cept.ac.in
Dharamshi Desai University, Nadiad	www.ddu.ac.in
Dhirubhai Ambani Institute, Gandhinagar	www.daiict.ac.in
Indian Institute of Management	www.iirnahd.ernetin
Institute of Teachers Education, Gandhinagar	www.iite.ac.in
National Law University, Gandhinagar	www.gnlu.ac.in
NID	www.nid.edu
NIFT, Gandhinagar	www.nift.ac.in
NIRMA University	www.nirmauni.ac.in
PDPU Gandhinagar	www.pdpu.ac.in
Physical Research Laboratory	www.prl.res.in

Universities of Gujarat

Anand Agriculture Univesity, Anand	www.aau.in
Bhavnagar University, Bhavnagar	www.mkbhavani.edu.in
Centre for Environmental Planning & Technology, Ahmedabad	www.cept.ac.in
Ganpat University, Mehsana	www.ganpatuniversity.ac.in
Gujarat Agriculture University, Dantiwada	www.sday.edu.in
Gujarat Ayurved University, Janinagar	www.ayurveduniversity.com
Gujarat University	www.gujaratuniversity.org.in
Gujarat Vidyapith, Ahmedabad	www.gujaratvidyapith.org
Hemchandracharya North Gujarat University, Patan	www.ngu.ac.in
Junagadh Agriculture University, Junagadh	www.jau.in
Maharaja Sayajirao University, Baroda	www.msubaroda.ac.in
Navsari Agriculture University, Navsari	www.nau.in
Nirma University, Ahrnedabad	www.nirmauni.ac.in
Sardar Palel University, Vallabh Vidhyanagar	www.spuvvn.edu
Sardar Vallabhbhai National Institute & Tecnology, Surat	www.svnitac.in
Saurashtra University, Rajkot	www.saurashtrauniversity.edu
Veer Narmad South Gujarat University, Surat	www.sgu.emet.in

Councils of India

All India Council of Technical Education, New Delhi	www.aicte-india.org
Bar Council of Gujarat, Gandhinagar	www.barcouncilofgujarat.org
Bar Council of India, New Delhi	www.barcouncilofindia.nic.in
Central Council for Indian Medicine, New Delhi	www.ccindia.org
Dental Council of India, New Delhi	www.dciindia.org
Distance Education Council, New Delhi	www.ugc.ac.in
Indian Council for agricultural Research, New Delhi	www.icar.org.in
Medical Council of India, New Delhi	www.mciindia.org
National Assessment & Acreditation Council, New Delhi	www.naacindia.org
National Council for Teacher Education, Bhopal	www.ncte-in.org
Pharmacy Council of India, New Delhi	www.pci.nic.in
University Grant Commission, New Delhi	www.ugc.ac.in

ગુજરાતમાં ૨૦૦૮-૦૯ થી ગુજરાત ટેક્નૉલોજી યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી છે. રાજ્યમાં અલગ અલગ યુનિવર્સિટી સાથે સંકળાયેલી ઈજનેરી, ફાર્મસી, પોલિટેકનિકની સાથોસાથ MBA તથા MCA અભ્યાસક્રમોની કૉલેજોનો આ યુનિવર્સિટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં સ્વનિર્ભર સંસ્થાઓમાં ફીનાં ધોરણો નક્કી કરવા માટે સુપ્રિમ કોર્ટના આદેશ બાદ રાજ્ય સરકારે વિધાનસભા દ્વારા પ્રવેશ અને ફી નિયમન માટે કાયદો ઘડીને નિવૃત્ત ન્યાયાધીશ શ્રી અક્ષય એચ. મહેતા સાહેબના વડપણ હેઠળ સમિતિની રચના કરી છે. આ સમિતિ ફીનાં ધોરણો સાથે પ્રવેશના નિયમો નક્કી કરવાનું કાર્યક્ષેત્ર ધરાવે છે. વિદ્યાર્થી તથા વાલીઓ ઊંચી ફી, વધારાની ફી, ડોનેશન, પ્રવેશમાં ગેરરીતિ તથા અપૂરતી સુવિધા માટે પુરાવા સાથે નીચેના સરનામે ફરિયાદ કરી શકે છે. આશા રાખવામાં આવે છે કે નામદારશ્રીના વડપણ હેઠળની સમિતિ ગુજરાતના વિદ્યાર્થીઓની વ્યાજબી ફરિયાદો અંગે પારદર્શક રીતે સમયસર ન્યાય આપશે.

ચેરમેનશ્રી, ફી નિયમન સમિતિ (મેડીકલ)

પાંચ બંગલા, પોલિટેકનિક પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫. **www.frcmedical.org**

ચેરમેનશ્રી, ફી નિયમન સમિતિ (ટેકનીકલ)

બીજો માળ, રૂમ નં. ૧૨૬, એસીપીસી બિલ્ડીંગ, એલ.ડી. એન્જીનિયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૧૫. **www.frctech.ac.in**

www.gujacpc.admissions.nic.in, www.gujacpc.gujarat.gov.in, www.jacpcldce.ac.in

સમગ્ર માર્ગદર્શન પુસ્તિકામાં કોઈ પણ ત્રુટિ હોય અથવા પૂરક માહિતી-વિસ્તૃત માહિતી માટે આપ સંપર્ક કરી શકો છો : **www.incgujarat.com**

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય સંસ્થાઓ
કોંગ્રેસ પક્ષનું યોગદાન

विद्याविनियोगाद्विकासः
IIM
AHMEDABAD

Established : 1961

राष्ट्रीय डिज़ाइन संस्थान
NATIONAL INSTITUTE OF DESIGN

Established : 1961

CEPT

Established :1962

ihm Institute of Hotel Management Ahmedabad

Established : 1972

IRMA
Institute of Rural Management Anand

Established : 1979

nift

Established : 1986

इसरो isro

Established :1969

EDI

Established : 1983

Institute for Plasma Research

Established : 1986

સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓનું મોટા પાયે નિર્માણ આપ્યો શિક્ષણનો અધિકાર

NATIONAL STUDENT'S UNION OF INDIA

N.S.U.I

YOUTH CONGRESS

ભારત નિર્માણ

દરેક હાથમાં શક્તિ, દરેક હાથમાં પ્રગતિ



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોન : ૨૬૫૭૮૨૧૨-૧૩

www.incgujarat.com

www.niksun.in